
SPECIAL FOCUS : ROYAL RAJPUT SOCIETY

BEST SELLERS ₹15/-



SPECIAL ISSUE

ओगस्ट अगस्त AUGUST 2013

प्रतिध्वनि

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत , अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम
परित्राणायसाधुनां विनाशाय च दुष्कृताम , धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे

www.pratidhwaniindia.com

तंत्रीः परेश मुलाणी

THE VOICE OF INDIA

अषाढ : श्रावण @ वि.सं. 2069

Continue Issue : 200 @ Year : 17th





The Largest circulated A National & International Monthly Magazine

धी क्वॉलिटी लाईफ पर आधारित मासिक पत्रिका

Mission

Change India for Quality Life

तमारो संकल्प भारत निर्माण करी शके छे !

ઈરાદો મજબૂત હોય તો કંઈ પણ હાંસલ કરી શકાય છે. કંઈક નવું નિર્માણ કરવાનો સંકલ્પ કરીએ... Change **India** Change



॥ ओइं श्री पब्लिकेशन ॥

॥ AAY SHRI PUBLICATION ॥



Bangladesh.....Taka 20.00	India.....₹ 15.00	Macao.....HK$11.00	Others.....US$ 01.00	Sri Lanka.....Rs 20.00
Brunei.....B$ 02.00	Indonesia...Rp.1,500 [PPN Incl.]	Malasia....RM 02.00	P.New Guinea...K 01.50	Taiwan.....NT$ 35.00
China.....RMB 10.00		Maldives...Rf 11.00	Philippines.....P20.00	Thailand.....B 30.00
Guam.....Us$ 01.00	Japan.....#250	Myanmar....K 02.00	Saipan.....US$ 01.00	U.S.Forces...US$ 01.00
Hon Kong.....HK$ 10.00	Korea.....Won1,050	Nepal.....NRs 17.00	Singapore.....S$ 02.00	



The Quality Life के जनक
क्रांतिकारी विश्व संत श्री ऋषिजी

वे विश्व के रसुखवालों के आध्यात्मिक रुप से संगठित सबसे बडे नेटवर्कके मुखिया है, क्योकिं वे क्वॉलिटी लाईफ मंत्र के जनक है। उनके क्वॉलिटी लाईफ मंत्र से विश्व भर में बदलाव आया हैं। उनका साम्राज्य विश्व भर में फेला हुआ हैं, क्योंकि आध्यात्मिक जगत के सबसे प्रभावी स्वामी,जिनके अनुयायियों की संख्या दुनिया भर में ढाई करोड़ से अधिक है। वे विश्व के मूल्यवान ब्रान्ड है, क्योंकि उनका कारोबारी ब्रान्ड ऐसा है जिस पर विश्व आँख मूंदकर भरोसा करता है। वे सदैव गरिमा की विश्व मूर्ति है, क्योंकि वे वैश्विक आध्यात्मिकता के पर्याय वाची हैं। वे भड़कीले लोगों के गुरु है, क्योंकि मीडिया मालिक से लेकर जहाज निर्माता, मुख्यमंत्री से लेकर प्रधानमंत्री तक सब उनके समागम में सामिल होते हैं। वे बिश्व के राजनैतिक श्रेष्ठि वर्ग को निर्देशीत करनेवाली अदृश्य शक्ति हैं, क्योंकि वे आध्यात्मिक जगत में सबसे तेजी से बढ़ते उद्यम के प्रमुख है। उनकी क्रांतिकारी योजना रामबाण नुष्खा साबित हो सकती है। वे नई सहस्त्राब्दी के मनोहारी विश्व योगी है।

पहचान : विश्व में सर्वाधिक सुने और पढ़े जाने वाले तथा दिल और दिमाग को झकझोर कर देने वाले अदभुत प्रवचन। अपनी नायाब प्रवचन शैली के लिये विश्वभर में सर्वाधिक चर्चित और विश्व संत ऋषिजी के रुपमें पहचान।

मिशन : 'ध क्वॉलिटी लाईफ' का विश्व व्यापी प्रचार प्रसार एवं प्रशिक्षण।



Change for India
Quality Life

विश्व संत श्री ऋषिजी का क्रांतिकारी अभियान



भावनात्मक अपील : विश्व संदेश : UNIVERSAL MESSAGE :

सभी राष्ट्रवासियों अपने देश के लिए एकजुट राष्ट्र के तौर पर ऊंठे और पूरी सकारात्मकता के साथ स्वयं को राष्ट्र निर्माण की सफलता के प्रति समर्पित करें। अगर हम सामुहिक रुप से कमर कसकर जुट जाते है तो अवश्य राष्ट्र को विश्व की सर्वोच्च महाशक्ति बना सकते हैं। राष्ट्रहित में निजी सोच और तात्कालिन लाभ को पीछें छोड़कर हमे एक साथ आगे बढ़ना चाहिए। स्वर्ग का साम्राज्य तभी स्थापित होता है, जब विकास और व्यवस्था उसकी चरम सीमा पर हो। अगर आप राष्ट्र निर्माण के लिए कार्य कर रहे हो, तो अदृश्य शक्ति उस प्रक्रिया में हंमेशा आपको साथ देगी। इस लिए वैश्विक निर्माण करो। कुछ नया इस जगत में लाओ, जो श्रेष्ठ हो। फिर चाहे विज्ञान के द्वारा लाओ, चाहे आध्यात्मिकता के द्वारा, मगर इस जगत को स्वस्थ, स्वच्छ, साक्षर, समृध्ध, सुंदर, शांत, शाकाहार और सुसंस्कृत बनाओ। विश्व के सभी धर्म ग्रंथो का एक ही संदेश : श्रेष्ठ निर्माण. **॥ ऋषि ॥**

विश्व निर्माण : विकास और व्यवस्था के लिए... बनो निर्माण पुरुष, विश्व निर्माण के लिए...



ऋषिजी का विश्व चक्र :

पृथ्वी, जल, अग्नि,
वायु और आकाश से
सुरक्षित है।
संकल्प करें तो
विकल्प अपने आप
खत्म हो जायेगें।

श्री बराक ओबामा : संबोधिकी अनुभूति में रंग भेद, भाषा भेद, जातियता, संप्रदायिक्ता आदि सब रुग्णताओं से मुक्ति हो जाती हैं। ऋषिजी का यह वैश्विक परिवार अनाम प्रेम का विश्व मंदिर है, जिसका विस्तार है एक विश्व। नए युग के नए विश्व मानव का यही है विश्व मंत्र और विश्व धर्म।



श्री सोनिया गांधी : ऋषिजी को किसी जाति और संप्रदाय से नहीं बांधा जा सकता, वे पूरी मनुष्य जाति के लिए श्रद्धेय एवं विश्व रुप है। विश्व निर्माण के इस वैश्विक अभियान में हम भी सरीक हो.



श्री ए.पी.जे. अब्दुल कलाम : ऋषिजी के विचारो में क्रांतिकारी परिवर्तन की अद्भूत झलक है। ऋषिजी जैसे विश्व संत किसी एक समाज के नहीं होते, वे तो विश्व बंधुत्व की धरोहर है।



श्री नरेन्द्र मोदी : स्वर्णिम भारत बनाकर, ऋषिजी के वैश्विक संकल्प को सार्थक करें। ऋषिजी का संकल्प, हम सब का संकल्प। आइये हम सब मिलकर विश्व ध्वज लहरायें। भारत का जय हो।



विश्व संत के प्रवचन की ओड़ियो कैसेट, विडियो सीडी तथा साहित्य और अतिरिक्त जानकारी के लिए संपर्क:
www.pratidhwaniindia.com ▪ www.qualitylife.org.in ▪ www.qualityworld.org.in
www. bharatnirman.org.in ▪ www.changeindia.org.in ▪ www.vishwasant.org.in

World Class India for Feelings of Heaven

आख्त निर्माण के लिए प्रतिध्वनि द्वारा जनहित में जारी।

RNI No. 70260/97, "PRATIDHWANI" Regd. No. GAMC 1217


પ્રતિધ્વનિ THE VOICE OF INDIA

A National & International Magazine

- **Editor:Printer:Publisher : Owner:** Pareshkumar Nanubhai Mulani
- **Issue:** 08 ▪ **Continue Issue:** 200 ▪ **Years:** 17th ▪ **Page :** 108
- **Regd. Office :** Pratidhwani, 7/10, Mangalam, Nr. Bapunagar Police Station,Bapunagar, Ahmedabad 380024.
- **Tel** : [079] 22700803, 22706119 ▪ **Tel/fax:** [079] 22700803
- **E mail** : voice@pratidhwaniindia.com ▪ mission@qualitylife.org.in
- **Website** : www.pratidhwaniindia.com ▪ www.qualitylife.org.in
  www.qualityworld.org.in ▪ www.changeindia.org.in
  www.bharatnirman.org.in ▪ www.vishwasant.org.in
- **America Correspondent :** Madhubala P. Ramani, 26,Glen Oaks, C.T. Cliftion, New Jercy 07012 [USA] ▪ **©** Pratidhwani, Worldwide all rights reserved, Any type of Reprinting not applicable
- **Published by** Paresh Mulani for Pratidhwani, 7/10, Mangalam, Bapunagar, Ahmedabad 380024 & **Printed by** at Mulani Infotech Consultancy, Ahmedabad 380024. ▪ **Price:** ₹ 15/- ▪ **Annual Subscription:** ₹ 225/- ▪ **Member :** AINCE, AISMNF, INSAR, GTS.

SUBSCRIPTION RATES:
PAYABLE IN LOCAL CURRENCIES AT THE FOLLOWING ADDRESS

Country	YearlyRate		Send to Pratidhwani C/o the Following Address
Bangladesh	Taka	240.00	International Book Agencies Ltd. 61,Motijheel Commercial Area[2nd Flr]Dhaka 1,000
China	US$	120.00	Bank of China Tower,47/F,1 Garden Road, Central,Hong Kong.
Guam	US$	12.00	Holrnes Management Co. 237,Mainis St.,Tamuning,Gaum 96911.
Hong Kong	HK$	120.00	Bank of China Tower,47/F,1 Garden Road Central.
India	₹	225.00	"Pratidhwani"7/10,Mangalam, Nr.Bapunagar Police Stn., Amdavad 380 024.
Indonesia	Rp,	18,000	N.V.Indoprom Company[Indonesia]Ltd., [Home Service A.H.Division] P.O.Box 2090,Jakarta 10001.
Japan	y	3000	Sumitomo Seimei Aoyama Bldg,3Fl. 3-1-30 Minami Aoyama,Mianto-Ku Tokyo 107
Korea	W	12,600	International Publications Service[IPS] Gongpyong Bldg.,11 Fl, 5-1 Gongpyong-dong. Chongro-Ku,Seoul 110 604
Malaysia	RM	24.00	Vines Services Sdn.Bhd No.77,Japan 9/34 B, Sri Edaran Light Industry Park,Kepong.52100, Kaula Lumpur,Malaysia.
Maldives	Rf.	132.00	Akiri Shop,Boduthakurufaanu Magu,Male.20-05
Myanmar	Kyat	24.00	SPPS Trade Corporation 550/552,Merchant street. Yongon,Myanmar
Nepal	NRs.	204.00	Sandesh Griha News Agents. 69-A,Bangemudha,Kathmandu 12
Pakistan	Rs.	192.00	Liberty Books [Private]Ltd. 3,Rafiq Plaza,Inverarity Road,Karachi 74400
Phillippines	P	240.00	G/F Skrene Properties Building,3759,Cuenca Cor Emilia Sts.Palanan,1235 Makati City
Singapore	S$.	24.00	Caxtion Services Co.Pvt Ltd., 29,Tampines Street 92,Caxton Building, Singapore 528879
Sri Lanka	Rs.	240.00	Vijitha Yapa Bookshop,P.O.Box 2007,Unity Plaza 2,Galle Road,Colombo 4 Sri Lanka
Taiwan	NT$	420.00	Formosan Magazine Press Ltd.,189 Yen Ping South Rd.,6 F.Taipel.
Thailand	Baht	360.00	S.E.Commercial Enterprise Ltd.,P.O.Box 12-132 Yannawa Post Office,Bangkok 12
US Forces	US$	12.00	Madhubala P.Ramani,26,Glen Oaks C.T.Cliftion, New Jurcy 07012[U S A]



પ્રતિધ્વનિનો આ અંક આપના હાથમાં આવશે ત્યારે દેશ સ્વતંત્રતા દિવસ ઊજવતો હશે. માનવજીવનમાં તો એ વાનપ્રસ્થાશ્રમનો મધ્યભાગ ગણાય. નવી પેઢીને જવાબદારી સોંપી તેનાં માર્ગદર્શક બનવાની ભૂમિકા આપણા વડીલો ભજવતા. રાષ્ટ્રજીવનમાં 67 વર્ષનો સમયગાળો લોકોની આશા, આકાંક્ષાઓની પૂર્તિ માટેનાં સંઘર્ષની સફળતા કે નિષ્ફળતાની પારાશીશી જેવા હોય છે. આઝાદ ભારતમાં લોકોને કેટલો અને કેવો અનુભવ થયો છે, તેનાં લેખાંજોખા થવાં ઘટે. સામાન્ય અનુભવ એવો છે કે સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિવસ જેવાં રાષ્ટ્રીય પર્વોમાં લોકોનો ઉત્સાહ ધીમે ધીમે લુપ્ત થતો જાય છે. ઉજવણી સરકારી રાહે શાળા કોલેજોમાં એક કર્મકાંડ જેવી બની રહી છે. પ્રતિધ્વનિની પરંપરા મુજબ 67માં સ્વતંત્રતા પર્વનો વિશેષાંક ભિન્ન પ્રકારનું વિષય વસ્તુ લઈને આવ્યો છે. જ્ઞાન વિજ્ઞાનનાં ક્ષેત્રે વિશ્વ હરણફાળ ભરી રહ્યું છે, દરેક ક્ષેત્રમાં ક્રાન્તિકારી બદલાવ જોવા મળે છે. વૈશ્વિક ફલક ઉપર દૃશ્યમાન થતી આ પરિવર્તનની પ્રક્રિયામાં ભારત ક્યાં ઉભું છે તે સમજવાની અહીં નાનકડી કોશિશ છે. ભારતમાં બુદ્ધિ પ્રતિભાઓની કોઈ કમી નથી, જરૂર એમને ઓળખીને પ્રોત્સાહિત કરવાની છે. ભૂતકાળમાં ભારતમાં જન્મેલા વૈજ્ઞાનિકો ભારતમાં રહીને શોધ કરતા અને પછી આ શોધો તેઓ સર્વજન હિતાય અને સર્વજન સુખાય માટે જગતનાં ચરણે ધરતા. આજે ભારતીય પ્રતિભાઓનો દરેક ક્ષેત્રનાં સંશોધનોમાં મહત્ત્વનો ફાળો છે, એમનાં સંશોધનો પ્રમાણિત અને પુરસ્કૃત થયાં છે, પરંતુ એ વિદેશમાં રહીને સંશોધન કરે છે. કારણ ? સામાન્ય ફરિયાદ મુજબ એમને પૂરતું પ્રોત્સાહન તથા જરૂરી સવલતો મળતી નથી. બધાં સંશોધનો પશ્ચિમમાંથી થાય એ વાત હવે ખોટી પડે છે. વિજ્ઞાનની સ્થિતિ આપણે ત્યાં અણમાનીતી રાણી જેવી હોવા છતાં ભારતની પ્રગતિની નોંધ લેવાનું અનિવાર્ય બન્યું છે. આ અંકમા આવા વિવિધ વિષયોની ઘણી માહિતી પ્રાપ્ત થશે. ક્રાન્તિકારી પરિવર્તનોની નોંધ લેવાની સાથોસાથ આ પરિવર્તનો મંદીને કેમ નથી અટકાવી શકતાં તેની પણ ચર્ચા થઈ છે. કૃષિ, શિક્ષણ અને ટેક્નોલોજી વગેરે ક્ષેત્રોની ઘણી જાણકારી વાચકોને નવી લાગશે. વિવિધ ક્ષેત્રે ક્રાન્તિકારી પરિવર્તનોની સાથે પશ્ચિમ જેને પોતાની ટેક્નોલોજી કહે છે, તેની પાછળ ભારત જેવા વિકાશીલ દેશોનું શોષણ વગેરે બાબતો પણ અહીં આલેખિત કરવામાં આવી છે. એવું કહેવાય છે કે ભારત બહારનાં વિકસિત દેશોનાં વૈજ્ઞાનિકોએ કોઈ પણ નવી શોધ કરવી હોય તો સૌ પ્રથમ ભારતીય શાસ્ત્રોમાં આ શોધો માટેની પ્રારંભિક ભૂમિકા છે કે નહીં તેની ચકાસણી કર્યા બાદ જ તે દિશામાં તેઓ સંશોધનનો વિચાર કરતાં. અર્થાત્ બીજા શબ્દોમાં કહીએ તો આ દેશના મનીશીઓએ જગતની અધિકાંશ શોધોનો પ્રાથમિક વિચાર કરી નાખ્યો હતો, જેનો લાભ આજની પેઢી લઈ રહી છે અને ભવિષ્યની પેઢી લેશે. નૂતન વિશ્વ ભારતીય ટેક્નોક્રેટોની ક્ષમતાઓ સ્વીકારતું થયું હોય તેવું લાગે છે. અમેરિકાએ ચંદ્ર પર મોકલેલ અવકાશયાનની ડિઝાઈન તૈયાર કરવાથી માંડી વર્તમાન વિશ્વની અનેક નાની મોટી શોધોમાં ભારતીય વૈજ્ઞાનિકો અને ટેક્નોક્રેટોનો દબદબો વધતો રહ્યો છે. હવે ભારત ક્રમશઃ ટેક્નોલોજીનાં ક્ષેત્રમાં પોતાનું વર્ચસ્વ જમાવતો હોય તેવો અહેસાસ થવા લાગ્યો છે. હરિત અને શ્વેતક્રાન્તિનાં ક્ષેત્રે પોતાનું વર્ચસ્વ ભારત પ્રસ્થાપિત કરતો હોય તેવું સ્પષ્ટ લાગે છે. સીલીકોન વેલીમાં ભારતીય વૈજ્ઞાનિકો અને ટેક્નોક્રેટોનાં પ્રભાવની નોંધ સૌએ લીધી છે. હવે તો બુશ, ઓબામા, ટોની બ્લેર કે જ્હોન મેજર જેવા નામાંકિત રાજપુરુષોએ પણ ભારતીય પ્રજામાં રહેલાં કૌશલ્યોનો જાહેરમાં સ્વીકાર કર્યો છે. આ બધાં લક્ષણો ભાવિ સુપર પાવર ભારતનો સંકેત આપતાં હોય તેવું લાગે છે. ચાલો આપણે સૌ તેને વધાવીએ...

■ Parth Patel [Managing Editor]



09. આંતરરાષ્ટ્રીય

➤ વૈશ્વિક શોધો જેણે દુનિયા બદલી નાંખી @ ઈન્ફર્મેશન ટેક્નોલોજીમાં સુપર પાવર ભારત
➤ ટેક્નોલોજીનાં વિકાસમાં શિક્ષણનું મહત્ત્વ @ બેંકિગ ક્ષેત્રે થયેલાં ટેક્નોલોજિકલ પરિવર્તનો
➤ ટેક્નોલોજીએ કૃષિને આધુનિક બનાવી @ શ્વેતક્રાંતિની હરણફાળમાં ટેક્નોલોજીનો ફાળો

22. રાષ્ટ્રીય

➤ ભારત નિર્માણ @ જે કાંઈ કરો, યુવાઓને ધ્યાનમાં રાખો
➤ પાઠશાલા : મસ્તીની નહીં, સેવાની @ વિશ્વને સૌથી સસ્તી દવા આપવામાં ભારત આગળ

30. પર્યાવરણ

➤ જીવનને ધબકતુ રાખે પર્યાવરણ @ પરિવર્તનની 5 કથા
➤ રિવર સફાઈ અભિયાન @ વોટર ફૂટ પ્રિન્ટ ઘટાડો, પાણી સ્વયં બચશે

34. સંસ્કૃતિ

➤ હિન્દુત્વ વિશ્વની વિશિષ્ટ જીવન પ્રણાલિ @ ભારતની ગૌરવગાથા રામાયણ અને મહાભારત
➤ વૈશ્વિક ધર્મનાં વૈદિક મંત્રો @ વિઘ્નહર્તા શ્રી ગણેશ @ વૈશ્વિક સંસ્કૃતિ
➤ શ્રી કૃષ્ણની બર્થડેટ 21 જુલાઈ 3228 BC @ વૈશ્વિક ભારત

69. સમાજ

➤ ઝળહળતા ક્ષાત્ર તેજનું વાસ્તવિક દર્શન @ ક્ષત્રિયોનાં ગુણ શ્રી વિશ્વ ગીતાની દૃષ્ટિએ
➤ રાજપૂત વંશનો ઈતિહાસ @ પ્રજા ઝંખે છે મહારાજા ભગવતસિંહજી જેવા શાસકો
➤ ગૌરક્ષક વીર વચ્છરાજ @ જામની નગર સૃષ્ટિ : જોમવંતુ જામનગર
➤ સમાજને યોગ્ય માર્ગદર્શન આપતી આચાર સંહિતા
➤ રાજપૂત સમાજનાં વિકાસ માટે શું કરવું જોઈએ @ સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ
➤ દાન અને દાતા @ ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાણી થી...
➤ રાષ્ટ્રનાં વિકાસ અને સલામતી માટે ગરેંટેડ એકશન પ્લાન
➤ અનામતનીતિ લોકશાહીનાં પતનનું મુખ્ય કારણ @ વૈશ્વિક રૂઝાક્ષ

84. લાઈફ સ્ટાઈલ

➤ હમ હૈં નયે તો અંદાજ કયોં હો પૂરાના
➤ જીવન સાથીને ખુશ રાખવાના નુસખા @ હસવાના 10 ફાયદા
➤ સહી જગહ પર સહી ફર્નીચર @ રંગીલી પગડ્રિયા

92. મનોવિજ્ઞાન

➤ પ્યાર કી કૈમિસ્ટ્રી @ આપ નિગેટિવ, બચ્ચા પૉજિટિવ
➤ ફૉર્મૂલા પી 4 @ તન કે લિએ મન સે ખ્વાએ

CONTENTS

AUGUST 2013

પ્રતિધ્વનિ

THE VOICE OF INDIA

A National & International Magazine

Continue Issue: 200 • Year : 17th



રોયલ રાજપૂતો...

પ્રતિધ્વનિનાં ઐતિહાસિક અંકમાં સામેલ થયાં...

સામાન્ય રીતે સાહિત્ય જીવનનું પ્રતિબિંબ પાડે છે. જીવન પરિવર્તનશીલ છે. જીવનનાં મૂલ્યો દરેક જમાને બદલાતા રહે છે, તેથી જ સાહિત્યનો મોટોભાગ અલ્પજીવી હોય છે. રામાયણ અને મહાભારત જેવા કોઈક વિરલ ગ્રંથો જ દીર્ઘ જીવી બની જાય છે, યુગોનો કાટ તેને લાગતો નથી, કારણ કે જીવનની મૂળભૂત સમસ્યાઓનાં ઉકેલો તેમાંથી મળી રહે છે. લોક સાહિત્ય અને લોકગીતોએ તેનું કેટલુંક શત્વ જાળવી રાખ્યું છે. કાગળ અને મુદ્રણ કળાની શોધ થઈ ન હતી ત્યારે પણ લોકગીતોએ માનવીનાં કંઠમાં અદભૂત સ્થાન મેળવ્યું હતું . જૂની પેઢી આ વારસો યુગોથી નવી પેઢીને આપતી આવી છે. કાગળની શોધ થવાની સાથે કુળ અને વંશનો કાચો મસાલો જાળવી રાખવાનું કામ ચારણો અને બારોટોએ કર્યું છે. આ બધો કાચો મસાલો જો આપણી પાસે ઉપલબ્ધ ન હોત તો ભવ્ય ભૂતકાળને જાણી કે માણી શકયા ન હોત. પ્રસ્તુત અંકમાં આ વાતની સાબિતી મળી આવે છે. વાચકોને કશું નવું આપવું, સાતત્યપૂર્ણ દેવું, વાચકોની જ્ઞાનક્ષિતિજ વિસ્તરે એવું કંઈક નવું પેશ કરવું એ હંમેશા પ્રતિધ્વનિની વિશેષતા રહી છે. સ્વાતંત્ર્યદિનનાં આ અવસરે ગુજરાતી પત્રકારત્વમાં ફરી એક વાર પ્રતિધ્વનિ નવી કેડીનું સર્જન કરી રહ્યું છે. જગતનાં કોઈ પણ ખૂણે નજર નાંખો ખૂણો ભલે અજાણ્યો હોય, છતાં તમને એકાદ ગુજરાતી અચૂક જડી આવશે. એ માત્ર ત્યાં રહેતો વસતો નહીં હોય, એ તો ત્યાં આપ મેળે પોતાનું સ્થાન બનાવી લેવાનો પ્રયત્ન કરતો હશે. ગુજરાતીઓની આ જન્મજાત તાસીર છે. પથ્થર પર પાટું મારીને પાણી પેદા કરવાની એની આ ક્ષમતાને કોઈ પડકારી શકે તેમ નથી. આવી ક્ષમતા ધરાવતા રાજપૂતોની જો આપણે નામાવલી બનાવવા જઈએ તો અસંખ્ય અગણિત નીકળે, પરંતુ સ્વાતંત્ર્યદિનનાં આ વર્ષે અમે વિચાર્યું, વિવિધ ક્ષેત્રોમાં ખ્યાતિ મેળવી ચૂકયા હોય એવા રોયલ રાજપૂતોનાં નામ પ્રતિધ્વનિ અલગ તારવે તો કેવું...? વિચાર બધાને ગમ્યો એટલે અમે ગુજરાતમાં નોંધનીય કામગીરી બજાવતા રાજપૂતોનાં નામ અલગ તારવવાનાં શરૂ કર્યા અને પહેલા જ પ્રયાસમાં તમે નહીં માનો, અમને મળ્યાં 50 થી વધુ એવા રાજપૂતોનાં નામ, જેમની કામગીરી ખરેખર નોંધનીય છે... પણ અમારી તો નેમ હતી માત્ર 25 રાજપૂતોનાં નામ અલગ તારવવાની ! કાર્ય ખરેખર કપરું હતું, પણ જરૂરી હતું. અનેક ચર્ચા વિચારણા બાદ અમે આવા 25 રોયલ રાજપૂતોનાં શબ્દ ચિત્ર સાથે યાદી બનાવી શકયા. આ વાંચ્યા પછી આ નામ કેમ? પેલું કેમ નહીં ? એવા પ્રશ્ન કોઈના પણ મનમાં જાગે તે સ્વાભાવિક છે, પરંતુ અનેક ક્ષેત્ર અને એ ક્ષેત્રમાં કામગીરી બજાવતા અનેક રાજપૂતો જેમની કાર્ય પધ્ધતિ, કાર્ય કરવાની રજુઆત, એ કાર્ય દ્વારા આગામી પેઢી પર પડનારી એની અસર, ઉપરાંત બીજી અનેક જીણી જીણી બાબતોને ધ્યાનમાં રાખીને ટીમ પ્રતિધ્વનિએ 25 રોયલ રાજપૂતોનાં નામ આખરે નક્કી કર્યા છે. આ નામ માત્ર ઉત્સાહ પ્રેરક જ નહીં, દિશા પ્રેરક પણ બની શકે એવો અગત્યનો દસ્તાવેજ છે. અહીં કેટલાક નામ બહુ જાણીતા છે તો કેટલાક નામ સહેજ અજાણ્યા પણ લાગે, પરંતુ આજે એમના નામ કરતા એમની વિશિષ્ટ કામગીરી ધ્યાન ખેંચે એવી છે. બની શકે એટલા જુદા જુદા ક્ષેત્રમાં શ્રેષ્ઠ રીતે ઝળકેલા રાજપૂતોનાં નામ અહીં એકત્રિત કર્યા છે. હા, અમારે એ પણ અહીં ઉમેરવું જોઈએ કે અમે પસંદ કરેલા રોયલ રાજપૂતોનાં આ 25 નામ સર્વ પ્રથમ નથી કે આખરી પણ નથી. કાલે ઉઠીને સમયાનુસાર આ યાદીમાં ફેરફાર થતાં પણ રહે... બીજા શબ્દોમાં કહીએ તો સ્વાતંત્ર્યદિનનાં આ અવસરે 25 ગૌરવવંતા અને ખમીરવંતા રાજપૂતોનાં સંઘર્ષ તથા પુરુષાર્થને બિરદાવવાનો આ એક અનેરો પ્રયાસ છે. આશા છે, વાચકોને ગમશે.



પ્રિયા રોય

[મુખ્ય સંવાદદાતા : ગુજરાત બ્યૂરો]

શુભેચ્છા સંદેશ...





શ્રી સ્વામી સચ્ચિદાનંદજી

પ્રતિધ્વનિ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી રાજપૂત સમાજ અને બીજા સમાજોમાં જાગૃતિ લાવવાનું કાર્ય થઈ રહ્યું છે. આઝાદી પહેલા અને આઝાદી પછી જે પ્રગતિ બીજા સમાજોએ કરી છે તે રાજપૂત સમાજ કરી શક્યો નથી. આ વાતનો જો સ્વીકાર કરવામાં આવે તો તેને જાગૃત કરી પ્રગતિમાં જોતરવાનું કાર્ય સરળ થઈ જાય. પ્રગતિનો મુલાધાર શિક્ષણ છે. દુર્ભાગ્યવશ સરકારે દલિતો, બક્ષીપંચો, મુસ્લીમો, ખ્રિસ્તીઓ વગેરે કોમો માટે અનેક યોજનાઓ ઘડી છે. રાજપૂત સમાજ કે બીજા ઉજળીયાત સમાજો માટે કોઈ યોજના નથી. કેટલાક અંશે રાજપૂતો દિન પ્રતિદિન વધુને વધુ પાછળ રહી ગયા હોય તેવું દેખાય છે. સરકારની વાત સરકાર જાણે, પણ પોતે કમર કસીને જો આગળ વધીએ તો વધી શકાય તેમ છે. પટેલો તેનું ઉદાહરણ છે. જરૂર છે સામાજીક કુરિવાજોનો ત્યાગ કરીને દિકરા દિકરીઓને વધુમાં વધુ શિક્ષિત બનાવવા તથા વ્યાપાર ઉદ્યોગ તરફ ધ્યાન આપવું. 'ત્રાજવા વિના સમૃદ્ધિ નહીં' અને 'તલવાર વિના શૌર્ય નહીં', આ ખમીરવંતા સમાજે શૌર્ય તો ઘણું બતાવ્યું છે, પણ ત્રાજવુ અને કલમ ન હોવાથી તે આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં પછાત રહ્યો છે. એક એવો ભેખધારી માણસ પ્રગટે જે ગામે ગામ ફરીને ઘરે ઘરે આહ્લેક જગાવે કે ભણો અને ત્રાજવું પકડો. દેશ દેશાંતરમાં જાવ, તકો તમારી રાહ જોઈ રહી છે. તમારામાં જે કાંઈ છે તેનો ભરપૂર ઉપયોગ કરો અને આગળ વધો.



નરેન્દ્ર મોદી

પ્રગતિની યાત્રામાં હરણફાળ ભરતા ગુજરાતમાં કન્યા કેળવણીનું પ્રમાણ ખૂબજ નીચું છે, જે કોઈ પણ સ્વાભિમાની ગુજરાતીને ખૂંચે.લોક ભાગીદારી થકી કન્યા કેળવણીનો પ્રચાર થાય તે ભાવના સાથે ગુજરાત સરકારે આ અભિયાન શરૂ કર્યું છે. રાજપૂત સમાજે તેને ઉત્સાહપૂર્વક વધાવી લીધું .




શંકરસિંહ વાઘેલા

કન્યા કેળવણીનાં પ્રોત્સાહન માટે રાજપૂત કન્યા છાત્રાલયનો બહોળો લાભ ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી પ્રાપ્ત કરવા ઈચ્છુક ગ્રામ્ય વિસ્તારોની દીકરીઓને જરૂર મળી રહેશે. ગુજરાત રાજપૂત યુવા સંઘનાં માધ્યમથી દીકરીઓની શક્તિઓને ખીલવવાનું સુંદર કાર્ય સાર્થક થયું છે.



ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગુજરાત રાજપૂત યુવા સંઘે તેની પ્રવૃત્તિનો એક નવો ચીલો પાડીને કન્યા કેળવણી ક્ષેત્રે હિંમતભર્યું પગલું ભર્યું છે. એક ભણેલી માતા સો શિક્ષકની ગરજ સારે તે ઉકિત આપણા વડવાઓએ યર્થાથ કહી છે. એક હાથે તાળી ન પડે. સમાજમાં આગળ વધેલા અગ્રણીઓ, શ્રેષ્ઠીઓ બીજો હાથ પ્રસરાવે ત્યારે જ ધારેલું કામ દીપી ઉઠે છે. આગામી સમયમાં યુવા સંઘનો વ્યાપ વધુ વિસ્તરે, સહુ કાર્યકરો સંવાદપૂર્ણ રીતે ખભેખભા મિલાવીને કાર્યરત રહે તેવી અભિલાષા...



ઈન્દ્રવિજયસિંહ જાડેજા

સમાજનાં ઘડતરમાં શિક્ષણ પાયારૂપ ભૂમિકા ભજવે છે. શિક્ષણ આપનાર સંસ્થા અન્ય કોઈ સંસ્થા કરતા મુઠ્ઠી ઊંચેરૂં સ્થાન ધરાવે છે. રાજપૂત સમાજે બદલાતા પ્રવાહો સાથે કદમ મિલાવી કન્યા કેળવણીને પ્રોત્સાહન આપેલ છે. ભાવી પેઢીને વધુ જ્યોતિર્મય બનાવવામાં આગવું યોગદાન પણ આપ્યું છે.




અશ્વિનસિંહ એચ. સરવૈયા

શિક્ષણ પ્રેમી પ્રતિભા

દલિત દુઃખી દેખી પોતીકાં માનતો જે, મૃદુ નવનીત જેવું હૈયું જેનું સદૈવ.
સમ નિજ પરમાંહી જે નિરધાર મિત્ર, પ્રગટ હરિ તણી ત્યાં મૂર્તિ દેખું પવિત્ર.

અશ્વિનસિંહનો જન્મ પાલીતાણા પાસે આવેલા એક નાનકડા ગામમાં થયો. પાલીતાણાનાં મહારાણી સાહેબ તેમના ફોઈબા થાય, આમ તેઓ જાગીર કુટુંબના રહીશ છે. પિતાજી DYSP હતાં. પત્ની હાઉસ વાઈફ છે. એક પુત્ર અને પુત્રી છે. પુત્રી ડોકટર અને પુત્ર પોતાનાં વ્યવસાયમાં સાથે છે. આખું ફેમેલી શિક્ષિત છે. ઈકોનોમિકસમાં સ્નાતક થયેલા અશ્વિનસિંહ સરવૈયાએ કારકિર્દીની શરૂઆત 1981માં કરી. અમદાવાદની બંધ પડેલી મિલ ખરીદી કાપડનું ઉત્પાદન શરૂ કર્યું. આમ તેઓ સરવૈયા એકસપોર્ટ લી. નાં ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર છે. તેઓ કહે છે કે ભૂતકાળમાં ડાઈનાસોરનું અસ્તિત્વ હતું, સમય પરિવર્તન થતાં તેમનું અસ્તિત્વ ખત્મ થઈ ગયું. આવી જ રીતે રાજપૂતોનાં પૂર્વજો પાસે રજવાડા હતાં, પરંતુ સમય પરિવર્તન થતાં તે નામ શેષ થઈ ગયાં. આથી રાજપૂત સમાજ સમયની સાથે કદમ મિલાવી વિકાસ કરે તે જરૂરી છે. સફળતા મેળવવા માટે બાપુગીરી છોડવી પડશે, નહિં છોડો તો સમાજમાંથી ફેંકાઈ જશો. રાજપૂત સમાજ વ્યવસાયમાં આગળ વધ્યો તે આનંદની વાત છે. પટેલો ખેડૂત હતાં, પણ તેઓએ વ્યવસાયમાં ઝંપલાવ્યું એટલે સફળતા મેળવી શકયા. આથી સમાજનાં લોકો વતન છોડીને બહાર નીકળશે તો જ વિકાસ કરી શકશે. રાજાશાહી તો રહી નથી કે લશ્કરમાં જોડાઈને લડવૈયા બનો. ધીરજ રાખવાથી કોઈ પણ કામમાં સફળતા મળી શકે છે. રાજકારણમાં એક બીજાના પગ ખેંચવાને બદલે સંગઠનમાં રહીને કામ કરવું જોઈએ. દીકરીઓ ભણે છે, પરંતુ દિકરાઓ ભણતાં નથી, તે ઘણી દુઃખદ બાબત છે.

મહુવામાં તેમની માતાના નામે પ્રાથમિક સ્કૂલ છે. તેઓ અમદાવાદમાં પણ એજયુકેશન ક્ષેત્રે ઝંપલાવવા માંગે છે. તેમનું શૈક્ષણિક સંકુલ આધુનિકતાનો અજોડ નમૂનો છે. ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલ તથા મેરેજ હોલનું પણ નિર્માણ કર્યું છે. રાજપૂત ભવનનું નિર્માણ ચાલુ છે. ભવનનાં તેઓ મુખ્ય દાતા છે. રાજપૂત સમાજનાં ઉપપ્રમુખ છે. સમાજને શૈક્ષણિક રીતે આગળ વધારવાની ખેવના રાખે છે. તેઓ કહે છે કે આજના યુગમાં પાયાનું કર્તવ્ય એક માત્ર શિક્ષણ છે. શિક્ષણ હશે તો સમાજમાં ધરમૂળ ફેરફાર થશે. શિક્ષણ મારફત યુગને અનુરૂપ જીવન જીવવા કુરૂઢીઓનો ત્યાગ કરવો પડશે. સંગઠન તો રાજપૂતોનાં લોહીમાં વહે છે. સંગઠન સાર્વજનિક ને સાર્વભોમિક હોવું જોઈએ, દુર્ભાગ્યવશ કેટલીક ત્રુટીઓ છે તેથી ધ્યેય સિધ્ધ થઈ શકતું નથી. ભારતની પવિત્ર સંસ્કૃતિનાં રક્ષક આપણા પૂર્વજો હતાં. ભારતીય સંસ્કૃતિએ જગતની મહાન સેવા કરી છે. આથી બંધુ ભાવના અને સમાજ ભાવના જાગ્રત કરો, વ્યસનોની મુક્તિ માટે હાકલ કરો, કુરીવાજો સદંતર બંધ કરો અને કુસંપનો પણ નાશ કરવો પડશે. આપણે પ્રગતિશીલ રહી શકયા નથી, તેનું મુખ્ય કારણ આપણે કેળવણી પ્રત્યે લક્ષ્ય આપ્યું નથી. કેળવણીમાં આપણે પછાત રહયાં છીએ. કન્યાઓને પણ કેળવણી આપવી જરૂરી છે. જો આપણે પરિવર્તન લાવવું હોય તો જર્જરીત વિચારો અને કુરુઢીઓનો સત્વરે ત્યાગ કરવો પડશે. સંસ્કાર વગરની પ્રજા કદી જીવી શકતી નથી. કુરૂઢીઓનો ત્યાગ નહી કરીયે તો કોઈ ઉધ્ધાર થવાનો નથી, અવદશામાંથી મુક્તિ મેળવવા શિક્ષણને અગ્રતા આપવી જોઈએ.





અશ્વિનસિંહ એચ. સરવૈયા

રાજપૂત તરીકે આટલું કરીએ...

- પરસ્પર મળીએ તથા છુટા પડીએ ત્યારે નમસ્કાર કરી એક બીજાને "જય માતાજી" કહીએ. રાત્રે સૂતી વખતે કે સવારે ઊઠતી વખતે પણ "જય માતાજી" બોલવાનો આગ્રહ રાખીએ.
- નૂતન વર્ષનાં દિવસે તથા નવરાત્રીમાં કુળદેવીની પૂજા અર્ચના અને આરાધના કરીએ.
- આપણા આરાધ્યદેવ ભગવાન શંકરનાં દરરોજ દર્શન કરીએ.
- રાજપૂત સંસ્કૃતિ અને ખુમારી જળવાઈ રહે તે માટે નામની પાછળ "સિંહ", "કુંવરબા" કે "બા" લખવું જોઈએ.
- લગ્ન કે શુભ પ્રસંગોએ કુંટુંબનાં તમામ નાના મોટા પુરુષ સભ્યો સાફો બાંધવાનું અવશ્ય રાખે.
- આપણા ઘરે અને ઓફિસની નેઈમ પ્લેટમાં પુરું નામ લખવાનો આગ્રહ રાખીએ.
- સમાજનાં જાહેર કાર્યક્રમમાં આપણી સંસ્કૃતિ, કુળનું ગૌરવ તથા કુટુંબની ખાનદાની દીપી ઉઠે તેવું વર્તન, વાણી, વ્યવહાર અને પોષાક રાખીએ.
- વ્યસન, દેવું, વેરઝેર, ખોટા ખર્ચા અને દહેજનાં દુષણથી આપણી જાતને અને કુટુંબને દૂર રાખીએ.
- વડીલોની આજ્ઞાનું પાલન કરીએ.
- આપણા કુટુંબનો ઈતિહાસ, ગૌરવપૂર્ણ કથાઓ અને વંશાવલી આપણા સંતાનોને અવશ્ય સંભળાવીએ.
- શિક્ષણ અને સંસ્કારને સાચું આભૂષણ ગણીએ.
- સમાજનાં પ્રત્યેક કાર્યક્રમોમાં સહકુટુંબ હાજરી આપીએ અને સમાજને યથાશક્તિ મદદરૂપ થઈએ.
- પડોશ, ઓફિસ અને વ્યવસાયમાં સાથે રહેતાં અજાણ્યાં જ્ઞાતિ બંધુઓને મદદરૂપ થઈએ.
- "બીજ શુધ્ધ તો વૃક્ષ અને ફળ શુધ્ધ" એ કુદરતી ક્રમને જાળવવા પોતાના સમાજમાં જ દિકરા દિકરીનાં લગ્ન કરાવીએ.
- પરસ્પર ખટરાગ અને ઈર્ષા ભાવથી દૂર રહીએ.
- સમાજનાં નૈતિક ગુણો જેવાં કે વફાદારી, ફરજ પ્રિયતા, સત્ય પ્રિયતા, નિડરતા વગેરેનું જતન કરીએ.
- વિશ્વાસઘાત અને વ્યભિચારથી દૂર રહીએ.
- દિકરા દિકરીને વારસામાં શિક્ષણ અને સંસ્કાર આપીએ.
- સામાજિક સંગઠનને મજબૂત બનાવીએ અને પક્ષપાતથી દૂર રહીએ.
- રાજપૂત હોવાનું ગૌરવ અનુભવીએ, આપણા ઉચ્ચ વર્તન દ્વારા અન્ય જ્ઞાતિઓને પણ તેનો એહસાસ કરાવીએ.
- સામાજિક મેળાવડા કે મિટીંગોમાં વ્યકિતગત નહિ પણ સમાજને શોભે તેવું વાણી, વર્તન અને સૌજન્યતા દાખવીએ.
- સમાજ આપણો છે, આપણા માટે છે, આપણા થકી છે એમ સમજી સમાજની કોઈપણ પ્રકારની જવાબદારી ઉઠાવવા તત્પર રહીએ.
- સમાજની યુવા પ્રતિભાઓને ઓળખી તેને પ્રોત્સાહિત કરી, યુવાશક્તિનો સમાજ વિકાસમાં મહત્તમ ઉપયોગ કરીએ.

HPS®
Hyderabad Public School Pvt. Ltd.
HPS KIDS®
Unit of Hyderabad Public School Pvt. Ltd.
Day Care • Play Group • Nursery
PP 1 • PP 2 • Evening Activities
ADMISSIONS OPEN FOR 2013 - 14
94 09 57 57 57
Presented By Sarvaiya Education Pvt. Ltd. In All Gujarat



➤ Change World for Quality Life

વૈશ્વિક શોધોથી દુનિયા બદલાઈ

આ જે આપણું તમામ ભૌતિક સુખ વિજ્ઞાનને આભારી છે. અમુક પાયાની શોધોએ માનવીની દિશા અને દશાને નાટ્યાત્મક રીતે પલટી નાખી છે, આવી વૈશ્વિક શોધોની વાતો કરીએ.

અગ્નિ : આપણો પૂર્વજ એક પશુવત્ જિંદગી જીવતો હતો એમ કહીએ તો ચાલે. ગુફામાં રહેવું તથા ડાળ પાન અને કાચો માંસાહાર કરતો હતો. સવારે સૂરજ ઊગે એટલે તેની જિંદગી શરૂ થાય, પણ સાંજે સૂરજ આથમે એટલે તેને ગભરાટ થવા માંડે. વિકરાળ પ્રાણીઓથી તે ડરતો. અંધકારથી વધુ ભય લાગતો. સૂરજનાં પ્રકાશમાં તે સુરક્ષા અનુભવતો, તેથીજ સૂર્યને દેવ તરીકે પૂજતો હતો. પૂનમની આસપાસના દિવસોમાં રાત્રે તેને ઝાઝો ભય લાગતો નહીં, પણ અમાસ અને ત્યાર પછીની રાત્રીઓ તેને માટે ડરામણી બની રહેતી. આ ડરમાંથી છુટકારો મેળવવો હોય, હિંસક પ્રાણીઓથી બચવું હોય, તો રાત્રે પણ પ્રકાશ જોઈએ એવું તેને સમજાઈ ગયું. પ્રકાશ પેદા કરવો કઈ રીતે એ તેને સમજાતું નહોતું. એમ મનાય છે કે જંગલમાં હવાનાં ઘર્ષણથી દવ લાગતો, આમ તેને ઘર્ષણથી અગ્નિ પેદા કરી શકાય એવું સમજાયું. સમય જતાં સમજાયું કે અગ્નિમાં ખોરાકને, ખાસ કરી માંસ ભૂંજીને તૈયાર કરાય તો એ સ્વાદિષ્ટ લાગે. આમ અગ્નિ પેદા કરવાથી માનવી ભોજનકળા પણ વિકસાવી શક્યો. સાથે જ પ્રકાશ મેળવવાની જિજીવિષા વધી, જે આગળ જતાં ફાયદાકારક બની રહી.

ચક્ર : માણસ અગ્નિ પેદા કરી ભટકતી જિંદગી જીવતો થયો. આવી જિંદગીમાં સામગ્રીની હેરફેર કરવામાં તે કંટાળ્યો. વજન ઊંચકી એક સ્થળેથી બીજા સ્થળે જવામાંથી તે છુટકારો ઈચ્છતો હતો, તેને કાપેલા ઝાડના ગોળાકાર થડને ઊંચકવા કરતાં ધક્કો મારી આગળ લઈ જવામાં સરળતા લાગી. આમ તે ચક્રની કલ્પના કરતાં શીખ્યો, જે આગળ જતાં યંત્ર વિકસાવવામાં મદદરૂપ રહ્યું.

શૂન્ય : ભારતનાં વિદ્વાનો વિજ્ઞાનમાં ઘણી રીતે આગળ છે, પણ વિશ્વમાં પશ્ચિમનાં વિજ્ઞાનીઓને જે ખ્યાતિ મળી એવી ખ્યાતિ ભારતીયોને ન મળી. આર્યભટ્ટે શૂન્યની શોધ કરી તે વિશ્વમાં ભારતની સૌથી મોટી ભેટ ગણવામાં આવે છે. શૂન્યને પગલે ગણિતમાં ખાસ્સો વિકાસ થયો. સૌથી મોટો ફાયદો ડિજિટલ ટેક્નોલોજીમાં થયો. બધી જ માહિતી એક અને શૂન્યમાં જ સમાવિષ્ટ થઈ ગઈ એ કાંઈ નાનીસૂની વાત છે? ગણિતનો ફાયદો બાજુએ મૂકીએ તો શૂન્ય વિજ્ઞાન વિકસાવવામાં પણ આગળ રહ્યું. આગળ જતાં ગણિતમાં વિવિધ શાખાઓ શરૂ થઈ, જે માનવજાત માટે ઉપકારક રહી.

વાહનો : ચક્રની શોધથી યંત્રવિજ્ઞાન વિકસ્યું. જરૂરિયાત મુજબ યંત્રો વિકસ્યાં એ પહેલા ચક્રની શોધે સ્થળાંતર માટે સુવિધા ઊભી કરી આપી. વસ્તુની જેમ પોતે પણ આસાનીથી હરીફરી શકે તો ભટકતી જિંદગી સરળ બની જાય. આ વિચારમાંથી જ કાર જેવાં વાહનો વિકસ્યા, એ પહેલાં પૂર્વજોએ ગાડા અને સાઈકલ જેવા વાહનો વિકસાવ્યાં, જે આજનાં વાહનોનાં પૂર્વજ ગણાય. ડિઝલ એન્જિન વિકસ્યા બાદ વધુ સુવિધા આપતા વાહનો શોધાયા, પણ પાયામાં તો ચક્ર જ ગણાય ને? ધરતી પર ચક્રીય વાહનોની કલ્પના આવી, તો ઊડતાં પક્ષીઓએ માનવીને હવામાં ઊડવાની ઈચ્છા આપી, જે રાઈટબંધુઓનાં પ્રયાસથી વિમાનરૂપે સંતોષાઈ.

રોબો : યંત્ર વિદ્યાએ ઘણી પ્રગતિ સાધી. ઝડપી કામગીરી માટે યંત્ર માનવની કલ્પના થઈ, ઘણાં સંશોધનો બાદ વિજ્ઞાનીઓ યંત્રમાનવ બનાવી શક્યા. આ યંત્રમાનવોની નવી પેઢી જાતે વિચારી અને બોલી શકે એવી હશે. જોખમી કામોથી માનવીને દૂર રાખવા તથા કેટલાંક કામો અતિચોક્સાઈથી કરવા માટે યંત્ર માનવ ઉપયોગી છે. યુદ્ધમાં પણ માનવ સૈનિકોની જગ્યાએ યંત્ર માનવનો ઉપયોગ થાય એ દિવસો હવે દૂર નથી. આવનારા દિવસોમાં રોબો ઘરકામ કરતા થાય એવું લાગે છે. યંત્ર વિજ્ઞાન ઘણું ઉપયોગી થયું છે, તો વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં ઘણી શોધો માનવીને ફાયદેમંદ રહી છે.



ચિપ : ઈલેક્ટ્રોનિક્સ વિજ્ઞાનમાં જે ઉપકરણો આપણે વાપરીએ છીએ એની પાછળ ચિપ મહત્ત્વની છે. એક જમાનામાં કમ્પ્યુટર એક મોટો ઓરડો ભરાય એવું મહાકાય હતું, હવે એ સાથે લઈને ફરી શકાય એવી બ્રીફકેસ કદનું થઈ ગયું છે. એક સમયનો રેડિયો પણ વીજળીથી ચાલતો મોટા કદનો હતો, હવે તો એ મોબાઈલમાં પણ સમાઈ ગયો છે. આવાં તો ઘણાં ઉદાહરણ છે. કોમ્પેક્ટ ગણાતાં ઘણાં સાધનો વિશાળકાય હતાં, જો એનું કદ એ જ રહ્યું હોત તો આટલા પ્રચલિત થઈ શક્યાં ન હોત. આ ઈલેક્ટ્રોનિક્સ સાધનોનાં કદ નાનાં કરવા પાછળનો કરિશ્મો દેખાડનાર છે ચિપ, જેને કારણે મોટા મોટા વાલ્વનો જમાનો વીતી ગયો અને ઈલેક્ટ્રોનિક ચિપે રોબો જેવાં સાધનો હાથવગા કરી આપ્યાં.

કમ્પ્યુટર : આજે કમ્પ્યુટર પાસે વિવિધ કામો લેવાય છે, પણ એની શોધ તો એક ગણકયંત્ર તરીકે જ થઈ હતી. લંડનનાં ચાર્લ્સ નામના અંગ્રેજે 48 વર્ષ એનાલિટિકલ પદ્ધતિ વિકસાવવામાં ખર્ચી નાખ્યાં, પણ તેને ઝાઝી સફળતા મળી નહીં, આખરે એ સિદ્ધિ ન્યુયોર્કનાં હોલેરિથનાં નામે નોંધાઈ. તેણે વસ્તી ગણતરી માટે પંચિંગ કાર્ડનો ઉપયોગ થઈ શકે એવું મશીન તૈયાર કર્યું. તેણે અમેરીકાનાં વસ્તી ગણતરી વિભાગમાંથી છૂટા થઈ ઈ ટેબ્યુલેટેડ કંપની શરૂ કરી, જે પછીથી IBM કંપનીનો એક ભાગ બની ગઈ. આખરે એનિયાક મશીન ધીરે ધીરે વિકાસ પામતાં આજનાં કમ્પ્યુટરનાં રૂપમાં પરિણમ્યું.

ટેલિફોન : સંદેશાવ્યવહાર ક્ષેત્રે ક્રાંતિનાં મંડાણ ટેલિગ્રાફ દ્વારા થયાં એમ કહી શકાય, પણ આમૂલ પરિવર્તન તો ટેલિફોન જ લાવી શક્યો. ટેલિગ્રાફે સંદેશાવ્યવહારનો વ્યાપ જરૂર વધાર્યો, પણ એમાં નરી યાંત્રિકતા હતી, તેથી સામાન્ય માનવી માટે એ યંત્ર જ બની રહ્યો. ડોટ સમજવામાં સામાન્ય માનવીનું ગજું હતું નહીં, એને કારણે જ એ ઝાઝો લોકપ્રિય બન્યો નહીં, પણ બીજા હાથવગાં સાધનો નહીં હોવાથી એનો ઉપયોગ થતો રહ્યો. ગ્રેહામ બેલે 1876માં ટેલિફોન શોધ્યો ત્યારે ટેલિગ્રાફનાં ડોટ જેવાં ટપકાંને બદલે માનવી જાતે જ પોતાના અવાજમાં વાત કરી શકતો હોય એવું ઉપકરણ ખાસ્સું પ્રચલિત થઈ ગયું. આજની નવી પેઢીએ તો ટેલિગ્રાફ જોયો પણ નહીં હોય, છેલ્લા એકાદ દાયકાથી તાર કરવા માટે વપરાતું ટેલિગ્રાફનું સ્થાન ટેલિફોને લઈ લીધું છે. મોબાઈલ ફોને તો એકદમ પરિવર્તન લાવી દીધું છે. એ ક્રાંતિ જેવી તેવી નથી. આજે વાયરનાં દોરડાં વિના પણ ગજવામાં નાનકડા સાધન વડે ગમે ત્યાં સંપર્ક કરી શકો છો.

ઈન્ટરનેટ : માહિતીનાં આદાનપ્રદાન માટે ઈન્ટરનેટ એક મહત્ત્વનો સેતુ બની ગયું છે. યાહૂ કે ગૂગલ જેવાં સર્ચ એન્જીનોને પગલે વિશ્વભરની તમામ માહિતી તમારા આંગળીના ટેરવે સમાઈ ગઈ છે. કમ્પ્યુટર અને ઈન્ટરનેટનાં સમન્વયથી તમામ માહિતી હાથવગી બની ગઈ છે. આજે તમે સહેલાઈથી કોઈ પણ દસ્તાવેજ ઈન્ટરનેટ દ્વારા મોકલી શકો છો. અહીં બેઠાં તમે દુનિયાના કોઈ પણ છેડે સંપર્ક કરી શકો છો. કોઈ પણ માહિતી મેળવવી હોય તો તમારે પુસ્તકો ફંફોસવાની જરૂર નહીં રહે. પુસ્તક આપણી પાસે ન હોય તો લાઈબ્રેરી ખુલે એની રાહ જોવી પડે કે એ પુસ્તક મેળવવા લમણાઝીંક કરવી પડે, પણ તમારી પાસે નેટ કનેક્શન હોય એટલે ગમે તે ઘડીએ સર્ચ કરી માહિતી મેળવી શકાય. હવે તો તબીબો અન્ય સિનિયરોને નેટ દ્વારા દર્દીનાં રિપોર્ટ દેખાડી સારવાર કરી શકે છે. વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા લાઈવ ઓપરેશન પણ કરી શકે છે. એક સમય હતો કે કોઈ પણ રોગ થાય એટલે મૃત્યુ જ આખરી જવાબ હતો. આજના ઘણા રોગ પહેલાંના સમયમાં અસાધ્ય ગણાતા. આજે મેલેરિયા ઘણાનો ભોગ લે છે, પણ એ સાધ્ય રોગ છે. એક સમય એવો હતો કે શીતળા ઘણાનો ભોગ લેતો, પણ આજે વિશ્વમાંથી શીતળાનો રોગ નામશેષ થઈ ગયો છે, તબીબી ક્ષેત્રની આ સફળતા માટે રસીને યશ આપવો ઘટે.

રસી : દર્દીની સારવારનું ક્ષેત્ર ઘણું જૂનું છે. પહેલાં આયુર્વેદ જાણીતું હતું. ધીરે ધીરે તબીબી ક્ષેત્રની બીજી શાખાઓ વિકસી અને સારવારનાં પ્રકારો બદલાતા રહ્યાં. ઘણા રોગને ઊગતા જ ડામી દેવા જોઈએ એવા અભિગમ સાથે રસીની શોધ માનવીને ઘણા રોગથી મુક્ત કરનારી રહી છે. એક અંદાજ મુજબ ઈ.સ. 1700 થી 1800નાં સો વર્ષ દરમિયાન 6 કરોડ લોકો શીતળાનાં રોગથી મૃત્યુ પામ્યા હતાં. શીતળાએ જે રીતે હાહાકાર મચાવ્યો હતો, એને પગલે માનવ જાતને શીતળાના પ્રકોપથી બચાવવા માટે તબીબી સંશોધકોએ દવા શોધી કાઢવા કવાયત હાથ ધરી. ડો. એડવર્ડ જેનરે વધુ ધ્યાન એ બાબત પર આપ્યું કે શીતળા થાય પછી એનો ઉપચાર કરવા કરતાં એ થાય જ નહીં એવું કંઈક કરવું જોઈએ. તેણે નોંધ્યું કે એક વાર જેને શીતળા નીકળ્યા હોય, તેને ફરી શીતળા થતા નથી. મતલબ કે શરીરમાં શીતળા સામે રોગપ્રતિકારક શક્તિ પેદા થઈ જતી હોય છે. આ નિરીક્ષણને પગલે તેણે શીતળાની રસી તૈયાર કરી. શીતળા થયા ન હોય એવાં બાળકોને શીતળાના નબળા વિષાણુમાંથી બનેલી રસી આપી તેમના શરીરમાં શીતળા સામે રોગપ્રતિકારક શક્તિ કેળવી લેવાય છે. આ પ્રયોગ સફળ રહ્યો અને તબીબી જગતમાં રસીકરણનું નવું પ્રકરણ ઉમેરાયું, આજે વિશ્વભરમાંથી શીતળાની નાબૂદી થઈ ગઈ છે અને પોલિયો નાબૂદીકરણનાં પગલાં લેવાઈ રહ્યાં છે.

એન્ટિબાયોટિક્સ : રસી માનવીને રોગનો ચેપ લાગે એ પહેલાં સુરક્ષિત કરી દે છે, પણ કેટલાક બીજા રોગો સામે રસીકરણ શક્ય બન્યું નથી. કોઈક ચેપ લાગે તો એનાથી બચી શકાય એવી દવા હોય તો? આકસ્મિક રીતે જ આ સત્ય એલેક્ઝાન્ડર ફ્લેમિંગને લાગ્યું હતું. 1928માં સ્ટેફિલોકોકસ સાથેના પ્રયોગો દરમિયાન તેણે નોંધ્યું કે એક પેટ્રિડિશ પર ફૂગ જામી હતી, આ ફૂગની આજુબાજુમાં જીવાણુઓ ઓગળી ગયાં હતાં. ફ્લેમિંગે શોધી કાઢયું કે જીવાણુઓને ઊગતાં રોકી શકનારી ફૂગ એ પેનેસિલિન છે. આ પેનેસિલિન ચેપનાશક કે જંતુનાશક તરીકે જાણીતું થયું. આમ એન્ટીબાયોટિક્સની એક નવી જ સારવારની દિશા ખૂલી.

જનીન : ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆત થઈ હતી ત્યારે જોન મેન્ડલે વટાણા પર સંકરણનાં પ્રયોગો શરૂ કર્યા હતાં. આઠ વર્ષનાં સંશોધન દરમ્યાન 30 હજાર જુદા જુદા પ્રયોગ કરી તેણે આનુવંશિકતાનાં જનનીય નિયમો શોધી કાઢ્યાં. તેના મૃત્યુનાં 21 વર્ષ બાદ તેમણે કરેલા કાર્ય પરથી જનીનશાસ્ત્ર વિકસ્યું. જેને પગલે માનવીમાં ઘણાં આનુવંશિક રોગો જાણી શકાયા, તેને આધારે જનીન થેરાપીનું એક નવું શાસ્ત્ર શરૂ થયું. જે આવનારા વર્ષોમાં માનવજાતને રોગમુક્ત કરી દેશે એવી આશા રખાય છે.

It's Crème de la Crème
Fineness redefined
L Series. The finest printing ever



કલોનિંગ : 1996માં ઈયાન વેલ્મુટે ડોલી નામની ઘેટીનું ક્લોનિંગ કરી જીન થેરપીનો પાયો નાંખ્યો, જેના દ્વારા આનુવંશિક રોગો પર કાબૂ મેળવવાનાં પ્રયાસો હાથ ધરાયા. એકસરખા જનીનવાળી ઘેટી પેદા કરી વેલ્મુટે માનવજાતમાં સરખા જનીનવાળાં અંગો મળી જાય તો હૃદય ટ્રાન્સપ્લાન્ટ જેવી સર્જરી થઈ શકે એવી સંભાવના ઊભી કરી છે. જોકે ક્લોનિંગ સામે નૈતિકતાનાં નામે અમેરિકી પ્રમુખ જ્યોર્જ બુશે પ્રતિબંધ લાદી દીધો છે, ત્યારે આ ટેકનિક વિવાદમાં પણ ફસાયેલી છે. કેટલાકને એવો ભય છે કે સારી વ્યક્તિનું ક્લોનિંગ થાય તો પૃથ્વીનો ઉદ્ધાર થઈ જાય, પણ હિટલર જેવી વ્યક્તિનું કોઈ ક્લોનિંગ કરી દે તો પૃથ્વીને માથે જોખમ વધી જાય.

સ્ટેમસેલ : ક્લોનિંગની સાથે સ્ટેમસેલનું સંશોધન આવનારા દિવસોમાં તબીબી ક્ષેત્રે ક્રાંતિ સર્જી દેશે. સ્ટેમસેલ એ માનવીનાં મૂળભૂત કોષો છે, જેમાંથી માનવી વિકસતો જાય તેમ જુદાં જુદાં અંગો વિકસે છે. એટલે માનવ ભ્રૂણનું ક્લોનિંગ કરાય તો આપણને સ્ટેમસેલ મળી જાય. જો આપણું હૃદય બગડેલું હોય તો સ્ટેમસેલમાંથી જે કોષ હૃદય વિકસાવે એ કોષોનો ઉપયોગ કરી આપણું શરીર સ્વીકારે એવું હૃદય બનાવી શકાય, જેથી હૃદયરોગને દૂર કરી શકાય.

રોકેટ : વિમાન બનાવી પંખીની જેમ અવકાશમાં ઊડવાની ઘેલછા માનવીએ પૂરી કરી, પણ પૃથ્વીથી મુક્ત રહી બ્રહ્માંડમાં વિચરવા માટે વિમાન ઉપયોગી નથી એ સમજી ગયા બાદ વિજ્ઞાનીઓ પૃથ્વીના ગુરુત્વાકર્ષણબળથી મુક્ત થઈ શકાય એવા વાહનની શોધમાં હતાં. પૃથ્વીની પકડમાંથી છૂટવા સેકન્ડે 11 કિલોમીટરથી વધુનો વેગ જોઈએ, એ માટે વિજ્ઞાનીઓએ રોકેટની કલ્પના કરી હતી. જોકે ચીનાઓ ફટાકડાનાં રોકેટ બનાવતાં જ હતાં, એના પર સંશોધનો ચાલતાં રહ્યાં. આખરે પ્રવાહી બળતણવાળું રોકેટ અમેરિકાનાં રોબર્ટે બનાવ્યું અને અવકાશયુગનો પ્રારંભ થયો. આજે માનવસર્જિત યાનો સૌરમાળાનો સીમાડો ઓળંગીને આગળ વધી ગયાં છે, છતાં અવકાશમાં આગળ વધવા માટે આ રોકેટ ઉપયોગી નથી, તેથી મંગળ કે આકાશ ગંગામાં પ્રવાસ કરવા માટે માનવીએ બીજું વાહન શોધવું પડશે.

ઉપગ્રહ : અવકાશમાં પગપેસારો કરવાનું શ્રેય ઉપગ્રહને આપવું પડે. 1957માં રશિયાએ સ્પુતનિક નામનો ઉપગ્રહ તરતો મૂકી અવકાશયુગનાં પગરણ માંડ્યાં, ત્યાર પછી માનવીએ પાછું વળીને જોયું નથી. ઉપગ્રહને કારણે સૌથી મોટો ફાયદો સંદેશાવ્યવહારને થયો. ફોન હોય કે ટીવી, દરેકને આજે ઉપગ્રહની જરૂર પડે છે. ઉપગ્રહનાં માધ્યમને કારણે જ માનવી વિશ્વ સાથે જોડાયેલો રહે છે. માત્ર સંદેશાવ્યવહાર જ નહીં, હવામાન જાણવા કે પૃથ્વીમાં રહેલાં ખનિજને શોધવા માટે પણ ઉપગ્રહો ઉપયોગી નીવડ્યા છે. ભારત તો એક ડગલું આગળ ચાલ્યું છે. શિક્ષણ માટે ઉપગ્રહનો ઉપયોગ કરી ગામડાંઓમાં ઉચ્ચ શિક્ષણનો પ્રસાર વધાર્યો છે.

ચંદ્રયાત્રા : 1969માં અમેરિકન અવકાશયાત્રીઓએ ચંદ્રવિજય દ્વારા એક અનોખી યાત્રા પાર પાડી હતી. એ વખતે ચંદ્ર પર વસાહત થશે એવાં ઘણાં સપનાં વિજ્ઞાનીઓએ દેખાડ્યાં હતાં, પરંતુ દાયકાઓ વીતવા છતાં એ શક્ય બન્યું નથી, છતાં એ યાત્રાથી માનવીની હિંમત ખૂલી છે. માનવી હવે મંગળયાત્રા માટે તૈયારી કરી રહ્યો છે. ખાસ ફાયદો એ થયો કે સ્પેસશટલનો જમાનો આવતાં અવકાશમાં તબીબી અને અન્ય સંશોધનો નિયમિત રીતે હાથ ધરાયાં છે. કૃષિક્ષેત્રે ખાતર સહિતનાં કેટલાંક સંશોધનો થયાં, પણ ઉત્પાદન વધારી ભૂખમરો દૂર કરવા માટે હરિત ક્રાંતિ લાવનાર સંકર બિયારણની શોધને જ મહત્ત્વની લેખવી પડે.

સંકર બિયારણ : મેન્ડલે કરેલા પ્રયોગને આધારે સંકરિત કરેલા છોડનાં પરિણામો હરિત ક્રાંતિના પથદર્શક બન્યાં. વધું ઉત્પાદન આપે એવાં ધાન્ય પેદા કરવામાં આ સંકર જાત મહત્ત્વની રહી. અન્ય કેટલીક શોધો પણ માનવજાતનું જીવન બદલવામાં ઉપયોગી બની રહી, એમાં છાપકામ અને વીજળી ખૂબ જ મહત્ત્વની રહી છે.

કાગળ અને છાપકામ : હસ્તપ્રત દ્વારા જ્ઞાનને સાચવવાની પદ્ધતિ આપણે ત્યાં અને અન્યત્ર જોવા મળે છે, પરંતુ ચીનાઓએ શોધેલી કાગળ બનાવવાની રીત અને ગુટનબર્ગે શોધેલું છાપખાનું માહિતીના પ્રસારમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવી ગયું. હવે ધીરે ધીરે પેપરલેસ ઓફિસની રચના થવા માંડી છે, પરંતુ પુસ્તક તથા અખબારો માટે હજુ પણ કાગળ અને છપાઈ મહત્ત્વની છે, એ જોતાં આ બન્ને જ્ઞાનનાં પ્રસાર માટે મહત્ત્વનાં રહ્યાં છે.

વીજળી : 1805માં માઈકલ ફેરેડ વીજળી પેદા કરવાના પ્રયોગમાં સફળતા મેળવી. વીજળી એક મહત્ત્વનું ચાલકબળ હોય એને આધારે વિવિધ ઉપકરણો શોધી કાઢ્યાં. આજે આપણાં ઘણાં કામો વીજળી ન હોય તો વેરણછેરણ થઈ જાય. હજુ આપણે ઉર્જાના ઉત્પાદનમાં પાછળ છીએ, પણ વિકસિત દેશોમાં વીજળી તથા બીજી ઉર્જાનો પુષ્કળ ઉપયોગ થાય છે. માત્ર કલ્પના જ કરી જુઓ કે વીજળી ન હોય તો તમારી જિંદગી કેવી અંધકારમય થઈ જાય. વિજ્ઞાનનાં આ આશીર્વાદ તો માનવીની જિંદગીને પ્રગતિનાં પંથે લઈ ગયા છે. વિજ્ઞાનનો અભિશાપ પણ માનવીની જિંદગીને યુ ટર્ન આપી શકે છે. આવો વળાંક 1945માં જોવા મળ્યો હતો.

હાઈડ્રોજન બોમ્બ : બીજા વિશ્વયુદ્ધનો અંત જાપાનની હાર સાથે આવ્યો, પણ એ ભયાનક હતો, કેમ કે જાપાનને હરાવવા માટે અમેરિકાએ હિરોશિમા અને નાગાસાકી એમ બે નગરો ઉપર બોમ્બમારો કર્યો, એ હાઈડ્રોજન ફાટવાથી જે કરુણાંતિકા સર્જાઈ એનો પડછાયો આજે પણ જાપાનમાં જોવા મળે છે. આ ઘટનાએ જાપાનની અને વિશ્વની તાસીર એકદમ બદલી નાખી હતી, એનો ઈનકાર થઈ શકે?



➤ **Mission : Super Power India**

ઈન્ફર્મેશન ટેક્નોલોજીમાં સુપર પાવર ભારત

કટલીક ક્રાન્તિઓ સાયલન્ટ હોય છે. કોઈ અવાજ કર્યા વિના ચૂપચાપ આવીને આપણું જીવન બદલી નાંખે છે. ભારતે કમ્પ્યૂટર્સ, ઈન્ફર્મેશન ટેકનોલોજી, ટેલિકોમ્યુનિકેશન્સ, સેટેલાઈટસ વગેરે દિશામાં સાધેલી પ્રગતિ આવી જ કોઈ સાયલન્ટ ક્રાંતિથી કમ નથી. ફોર એકઝામ્પલ, બે અઢી દાયકા પહેલાંની સ્થિતિની કલ્પના કરો. ધારો કે અડધી રાતે પાંચ પચ્ચીસ હજાર રૂપિયાની જરૂર પડી અને ઘરમાં રૂપિયા ન હોય, તો ઓળખીતા પાસે હાથ લંબાવવા સિવાય બીજો કોઈ રસ્તો ખરો ? એ જ રીતે બેંકમાંથી નાણાં ઉપાડવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહીને કલાકો વેડફ્યા વિના કોઈ છૂટકો હતો ? ખરીદી કરતી વેળા બજેટ પ્રમાણેના રૂપિયા ખિસ્સામાં રાખવા અને પાકીટ ચોરાઈ ન જાય એનું ટેન્શન રાખ્યા વિના છૂટકો હતો ખરો ? વિદેશ ભણવા ગયેલા સંતાન સાથે મોંઘાદાટ કોલ રેટ સાથે ફોન પર વાત કરવાના અને પત્ર લખવાના જુનવાણી રસ્તા સિવાય અન્ય કોઈ માધ્યમથી સંદેશાની આપલે થઈ શકે એવી આપણે કલ્પના કરેલી ખરી ? ગુજરાતના કોઈ ગામડાના દર્દીના કેસની વિગતો લંડનમાં કે અમેરિકામાં બેઠેલા કોઈ ડોક્ટર તપાસતા હોય અને એ દર્દીને ઘેરબેઠાં વિશ્વકક્ષાની સારવારનો લાભ મળી શકે એવું કોઈ સાયન્સ ફિક્શન કથાઓ કલ્પનાવિહાર લાગે. અમેરિકામાં કોઈ રહીશનું મિક્સર બગડયું હોય તો એને કઈ રીતે રિપેર કરવું એની સલાહ આપીને આપણા દેશની આવકમાં નોંધપાત્ર વધારો કરી શકીએ, એ તો ટાઢાં પહોરનાં ગપ્પાં જ લાગે ને ! કોઈ એક ક્લિકથી કરોડોના બિઝનેસ આસાનીથી હેન્ડલ થઈ શકે અને લાલ પૂંઠાવાળા એકાઉન્ટનાં ચોપડા ડાયનાસોરની જેમ મ્યુઝિયમમાં રાખવાના પીસ બની જાય એવી ગણતરી કોઈએ માંડી હશે ?

યસ, આ બધી જ કમાલ છેલ્લા બે દાયકામાં આપણા રોજબરોજના જીવનનો હિસ્સો બની ગઈ છે. હવે ગમે ત્યારે નજીકના ATM પરથી નાણાં ઉપાડી શકાય છે અને બેંકમાં લાંબી લાઈનોમાં ઊભા રહેવાની જરૂર નથી. ઓનલાઈન બિલ પેમેન્ટ કરી શકાય છે, જે તે ઓફિસે ધક્કા ખાવાની પણ જરૂર નથી. ડેબિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડને લીધે ખિસ્સામાં જરૂર પૂરતા રૂપિયા સિવાય કોઈ કેશ રાખવાની આવશ્યકતા રહી નથી. એક પણ રોકડા રૂપિયાની આપલે કર્યા વિના હજારો રૂપિયાની ખરીદી કરવી શક્ય બની છે. બેંકોની શાખાઓ કોર બેંકિંગ મારફતે એકબીજા સાથે જોડાયેલી રહે છે, એટલે વ્યક્તિ પોતાનું એકાઉન્ટ કોઈ પણ ઠેકાણેથી હેન્ડલ કરી શકે છે. ઈન્ટરનેટ અને વેબ કોન્ફરન્સિંગની મદદથી લગભગ મફતનાં ભાવે વિશ્વનાં કોઈ પણ ખૂણામાં વસતાં દીકરા દીકરી સાથે રૂબરૂ બેઠા હોઈએ એ રીતે વાત કરી શકાય છે. ટેલિમેડિસિનથી બધાં ડોક્ટર્સ એકબીજા સાથે કનેક્ટેડ રહે છે અને અઘરા કેસની ચર્ચા કરે છે. ચલણમાં ફેરફારને કારણે અમેરિકા જેવા દેશોમાંથી ભારતનો આઉટસોર્સિંગનો બિઝનેસ એવો ફાલ્યો કે થોડા દિવસો પહેલા મંદીમાંથી ઊગરવા બરાક ઓબામાએ ખોંખારીને કહેવું પડયું, સે નોટ ટુ બેંગલોર !' મતલબ કે તમારું કામ બેંગલોર ન મોકલો, એને બદલે અહીંના બેકાર લોકોને કામ આપો, પરંતુ ત્યાંની કંપનીઓને અમેરિકાનાં ભાવે કામ પોસાય તેમ નથી, છતાં ભારત જેવી ચોકસાઈ મળવાની કોઈ ગેરંટી નહીં ! પરિણામે આપણે ત્યાં કોલ સેન્ટર યુવાનો માટે તાત્કાલિક પગભર થવાના અને સરસ કમાણીનો વિકલ્પ બન્યા છે. ઉદ્યોગોની જરૂરિયાતોને આધારે નિતનવા સોફ્ટવેર વિકસી રહ્યાં છે અને કરોડો રૂપિયાના કારોબારનો વહીવટ તદ્દન આસાન થઈ પડયો છે. અખબાર કે મેગેઝિનનાં લેઆઉટ્સ, ટેલિવિઝન ચેનલ્સ, ઈન્ટરનેટ, મોબાઈલ ટેલિકોમ્યુનિકેશન્સ,બેંકિંગ સર્વિસ સેક્ટર વગેરે દિશામાં થયેલો વિકાસ ભારતના મોટા અને મજબૂત બજારને લીધે તથા ઈન્ફર્મેશન ટેક્નોલોજીના વિકાસને કારણે શકય બન્યો છે. આ વિકાસની દાસ્તાન પણ કોઈ થ્રિલર ફિલ્મથી કમ નથી, જોઈએ ફ્લેશબેક...



જબ રાત હૈ ઈતની મતવાલી...

18 ઓગસ્ટ, 1951નાં દિવસે તત્કાલીન શિક્ષણ મંત્રી મૌલાના અબ્દુલ કલામ આઝાદે પશ્ચિમ બંગાળના ખડગપુરમાં દેશની સર્વપ્રથમ ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજીનું ઉદ્‌ઘાટન કર્યું. એ સાથે જ દેશને ઉત્કૃષ્ટ ટેકનોક્રેટ્સ પૂરા પાડવાની યાત્રા આરંભાઈ. IITનાં સ્થાપકોનાં મનમાં વિશ્વવિખ્યાત ઈન્સ્ટીટયૂટ ઓફ ટેક્નોલોજીનો ખ્યાલ મનમાં હોય તો નવાઈ નહીં. રિસર્ચ માટે અમેરિકાનો જોટો જડે તેમ નથી. IITની સ્થાપનાનાં અરસામાં અમેરિકાએ વિઝા નિયમોમાં છૂટછાટ આપી અને એ સાથે જ સ્પેશિયલાઈઝ્ડ વિષયો ઉપર રિસર્ચ કરવા માટે ત્યાં જવાનો દોર શરૂ થયો. 1960 સુધીમાં લગભગ દસેક હજાર જેટલાં ભારતીય ટેક્નોક્રેટ્સ અમેરિકા રિસર્ચ કરવાં ગયાં હતાં. જો કે આની સામે બ્રેઈનડેઈડની ફરિયાદ થઈ શકે, પરંતુ ત્યારે અમેરિકા ભણી પ્રવાહ શરૂ થવાનું કારણ એ પણ હતું કે ભારતમાં ટેક્નિકલ શિક્ષણનો પાયો અને વ્યાપ વધી રહ્યો હતો. દર વર્ષે ભારતના ઉદ્યોગો લઈ શકે તે કરતાં વધુ સંખ્યામાં ટેક્નોક્રેટ્સ બહાર પડવા માંડયા. 1980 સુધીમાં તો દેશભરની ઈન્સ્ટીટયૂટમાંથી એટલા બધા ટેક્નોક્રેટ્સ બહાર પડવા માંડયા કે આપણું બુદ્ધિધન અમેરિકા ઉપરાંતના દેશોમાં રોજગારી અને રિસર્ચ માટે જવા માંડયું. તજજ્ઞો નોંધે છે કે નેવુંના દાયકાની શરૂઆત સુધીમાં ભારતનાં યુવાનોનો વિદેશ ભણી ઝોક હતો. તેમાં એન્જિનિયરની ડિગ્રીઓ લેનારા યુવાનોનું મહત્તમ પ્રમાણ હતું.

વિશ્વમાં કમ્પ્યૂટર ક્ષેત્રે થઈ રહેલા સંશોધનોની અસર વહેલી મોડી ભારત પર પડયા વિના રહેવાની નહોતી. અત્યારે ભારત સરકારની મોટા ભાગની વેબસાઈટ્સ પાછળ જે 'NIT' લાગે છે તે 'નેશનલ ઈન્ફર્મેટિક્સ ટેક્નોલોજી'ની સ્થાપના માર્ચ 1975માં થઈ. અત્યારે ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે ભારતનો ડંકો જેને કારણે વાગે છે એ ટાટા ઈન્ફોટેક, વિપ્રો, ઈન્ફોસિસ વગેરે કંપનીઓ એંસીના દાયકાની શરૂઆત સુધીમાં દૃશ્યમાન થવા લાગી અને એ લાંબી રેસના ઘોડા છે એવું સાબિત થવા માંડયું. કમ્પ્યુટરનાં કદને અત્યંત નાનું બનાવીને તેની ઝડપમાં અદ્‌ભૂત વધારો કરનારી માઈક્રોચિપની શોધે ટેક્નોલોજી વિશ્વમાં ક્રાંતિ આણી દીધી. સત્તા પર રહેલાં ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીને સમજાયું કે ભારતનાં વિકાસનો રસ્તો ઈલેક્ટ્રોનિકસ અને ટેલિકોમ્યુનિકેશન્સનાં સુપર હાઈવે પર થશે ! MTNL જેવી દેશની જાહેર ટેલિકોમ કંપનીએ આધુનિક વાઘા સજ્યા અને ભારતે કોમ્યુનિકેશન્સ તથા શૈક્ષણિક ક્ષેત્રે ટેક્નોલોજીના પાવરને પલટવા માટે નેટવર્ક વિસ્તાર્યું.

...તો સુબહ કા આલમ ક્યા હોગા ?

ખરો રંગ તો 1991 પછી જામવાનો હતો, કેમ કે ભારતે વિદેશનીતિમાં ધરખમ ફેરફારો કરીને LPG એટલે કે લિબરલાઈઝેશન, પ્રાઈવેટાઈઝેશન અને ગ્લોબલાઈઝેશનની નીતિ અપનાવી. અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રે પણ ભારત રોકેટગતિએ વધી રહ્યું હતું. જમીની નેટવર્ક્સને કોમ્યુનિકેશન સેટેલાઈટ્સનો સાથ મળવા માંડયો. 1991માં વિદેશ સંચાર નિગમ લિમિટેડ એ 6.4 કિલોબાઈટ્સ પ્રતિ સેકન્ડની ઝડપથી સંદેશાની આપલે કરતી ઈલેક્ટ્રોનિક મેઈલ સર્વિસ શરૂ કરી. અત્યારે સેકન્ડ દીઠ મેગાબાઈટ્સના હિસાબે ડેટાની અત્યંત ઝડપી હેરફેર જોયા પછી એ આંકડો બેશક પછાત લાગે, પરંતુ ઈન્ફર્મેશન સુપરહાઈવે નાની પગદંડીઓને જ આભારી છે. કોમર્શિયલ ઈન્ટરનેટ સુવિધા પણ 1992થી સમાચારોમાં ચમકવા માંડી. ત્યાર પછીની સ્ટોરી તો અત્યંત ફાસ્ટ છે. વિદેશી બહુરાષ્ટ્રીય કંપનીઓને ભારતમાં જંગી અને સશક્ત બજાર દેખાયું. 1990માં ભારતની કુલ નિકાસમાં ITનો હિસ્સો માત્ર એક ટકો જ હતો, જે માત્ર દસ વર્ષમાં વધીને 18 ટકાએ પહોંચ્યો. ટેકનોલોજીને કારણે ભારતનાં સર્વિસ સેકટરમાં પણ ક્રાંતિકારી ફેરફાર થયાં છે. ભારતનું ચોથા ભાગનું વર્કફોર્સ સર્વિસ સેક્ટરમાં છે. ભારતનાં GDPનો ચાલીસ ટકા હિસ્સો ટેક્નોલોજીને કારણે વિકસેલ સર્વિસ સેકટરમાંથી આવે છે.

ભારતીય કંપનીઓને પણ આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રોડક્ટસ બનાવવાની ફરજ પડી. માર્કેટમાં તેજ થયેલી સ્પર્ધાએ સ્પેશિયલાઈઝ્ડ અને સ્કિલ્ડ લેબર ફોર્સની જંગી માંગ ઊભી કરી. માંગને સંતોષવા માટે સરકારી અને ખાનગી શિક્ષણ સંસ્થાઓએ પણ બેઠકો વધારી શિક્ષણની પદ્ધતિમાં ક્રાન્તિકારી ફેરફારો કર્યા. BScIT, MScIT, BCA, MCA અને ઈ કોમર્સ જેવા કોર્સિસ શરૂ થયાં. ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ઈન્ફર્મેશન ટેક્નોલોજી જેવી સંસ્થાઓ શરૂ થઈ. એન્જિનિયરિંગની શાખાઓમાં કમ્પ્યૂટર, ઈન્ફર્મેશન ટેકનોલોજી, ઈન્ફર્મેશન એન્ડ ટેલિકોમ્યુનિકેશન્સ વગેરે સ્પેશિયલાઈઝેશનનો ઉમેરો થયો. MBA જેવા મેનેજમેન્ટ કોર્સિસમાં પણ કમ્પ્યૂટર, IT, ઈ કોમર્સ વગેરે ક્ષેત્રોમાં સ્પેશિયલાઈઝેશન ઉપલબ્ધ બનવા માંડયાં, જે પૂર્ણપણે માર્કેટની માંગ હતી. નેવુંનાં દાયકાની મધ્યમાં વિશ્વભરમાં ઈન્ટરનેટ ક્રાન્તિ આવી અને સૌને કમ્પ્યૂટરની દિશામાં જ પોતાનુ ઉજ્જ્વળ ભવિષ્ય દેખાવા લાગ્યું. નેવુંનાં દાયકામાં અમેરિકા ગયેલા ભારતીય ટેક્નોક્રેટ્સ પ્રોફેશનલ્સની બીજી ભરતી આવી. 2000ની સાલ સુધીમાં અમેરિકામાં વસતા ભારતીયોની સંખ્યા 17 લાખને આંબી ગઈ. આજની તારીખે અમેરિકન અંતરિક્ષ સંસ્થા નાસા, ગૂગલ, માઈક્રોસોફટ, HP જેવી કંપનીઓમાં અને અમેરિકન યુનિવર્સિટીઓ તથા અમેરિકન સરકારમાં પણ ભારતીયોની સંખ્યા નોંધપાત્ર વધી છે. ભારતમાં સામ પિત્રોડા પ્રેરિત ટેલિકોમ ક્રાંતિ દેશભરમાં આવી ચૂકી હતી, એને વધુ સુદૃઢ બનાવવા માટે 1999માં ભારતે નવી ટેલિકોમ પોલિસી ઘડી. IT સેક્ટરને વ્યવસ્થિત કાયદાકીય સ્વરૂપ આપવા 2001માં IT એક્ટ ઘડાયો અને ઈ વેપારને કાયદાનું રક્ષણ મળ્યું. માત્ર ITની જ વાત કરીએ તો 1990માં ભારતની કુલ નિકાસમાં ITનો હિસ્સો માત્ર એક ટકો જ હતો, જે માત્ર દસ જ વર્ષમાં વધીને 18 ટકાએ પહોંચ્યો. ટેક્નોલોજીને કારણે ભારતના સર્વિસ સેક્ટરમાં પણ ક્રાંતિકારી ફેરફાર થયાં છે. ભારતનું લગભગ ચોથા ભાગનું વર્કફોર્સ સર્વિસ સેક્ટરમાં છે અને GDPનો 40 ટકા હિસ્સો ટેક્નોલોજીને કારણે વિકસેલ સર્વિસ સેક્ટરમાંથી આવે છે. બેંકનાં વિવિધ વ્યવહારો, એકાઉન્ટિંગ, મોબાઈલ કોલ આધારિત સેવાઓ, ઈન્સ્યોરન્સ ક્લેઈમ, ઓનલાઈન શેર બ્રોકિંગ, મેડિકલ ટ્રાન્સક્રિપ્શન વગેરે વેપારનો વિકાસ ઈન્ફર્મેશન ટેક્નોલોજી વિના કદાચ આટલો બધો શક્ય ન બન્યો હોત.

ખેડુત આત્મહત્યાઓને કારણે થોડા વગોવાયેલા, પરંતુ ઈ ગવર્નન્સને કારણે હૈદરાબાદને 'સાઈબરાબાદ' અને 'સિલિકોન વેલી ઓફ ઈન્ડિયા'નું બિરુદ અપાવનારા આંધ્રપ્રદેશનાં તત્કાલીન મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ રાજ્યને માઈક્રોસોફટ, ગૂગલ, યાહૂ, HP, IBM, સન, ઓરેકલ, મોટોરોલા, ડેલ, કોમ્પેક, લિનોવો, સેમસંગ વગેરે કમ્પ્યૂટર ટેક્નોલોજી કંપનીઓને હૈદરાબાદ ખાતેનું પિયર બનાવવા પ્રેર્યા. આથી ભારતની એક અલગ ઓળખ ઊભી થઈ.



INFORMATION TECHNOLOGY
EDUCATION

Providing the Foundation for Utah's High-Tech Workforce



IT આંત્રપ્રેન્યોર્સ : બળ નહીં, કળનો કમાલ

- નારાયણ મૂર્તિ અને નંદન નિલકેણી, અઝીમ પ્રેમજી, શબ્બીર ભાટિયા, દેવાંગ મહેતા, સામ પિત્રોડા વગેરે IT ટેલિકોમ આંત્રપ્રેન્યોર્સને તો આપણે ઓળખીએ છીએ, પરંતુ કેટલાંક એવા સાહસિકો પણ છે જેમનું નામ IT ફિલ્ડમાં આજે બહુ આદરથી લેવાય છે.
- સંજીવ ભીખચંદાનીએ શરૂ કરેલી 'નૌકરી ડોટ કોમ' નામની વેબસાઈટ આજે સરકારી એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જનો પર્યાય ગણાય છે, તેના પગલે અન્ય સંખ્યાબંધ જોબ સાઈટ્સ ખૂલી ગઈ છે. તેનો ઘણો ફાયદો યુવાનોને થયો છે, કેમ કે આવી સાઈટ્સ કંપનીઓની જરૂરિયાતો અને યુવા વર્કફોર્સ વચ્ચે સેતુરૂપ છે.
- એક વેન્ચર કેપિટાલિસ્ટની વીસ લાખ ડોલરની સહાયથી દીપ કાલરાએ 'મેઈક માય ટ્રીપ ડોટ કોમ' નામે ટ્રાવેલ વેબસાઈટ શરૂ કરી. 1999નાં અરસામાં ડોટ કોમનો પરપોટો ફૂટ્યો ત્યારે એમણે શરૂ કરેલી કંપની ખરીદી લીધી. આજે એમની સાઈટ ટોચની ટ્રાવેલ વેબસાઈટ છે.
- એંસીના દાયકાની શરૂઆતમાં એટલે કે ITની બોલબાલા શરૂ થઈ એના ક્યાંય પહેલા અશાંક દેસાઈએ પોતાના મિત્રો સાથે મળીને 'માસ્તેક' નામે IT કંપની સ્થાપી. આજે વીસ કરોડ ડોલરની આ કંપની ભારતની ટોપ 15 IT કંપનીઓમાં સ્થાન પામી છે.
- IIT દિલ્હીનાં બે ગ્રેજ્યુએટ અનુરાગ અને ગૌરવ મિશ્રાએ મળીને ભારતનું પહેલું સ્વદેશી સર્ચ એન્જિન 'ગુરુજી ડોટ કોમ' શરૂ કર્યું. સર્ચ રિઝલ્ટસ આપતાં ગુરૂજીની ખાસિયત એ છે કે તે વિવિધ ભારતીય ભાષામાં સર્ચ ઓપ્શન્સ પૂરા પાડે છે. શહેર પ્રમાણે અન્ય ઘણી સ્પેસિફિક માહિતી ઉપલબ્ધ કરાવે છે.
- જયતીર્થમાંથી જેરી બનેલા જેરી રાવને છેક એમની ચાલીસીમાં ઉદ્યોગ સાહસિક બનવાનો સણકો ઊપડ્યો. શિકાગો યુનિવર્સિટીમાંથી PhD છોડ્યું અને સિટિબેંકમાં વર્ષો સુધી કામ કર્યા બાદ એમણે 'એમ્ફસિસ' નામે BPO કોલ સેન્ટર સ્થાપ્યું. તાજેતરમાં એમણે નફો રળતી એમ્ફસિસ વેચી નાંખી છે.
- ITનો પરપોટો ફૂટ્યો ત્યારે દાઝેલાં સૌ તેમાંથી પોતાના હાથ પાછા ખેંચી રહ્યાં હતાં. એ જ વખતે નિર્મલ જૈને 'ઈન્ડિયા ઈન્ફોલાઈન' નામે ઓનલાઈન સ્ટોક બ્રોકિંગ સુવિધા શરૂ કરી અને IT ફિલ્ડમાં ઝુકાવ્યું. આજે ઈન્ડિયા ઈન્ફોલાઈન દેશનું સૌથી મોટું ઓનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ છે.
- સામાન્ય રીતે ગ્રાહકોને જ પહેલું પ્રાધાન્ય આપવાની પ્રણાલીથી હટકે શિવ નાદરની IT કમ્પ્યૂટર કંપની 'HCL'નો મુદ્રાલેખ છે : 'એમ્પ્લોયી ફર્સ્ટ, કસ્ટમર સેકન્ડ'. ઉચ્ચ કવોલિટી થકી ગ્રાહકોને સંતોષ મળે જ છે, કામ કરવા માટે તે બેસ્ટ પ્લેસ છે. નોઈડામાં હેડક્વાર્ટર્સ ધરાવતી એમની કંપની સોફટવેર IT સોલ્યૂશન, રિમોટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ, એન્જીનિયરિંગ, R & D સર્વિસીઝ અને BPO જેવી સુવિધાઓ પૂરી પાડે છે. 31 માર્ચ 2009નાં લેટેસ્ટ આંકડા પ્રમાણે શિવ નાદરની HCL કંપનીની રેવન્યૂ ₹ 9842 કરોડ હતી, કંપનીમાં 54,026 કર્મચારીઓ કાર્યરત છે.

જો કે બધું ઓલરાઈટ નથી...

ભારતમાં અસાધ્ય બની ચૂકેલા ભ્રષ્ટાચારે દેશના વિકાસને ઘણે અંશે ધીમો અને મર્યાદિત રાખ્યો છે. દેશના અત્યંત મેધાવી અને ટેલેન્ટેડ યુવાધનને આજે પણ ભારત કરતાં વિકસિત દેશોમાં પોતાનું ભાવિ વધુ ઉજ્જ્વળ દેખાય છે. અધૂરામાં પુરું ત્રાસવાદનાં ભોરિંગે પણ અર્થતંત્રને પણ નુકસાન પહોંચાડ્યું છે. નકલી કરન્સી, સોફ્ટવેર/મ્યુઝિક/મુવીઝ પાઈરસી, ચીની બનાવટના સસ્તા મોબાઈલ તથા ગંભીર બનતા જતાં સાઈબર ક્રાઈમ અને તેની સામે લડવામાં પાછું પડતું આપણું તંત્ર, ત્રાસવાદીઓ દ્વારા હાઈટેક IT સર્વિસીસ અને સાધનોનો ઉપયોગ, ક્રેડિટ કે ડેબિટ કાર્ડ ફ્રોડ વગેરે જોખમો સામે લડવામાં હજી આપણે પાછા પડી રહ્યાં છીએ. ભાંગફોડિયા તત્ત્વો લગભગ સાઈબર પોલીસ કરતાં બે ડગલાં આગળ જ રહે છે. અધૂરામાં પુરું મંદી અને સત્યમ્ જેવાં કૌભાંડો વિકાસની ગાડીને ધીમી પાડી રહ્યાં છે.

...છતાં ચિંતા જેવું નથી

અનેક પડકારો છતાં સમગ્રતયા ચિત્ર જરાય નિરાશ થવા જેવું નથી. યુવાપેઢીનો IT સર્વિસિસ પ્રત્યેનો લગાવ જોતાં કમ્પ્યૂટર્સ, મોબાઈલ અને ઈન્ટરનેટની દિશામાં આપણો વિકાસ કોઈ રોકી શકે તેમ નથી. 2008 સુધીમાં ભારતમાં 23 કરોડ મોબાઈલ કનેક્શન્સ હતાં અને 6 કરોડ ઈન્ટરનેટ યુઝર્સ હતાં. પ્રતિધ્વનિનાં સર્વે મુજબ 2014 સુધીમાં ભારતમાં વિશ્વના સૌથી વધુ ઈન્ટરનેટ વપરાશકારો હશે. દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની BSNL મોબાઈલ ફોન દ્વારા ઝડપી ડેટા ટ્રાન્સફર માટે આવશ્યક એવી 3G ટેક્નોલોજીને લીલી ઝંડી આપી દીધી છે. સ્પેક્ટ્રમ એલોટમેન્ટ પછી વિવિધ ખાનગી કંપનીઓ પણ આમા ઝુકાવશે અને સ્પર્ધા તીવ્ર બનતાં સેવાઓ સસ્તી થશે, આથી ક્રાંતિકારી પરિવર્તનો આવશે. આ બધાને પરિણામે મીડિયા, હેલ્થકેર, બ્યુરોક્રસી, ગવર્નન્સ, એગ્રીકલ્ચર, કોમ્યુનિકેશન, એન્ટરટેઈનમેન્ટ, ઓટોમોબાઈલ્સ, બેંકિંગ, સિક્યોરિટી, ટૂરિઝમ વગેરે ક્ષેત્રોમાં હજી ધરખમ પરિવર્તનો થશે. સીટબેલ્ટ બાંધી રાખજો, સફર હજી વધુ રોમાંચક બનવાની છે....!



ટેક્નોલોજીનાં વિકાસમાં શિક્ષણનું મહત્ત્વ

એન્જીનિયરીંગ શિક્ષણની શરૂઆત બ્રિટિશરાજ દરમ્યાન ભારતમાં થઈ. 1847માં રૂરકીમાં એન્જીનિયરીંગ કોલેજ શરૂ થઈ. પૂના સિવિલ એન્જીનિયરીંગ કોલેજ, બેંગાલ એન્જીનિયરીંગ કોલેજ, બનારસ હિંદુ યુનિવર્સિટી જેવી કેટલીક નામાંકિત કોલેજો આઝાદી પહેલાંની છે. 1950થી ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટેક્નોલોજી ખડગપુર, મુંબઈ, કાનપુર, મદ્રાસ, અને દિલ્હીમાં શરૂ થઈ. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશનની સ્થાપના 1945માં થઈ. ટેક્નિકલ શિક્ષણનાં ભવ્ય શુભારંભ પછી આઝાદ ભારતે દાયકાઓ સુધી ટેકનોલોજી ક્ષેત્રે ધીમો પણ એકધારો વિકાસ જાળવી રાખ્યો, આજે વિશ્વભરનાં દેશો આ હકીકત સ્વીકારે છે.

ટેક્નિકલ શિક્ષણ

શિક્ષણ જાણ્યે અજાણ્યે વિદ્યાર્થી તેમજ તેમની સાથે સંકળાયેલા લોકોની વિચારશૈલીને અસર કરે છે. ટેકનિકલ શિક્ષણનાં પરિણામો રોજબરોજનાં જીવનમાં અસર કરે છે. જીવનની કેટલીક બાબતો પર ટેક્નોલોજીની અસર સમજવા જેવી છે. કક્કો, બારાક્ષરી કે એબીસીડી શીખતો બાળક પણ આજે કમ્પ્યુટર કે ટીવીની મદદ લઈ શકે છે. ગ્રામ્ય વિસ્તારમાં ખેતી કરતો ખેડુત કૃષિ માર્ગદર્શનનાં કાર્યક્રમો દ્વારા ઉત્પાદનમાં ક્રાંતિ લાવતો થઈ ગયો છે. ઓછું ભણેલો માણસ આજે મોબાઈલ રીપેર કરતા શીખી ગયો છે. ગામડામાં રહેતો આમ આદમી ઈન્ટરનેટથી ઓનલાઈન રેલ્વેની ટિકિટ બુક કરાવતો થઈ ગયો છે. વીજળીથી ચાલતા ઘર વપરાશનાં ઉપકરણોથી ગૃહિણી પણ ટેક્નોલોજીનો લાભ મેળવતી થઈ ગઈ છે. ઓટોમોબાઈલ ઉદ્યોગમાં વિકાસનાં પરિણામે મોટર સાયકલ, ટ્રેકટર અને કાર સૌ કોઈની જરૂરિયાત ગણાય છે. આમ ટેક્નોલોજીનો વિકાસ દરેક આદમીનાં જીવનને સ્પર્શે છે, એટલે તેનો અભ્યાસ કરવા પ્રેરાય છે. ટેક્નોલોજીનાં અભ્યાસથી વ્યવસાય અને રોજગારની તકો વધે છે. જેમ અભ્યાસની સગવડો વધે છે તેમ ટેકનોલોજીની સફળતાની તકો વધતી જાય છે. નવી ટેકનોલોજીની યોગ્ય વ્યવસ્થા ઊભી ન થાય તો નિષ્ફળ જઈ શકે છે.

ITI નો સિંહફાળો

ભારત સરકારનાં પ્રયાસોથી ચાલતી ITI નો ફાળો ખૂબ મોટો છે. ઓછા ખર્ચે સમાજનાં ગરીબ વર્ગનાં અને ગ્રામ્ય વિસ્તારનાં લોકોને આ સંસ્થાઓનો લાભ મળે છે. ITI દ્વારા અંદાજે 280 થી વધુ અભ્યાસક્રમો ભણાવાય છે. વેલ્ડર, મિકેનીક, આર્કિટેક્ટ, ઓટો મિકેનીક, બોઈલર એટેન્ડન્ટ, સિરામીક પ્રેસ ઓપરેટર, CNC પ્રોગ્રામર કમ ઓપરેટર, ડેટા એન્ટ્રી ઓપરેટર, ફ્રુટ એન્ડ વેજીટેબલ પ્રોસેસર, ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનીક, રેડિયો અને રડાર એરક્રાફટ મિકેનીક, માઈનીંગ મશીનરી મિકેનીક, ટુલ અને ડાઈ મેકર, વાયરમેન જેવા અન્ય અભ્યાસક્રમો ટેક્નોલોજીનાં અસ્તિત્વને ટકાવી રાખે છે. ભારતમાં આશરે 6200થી વધુ ITI કાર્યરત છે. ગુજરાતનાં 25 જિલ્લાઓમાં પથરાયેલ આ સંસ્થાઓની સંખ્યા 336 છે. એડ્વાન્સ ટ્રેનીંગ ઈન્સ્ટીટયૂટ પણ ITI માંથી અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીને વધુ અભ્યાસની તક પૂરી પાડે છે.

ટેક્નોલોજીને સરળતાથી વાપરી શકાય તે માટે પાયાના કારીગરોને જે તે ફેક્ટરી કે કંપની દ્વારા તાલીમ અપાય છે. તે પણ એક પ્રકારનું શિક્ષણ છે, જે શિક્ષકો કે પ્રાધ્યાપકો નહીં કંપનીનાં એન્જીનિયરો કે મેનેજરો આપે છે. વૈશ્વિકરણની અસર હેઠળ ઉદ્યોગમાં આ અંગે જાગૃતિ આવી છે.

ડિપ્લોમા અભ્યાસક્રમો

મોટી સંખ્યામાં કામ કરતા કારીગરોને યોગ્ય માર્ગદર્શન તેમજ નેતૃત્વ પુરું પાડવા માટેની જવાબદારી મોટેભાગે ડિપ્લોમા એન્જિનિયરો ઉપર આવે છે. ડિપ્લોમા શબ્દ ગ્રીક ભાષામાંથી આવ્યો છે. તેનો સરળ અર્થ 'શૈક્ષણિક સંસ્થાએ આપેલ સર્ટિફિકેટ'. ડિપ્લોમાનાં અભ્યાસથી એવા એન્જિનિયરો તૈયાર થાય છે, જે પોતાની રીતે કામ કરી શકે છે. એન્જિનિયરીંગનાં પાયાના અભ્યાસથી પોતાની નીચે કામ કરતા કારીગરોને ટેક્નોલોજીની મહત્ત્વની બાબતો સમજાવી તૈયાર કરે છે. ભારતમાં આશરે 190 થી વધુ ડિપ્લોમા અભ્યાસક્રમો ભણાવાય છે. આ અભ્યાસક્રમથી ટેક્નોલોજીની આંટીઘૂંટી સમજવી સરળ બને છે. મોટેભાગે ડિપ્લોમા એન્જિનિયરો મશીનરીની મરામતનું કામ સંભાળે છે. ઉત્પાદનને લગતી બાબતોનું ધ્યાન રાખે છે. આવાં એન્જિનિયરોએ કેટલીક મલ્ટીનેશનલ કંપનીઓને ભારતમાં સફળ બનાવવામાં યોગદાન આપેલ છે. ટેક્નોલોજીનાં ઉપયોગમાં પડતી મુશ્કેલીઓ ડિપ્લોમા એન્જિનિયરો દૂર કરે છે.

ગુજરાત અને ટેક્નોલોજીનાં અભ્યાસક્રમ

ગુજરાતમાં 55 પોલિટેકનિક કોલેજ દ્વારા 29 પ્રકારનાં અભ્યાસક્રમો ભણાવાય છે. અભ્યાસની આ વિવિધતાથી ટેક્નોલોજીને સફળ બનાવનાર મેનપાવર મળી રહ્યો છે. વિવિધ ટેક્નોલોજીનો વપરાશ ધરાવતો આપણો દેશ વિદેશી કંપનીઓને પોતાની શાખા કે ઉત્પાદન યુનિટ ભારતમાં શરૂ કરવા લલચાવી રહ્યો છે. ટેલિકોમ્યુનિકેશનમાં વિશ્વ વિખ્યાત 'નોકિયા' કંપની તેના કુલ ઉત્પાદનનો 70 ટકા હિસ્સો ભારતમાં જ વેચે છે. આ ઉપરાંત ઓટો મોબાઈલ ક્ષેત્રની મોટાભાગની તમામ કંપનીઓએ ભારતમાં ઉત્પાદન શરૂ કરી દીધું છે. IT ક્ષેત્રે વિશ્વની મોટાભાગની કંપનીઓ ભારતીય મેનપાવર પર આધાર રાખતી થઈ ગઈ છે. ભારતીય કુશળ એન્જિનિયરોનાં આધારે જ શક્ય બન્યું છે. આ કુશળ એન્જિનિયરો તૈયાર કરવાનો યશ ભારતભરની એન્જિનિયરીંગ કોલેજો અને તૈયાર થયેલા યુવાનોના મનોબળને જાય છે.

ટેક્નોલોજીનાં શિક્ષણમાં જાગૃતિ

આપણે ટેક્નોલોજી ક્ષેત્રનાં શિક્ષણમાં સુધારા માટે જાગૃત રહ્યાં છીએ. ટેક્નોલોજીને વિકસાવવા સક્ષમ મેનપાવર તૈયાર કરી શકાય. 1947 માં માત્ર 2500 વિદ્યાર્થીઓને ડિગ્રી એન્જીનિયરીંગનાં કોર્સમાં અભ્યાસ કરવાની તક મળતી તે વધીને 2007 માં 5,51,000 સુધી પહોંચી ગઈ. 1947 માં દર દસ લાખની વસતીમાંથી માત્ર 1 વ્યકિતને આ અભ્યાસની તક મળતી, તે આંકડો 2007 માં 213 સુધી પહોંચ્યો છે. 1950 માં માત્ર 50 એન્જિનિયરીંગ કોલેજો હતી, જે 2006 માં 1511 થઈ ગઈ. પ્રાઈવેટ એન્જિનિયરીંગ કોલેજની સંખ્યા પણ ખૂબ ઝડપથી વધી રહી છે. આમ ઉચ્ચ અભ્યાસની વધતી જતી તકના કારણે ભારતમાં નવી ટેક્નોલોજીનાં વિકાસની તકો વધી છે. ભારતનાં કુશળ એન્જીનિયરો ટેક્નોલોજીનાં વિકાસમાં વિશ્વભરમાં તેમની સેવા આપતા થઈ ગયાં છે. એરોનોટિકલ, એગ્રિકલ્ચર, ડેરી ટેક્નોલોજી, ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજી, ઓટોમોબાઈલ, બાયોમેડિકલ, એન્વાયરમેન્ટ અને ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયરીંગ જેવી અનેક શાખાઓનો અભ્યાસ થઈ રહ્યો છે. એન્જિનિયરીંગનો ડીગ્રી કોર્સ કર્યા પછી માસ્ટર ડીગ્રી કરવાની તક પણ આશરે 30,000 થી વધુ વિદ્યાર્થીઓને ભારતમાં મળે છે. માસ્ટર ડીગ્રીના અભ્યાસની તક ઝડપનાર વિદ્યાર્થીની સંખ્યા પૂરતી નથી. 1954 માં એન્જિનિયરીંગમાં 164 વિદ્યાર્થીઓએ PhD ની ડીગ્રી મેળવેલ, જે વધીને 2005 માં 5549 થઈ છે. જો વધુ ને વધુ વિદ્યાર્થીઓ એન્જિનિયરીંગમાં માસ્ટર ડીગ્રી અને PhD નો અભ્યાસ કરવા પ્રેરાય તો આપણે નવી ટેક્નોલોજીનાં વિકાસ અને સંશોધન ક્ષેત્રે વધારે યોગદાન આપી શકીએ. ટેક્નોલોજીના વિકાસમાં શિક્ષણનાં મહત્ત્વ બાબતે સમાજને તૈયાર કરવાની જવાબદારી દરેક ક્ષેત્રનાં શિરે છે. મિડીયા આ બાબતમાં મહત્ત્વનો રોલ ભજવી શકે છે. ટેક્નોલોજીનાં વિકાસ માટે જેટલો વધુ અભ્યાસ થશે તેનો લાભ દરેક માણસને મળશે. રોજગારીની તકો વધશે અને લોકોનું જીવનધોરણ સુધરશે.







➤ Banking Revolution

બેંકિંગ ક્ષેત્રે ટેક્નોલોજિકલ પરિવર્તનો

આ પણા દેશમાં 1969માં વ્યાપારી બેંકોનું રાષ્ટ્રીયકરણ થયા પછી છેલ્લા ચાર દાયકામાં બેંકિંગ ક્ષેત્રે માળખાગત, નિયમનકારી, સ્પર્ધાત્મક, તેમજ નિતિવિષયક ઘણાં ફેરફારો થયાં, પરંતુ સને 1985માં બેંકોમાં દાખલ થયેલ કમ્પ્યુટરાઈઝેશનનાં પરિણામે ટેક્નોલોજિકલ પરિવર્તનો આવ્યાં. 1991 ની નવી આર્થિક નીતિઓનાં પરિણામે વધારે ઝડપી બન્યાં, પરિણામે બેંકિંગ ક્ષેત્રે મોટી ક્રાંતિ સર્જાયેલ અને હજુ આવાં પરિવર્તનો પાછળની શોધ ચાલુ જ છે. બેંકોમાં કમ્પ્યુટરાઈઝેશન થવાના પરિણામે જે પરિવર્તનો થયા તે મહ્દઅંશે ગ્રાહકલક્ષી સેવાઓ વધારે સારી, ઝડપી અને ચોક્કસ બને તેમજ મોટા ભાગનું મેન્યુઅલ થતું કામકાજ ઈલેક્ટ્રોનિક સાધનો દ્વારા થાય તે હેતુ છે.

મેન્યુઅલી કામકાજ

અગાઉ બેંકોનાં કાઉન્ટરો ઉપર કામકાજ મેન્યુઅલી થતું, ચેક પોસ્ટીંગ, લેઝર પોસ્ટિંગ, કેશની લેવડ દેવડ, ચેકોનું ક્લીયરીંગ, ક્લેકશન, ડિપોઝિટ તથા ધિરાણો ઉપર આપવાના કે લેવાના થતા વ્યાજની ગણતરી, એકાઉન્ટ બેલેન્સીંગ વગેરે કામકાજ કર્મચારીઓ હોશેથી કરતા. બેંકના બધા વિભાગોની સપ્લીમેન્ટરી સમરી તૈયાર થાય. વાઉચરી બીઝનેસ અવર્સ બંધ થતાં ડે બુક ક્લાર્ક પાસે જાય. હવે ઈનોવેટિવ બેંકીંગ પ્રોડક્ટ અંગેની કામગીરી કમ્પ્યુટર અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી થવા લાગી અને ઝડપી બની. આમ મોટી ક્રાંતિ સર્જાઈ. આ તકે એવો પ્રશ્ન પણ થાય કે બેંકિંગ ક્ષેત્રે આટલી બધી સુવિધાઓ હોવા છતાં બેંકો કાચી કેમ પડી? અમેરિકામાં તો આપણા કરતાં પણ અદ્યતન ઉપકરણો હોવા છતાં આર્થિક મંદીના પરિણામે ઘણી બેંકો કાચી પડી. આથી એમ ફલિત થાય છે કે કમ્પ્યુટરાઈઝેશનનાં કારણે ટેક્નોલોજિકલ પરિવર્તન એ ગ્રાહક સેવાલક્ષી અને સીસ્ટમલક્ષી છે, પરંતુ બેંકોની સધ્ધરતા, તરલતા અને નફાકારકતા સુદ્દઢ કરવા માટે આ ઉપકરણો નથી, જેની નોંધ લેવી આવશ્યક છે.

પરિવર્તનની શરૂઆતમાં વિરોધ

બેંકોમાં કમ્પ્યુટર દાખલ થયુ તે વખતે કર્મચારીઓનો ખૂબ વિરોધ હતો. કર્મચારીઓની છટણી થશે વગેરે દહેશતો વ્યક્ત થઈ, પરંતુ કોઈની છટણી નહીં થાય તેવી સરકારી બાંહેધરી મળતાં આ વિરોધ શમી ગયો અને કર્મચારી યુનિયનોએ પણ કમ્પ્યુટરાઈઝેશનને આવકાર્યું. બેંકોમાં કમ્પ્યુટરાઈઝેશન શરૂ થતાં બેંક કર્મચારીઓને ઓપરેશન બાબતની જાણકારી આપવા પ્રાથમિક તાલીમ આપવામાં આવી. બેંકોમાં કમ્પ્યુટર દાખલ થવાની સાથે કમ્પ્યુટર ડીલર્સ કંપનીઓને મોટો ગ્રાહક વર્ગ મળ્યાનો આનંદ થયો. બેંક એક્ઝિક્યુટીવ અને સોફ્ટવેર એન્જિનિયરોનાં અભ્યાસજૂથો તથા ટાસ્કફોર્સની રચના થતાં સારા પરિણામો શક્ય બન્યાં. બેંકોમાં શરૂઆતમાં બે ત્રણ ટેબલનું કામકાજ કમ્પ્યુટર દ્વારા થવા લાગ્યું. ગ્રીપ આવતા બધાં કાઉન્ટરો મળી સંપૂર્ણ બ્રાંચ કમ્પ્યુટરાઈઝ થવા લાગી. ઈન્ટર કનેક્ટિવીટીનાં કારણે સમગ્ર બેંકનું કામકાજ કમ્પ્યુટરથી થવા લાગ્યું. અભ્યાસજૂથોની ભલામણોનાં આધારે બેંકોમાં કમ્પ્યુટરાઈઝેશન બેંકિંગ બિઝનેસનું મહત્ત્વનું અંગ બની ગયું. ઉદારીકરણ તથા વૈશ્વિકરણનાં માહોલમાં તે અનિવાર્ય બની રહ્યું. ભારતીય બેંકિંગ ક્ષેત્ર ઉપરનાં અંકુશો મુક્ત થતા સ્પર્ધાત્મક વાતાવરણ સર્જાયું. નવી બેંકિંગ પ્રોડક્ટ વિકસતા ઈનોવેટિવ બેંકિંગ પણ શરૂ થવા લાગી, પરંતુ આ બધાં પરિવર્તનો ગ્રાહકલક્ષી, વ્યવસ્થાલક્ષી અને સ્પર્ધાત્મકલક્ષી રહ્યાં.

કોમ્પ્યુટરાઈઝેશને યુગ બદલ્યો

બેંકોમાં કમ્પ્યુટરાઈઝેશનનાં કારણે જે પરિવર્તનો થયા તેની વિગતો મેળવવી આવશ્યક છે. ડિવિડન્ડ, પેન્શન, એફડી, વ્યાજ વગેરેનું પેમેન્ટ ઈલેકટ્રોનિક ટ્રાન્સફરથી થવા લાગ્યું. ઈલેક્ટ્રોનિક ક્લીયરિંગ સિસ્ટમ દાખલ થવાથી કામ ઝડપી તથા ચોક્કસ થવા લાગ્યું. ક્રેડિટ કાર્ડ તેમજ સ્માર્ટ કાર્ડનાં ગ્રાહકો ગમે ત્યાંથી ગમે તે વસ્તુઓ રોકડ લેવડ દેવડ વિના ખરીદવા માટે શક્તિમાન બન્યાં. ટેલિબેંકિંગ અને ઓનલાઈન બેંકિંગથી ગ્રાહકોને જરૂરી માહિતી ઉપલબ્ધ થવા લાગી. ઈન્ટરનેટની સગવડ મળતાં ગ્રાહક પોતાના કમ્પ્યુટર ઉપર જરૂરી માહિતી મેળવી શકે છે. ATM નાં કારણે ગ્રાહક પોતાની જરૂરિયાતની રકમ મેળવવા ગમે ત્યારે પૈસા મેળવી શકે છે. બેંકિંગ અવર્સ દરમ્યાન જ પૈસા મળી શકે તે ખ્યાલ હવે મિટાઈ ગયો. ગ્રાહકે પોતાના પાસવર્ડ વિશે ચોક્સાઈ રાખવી આવશ્યક છે. રીયલ ટાઈમ ગ્રોથસેટલમેન્ટ સીસ્ટમ પણ કમ્પ્યુટરાઈઝેશનના કારણે શક્ય બનેલ છે. બ્રાંચ નેટવર્કીંગનાં પરિણામે સમગ્ર બેંકનું કામકાજ એકરૂપ બનવા પામ્યું છે. ઈન્ટરનેટ સાથે સમગ્ર માળખાનું જોડાણ થઈ શકે છે.

કોઈ એક બેંકની શાખાનો ગ્રાહક અન્ય બ્રાંચમાં જઈ પોતાના ચેકનું પેમેન્ટ લઈ શકે છે. બેંકો આવી સુવિધાઓ ચકાસણીયુક્ત ગ્રાહકોને આપતી હોય છે. બેંકિગ ક્ષેત્રે ઘણા બધાં ટેક્નોલોજિકલ ફેરફારો કમ્પ્યુટરાઈઝેશનનાં કારણે થયાં, તેમ છતાં થોડા જોખમો પણ છે. ATM માંથી પૈસાની ઉઠાંતરી થયાનાં કિસ્સાઓ પણ નોંધાયેલા છે. વાયરસના કારણે પણ ઘણાં પ્રશ્નો ઉભા થાય છે. જોખમોથી ડરવાના બદલે જોખમો ન આવે તેવી ઈનબીલ્ટ સિસ્ટમ પણ જરૂરી છે. બેંકોના ફંડામેન્ટલ્સ મજબૂત હોવા જોઈએ. ગુજરાતમાં નાગરિક બેંકોનાં ફેડરેશને તેની તમામ શાખાઓને ઈન્ટર કનેક્ટિવીટીથી સાંકળવાનો એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ તૈયાર કરેલ છે. ઉપગ્રહ સેવાઓ દ્વારા ઈન્ટરનેટનાં માધ્યમથી કમ્પ્યુટરાઈઝેશનનાં ક્ષેત્રે કેટલી બધી પ્રગતિ થઈ છે તેનો આ એક ઉલ્લેખનીય નમૂનો ગણી શકાય.



➤ Agro Revolution

ટેકનોલોજીએ કૃષિને આધુનિક બનાવી

છેલ્લાં પચાસ વર્ષમાં વિશ્વની વસ્તી ત્રણ બિલિયનમાંથી આંઠ બિલિયન થઈ ગઈ છે. 2025 માં વિશ્વની વસ્તીમાં વધુ બે બિલિયનનો ઉમેરો થશે, 2050માં ત્રણ બિલિયનનો વધારો થશે, તેની સામે પાણી અને જમીન એટલા જ રહેવાના છે. વસ્તી વધશે તેમ પાણીનો વપરાશ વધશે અને ખેતીની જમીન ટૂંકી થતી જશે. આવી સ્થિતિમાં પાણી અને ખેતીને બચાવવા એવી ટેક્નોલોજીનો વિકાસ કરવો પડશે, જેનાથી ઓછા પાણી અને ઓછી જમીન પર વધુ ઉપજ લઈ શકાય. જરૂરિયાત હંમેશા શોધ કરવા પ્રેરે છે, આથી જ ટેક્નોલોજીને અપનાવવા આપણા કિસાનોએ નજર દોડાવી છે. વૈશ્વિક દૃષ્ટિએ કુદરત વરસાદ મારફતે એકંદરે જરૂર કરતાં વધુ પાણી આપે છે. દર વર્ષે હજારો ઘનમીટર નવું પાણી વરસાદ અને બરફ પીગળવાથી મળે છે. એક અભ્યાસ પ્રમાણે મધ્યપૂર્વના વિસ્તારને બાદ કરતાં બાકીના રાષ્ટ્રો 2007 માં કુદરતે આપેલા પાણીના જથ્થામાંથી માંડ ચોથા ભાગનું પાણી જ વાપરી શક્યા છે. બીજી તરફ અનેક નદીઓનાં પાણી સમુદ્ર સુધી નહીં પહોચતાં 'સાગર જાણે સરિતા' ને મળવા આવતો હોય તેમ ખારું પાણી નદીઓમાં અને જમીનમાં પ્રવેશી રહયું છે. સૌરાષ્ટ્રમાં કુલ 954 ગામોમાંથી 379 ગામમાં ખારાશ સંપૂર્ણપણે પ્રવેશી ગઈ છે, બાકીના 177 ગામ આંશિક ખારાશવાળાં છે. આવી સ્થિતિમાં કૃષિની પારંપારિક પદ્ધતિમાં પરિવર્તન કરવાની જેમ જરૂરિયાત ઊભી થતી ગઈ તેમ નવી રીત, નવાં સાધનો, નવા વિચાર અને નવી શોધ થતી જાય છે. આ પરિવર્તન ચક્રમાંથી માત્ર ભારત જ નહીં, વિશ્વભરનું કૃષિતંત્ર પસાર થઈ રહ્યું છે. કૂપોષિત એવા 46 લાખ લોકોનું પોષણ કરવા વિશ્વ આહાર સંસ્થાએ ₹ 11 કરોડ 60 લાખ ડોલરનાં ખર્ચે બે લાખ 37 હજાર ટન અનાજ મોકલ્યું છે. ઈથોપિયામાં આ વર્ષે સાઉદી અરેબિયાનાં સોદાગરોએ રૂ.10 કરોડ ડોલરનું રોકાણ કરી જમીન લીધી. જે દેશો આજ સુધી વિદેશોમાં પૈસા મોકલી અનાજ આયાત કરતા હતાં તે હવે એવા દેશોમાં જઈ જમીનો ખરીદી ત્યાં જ કૃષિ કરવા લાગ્યા છે. એક સમયે જમીન લેનારા અને ખેતી કરનારા લોકો પોતાની જ ભૂમિ ગણવા લાગશે. પેઢી દર પેઢીથી ખેતી કરતા સ્થાનિક ખેડૂતો ભૂમિવિહોણા થઈ જશે. જોકે સંપત્તિવાન દેશો તરફથી એવી દલીલ થાય છે કે ગરીબ દેશો અનેક દાયકાઓથી મૂડીના અભાવે કૃષિમાં નવાં બિયારણ, નવી પદ્ધતિ અને નવાં સાધનો વડે ખેતી કરી શકતા નહોતા, તે હવે અમે પૂરા પાડીએ છીએ. કૃષિમાં અદ્યતન ટેક્નોલોજીની વાત કરીએ તો વર્તમાન સમયમાં બે રીતે કૃષિની ઉપજ સારી રીતે લઈ શકાય, એક રાસાયણિક ખાતર અને બીજા જૈવિક ખાતરો દ્વારા. જૈવિક ખાતરમાં લાભકારક કહી શકાય તેવા સૂક્ષ્મ જીવાણું વાયુમંડળમાંથી નાઈટ્રોજનને શોષી લઈ તે પાકને આપી શકે છે. માટીમાં જેનું અસ્તિત્વ છે એવા ફોસ્ફરસને પાણીમાં ઓગાળી તે છોડને પહોંચાડે છે. વૈજ્ઞાનિક પ્રયોગ દ્વારા પુરવાર થઈ ગયું છે કે જૈવિક ખાતરના પ્રયોગથી 30 થી 40 કિલોગ્રામ નાઈટ્રોજન એક હેક્ટર જમીનને મળે છે. ઊપજ 10 થી 20 ટકા વધી જાય છે. ઓછાં પાણી વડે વધુ લાભ લેવા ટપક સિંચાઈ પદ્ધતિ આવી. આ પદ્ધતિમાં પાકના મૂળને જરૂરી ભેજ તેમજ હવા સતત મળતાં રહે છે. વૃદ્ધિદર જળવાઈ રહે છે. ઓછા સમયમાં પાક તૈયાર થઈ જાય છે. ટીપેટીપે છોડને સતત પાણી મળતું હોવાથી જમીન પોચી રહે છે. ખેડાણ કરવાના ખર્ચમાં ઘટાડો થાય છે. પાઈપ દ્વારા રાસાયણિક ખાતર છોડના મૂળ સુધી આપી શકાય છે. સિંચાઈની પદ્ધતિમાં ઈઝરાયલમાં જે શોધ થઈ રહી છે તે 'ગ્લોબલ માર્કેટ' નાં કારણે બીજા દેશમાં પહોંચતા વાર લાગતી નથી.

ઈઝરાયલમાં એક સ્ત્રોતમાંથી વહેતું થયેલું પાણી છોડને સતત મળતું રહે અને પાણીનું એક ટીપું પણ વેડફાય નહીં તે રીતે ખેતી કરવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં આ પદ્ધતિથી ખેતી કરવા પ્રગતિશીલ ખેડૂતોએ તૈયારી બતાવી છે. કૃષિની જરૂરિયાત પ્રત્યે હવે ગંભીરતાથી વિચારવામાં આવી રહ્યું છે, એટલે જ અંદાજપત્રોમાં કે પંચવર્ષીય યોજનાઓમાં કૃષિને વિશેષ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. માત્ર ઘઉં, ચોખા કે કઠોળ જ નહી, ફળ, ફૂલ, શાકભાજી અને ઔષધીય વનસ્પતિ આ બધામાં ખેડૂતો રસ લેવા લાગ્યા છે. કાશ્મીરમાં થતાં કાજુ આજે કચ્છમાં પણ ઉગાડી શકાય છે. દ્રાક્ષના વૃક્ષ માત્ર નેપાળમાં જ નહી, સૌરાષ્ટ્રમાં પણ મળી આવે છે. આ બધાંમાં ટેક્નોલોજી સાથે ખેડૂતોની કોઠાસૂઝ કામ કરી રહી છે. એટલે ખેતરથી વસ્તુ 'મોલ' સુધી પહોંચે છે, તેમાં વધુમાં વધુ ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે.



➢ Milk Revolution : Dudh Pita Hai India

શ્વેતક્રાંતિની હરણફાળમાં ટેકનોલોજીનો ફાળો

1 મે 1960 નાં રોજ મુંબઈ દ્વિભાષી રાજ્યમાંથી છુટું પડી ગુજરાત સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું. 15 ઓગષ્ટ 2013 નાં રોજ રાજ્ય 67 માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરી રહ્યું છે. રાજ્યએ અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી છે. કૃષિ પશુપાલન, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે આપણી પ્રગતિ ઊડીને આંખે વળગે છે. દસમી પંચવર્ષીય યોજનાનાં લક્ષ્યાંક 8 ટકાનાં વૃદ્ધિદર સામે રાજ્યએ 10.4 ટકા વૃદ્ધિદર હાંસલ કરેલ છે. વર્ષ 2012-13 માં રાજયનું એકંદરે ઘરગથ્થુ ઉત્પાદન 3,06, 813 કરોડ રૂપિયા થયેલ છે. રાજયની માથાદીઠ આવક રૂપિયા 32 હજાર થઈ છે. શિક્ષણની ટકાવારી 70 નજીક પહોંચવા આવી છે. માર્ચ 2013 નાં અંતે રાજ્યની વસતી 6.50 કરોડ થવા આવી છે. ટેક્નોલોજીકલ શિક્ષણનો વ્યાપ ફૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. 40 ટકા વસતી શહેરોમાં અને 60 ટકા ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરે છે. ગ્રામીણ ક્ષેત્રમાં ખેતી, પશુપાલન અને આનુષંગિક ક્ષેત્રો 70 ટકા રોજગારી પૂરી પાડે છે. પશુપાલન વ્યવસાય સૌથી સારી રોજગારી તથા આવક પૂરી પાડવાનું કામ કરે છે. વિશ્વમાં સૌથી વધુ રોજગારી ભારતનો પશુપાલન વ્યવસાય પૂરી પાડે છે. અહીં આપણે ગુજરાતની શ્વેતક્રાંતિની વાતો કરીશું.

ડેરી : આઝાદી પહેલાં અને પછી

ગુજરાતમાં શ્વેતક્રાંતિ સહકારી ધોરણે શરૂ થયેલી જોવા મળે છે. આઝાદી પહેલાં પશુપાલન વ્યવસાય તદ્દન પ્રાથમિક અવસ્થામાં હતો. ખેડૂતો ખેતીની સાથે પોતાના ખોરાક માટે ગાય ભેંસ રાખતા હતાં. ઘરમાં વપરાશ થયા પછીનું દૂધ ખાનગી હોટલ કે માવાના ભઠ્ઠાવાળાને નજીવા પૈસે વેચતાં. દૂધનાં બજારતંત્ર જેવું ચોક્કસ વાતાવરણ હતું નહી. ખેડૂતો વેપારીઓની શોષણ નીતિના ભોગ બનતાં. ગુજરાતનાં ખેડા જિલ્લામાં સિંચાઈની સગવડોને લીધે દૂધનું ઉત્પાદન સારું થતું હતું. 1946 સુધી ખેડા જિલ્લાનાં કેટલાંક ગામોમાં ખાનગી ડેરીઓ કામ કરતી હતી. વર્ષ 1930 માં મુંબઈનાં પારસી પેસ્તનજી એદલજી પોલસને ₹ 7 લાખનાં ખર્ચે પોલસન ડેરીની સ્થાપના કરી. માખણનું ઉત્પાદન કરતી આ ડેરી ચરોતરનાં દુધાળા ગામોમાંથી પોતાના દલાલો મારફતે નીચા ભાવે દૂધની ખરીદી કરતી હતી. અછતની ઋતુમાં બધું દૂધ લેવું શક્ય નથી, તેવું જણાવી ભાવ ઓછા કરતા હતાં. સહકારી ધોરણે દૂધની ખરીદી અને વેચાણ શરૂ થયુ એ પહેલાં સમગ્ર ઉત્તર, મધ્ય તથા દક્ષિણ ગુજરાતમાં દૂધનાં બજારતંત્રની સ્થિતિ ખેડૂતોની વિરુદ્ધમાં હતી તેમ કહીએ તો કશું ખોટું નથી. પોલસન અને નાના ખાનગી વેપારીઓના શોષણમાંથી ખેડૂતોને મુક્ત કરવા આણંદનાં કેટલાક મૂલ્યનિષ્ઠ કાર્યકર્તાઓ જેમ કે ત્રિભુવનદાસ પટેલ, ચતુરભાઈ પટેલ વગેરેએ સરદાર પટેલને મળીને આ દિશામાં પ્રયત્નો શરૂ કર્યા. ફળસ્વરૂપ મોરારજી દેસાઈની અધ્યક્ષતામાં 4 જાન્યુઆરી 1946 નાં રોજ આણંદ પાસેના સામરખા ગામે સહકારી ડેરી સ્થાપવા માટે ઐતિહાસિક સભા ભરાઈ. ઓક્ટોબર 1946 માં આણંદ નજીકનાં ચાર ગામોમાં સહકારી ડેરીની સ્થાપના થઈ. આ બધાં પ્રયત્નોને અંતે ત્રિભુવનકાકાએ 14 મી ડિસેમ્બર 1946 નાં રોજ 'ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.' પૂના ખાતેની રજિસ્ટાર કચેરી દ્વારા વિધિવત્ રજિસ્ટર કરાવી. 'અમૂલ' નામની આ ડેરી ભારત જ નહી, પણ સમગ્ર વિશ્વમાં શ્વેતક્રાંતિની મશાલ બની. અમૂલનાં વિકાસમાં ત્રિભુવનદાસ પટેલ, ડૉ. વર્ગીસ કુરિયન અને ડૉ. એચ.એમ. દલાયાની ત્રિપુટી મોખરે રહી છે.

આજે 170 જિલ્લા કક્ષાની ડેરીઓ સાથે સવા લાખ ગ્રામ દૂધ મંડળીઓ કામ કરી રહી છે. અમૂલની સ્થાપના પછી દૂધ ઉત્પાદનમાં ધીમો પણ મક્કમ વધારો થયો છે. દૂધ પેદા કરનાર મુખ્ય બે પશુઓ ભેંસ અને સંકર ગાયની દૈનિક દૂધ ઉત્પાદકતામાં પણ વધારો થયો છે. અમૂલનાં જન્મ પછી ગુજરાતમાં બાકીની 12 જિલ્લા ડેરીઓ કાળક્રમે રચાઈ. 1965 માં સમગ્ર દેશમાં દૂધ ક્ષેત્રે ક્રાંતિ લાવવા એક 'રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ' ની રચના આણંદ ખાતે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી છે. આ બોર્ડ દ્વારા 1970 થી 1996 સુધીમાં ઓપરેશન ફલડનાં 3 તબક્કાઓ પૂરા થયાં છે. સને 1999 થી ભારત સમગ્ર વિશ્વમાં સૌથી વધુ દૂધ પેદા કરતો દેશ થયો છે. વર્ષ 2008-09 ના અંતે દેશમાં કુલ દૂધ ઉત્પાદન 108 કરોડ ટન થયું છે. કમ્પ્યુટરનાં આગમન સાથે મિલ્કા ટેસ્ટર આવ્યુ. આ મશીન આજે દરેક ગ્રામીણ દૂધ મંડળીમાં જોવા મળે છે. દૂધનાં થોડા જથ્થાને તપાસતા સેંકડમાં ફેટ, કિંમત, કુલ કિંમત બધું એક સ્લીપમાં આવી જાય છે.



શ્વેતક્રાંતિનો વિકાસ અને ટેકનોલોજીનો ઉપયોગ

ગુજરાતમાં શ્વેતક્રાંતિનો વિકાસ કેવી રીતે થયો તેની વિગતો જોઈએ. સાથે દૂધની પ્રક્રિયા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કેવી રીતે વધતો ગયો તે પણ જોવું જરૂરી છે. અમૂલની સ્થાપના સમયે પ્રથમ બે વર્ષ સુધી દૂધને જીવાણું રહિત બનાવવા માટે કોઈ યંત્ર હતું નહીં. પેસ્ચ્યુરાઈઝ માટે યંત્રો ખરીદાયાં, પછી દૂધમાંથી પાવડર બનાવવા માટેનું યંત્ર, માખણ, ચીઝ, આઈસ્ક્રીમ, શ્રીખંડ, ચોકલેટ વગેરે જેવી અનેક પેદાશો બનાવવા માટે ડેન્માર્ક, સ્વિટ્ઝરલેન્ડ, ન્યૂઝીલેન્ડ, જર્મની વગેરે દેશોમાંથી ડેરી વિષયક યંત્રસામગ્રી આયાત કરવામાં આવી. આ સામગ્રી દ્વારા શ્વેતક્રાંતિએ મોટી હરણફાળ ભરી છે. ટેક્નોલોજીની પ્રગતિને લીધે ગુજરાતનો ડેરી ઉદ્યોગ પેદાશોની નિકાસ કરી રહ્યો છે. આઝાદી પછીના 67 વર્ષનાં લાંબા સમયગાળા બાદ યંત્રયુગને લીધે ડેરી વિકાસ ઝડપી બન્યો છે. ગાય કે ભેંસને દોહવા માટે પણ દોહનયંત્ર આવ્યાં છે. સમયની બચત કરતી ટેક્નોલોજીએ ગુજરાતનાં ડેરી વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. ગુજરાતમાં રાજ્યની જિલ્લા ડેરીઓ દ્વારા સને 1973માં રચવામાં આવેલી 'ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન' આણંદ નો ફાળો વિશેષ રહ્યો છે. રાજયની 13 જિલ્લા ડેરીઓ આ ફેડરેશન સાથે જોડાયેલી છે. ફેડરેશન સમગ્ર ડેરીની પેદાશોને અમૂલ અને સાગર ટ્રેડમાર્ક નીચે વેચાણનું કામ કરે છે. દરેક ડેરી ઈનપુટ્સની માંગ મુજબ મોટાપાયે ખરીદી કરી જરૂરીયાતો પૂર્ણ કરે છે. અમૂલનાં પગલે રાજયનાં અન્ય બાર જિલ્લાઓમાં સહકારી ડેરીઓની સ્થાપના થઈ. રાજયમાં પેદા થતા કુલ દૂધ ઉત્પાદનમાંથી વેચાણપાત્ર દૂધના કુલ જથ્થામાંથી 60 ટકા દૂધ સહકારી ડેરીઓ મારફત ખરીદાય છે. બાકીનું દૂધ ખાનગી ડેરીઓ, વેપારીઓ, માવાની ભઠ્ઠીવાળા, હોટલો વગેરે મારફત ખરીદાય છે. રાજ્યના 28 લાખ કુંટુંબો સહકારી ડેરી સાથે જોડાયેલાં છે. રાજયમાં 13 જિલ્લા ડેરીઓ સાથે 13,328 ગ્રામીણ દૂધમંડળીઓ ઉત્સાહભેર કામ કરી રહી છે. કચ્છ ડેરી વિકાસ પ્રોજેક્ટ પણ પાચેક વર્ષ પહેલા શરૂ થયેલો છે. સૌરાષ્ટ્રમાં ખેતી માટેની જમીન વધુ હોવાથી ખેડૂતો પશુપાલનનાં વ્યવસાય તરફ ખાસ ખેંચાયા નથી.

ગુજરાતની શ્વેતક્રાંતિ ઘણી સફળ દેખાય છે, છતાં આ વ્યવસાય સામે ઘણાં પ્રશ્નો પણ ઊભા છે. પશુઓની નીચી ઉત્પાદકતા, ટાંચા સાધનો, પક્ષીય રાજકારણ, દૂધપ્રાપ્તિનાં પ્રશ્નો, વ્યવસ્થાતંત્રની નબળાઈઓ, અપૂરતી લોકજાગૃતિ, ખાનગી બજાર સાથેની હરીફાઈ, શિક્ષણ અને તાલીમની અપૂરતી સગવડ, નિષ્ઠાવાન કાર્યકર્તાઓનો અભાવ, વિસંગત કરમાળખું, અપૂરતું આંતરમાળખું વગેરે ગણાવી શકાય છે. આપણી સંકર ગાયોની દૂધ ઉત્પાદકતા ઘણી ઓછી છે. ઈઝરાયલ, ડેન્માર્ક કે અમેરિકાની ગાય 8 થી 9 હજાર લિટર દૂધ પેદા કરે છે, ભારતની ગાય 1500-2000 લિટર દૂધ પેદા કરે છે. પશુ સારવાર, સંવર્ધન, આહાર, વગેરે ઘટકોને નજરમાં રાખીને ઉત્પાદકતા વધારવાનાં પ્રયત્નો કરવા જોઈએ. ગુજરાતની સ્થાપના પહેલાં શરૂ થયેલી શ્વેતક્રાંતિની હરણફાળ આજે પણ અવિરતપણે ચાલુ રહી છે. રાજ્યનાં દૂધ ઉત્પાદનમાં ખાસ્સો વધારો થયેલો જોવા મળે છે. ગુજરાત માટે શ્વેતક્રાંતિ ગરીબ, વિધવા, ત્યક્તા, નિરાધાર, સીમાંત અને નાના ખેડૂતોની કામધેનું પુરવાઈ થઈ રહી છે. દુષ્કાળ જેવા કપરા કાળમાં પ્રાણવાયુ પુરવાર થઈ છે. આથી આપણું હૃદય આ ક્રાંતિને લાખ લાખ સલામ કરે છે...

વિશ્વગ્રામ યોજના

ટેક્નોલોજીની મદદથી ગ્રામીણ જીવન બન્યું વિશ્વગ્રામ

અમરેલીનાં લોકોએ ગૌરવ લેવું જોઈએ કે અમેરિકાની ગુગલ કંપની હવે ગુજરાતી ભાષામાં પણ માહિતી ઉપલબ્ધ કરાવી રહી છે. ગુજરાતનાં સર્ચ એન્જિનનું પહેલું પેજ અમરેલીમાં બની રહ્યું છે. અમરેલી જિલ્લો સમગ્ર એશિયામાં પ્રથમ વિશ્વગ્રામ જિલ્લો બન્યો છે. સમગ્ર વિશ્વ ભૌતિકમાંથી ડીજીટલ સ્વરૂપમાં રૂપાંતરિત થઈ રહ્યું છે. દૈનિક કામગીરી કરવાની પદ્ધતિમાં ધરમૂળથી પરિવર્તન થઈ રહ્યું છે. શિક્ષણથી માંડીને તમામ ક્ષેત્ર ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યાં છે. ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ વિશ્વગ્રામ યોજના ગ્રામીણ વિસ્તારો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. આ યોજના અંતર્ગત રાજ્યની તમામ ગ્રામપંચાયત બ્રોન્ડબેન્ડ ઈકનેક્ટિવીટી દ્વારા જોડવામાં આવી છે. ઈન્ટરનેટ, વીડીયો કોન્ફરન્સ અને મલ્ટીકાસ્ટિંગની સગવડ થકી જિલ્લાથી માંડીને રાજ્ય કક્ષાએ સંબોધન શક્ય બન્યું છે. આ VIP સગવડને કારણે રાજયની તમામ ગ્રામપંચાયતો એકબીજા સાથે વિનામૂલ્યે વાત કરી શકે છે. રાજ્યની દરેક ગ્રામપંચાયતોમાં સાયબર સેવા પૂરી પાડવામાં આવે છે. ગામડાનાં દરેક નાગરિકને ખેતી, શૈક્ષણિક અને રોજગાર અંગેની માહિતી પણ ગ્રામપંચાયતમાં મળી શકે છે. ગ્રામપંચાયતમાં ઓનલાઈન અરજીની સગવડ, BPL ની યાદી તેમજ સરકારી વિભાગની નાગરિક સંબંધિત સુવિધાઓ, પ્રમાણપત્ર, ઠરાવ, સૂચનાઓ, વિવિધ યોજનાઓની માહિતી પણ રાજયના છેવાડાના નાગરિક માટે ઉપલબ્ધ બની છે.

વિશ્વગ્રામ યોજના પર એક નજર

- ગ્રામ કક્ષાએ 13,693 ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર મારફત ઈ સેવાઓ આપનારું દેશમાં એકમાત્ર રાજ્ય.
- કુલ 13,693 ગ્રામ પંચાયતોમાં 100 ટકા ગ્રામ પંચાયતોમાં કોમપ્યુટર સગવડ, એક અભૂતપૂર્વ સિદ્ધિ.
- રાજ્યનાં તમામ તલાટી કમ મંત્રીઓ ઈ ગ્રામ સોફ્ટવેરથી તાલીમબદ્ધ.
- રાજ્યની 25 જિલ્લા પંચાયતો અને 224 તાલુકા પંચાયતનું 100 ટકા નેટવર્કથી જોડાણ.
- કુલ 13,693 ગ્રામ પંચાયતને આપવામાં આવી રહેલ ઈ કનેક્ટિવીટીથી ગ્રામજનોનું વિશ્વ સાથે જોડાણ.
- 7400 ગ્રામ પંચાયતનું બાયો ગેસ સ્ટુડિયો ગાંધીનગર સાથે જોડાણ.
- પ્રથમ તબક્કામાં મુખ્યત્વે ઈ ગ્રામ દ્વારા જન્મ મરણનું પ્રમાણપત્ર, આવકનો દાખલો, જાતિનો દાખલો, ચરિત્રનું પ્રમાણપત્ર, રહેઠાણનું પ્રમાણપત્ર વગેરે તથા સરકારની વિવિધ યોજનાઓનાં અરજીપત્રોની ઉપલબ્ધતા.
- ઈ પ્રાઈમ સોફ્ટવેર મારફત પંચાયતોનાં હિસાબની ઓનલાઈન ઉપલબ્ધતા. ગુજરાતનાં ગ્રામજનોને વિશ્વજનોની હરોળમાં લાવવા ગુજરાતનાં ગામડાંઓનું અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી ગુજરાત સરકારે જે પગલું ભર્યું છે તે એક પ્રશંસનીય કાર્ય છે. ગુજરાત સરકારનો ટેક્નોલોજીથી લોકજીવનમાં ક્રાંતિ લાવવાનો પ્રયાસ ક્રાંતિકારી છે. ઈગ્રામ વિશ્વગ્રામની સફળતા છે. ગુજરાત સરકારની આ યોજનાને ત્રણ બેસ્ટ એવોર્ડ મળી ચૂક્યાં છે.



PRESENTED BY Scotiabank®

SAM SULLIVAN'S

PUBLIC SALON

INSPIRING IDEAS



➤ **Global Guru**

ઈન્ટરનેટની કમાલ

ઈન્ટરનેટ વગર જિંદગીની કલ્પના હવે મુશ્કેલ થઈ ગઈ.ઈમેઈલથી વાતચીત, ઓનલાઈન શોપિંગ અને તમામ પ્રકારની પ્રણાલીઓનો આધાર હવે ઈન્ટરનેટ છે. એવું પણ નથી કે આધુનિક જમાનાનાં આ ચમત્કારની સાથે બધું યોગ્ય છે. જોખમોને નજર અંદાજ કરવા ભારે પડી શકે. આવો તેના પર એક નજર ફેરવીએ...

➤ 2 અબજ થી વધારે ઈન્ટરનેટ યુઝર છે. દુનિયાની વસતિનાં 30 ટકા
➤ દરેક સેકન્ડે આઠ નવા લોકો વર્લ્ડ વાઈડ વેબ પર જોડાય છે
➤ 22% સોશિયલ નેટવર્ક
➤ 21% સર્ચ
➤ 20% કન્ટેન્ટ વાંચવું
➤ 19% ઈ મેઈલ કોમ્યુનિકેશન
➤ 13% મલ્ટી મીડિયા સાઈટ
➤ 5% ઓનલાઈન શોપિંગ

4 અબજ વ્યૂ પ્રતિદિન :
દરેક મિનિટે 80 કલાકનાં વીડિયો અપલોડ થાય છે.

25 કરોડ ટ્વિટ પ્રતિદિન :
60 ટકા યુઝર દરરોજ ઈન્ટરનેટ પર પહોંચે છે.

3.146 અબજ : દુનિયામાં ઈમેઈલએકાઉન્ટ

112 ઈમેલ : કોર્પોરેટ યુઝર દરરોજ મોકલે અને મેળવે છે.

6,300 : ઈન્ટરનેટ જોખમો દર કલાકે ઊભાં થતાં હોય છે.

➤ 81% ઈમેઈલ સ્પામ હોય છે.
➤ 65% ઈન્ટરનેટ યુઝર વાઈરસ જેવા જોખમોની અસર હેઠળ.
➤ 16,56,227 એક વર્ષમાં કોમ્પ્યુટર વાઈરસ, વોર્સ અને ટ્રોઝન એક્ટિવ છે. 2002 માં આવાં જોખમોની સંખ્યા 20 હજાર હતી.
➤ 26 લાખ મેલિશિયસ કોડ જોખમ.

હેકિંગ નાં સાક્ષી બનેલા ટોપ 10. ચીન, અમેરિકા, તુર્કી, રશિયા, તાઈવાન, બ્રાઝિલ, રોમાનિયા, ભારત, ઈટાલી અને હંગેરી.

સુરક્ષિત રહેવાના ઉપાય

➤ દરેક લોગ ઈનને યુનિક સિક્યોર પાસવર્ડથી સુરક્ષિત બનાવો.
➤ ઓપરેટિંગ સીસ્ટમ અને બ્રાઉઝરને અપડેટ રાખો.
➤ એન્ટીવાઈરસ પ્રોટેક્શનનો ઉપયોગ કરો, ફાયરવોલ અને સ્પામ ફિલ્ટર પણ કામ આવી શકે છે.
➤ જોખમી વેબસાઈટથી ફાઈલ ડાઉનલોડ કે ઈન્સ્ટોલ ન કરો.
➤ અવિશ્વસનીય સ્ત્રોતથી આવનાર ઈ મેઈલ ખોલવાની જરૂર નથી.

વીડીયોની દુનિયા

યૂ ટયૂબે દુનિયાનો ચહેરો બદલી નાખ્યો. પોતાનો આઠમો જન્મ દિવસ મનાવનાર આ વેબસાઈટે સરહદોની ભેદરેખા ભૂંસી નાંખી. નવા લોકો અને નવી ચીજો શોધવામાં મદદ કરી. સત્યને મહત્ત્વ આપી વિકાસનાં મૂળિયા નાખ્યાં. શિક્ષણ, મનોરંજન ક્ષેત્રમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી. જુઓ યૂ ટયૂબની સફર.

યૂ ટયૂબની હિસ્ટ્રી

વીડીયો શેરિંગ વેબસાઈટ યૂ ટયૂબની શરૂઆત રોડ હર્લે, સ્ટીવ ચેન અને જાવેદ કરીમે કરી.

તળિયેથી શિખર પર યુ ટયૂબ

ફેબુઆરી 2005 : યૂ ટયૂબની શરૂઆત
એપ્રિલ 2005 : પ્રથમ વીડીયો અપલોડ
ઓક્ટોબર 2006 : ગૂગલે યૂ ટયૂબને ખરીદી લીધી
ડિસેમ્બર 2008 : HD વીડીયો લોન્ચ
ઓક્ટોબર 2009 : દરરોજ એક અબજ વીડીયો વ્યૂ
જાન્યુઆરી 2012 : પ્રતિદિન ચાર અબજ વીડીયો વ્યૂ

યૂ ટયૂબ નહીં, માય ટયૂબ

➤ 72 કલાકના વીડીયો દર કલાકે અપલોડ થાય છે યૂ ટયૂબ પર.
➤ 04 અબજ કલાક વીડીયો જોવાય છે દર મહિને.
➤ 22 ટકા ટ્રાફિક અમેરિકાથી.
➤ 78 ટકા ટ્રાફિક બાકીની દુનિયામાં.

સૌથી પ્રસિદ્ધ

દુનિયામાં સૌથી વધારે જોવાયેલા યૂ ટયૂબ વીડિયો
ગંગનમ સ્ટાઈલ, વોલ ઓફ ધ અર્થ, કોલ મી બેબી, એપિક રેપ બેટલ્સ.

દેશમાં સૌથી વધારે જોવાયેલા યૂ ટયૂબ વીડિયો
બ્રાઉન રંગ, ગંગનમ સ્ટાઈલ, તુમ્હી હો બંધુ કોકટેલ.



➤ Think India for Quality Life

ભારત નિર્માણ

વૈચારિક ક્રાંતિનો સમય આવી પહોંચ્યો છે....

પ્રો.એન.વી.વસાણી [કુલપતિ : નિરમા યુનિવર્સિટી]

શિક્ષણ માટે સદીઓ પહેલા હતો એવો સુવર્ણ કાળ ભારતમાં પાછો લાવવો જરૂરી છે. કોઈ પણ રાષ્ટ્રનો વિકાસ શિક્ષણનાં વિકાસ સાથે સંકળાયેલો છે. શિક્ષણ તો સંસ્કૃતિને એક પેઢીથી ભવિષ્યની પેઢી તરફ લઈ જતું વાહક છે. શિક્ષણ નાગરિકોનું ઘડતર કરે છે. ગતિશીલ વિચારોથી સાધન સંપન્ન નાગરિકોનું નિર્માણ થાય છે. પ્રાથમિક શિક્ષણ એ માટેનો પાયો ઘડે છે. ઉચ્ચ શિક્ષણ દેશનાં નાગરિકોને સાંપ્રત જ્ઞાન એટલે કે ટેક્નોલોજી વગેરે માટે સજજ કરે છે. સ્વાભાવિક છે કે જે દેશમાં આવા શિક્ષણનો વ્યાપ વધારે હોય અને ગુણવત્તા સારી હોય એ દેશ વિશ્વમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરે છે.

લડત બીજી સ્વતંત્રતા ટકાવી રાખવાની...

શૈલેષ ગાંધી [સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર : સક્રિય RTI કાર્યકર]

આપણા લોકશાહી દેશની સરકારે વહીવટ સાફસૂથરો રાખવાની સત્તા પ્રજાને આપતાં તો આપી દીધી, પરંતુ માહિતી અધિકારનાં કાયદાની સામે સરકાર જ મોટું જોખમ બની ગઈ છે. ભારતીય સ્વાતંત્ર્ય દિનની ઉમર આશરે 67 વર્ષની છે. ભારતની શાસન વ્યવસ્થાથી સરેરાશ નાગરિક ખુશ નથી. આશ્ચર્ય થાય છે કે ભારતના બંધારણે શું આવું સ્વરાજ કલ્પ્યું હતું? ભારતમાં આમ તો મતદાન આધારિત લોકશાહી છે. જુદા જુદા રાજકીય પક્ષના ઉમેદવારોમાંથી મતદારને કોઈ એકની પસંદગી કરવાનો હક્ક મળે છે. એક વખત ચૂંટણી પૂરી થાય પછી મતદાર પોતાની જાતને સંપૂર્ણ અસહાય અનુભવે છે.

પઢેગા ઈન્ડિયા ... આગે બઢેગા ઈન્ડિયા

કપિલ સિબ્બલ[કેન્દ્રીય શિક્ષણ અને માનવસંસાધન વિકાસ પ્રધાન]

દુનિયામાં શિક્ષણ ક્ષેત્રે અત્યારે એક જ દિશામાં કામ થઈ રહ્યું છે. બાળકોનાં જ્ઞાનની ભૂખ કેવી રીતે સંતોષવી ? એમના બૌદ્ધિક વિકાસ માટે કઈ નીતિ અપનાવવી ? શિક્ષણનું મહત્ત્વ આજના જમાનામાં કોઈને સમજાવવાનું ન હોય. ભારતનાં માનવ સંસાધન વિકાસ પ્રધાન તરીકે મારે મારા મંત્રાલય તરફથી અમલમાં મુકાતી બધી યોજનાનાં કેન્દ્રમાં ભારતનાં બાળકો જ હોય છે. આપણી સમગ્ર શિક્ષણનીતિ દેશનાં બાળકોને કેન્દ્રમાં રાખીને જ ઘડવી જોઈએ. આપણે ભૂતકાળનાં ગુલામ બન્યાં વિના દુનિયામાં થઈ રહેલી પ્રગતિ સાથે કદમ મિલાવવાના છે. ભૂતકાળમાંથી શીખવાનું છે. ભૂલો સુધારવાની છે. આજની નવી પેઢી માટે તેમજ હજુ નથી જન્મી એવી તમામ પેઢી માટે એક બહેતર ભવિષ્ય બનાવવાનું છે.

મોટાં પે પેકેજ વત્તા મરતબો... મેનેજમેન્ટ એક્સપર્ટ બનવું છે ?

ડૉ. બકુલ ધોળકિયા [નિયામક : અદાણી ઈન્સ્ટીટયૂટ]

અહીં પડકાર ઝીલીને સફળતા મેળવવા હજારો વિદ્યાર્થીઓ તૈયાર છે. એજ્યુકેશનનું ઊંચું ઘોરણ નક્કી થાય અને વર્લ્ડ કલાસ શિક્ષકો મળે તો આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ ગાજવા માંડે. મેનેજમેન્ટ શિક્ષણનો આરંભ આપણે ત્યાં સાઠનાં દાયકામાં થયો. દેશમાં ઔધોગિક વિકાસ માટે ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટેક્નોલોજીની સ્થાપના બાદ પંડિત જવાહરલાલ નેહરુ તથા એમના આર્થિક સલાહકારોને લાગ્યું કે દેશમાં ઔધોગિક વિકાસનો પાયો મજબૂત બનાવવા માટે ટેકનિકલ નિષ્ણાતોની જેમ મેનેજમેન્ટ નિષ્ણાતો પણ હોવા જોઈએ. એ સપનું સાકાર થયું. કેન્દ્ર સરકારે અમેરિકાનાં ફોર્ડ ફાઉન્ડેશનની મદદથી એકસાથે અમદાવાદ અને કલકત્તામાં ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટની સ્થાપના કરી. અમેરિકાની હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ સાથે પાંચ વર્ષનું જોડાણ કરીને બનાવેલી બન્ને IIM ને સ્વાયત્ત સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો.





પર્યાવરણ અને આર્થિક વિકાસ.... તાલ સે તાલ મિલા !

જયરામ રમેશ [કેન્દ્રીય પર્યાવરણ પ્રધાન]

સદીઓથી પંચ મહાભૂતને પૂજનીય ગણતા આપણા દેશમાં પર્યાવરણ જાળવણીની માંગને અચાનક રાષ્ટ્રવિરોધી તરીકેનું લેબલ લાગી ગયું છે. હકીકત એ છે કે પર્યાવરણની સમતુલા ખોરવી નાખતો વિકાસ ઝાઝું ટકી શકતો નથી. પર્યાવરણ સહેજ ભારેખમ શબ્દ છે. આ શબ્દ બહુ જૂનો નથી, પરંતુ પંચતત્વોને હજારો વર્ષથી ભારતીય પંરપરાએ આદર આપ્યો એ હકીકત છે. હવા, પાણી, વાયુ, અગ્નિ અને ધરતીને આપણે હંમેશા પૂજનીય ગણ્યાં છે. પર્યાવરણની જાળવણી કરવાનો આરંભ ભલે દુનિયાના વિકસિત દેશોએ કર્યો હોય, પણ આ વિષયની જાગૃતિની બાબતમાં આપણે બહુ આગળ હતા. કમનસીબે હજારો વર્ષની એ પરંપરા જાળવવામાં આપણે દુનિયામાં અવ્વલ નંબરે નથી રહ્યાં.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે પરિવર્તનનો પવન, વિકાસનો મહામાર્ગ...

ગૌતમ અદાણી [ચેરમેન : અદાણી ગ્રુપ]

ઈતિહાસ સાક્ષી છે કે પરિવહનની ઉત્તમ સુવિધા જયાં વિકસી છે ત્યાં વેપાર ધંધા ફૂલ્યા ફાલ્યા છે... આર્થિક સમૃદ્ધિ વધી છે. આજે બહારથી કોઈ ગુજરાતમાં આવે તો એક વાત અવશ્ય કહે કે તમારા ગુજરાતમાં રસ્તા બહું સારા છે. ખરેખર, આજે ગુજરાત પાસે સારું કહી શકાય એવું રોડ નેટવર્ક છે. વાપીથી પાલનપુર કે ગાંધીધામથી ગોધરા ક્યાય પણ જવું હોય તો ઝડપથી પહોંચી શકાય છે. ફક્ત સારા રસ્તા જ નહીં, ગુજરાતમાં આજે પરિવહન માટે રેલ નેટવર્ક, એર નેટવર્ક અને ઉત્તમ સુવિધા ધરાવતાં બંદર પણ છે. ઉત્તમ પ્રકારની માળખાકીય સગવડો ગુજરાતમાં ઉપલબ્ધ છે. ગુજરાતની આર્થિક સમૃદ્ધિનું આ એક મહત્ત્વનું કારણ છે. તમે દુનિયાનાં વિવિધ પ્રદેશોની આર્થિક સમૃદ્ધિનો ઈતિહાસ તપાસશો તો ખ્યાલ આવશે કે જે પ્રદેશોમાં પરિવહનની ઉત્તમ સુવિધા વિકસી છે ત્યાં વેપાર ધંધા ફૂલ્યા ફાલ્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસનાં પાયાની અનિવાર્ય જરૂરિયાત છે.

રામરાજ્ય.... ઈન્ફોર્મેશન ટેક્નોલોજીથી !

સેમ પિત્રોડા [ચેરમેન : નેશનલ ઈનોવેશન કાઉન્સિલ]

કર લો દુનિયા મુઠ્ઠી મેં... આજના જમાનામાં માહિતી એક મહાસત્તા છે. જરૂર છે લોકો સુધી પહોંચાડવાનાં માળખાંની. થોડીક નજર ઈતિહાસ તરફ કરીએ તો ખ્યાલ આવશે કે આપણે ત્યાં માહિતીનાં આદાન પ્રદાનનો માર્ગ મૌખિક હતો. રામાયણ કે મહાભારત કાળમાં લોકો એકબીજા સાથે મૌખિક વાતચીત કરીને માહિતીની આપલે કરતાં. એ પછી આપણા દેશની માહિતી હંમેશા શાસનકર્તાઓ અને કેટલાંક વિશેષ અધિકારો ભોગવતા લોકો સુધી જ મર્યાદિત રહી છે. રાજા રજવાડાનાં સમયમાં પણ અગત્યની માહિતી ફક્ત રાજાઓ અને રાજ્યનાં દીવાન સુધી જ મર્યાદિત હતી. સામાન્ય પ્રજા પાસે બહું જાણકારી જ નહોતી. બ્રિટિશરાજમાં પણ વહીવટ અંગેની કે અન્ય માહિતી ફક્ત બ્રિટિશરો પૂરતી જ મર્યાદિત રહેતી.

ગુમનામ ગરીબોને 'આધાર' આપીએ... વિકાસયાત્રાનો નકશો બનાવીએ !

નંદન નીલકેણી [ચેરમેન : યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા]

દેશનાં તમામ નાગરિકોને એમની આગવી ઓળખ સમો યુનિક નંબર આપવાની મહત્વાકાંક્ષી યોજના 'આધાર' સરકારી નાણાંનો દુરઉપયોગ રોકશે અને ખાસ ગ્રામીણ વિસ્તારના પછાત લોકો સુધી રાહતનાં ફળ પહોંચતા કરશે. ઉત્સવ અને ઉજવણીનાં આ દિવસો છે. પ્રતિધ્વનિ અને આખા દેશ માટે.. પ્રતિધ્વનિને આ વર્ષે 17 થયાં, ભારતને થયાં 67 ! સ્થાપનાદિનની ઉજવણી કરતી વખતે સંઘર્ષનાં દિવસોની સ્મૃતિને વાગોળતાં ભવિષ્યની યોજનાઓ કરવાની હોય છે. આપણો દેશ ઝડપભેર બદલાઈ રહ્યો છે. વિકાસનો દર કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. વસ્તીની દૃષ્ટિએ આપણે એક નિર્ણાયક તબક્કે પહોંચી રહ્યાં છીએ. વિશ્વનાં અર્થકારણમાં ભારત મોભાભેર પોતાનું સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે. વર્ષોથી સતાવતી એક પાયાની સમસ્યાનો ઉકેલ શોધવાનું કામ અનિવાર્ય બની જાય છે. સરકાર તરફથી અમલમાં મૂકવામાં આવતી અબજો રૂપિયાની યોજનાનો લાભ યોગ્ય વ્યકિત સુધી પહોંચે એ માટે શું થઈ શકે? મને લાગે છે કે આ વિકરાળ સમસ્યાનો ઉકેલ હવે હાથવેંત છે.

રાજકારણ તૈયાર છે નેક્સ્ટ જનરેશન માટે... યુવાન તોખારો, તમે તૈયાર છો?


જયોતિરાદિત્ય સિંધિયા [કેન્દ્રીય વેપાર તથા ઉદ્યોગખાતાનાં રાજ્ય પ્રધાન]

વિજ્ઞાન હોય કે સમાજકારણ, પરિવર્તનનો વંટોળ યુવાનોએ જ ફેલાવ્યો છે. રાષ્ટ્ર પ્રેમની સાથે વિશ્વ કલ્યાણનું ધ્યેય હોય અને દિલ સાફ હોય તો પોલિટિક્સમાં પગરણ જરૂર માંડો. ગુજરાતીઓને સમજાવવાની જરૂર નથી કે રાજકારણમાં યુવાનોનું કેટલું મહત્ત્વ છે. ગુજરાતે ભારતને એક એવા નેતા આપ્યાં છે, જેમને કારણે સમગ્ર રાષ્ટ્રનો ઈતિહાસ પલટાઈ ગયો. ભારતનાં સૌથી મહાન નેતા અને વહેંત ઊંચેરા ગુજરાતી મોહનદાસ કરમચંદ ગાંધીનો જ દાખલો પૂરતો છે, કે યુવાનો જો રાજકારણમાં પ્રવેશે તો એ દેશને કઈ ઊંચાઈ સુધી લઈ જઈ શકે. દક્ષિણ આફ્રિકા પર રાજ ચલાવતી બ્રિટિશ સલ્તનતને પડકારવા માટે રાજકારણમાં ખૂંપી ગયેલા ગાંધીજી એ વખતે માંડ આયુષ્યની ત્રીસીમાં હતાં. ગાંધીજી નાની વયે રાજકારણમાં પ્રવેશ્યા એ જ માત્ર મહત્ત્વની વાત નહોતી, જે કારણોસર એમણે જાહેરજીવન અપનાવ્યું એ કારણ પણ એટલાં જ અગત્યના હતાં. આ કારણ રાષ્ટ્ર પ્રેમનાં સીમાડા ઓળંગીને વિશ્વ કલ્યાણ સુધી વિસ્તરતા હતાં.

અંદરના દુશ્મનને એકલો પાડી દો....

જુલિયો રિબેરો [મુંબઈનાં નિવૃત્ત પોલીસ કમિશનર]

ગલીનાં ગુંડા મવાલી વચ્ચેની લડાઈથી આપણી સમસ્યા નક્સલવાદ અને જિહાદી ત્રાસવાદ સુધી પહોંચી છે. વિભાજનવાદી તત્ત્વોનો સામનો કરવાની રીત એક જ છે. એ દાયકો 1980 નો હતો. મુંબઈ નજીકનાં ભીવંડીમાં હિંદુ મુસ્લિમો વચ્ચે મોટા પાયે દંગલ ફાટી નીકળ્યાં હતાં. ભીવંડી સળગે તો એના તણખાં મુંબઈમાં પડે જ એવું નિશ્ચિત મનાતું હતું. મુંબઈનાં પોલીસ કમિશનરની રૂએ મહાનગરમાં કોઈ પણ ભોગે એવી સ્થિતિ ઊભી ન થાય એ જોવાની જવાબદારી મારી હતી. મેં તાત્કાલિક પોલીસ અધિકારીઓની બેઠક બોલાવી, સાથી અફસરોને મારો આદેશ એક જ વાક્યમાં હતો. જે કોઈ કાંકરીચાળો કરી શકે એમ લાગતું હોય એવા દરેક માણસને અંદર કરી દો... મુંબઈમાં મારે કોમી રમખાણ થવા દેવા નથી ! ઈશારો સાફ હતો અને પોલીસ અફસરોને ખાતરી હતી કે કોઈ પણ એક્શન લેશું એમાં પોલિટિકલ પ્રેશર નહીં આવે. રાતોરાત બન્ને કોમના તોફાની આગેવાનોને પકડી લીધા. સત્તર દિવસ એ બધાં કહેવાતા નેતા અમારા તાબામાં રહ્યાં.



તક ઝડપે તો ભારત જીતે....

જિજ્ઞેશ શાહ [ચેરમેન અને ગ્રુપ CEO : ફાઈનાન્સિયલ ટેક્નોલોજિસ]

અમેરિકા અને યુરોપનાં છલોછલ આર્થિક બજારની તુલનાએ આપણું અર્થતંત્ર હજી એક બાંખોડિયા ભરતાં બાળક જેવું છે. અમુક અવરોધ દૂર કરીએ અને ખરા અર્થમાં રોકાણકારો વધારીએ તો લખી રાખજો, આ સદી આપણી છે ! ફાઈનાન્સિયલ માર્કેટનાં ભાવિ વિશે એક જ વાક્યમાં કહેવું હોય તો એમ કહી શકાય કે અનેકવિધ પડકારો વચ્ચે પણ એ ઉજ્જવળ છે. આ દાયકામાં ધરખમ પરિવર્તન આવવાનાં છે. દરેક ભાવિનો પાયો વર્તમાનમાં રચાતો હોય છે. આ પરિવર્તન આપણા દેશને ઉજ્જવળ દિશામાં લઈ જશે. આપણે ઘણું શીખવાનું અને સજ્જ થવાનું છે, એટલી હદ સુધી કે વિશ્વ આપણને અનુસરવા પ્રેરાય. વૈશ્વિક મંદીથી આપણનેય થોડી અસર થઈ, છતાં અડીખમ રહી શક્યાં, કારણ આપણું આર્થિક ઘડતર મજબૂત પાયા પર થયું છે.

રોકાણકારો, આ મોકો જરૂર ઝડપજો...

દેવેન ચોક્સી [CEO & MD : KRC શેર્સ એન્ડ સિક્યોરિટીઝ]

આવનારાં વર્ષો ભારતની આર્થિક પરિસ્થતિ માટે ફૂલગુલાબી ચિત્ર રજૂ કરે છે. ભારતની આ વિકાસ યાત્રામાંથી તમે કેવી રીતે લાભ મેળવી શકો..? એક પ્રાચીન ચીની કહેવત છે. મે યુ લિવ ઈન ઈન્ટરેસ્ટિંગ ટાઈમ અર્થાત તમને રસપ્રદ કાલખંડમાં જીવન પ્રાપ્ત થાય... આ કહેવતને ઘણા ચીના શાપ માને છે, એનો સૂચિતાર્થ એવો છે કે કહેવાતા રસપ્રદ કાલખંડમાં તમારે કદાચ અણધાર્યા સંજોગ અને હાડમારીનો સામનો કરવો પડે. આ ઉક્તિને હાકારાત્મક ગણીએ તો ભારતની અત્યારની પરિસ્થિતિ સાથે બંધબેસતી છે. 2009-10 નો ઈકોનોમિક સર્વે કહે છે કે ભારતનો GDP એટલે કે કુલ રાષ્ટ્રીય પેદાશ 1.36 ટ્રિલિયન ડોલરને વટાવી ગઈ છે. 2020 સુધીમાં એ ચાર ટ્રિલિયન ડોલરનો આંક ઓળંગી જાય એવી વકી છે.

જોખમ સમજો... રોકાણ કરો !

વલ્લભ ભણસાલી [ચેરમેન : એનામ સિક્યોરિટીઝ]

શેર બજાર એક એવું માધ્યમ છે, જ્યાં ભાવ પર કમાણી થાય છે એટલે કે યોગ્ય ભાવે શેર લો અને યોગ્ય ભાવે વેચી દો તો જ કમાઈ શકો. બાકી આર્થિક આટાપાટાને સમજવું ખૂબ અઘરું છે. આપણે આઝાદ થયા ત્યારે મોટે ભાગે લોકો સોનુ અને જમીનમાં મૂડીરોકાણ કરતા. સમજો કે ઘર, દુકાન અને દાગીનામાં ઈન્વેસ્ટમેન્ટ થતું. પછી જમાનો આવ્યો બેન્ક તથા ફિક્સ ડિપોઝીટ અને ડિબેન્ચર્સનો, એ વખતે શેર માર્કેટ ઘણે અંશે સટ્ટા માર્કેટ હતું. ખરા ઈન્વેસ્ટર્સ એ ગલીમાં જતા નહી. અગાઉ 1907 માં ટાટા સ્ટીલનો પબ્લિક ઈસ્યુ આવ્યો ત્યારે થોડા પારસી, ગુજરાતી, મારવાડી તથા સાઉથ ઈન્ડિયન્સ શેરમાં પૈસા રોકતા. 1960 પછી નવી કંપનીઓ મૂડીબજારમાં આવતી થઈ. 1969માં ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝરનો સીમાચિહ્નરૂપ પબ્લિક ઈસ્યુ આવ્યો.

આલીશાન મહાલયથી મધ્યમ વર્ગના ઘર સુધી.... હીરા હૈ સબ કે લિયે...

સંજય કોઠારી [ભૂતપૂર્વ ચેરમેન : જેમ એન્ડ જવેલરી એક્સપોર્ટ કાઉન્સિલ]

સદીઓ પૂર્વે દુનિયાને હીરા ઝવેરાતની ઓળખ ભારતે આપી. ભારત ફરી ગ્લોબલ જવેલરી હબ બની રહ્યું છે. 6 એપ્રિલ 1850 નાં રોજ ભારતમાંથી કોહિનૂર હીરો લઈને ઈસ્ટ ઈન્ડિયા કંપનીનાં અધિકારી નીકળ્યાં. ત્રણેક મહિનાની દરિયાઈ મુસાફરી પછી કોહિનૂર ઈંગ્લેન્ડ પહોંચ્યો. 2 જુલાઈ 1850 નાં રોજ આ કોહિનૂર હીરો ઈંગ્લેન્ડમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ડેપ્યુટી ચેરમેન સર જે ડબલ્યુએ તત્કાલીન ક્વીન વિક્ટોરિયાને ભેટ ધર્યો. જગવિખ્યાત કોહિનૂર 1938 થી ઈંગ્લેન્ડની રાણીનાં મુગટમાં મઢવામાં આવ્યો હતો... એ પછી નવ વર્ષે 1947 માં દેશ આઝાદ થયો ત્યારે ભારત સરકારે ઈંગ્લેન્ડનાં શાસકો પાસેથી કોહિનૂર હીરો પાછો લેવા માટે માગણી કરી.

ફેશન કા હૈ યે જલવા...

નીતા લુલ્લા [જાણીતા ફેશન ડિઝાઈનર]

1970 નાં દાયકા સુધી બોલીવૂડમાં વસ્ત્રસજ્જાને ખાસ સ્થાન નહોતું. એ પછી હિંદી ફિલ્મોમાં મહત્ત્વનાં પાત્રની ઈમેજ બાંધવા ડિઝાઈનર ડ્રેસનો ટ્રેન્ડ ચાલ્યો. ફેશન એવો શબ્દ છે કે જેની સાથે ગ્લેમરને સાંકળ્યા વગર તમે રહી જ ન શકો, પછી એ સાઠ વર્ષ પહેલાંની ફેશન હોય કે હમણાંની ... પણ સાઠ વર્ષ પહેલા ફેશન વર્ડ એટલો પરિપક્વ નહોતો, એટલે તમારા લોકલ દરજી પાસે જ દરેક વ્યકિત પોત પોતાની સૂઝ પ્રમાણે બ્લાઉઝ કે સલવાર કમીઝની ડિઝાઈન કરાવતા. સિત્તેરનાં દાયકાથી ફેશન શબ્દને જવાની ફૂટી અને જેમ જુવાન હૈયામાં જાતજાતના તરંગો જાગે એમ અવનવા પ્રયોગો રૂપ લેવા માંડ્યા. છેલ્લાં ત્રીસેક વર્ષનો હિંદી ફિલ્મોનો ફેશન ઈતિહાસ તપાસો, તો તમને લાગશે કે ફેશન ઈન્ડસ્ટ્રીનો પ્રભાવ આમ લોકો પર ત્યારથી પડ્યો છે.

સિનેમા... સિનેમા... સબકી કહાની, સબકા સપના !

મધુર ભંડારકર [હિંદી સિનેસૃષ્ટિનાં જાણીતા લેખક અને દિગ્દર્શક]

હિંદી સિનેમાનાં પ્રેક્ષકોએ દિગ્દર્શક તરીકે મને મંત્રમુગ્ધ કર્યો છે. શ્વેત શ્યામયુગની પાવરફૂલ સ્ટોરીવાળી ફિલ્મોથી લઈને આજની લેટેસ્ટ ટેકનિકથી ઓપતી ફેમિલી ડ્રામા, રોમાન્સ, કોમેડી અને એક્શનનાં વિષયોની જાતજાતની ફિલ્મોએ આકર્ષણ જમાવ્યું છે. સિનેમા મારે માટે કલાનું એક એવું ઈન્ટરનેશનલ મીડિયા છે, જેને દેશ દુનિયાના કોઈ સીમાડા નડતાં નથી. સાહિત્ય કે નાટક જેવા કલાનાં અન્ય સ્વરૂપ અમૂક રિજિયન કે જે તે દેશ પૂરતાં સીમિત હોય છે. જાપાનની સાહિત્યકૃતિ જાપાનીઓને સ્પર્શે પણ સિનેમા કોરિયાની હોય. ઈરાનની હોય કે હંગેરીની એ સૌ સિને રસિકોને એકસરખો આકર્ષે, એને ભાષા કે સંસ્કૃતિનાં કોઈ બંધન નડતાં નથી. સિનેમા સાથેનો મારો પ્રવાસ વિડીયો લાઈબ્રેરીથી શરૂ થયો. નોકરી ધંધામાં ફેલ ગયા બાદ કિશોરાવસ્થામાં મે પોતાની વિડીયો લાઈબ્રેરી શરૂ કરી. મુંબઈનાં અંધેરીથી બાન્દ્રા વિસ્તારમાં હું મારા ક્લાયન્ટ્સને સાઈકલ પર ફિલ્મોની વિડીયો કેસેટ્સ આપવા જતો.



➤ Jaago India for Quality Life

જે કંઈ કરો, યુવાઓને ધ્યાનમાં રાખો...

દર વર્ષની જેમ કેટલીક મોટી અને નાની ઘટનાઓ બની, પરંતુ આ પેજ એ ઘટનાઓની માહિતીનું પુનરાવર્તન કરવા માટે નથી. આ ઘટનાઓથી આપણે શું શિખામણ લઈ શકીએ, જેથી વધુ સારા પરિવર્તન માટે મદદ મળી શકે.

2012 નાં વર્ષમાં બે ઘટનાઓ સર્જાઈ. પ્રથમ શિવસેનાનાં વડા બાળ ઠાકરેનાં નિધન અંગે ફેસબુક પર ટિપ્પણીઓ કરવાના આરોપમાં બે વિદ્યાર્થીઓની ધરપકડ અને તેનો દેશભરમાં વિરોધ, પરિણામે એક યુવતી જ તે અંગે કોર્ટમાં પહોંચી. આ નાનકડી ઘટના હતી, પરંતુ તેનાથી સ્પષ્ટ થઈ ગયું કે માત્ર મીડિયા જ નહી, નવી પેઢી પણ દરેક ઘટના દુર્ઘટનાઓ પર નજર રાખી રહી છે. આ પેઢી સોશિયલ મીડિયાથી જાગૃત છે. નવી પેઢી વિચાર તરત જ શેર કરે છે. એક સમાન વિચાર ધરાવતા યુવાઓ સંગઠિત થવા લાગે છે. બીજી સૌથી મોટી ઘટના છે એક જઘન્ય અપરાધ સામે સંગઠિત થઈ ગયેલા યુવાઓનું દિલ્હી સહિત દેશભરમાં પ્રદર્શન. ક્યાંથી ભેગા થયા આ યુવા અને ખાસ કરીને મહિલાઓ, સ્પષ્ટ છે સોશિયલ મીડિયા. લાખો યુવા માત્ર એકત્રિત ન થયાં, પરંતુ પ્રદર્શન કરવા લાગ્યાં. ઈન્ડિયા ગેટથી રાષ્ટ્રપતિ ભવન સુધી લાઠી ચાર્જ, ટીયર ગેસ અને ઠંડા પાણીનો મારો તેમને ડગમગાવી ન શક્યો. તેમણે સરકાર હચમચાવી નાંખી, લગભગ ઝુકાવી પણ દીધી. અગાઉ અણા આંદોલન વખતે પણ સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સથી લોકો ભેગા થયા હતાં, પરંતુ તેનું નેતૃત્ત્વ એક સંસ્થાનાં હાથમાં હતું. આ બંન્ને ઘટનાઓમાં ક્યાંય કોઈ લીડર ન હતો.

જો મહિલાઓની ગરિમાનું ધ્યાન ન રખાયું તો તમે ખતરામાં છો.

દુષ્કર્મ અંગે દેશમાં આક્રોશ : યત્ર નાર્યસ્તુ પૂજ્યંતે રમન્તે તત્ર દેવતા. આ મંત્રનો પુનરોચ્ચાર કરનાર રાષ્ટ્રને દાનવોએ મોટાભાગે શર્મિંદા કર્યું છે. મહિલાઓની ગરિમાનો ભંગ કરનારાઓ દેશની ગરિમા સાથે રમે છે. જયારે દેશની મહિલાઓ હુંકાર કરે છે, ત્યારે મોટી તાકાતને પણ ભોંયભેગી કરી નાંખે છે. દિલ્હીની ઘટનાઓ નજર સામે છે. રાજકીય કલંકો સામે ઝઝૂમી રહેલી સરકારની છબી ખરડાઈ છે. જે કોઈએ મહિલાઓ સામે કટાક્ષ કર્યો કે મજાક ઉડાવી, તેઓ હંમેશ માટે કલંકિત થઈ ગયાં. રાષ્ટ્રપતિનાં પુત્ર અભિજિત મુખરજી તેનું ઉદાહરણ છે. માફી માગી લીધી છતાં તેમનું કલંક ક્યારેય દૂર થશે નહી. મહિલાઓને કપટી કહેનાર શરદ યાદવનું કલંક દૂર થયું નથી. મહિલાની ગરિમાને હાનિ પહોંચાડશો તો તેનાથી વધુ તમારી મહાનતાને હાનિ પહોંચશે. નવી પેઢીને જુદી શિખામણ સ્વીકાર્ય નથી. તમે કોઈ પાષાણકાલીન વક્તવ્ય આપ્યું તો તમે જંગલી હોવાના સમાચાર વનમાં આગની જેમ ફેલાઈ જશે.

કોઈ સ્વાર્થ ન હોય અને ઉદ્દેશ્ય મોટો હોય તો લોકો તમારી સાથે જોડાઈ જાય છે, પરંતુ જેવા દિશા ચૂકશો તો લોકો હટી જશે.

જન આંદોલનનો સાદો અંત : અણા લોકોનાં મતે દેશનાં બીજા ગાંધી. 2011 માં તેમનું આંદોલન આમ આદમીનું આંદોલન બની ગયું. લાખો લોકો એકજૂથ થયા અને લોકપાલ માટે સરકારને ઝૂકવા ન દીધી. 2012 માં અણા ફરી અનશન પર બેઠા તો સમર્થકો બહું ઓછા હતાં. કારણ સ્પષ્ટ હતું, એક ઉદ્દેશ્ય્ માટે લોકો અણા સાથે જોડાયા હતાં. ટીમ અણા ભ્રમિત થવા માંડી. કેજરીવાલ રાજકીય પક્ષ બનાવવા સહમત થઈ ગયાં. ટીમ અણામાં મતભેદનાં અહેવાલો અને સભ્યો પર ભ્રષ્ટાચારનાં આરોપથી ગાંધીની છબી ક્યાંક ખોવાઈ ગઈ.

આકરા નિર્ણય યોગ્ય સમયે નહી લો તો બીજાને નુકશાન થશે પણ તમને વધું.

દેશની અર્થ વ્યવસ્થા ડામાડોળ : 2012 નાં વિશ્વમાં મંદીની સ્થિતિ સુધરતી જોવા મળી ત્યારે ભારતનું અર્થતંત્ર ડગમગી ગયું. બીજા ત્રિમાસિક ગાળામાં એટલે કે જુલાઈથી સપ્ટેમ્બરમાં દેશનો GDP ઘટીને 5.3 ટકા થઈ ગયો. એક વર્ષ પહેલા તે 6.7 ટકા હતો. તજજ્ઞોનાં મતે સરકારે આર્થિક સુધારા શરૂ ન કર્યા, સરકારી ખર્ચ પણ ન ઘટાડ્યો. રાંધણગેસ પરની સબસીડી ઘટાડી રિટેલમાં FDI ને મંજૂરી આપી. આ વિદેશી મૂડીને દેશમાં રોકી રાખવા વિલંબથી થયેલા પ્રયાસ હતાં. જે નુકશાન થવાનું હતું તે થયું અને સરકાર જનતા વિરોધી હોવાની છાપ પડી ગઈ.

શિખરે પહોંચ્યા પછી યોગ્ય સમયે જગ્યા ખાલી નહી કરો તો ગૌરવ જઈ શકે.

સચિન પરફોર્મન્સ અને સંન્યાસ : સચિન પોતાના જ વિક્રમો તોડનારો એટલે કે ક્રિકેટનો ભગવાન. કરોડો ચાહકો કહેવા લાગ્યા કે હવે સંન્યાસ લઈ લેવો જોઈએ. છેવટે 23 ડિસેમ્બર 2012 નાં રોજ વનડે ક્રિકેટમાંથી સંન્યાસ લીધો. સચિન જે સન્માન અને ગૌરવનો હકદાર હતો તે ન મળ્યું. ગુપ્ત રીતે સંન્યાસ લેવા બદલ લોકોએ સવાલ ઉઠાવ્યાં.

જીંદગીમાં આનંદ પ્રમોદ હશે તો વ્યવસાય ચાલવાની અપેક્ષા ન રાખશો.

કિંગ ફિશર એરલાઈન્સનું પતન : 2012 માં સૌથી રસપ્રદ રહી કિંગ ફિશર એરલાઈન્સનાં પતનની કહાની. રોજ નવા સમાચાર આવે, કંપની ડૂબી રહી છે. પગાર પણ નથી ચૂકવી શકતી. સાથે લિંકર કિંગ વિજય માલ્યાનાં અહેવાલો પણ આવે છે. જન્મ દિવસે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો. ભગવાનને કરોડો રૂપિયાની ભેટ ધરી. કિંગ ફિશરનું નુકશાન વધીને રૂપિયા 7000 કરોડ થઈ ગયું. ઓછા બજેટની ડેક્કન એરલાઈન્સ માલ્યાએ ખરીદી, પરંતુ તેની સાથે ઓરમાયું વર્તન કર્યું. છેવટે પરિણામ એ આવ્યું કે કિંગ ફિશર ડૂબી ગઈ. વિજય માલ્યા મોજ કરી રહ્યાં છે.



તમે દ્રઢતાથી કામ કરતા હોવ તો બાકીનાં ગુના માફ થઈ શકે.

ઉત્તરપ્રદેશ અને ગુજરાત ચૂંટણી : વર્ષના આરંભે ઉત્તરપ્રદેશ ચૂંટણીમાં મતદારોએ અખિલેશ યાદવને ચૂંટી કાઢ્યાં. તેઓ પ્રમાણિકતાથી અગાઉનાં રાજમાં ગુંડાગીરી વધી હોવાનું સ્વીકારી રહ્યાં હતાં. લોકોને લાગ્યું કે અખિલેશ પ્રામાણિકતાથી કામ કરવા માંગે છે. તેમને ચૂંટી કાઢવામાં આવ્યાં. બીજી તરફ ગુજરાતમાં નરેન્દ્ર મોદીને વિકાસ મોડેલનાં આધારે ત્રીજીવાર ચૂંટી કાઢવામાં આવ્યાં. મોટું સત્ય એ છે કે લઘુમતીઓની બહુમતી ઘરાવતી બેઠકો પર મોદીનો વિજય થયો. બધાં એ વાતે સહમત હતાં કે મોદીમાં દ્રઢતા છે. પરિણામ એ આવ્યું કે મતદારોએ તેમના જૂના ગુના માફ કરી દીધાં.

નવું ત્યાં સુધી જ નવું છે, જ્યાં સુધી તેની નકલ નથી બનતી.

એપલ અને સેમસંગ વચ્ચે વિવાદ : સેમસંગ અને એપલ વચ્ચે કાનૂની જંગ હજી પૂરો નથી થયો એપલે કહ્યું કે સેમસંગે ડિઝાઈનની નકલ કરી છે. એપલે સેમસંગ પર અનેક કેસ દાખલ કરી દીધાં. શક્તિશાળી મુદ્દાઓ સાથે નબળા મુદ્દા પણ સામેલ કરી દીધાં. એપલે પહેલી જીત પછી મેદાન ન છોડ્યું. સેમસંગે પરાજય પછી લડાઈ લંબાવી દીધી અને બંન્ને લોહીલુહાણ થયા. વ્હાઈટ ગુડ્સ વેચનાર કોરિયાની સેમસંગ કંપની અમેરિકાની વિશાળ એપલની બરોબર ગણાવા લાગી. આ સંઘર્ષમાં બધા માટે એક શિખામણ છુપાયેલી છે. દુશ્મની બરોબરીનાં સાથે કરો. સેમસંગની એપલ સાથે કોઈ બરોબરી નહોતી, પરંતુ સંઘર્ષે તેને સ્પર્ધક બનાવી દીધી. એપલનાં દાવાથી પરેશાન સેમસંગને એવો ફોન બનાવવો પડ્યો કે જેના પર આંગળી ન ચિંધાય. આ જરૂરિયાત નોટ અને એસ 3 જેવા મોડેલની જનની બની. સેમસંગ નંબર વન બની ગઈ.

આંકડો વત્તો ઓછો હોવાથી કૌભાંડ કે ગુના નાના નથી બની જતાં.

કેગના રિપોર્ટ, વિશ્વાસ પર સવાલ : કેગનાં અહેવાલથી દેશનાં સૌથી મોટા કૌભાંડો બહાર આવ્યાં. પ્રથમ પોણા બે લાખ કરોડનું, બીજુ સૌથી મોટું કોલસા કૌભાંડ. સરકાર અહેવાલનાં આંકડાઓને ખોટા કહેવા લાગી. નિષ્ણાતો કહે છે કે આંકડાનાં અનુમાનમાં ભૂલ થઈ શકે, પરંતુ ગુનો ઘટતો નથી. આથી રાજા જેલમાં છે અને કોલસા કાંડની તપાસ ચાલી રહી છે.

તમે આસપાસનાં લોકોનો ધ્યાનથી અભ્યાસ કરો.

રાહુલ ગાંધીનાં ઉદ્દેશ અને પ્રમાણિકતા સામે કોઈ આંગળી ન ચીંધી શકે, છતાં સફળતા હજુય પહોંચની બહાર છે. પોતે દેશને સમર્પિત છે, તો પછી આમ કેમ? સલાહકારોથી લઈને ચાપલુસી કરનારાઓ સુધી તમામની જવાબદારી બને છે. સૌથી મોટી જવાબદારી રાહુલની છે. તમારી આસપાસનાં લોકો જવાબદારી નથી નિભાવી રહ્યાં તો તમે પસંદગીમાં ભૂલ કરી છે.

જો તમે કાંઈક નક્કી કરો, તો તે બનીને રહેશે.

કસાબ અને કોડનાની કેસ : ન્યાયાધીશ નક્કી કરે તો કંઈ પણ સંભવ છે. નરોડા પાટિયાનો રમખાણ કેસ, 95 લોકોની નિર્મમ હત્યા. દશ વર્ષ પછી એક મોટો નિર્ણય લેવાયો. ધારા સભ્ય માયા કોડનાનીને 27 વર્ષ અને બાબુ બજરંગીને જીવતા રહે ત્યાં સુધીની કેદ. બીજો કેસ દેશના ગુનેગાર કસાબનો, કેસ ચાલ્યો ફાસ્ટ ટ્રેક પર અને કસાબને ફાંસી અપાઈ. જીવ ગુમાવનારા લોકોના પરિવારો અને પૂરા દેશને ન્યાય મળ્યો. આ એટલું સરળ ન હતું, તેના કારણે વિશ્વાસ જન્મ્યો કે ન્યાયપાલિકા ઈચ્છે તો અન્યાયને રોકી શકે છે.

તમે લીડર હોવ તો પોતાનું વિઝન હોવું જોઈએ.

યુપીની ચૂંટણીમાં રાહુલ ગાંધી : માત્ર 28 બેઠકો જ મેળવી. કોંગ્રેસને બેઠકોનો ફાયદો થયો, પરંતુ રાહુલની છબીને નુકશાન પહોંચ્યું. રાહુલ માની રહ્યાં હતાં કે કોંગ્રેસ રેસમાં નથી, તે મતદારો કઈ રીતે માને? બીજું કારણ રહ્યું વિશ્વાસની ઉણપ, લોકો માની ન શક્યા કે રાહુલ પાસે પોતાનું વિઝન છે. લોકોને વિઝન દેખાયું નહીં.

કર્મનાં ફળનો રસાસ્વાદ આનંદદાયી હોય છે.

કુકર્મોના રેસા અપાચ્ય હોય છે : વાત છે પોન્ટી ચઢ્ઢા અને ગોપાલ કાંડાની. એકની સફર નમકીનની લારીથી સ્વપનોનાં મહેલ સુધી ગઈ. બીજાની સફર જૂતાની દુકાનથી હવાઈ જહાજ સુધી, જે તિહાર જેલની હવા ખાય છે. બંન્નેએ રાજકીય સંબંધોને સીડી બનાવી. પોન્ટી પોતે રાજનીતિમાં ન આવ્યો, પણ મંત્રી સંત્રી તમામને ખિસ્સામાં રાખતો હતો. 2012 માં ચઢ્ઢા પોતાના લોકોનો જ શિકાર બની ગયો. કાંડાનો ભોગ બનેલી એક યુવતી હવાઈ કિલ્લાને ધ્વસ્ત કરતી ગઈ. રાજનેતા મિત્રોએ પણ મોં ફેરવી લીધું. પોન્ટી કંઈ શીખવા માટે ન રહ્યો, કાંડાને કાયદો શીખવાડશે. આપણે કંઈક પદાર્થ પાઠ ભણી શકીએ, તેઓની અભૂતપૂર્વ સફળતા અને અંજામ પરથી.

તમે જેની સાથે રહો છો તેના જેવા થઈ જાવ.

2011 નાં હીરો અણ્ણા હજારેએ 2012 માં પોતાના સાથીઓની પસંદગીમાં ભૂલ કરી. તેમના કાફલામાં રાજકીય મહત્ત્વકાંક્ષા ધરાવતા લોકોની સંખ્યા વધી ગઈ. ભૂતપૂર્વ સેના પ્રમુખ વી.કે. સિંહે તેમના ઉપવાસ છોડાવ્યા ત્યારે અણ્ણાનાં મોંમાથી રાજકીય પક્ષનું નિર્માણ અને રૂપરેખાની જાહેરાત કરાવી દીધી. પાછળથી અણ્ણાને પોતાની ભૂલનું ભાન થયું, પણ મોડું થઈ ગયું. આંદોલન કલુષિત થઈ ગયું. પ્રતિષ્ઠાને ડાઘ લાગી ગયો. અણ્ણા રાજનીતિને પોતાનાથી દૂર ગણાવીને નીકળી ગયાં.



➢Ab India Hoga Sampurna Sakshar

પાઠશાલા... મસ્તીની નહી, સેવાની...

યુવાની એટલે માત્ર કોલેજમાં ગુલ્લી મારવાની ને અલ્લડ મસ્તી કરવાની ઉંમર ? ના, સુરતનાં આ કોલેજિયનોએ જાત કમાઈ દ્વારા ગરીબ બાળકોને ભણાવવાનું ભગીરથ કામ માથે લઈ જુવાનીની નવી વ્યાખ્યા લખી છે...

કોલેજે જતાં યંગસ્ટર્સ ભણવા ઓછું અને ભમવા વધુ જાય. ક્લાસ બંક કરીને કેન્ટીનમાં ગપ્પા મારવાનું એમને વધારે ગમે. કંઈ કમાતા ન હોય તો પણ પેટ્રોલનાં ધુમાડા કરવા અને મોબાઈલનાં બિલ વધારવા... ઢસડાતું અને ફાટેલું જીન્સ આ યંગસ્ટર્સની ઓળખ છે. લાંબા વાળ, મોટા ઈયરિંગ્સ અને આઈ બ્રો વીંધાવીને લટકાવેલા ટિંગણિયા એમના માટે ઈન થિંગ છે... આજકાલનાં યંગસ્ટર્સનાં લૂક અને વર્તન વિશે સામાન્યતઃ આવો પ્રતિભાવ મળે, પણ આજે એવા યંગસ્ટર્સની વાત કરીએ, જેમનામાં ખરેખર કંઈક કરી બતાવવાનો થનગનાટ છે. અઢારથી વીસ વર્ષની ઉંમરનાં આ જુવાનિયા માટે દુનિયા કો બદલ ડાલેંગે, એક નયા સવેરા આયેગા.... એવા શબ્દ ઓછા પડે એવું કંઈક કામ કરતાં યંગસ્ટર્સનાં ગ્રુપ પાઠશાલાની આ વાત છે.

સુરતનાં વીસ છોકરા અને વીસ છોકરીએ એક અનોખું ગ્રુપ બનાવ્યુ છે. ગ્રુપનું સ્લોગન છે. એજ્યુકેશન ઈઝ એવરી ચાઈલ્ડ્સ રાઈટ... એટલે શિક્ષણ એ દરેક બાળકનો અધિકાર છે. સુખી સંપન્ન પરિવારનાં આ જુવાનિયા ઘરે ભલે સખી ન ભાંગતા હોય, પણ પોતાની પાઠશાળા ગ્રુપની પ્રવૃત્તિમાં વાંકા વળીને નાનું મોટું કામ કરવા તત્પર રહે છે. પાઠશાળાનાં ક્લાસ રૂમમાં સાવરણી વાળવાની હોય કે કલર કામથી થયેલા જમીન પરના ડાઘા દૂર કરવાના હોય, ઘરેઘરથી એકઠી થયેલી પસ્તી વેચવા જવાની હોય કે ઝૂંપડપટ્ટીમાં રહેતાં બાળકોને દીવા ડેકોરેટ કરતાં શીખવવાનું હોય. પાઠશાળા ગ્રુપનાં યુવાનોને એક પણ કામની નાનપ નથી. આ પાઠશાળા ગ્રુપમાં કોઈ પ્રેસિડન્ટ નથી કે કોઈ સેક્રટરી નથી. અહીં બધાં જ સામાન્ય કાર્યકર છે. આખી જિંદગી પાઠશાળા ગ્રુપમાં ચીપકી રહેવાની એમની ગણતરી પણ નથી. દર વર્ષે નવી પેઢીના જુવાનિયાને ગ્રુપમાં ઉમેરતા જવાના અને સિનિયર લોકોએ પોતાનો રોલ ઓછો કરી નાખવાનો... આવા અનેક અવનવા નિયમ સાથે આ પાઠશાળા કામ કરી રહી છે. આ પાઠશાળા મસ્તીની નથી, આ તો સેવાની પાઠશાળા છે. આ પાઠશાળા આવનારી પેઢીને કંઈક સંદેશો આપવા માગે છે. એમના અનેક સપનાં છે, એ ધીમે ધીમે સાકાર પણ થઈ રહાં છે.

આ 'પાઠશાળા ગ્રુપ' શરૂ કેવી રીતે થયું ? સુરતની રેયોન ઈન્ટરનેશનલ સ્કૂલમાં ભણીને કોલેજનાં ઉંબરે ચડેલા યુવાનોને કોલેજની રૂટિન લાઈફથી કંઈક જુદું કરવું હતું. કૌશલ કહે છે, ગયા વર્ષે રક્ષાબંધનનાં થોડા દિવસ પહેલા મને વિચાર આવ્યો કે વિકલાંગ બાળકો સાથે આપણે તહેવાર ઉજવીએ તો? બસ, આ વાત ત્રણેય મિત્રોને કહી અને એમણે મારી વાતને વધાવી લીધી. વિકલાંગ સ્કૂલનાં બાળકો સાથે તહેવાર મનાવ્યા પછી અમારા દિલને કંઈક સારું કર્યાનો સંતોષ થયો. થોડા મહિના પછી અમે એ જ વિકલાંગ બાળકોની શાળામાં ક્રિસમસ સેલિબ્રેટ કરવા ગયાં, એ સમયે બીજા ઘણાં મિત્રો એકઠા થઈ ગયેલા. અમે બાળકોને બેબીઝ ડે આઉટ ફિલ્મ બતાવી અને ચોકલેટ્સ વહેંચી. એક મિત્રે સાન્તા ક્લોઝ બનીને બાળકોનું મનોરંજન કર્યું. કૌશલની સાથે પહેલેથી પાઠશાળાનો સાથી રહેલો અંક્તિ કહે છે, અમને જરાસરખો પણ અંદાજ નહોતો કે અમારો આ પ્રયત્ન ગ્રુપમાં વખાણાશે. એ પછી તો અમે ચાર મિત્રોમાંથી ચાલીસ મેમ્બર થઈ ગયાં. ગ્રુપ મોટું થઈ ગયું, અમારી અલગ ઓળખ બને એ માટે અમે ગ્રુપનું નામ અને લોગો બનાવ્યા. સેવા કરવા માટે અમે નીકળીએ તો એમ જલદી કોઈ ભરોસો પણ ન મૂકે આથી અમે આઈડેન્ટી કાર્ડ બનાવ્યાં. સુરતની પીટી એજ્યુકેશન અને ICFAI આ બંન્ને શૈક્ષણિક સંસ્થાએ અમને ટી શર્ટ અને લોગો છપાવીને આપ્યાં. ગામમાં પાઠશાળાને લગતું કામ કરવા જઈએ એટલે એ ટી શર્ટ પહેરીને જઈએ. અંબિકા કહે છે : સુરતની SPB ભગવાન મહાવીર કોલેજ, DRB કોલેજ અને BRCM કોલેજનાં સ્ટુડન્ટ્સ અમારા ગ્રુપમાં છે. ગ્રુપમાં કામ પણ વહેંચી દીધું. દર મહિનાનાં પહેલા શનિવારે કોઈ એક જગ્યા નક્કી કરીને એકઠાં થવાનું. કમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ તમામ મેમ્બર્સને મેસેજ પહોંચાડે. ફાઈનાન્સ અને ઈવેન્ટ કોઓર્ડિનેશન વિભાગ પણ અલગ અલગ મેમ્બર્સ સંભાળે. પાઠશાલા ગ્રુપનાં સભ્યો હજી કોલેજમાં ભણે છે. ફોન દ્વારા બધાં એકબીજાને પાઠશાલાની ગતિવિધિ વિશે વિદ્યાર્થીઓને મેસેજ કર્યે રાખે. પાઠશાલા ગ્રુપ સાથે જોડાયેલો ઋષભ કહે છે, ગ્રુપ બની ગયું હતું. સમાજ



સેવાનું કામ કરવું હતું, પરંતુ પહેલા એ માટે ફંડ એકઠું કરવાનું હતું. દર મહિને એક વખત અમારી મીટિંગ થાય ત્યારે બધાંએ સો રૂપિયા પાઠશાળા ગ્રુપમાં જમા કરાવવાના, પણ ચાર હજાર રૂપિયામાં શું થાય? આથી અમે આનંદ મેળો ગોઠવ્યો. ખાણી પીણીનાં પચ્ચીસ સ્ટોલ્સ અને ગેમ્સ માત્ર ત્રણ કલાક માટે રાખેલી. ફન ફેરને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો.

ફન ફેરમાં સુરત ચેમ્બર ઓફ કોમર્સનાં પૂર્વ પ્રેસિડન્ટે પાઠશાળાનું કામ જોયું અને તરત જ પાંચ હજાર રૂપિયા યુવાનોને આપ્યાં. પાઠશાળાને મળેલું આ સૌથી પહેલું ડોનેશન. 'ડોનેશન મળ્યું એ દિવસે અમારું જોમ બેવડાઈ ગયું.' અમને થયું હવે વાંધો નહીં આવે. ઋષભની વાત આગળ વધારતાં અમિત કહે છે. ફન ફેરમાં અમારી આવક થઈ ત્રીસ હજાર રૂપિયા. સામાન્ય લોકોને પાઠશાળાનાં કામ અને નામ વિશે ખબર પડે એ હેતુથી અમે પંદર ઓગસ્ટ અને છવ્વીસમી જાન્યુઆરીનાં રોજ બ્લડ ડોનેશન કેમ્પ રાખ્યાં. ધુળેટીનાં દિવસે અનાથ આશ્રમમાં ગયા, તો જન્માષ્ટમીનાં રોજ એક સરકારી સ્કૂલમાં મટકી ફોડવાનું ફંકશન કર્યું. અસ્તિત્વનું પહેલું વર્ષ હોવા છતાં પાઠશાળા આર્થિક રીતે સદ્ધર ગ્રુપ બની ગયું છે. હવે લોકોની જવાબદારી લેવામાં કંઈ વાંધો આવે એમ નહોતો. અમિત કહે છે, અમે ગ્રુપમાં SMS વહેતો કર્યો. ગરીબ લોકોના બાળકોને ભણવામાં આર્થિક જરૂર હોય તો અમારો સંપર્ક કરજો, એ રીતે અમે ચાર બાળકને શોધ્યા. કૌશલ કહે છે, રિક્ષાવાળાનાં અને પારકા કામ કરતાં લોકોના બાળકો અમે શોધ્યા. એ રીતે અમને પૂજા, છોટુ, લક્ષ્મી અને ધ્વનિશ મળ્યાં. એ બાળકોને અમે સારી સ્કૂલમાં શિફ્ટ કર્યા. અમે પૂજાને દાખલ કરવા માટે સુરતની પ્રતિષ્ઠિત ગણાતી શારદાયતન સ્કૂલમાં ગયાં. અમે પૂજા માટે ડોનેશનનાં દસ હજાર રૂપિયા લઈને ગયેલા, પણ પાઠશાળાનું કામ જોઈને આ સ્કૂલોએ અમારું ડોનેશન જતું કરી દીધું. ધ્વનિશ નામના વિદ્યાર્થીની વાત કરતાં તરેશ કહે છે, ધ્વનિશને અગિયાર સાયન્સમાં બાણું ટકા આવેલા. ભણવાનાં રૂપિયા ન હોવાથી એના મા બાપ તેને શાળાએથી ઉઠાડી લેવાનાં હતાં, પણ અમે એની જવાબદારી સ્વીકારી. ટર્મના પહેલા દિવસે ધ્વનિશે પાઠશાળામાં યુવાનોને પ્રોમિસ આપ્યું કે હું નેવું ટકા માર્કસ સાથે પાસ થઈશ. આ ચારેય બાળકની સ્કૂલનાં ઓપન હાઉસમાં રોટેશન પ્રમાણે પાઠશાળાનાં કાર્યકરો વાલી તરીકે જાય છે. વિકાસ કહે છે, મનમાં એવો સંકલ્પ કરીએ છીએ કે ઘરમાંથી મળતાં પોકેટમનીમાંથી બનશે એટલી બચત કરીશું અને પાઠશાળામાં ડોનેશન આપીશું. સુરત શહેરમાં કેફે કોફી ડે, બ્રુ બેરીઝ, કૉફી કલ્ચર સહિત પંદરેક એવી જગ્યાએ પાઠશાળાનાં ડોનેશન બોક્સ છે. અનેક બુટિક્સમાં પણ આ ડોનેશન બોક્સ છે. ડોનેશન આપનારા એક બે મહિનામાં આ બોક્સ છલકાવી દે છે. આજકાલનાં બાળકોને કમ્પ્યુટર કે ઈંગ્લિશ ભાષાનું વ્યવહારું જ્ઞાન હોવું જોઈએ. દિવ્યા કહે છે, સુરત કોર્પોરેશનની એક શાળા સાથે અમે કામ શરૂ કર્યું. આનંદ નિકેતન સ્કૂલનાં પ્રિન્સિપાલે અમને સરળતાથી કામ પાર પડે એવું માર્ગદર્શન આપ્યું. પર્સનાલિટી ડેવલપમેન્ટ અને ઈંગ્લિશ શીખવતાં ટીચરે અમને કોર્પોરેશનની શાળામાં આવતાં બાળકો માટે ઈંગ્લિશ કેવી રીતે શીખવવું એનો કોર્સ તૈયાર કરી આપ્યો. અમે કમ્પ્યુટરનો કોર્સ કોર્પોરેશનની શાળાનાં બાળકોનું જે લેવલ હોય એ રીતે તૈયાર કરાવ્યો છે. સ્કૂલનાં 200 બાળકોને બેઝિક ટાઈપિંગ, ગ્રાફિક્સ, પેન્ટીંગ વગેરે શીખવવામાં આવે છે. પૂર્વા કહે છે, થોડા સમયમાં અમે ગ્રહણ શક્તિ વધે એવું સોફ્ટવેર પણ લાવીશું. અઠવાડિયાનાં છ દિવસ રોજનાં બે કલાક બાળકોને અંગ્રેજી અને કમ્પ્યુટર ભણાવવામાં આવે છે. શનિવારે પેન્ટીંગ, ડાન્સિંગ, સ્ટોરી ટેલિંગ જેવી પ્રવૃત્તિ હોય. પાઠશાળાનાં કાર્યકર જ નહીં, પણ સુરતની કોઈ પણ વ્યક્તિ બાળકો સાથે ભાગીદાર બની શકે. થોડા દિવસ પહેલા અમને કોઈએ 200 ટૂથબ્રશ ડોનેટ કર્યા, અમે બાળકોને ટૂથ કેરની કિટ આપીશું. કોઈ ડ્રોઈંગ બુક આપી જાય તો કોઈ કલર્સ.... આવું અનેક પ્રકારનું ડોનેશન અમને મળતું રહે છે. ટેક્નોલોજીને હાથવગી રાખવા આ પાઠશાલા ગ્રુપને સાત કમ્પ્યુટરનું ડોનેશન મળ્યું એ વાત બહું રસપ્રદ છે. સાકીર કહે છે, ત્રણ મહિના પહેલાં અમને ક્લાસ શરૂ કરવા માટે કમ્પ્યૂટરની જરૂર હતી. અમે એક SMS વહેતો મૂક્યો, એ મેસેજ સુરતનાં સ્વસ્તિક બિલ્ડરવાળા ધવલ પાસે ગયો. ધવલભાઈનો સામેથી ફોન આવ્યો કે કેટલાં અને કેવા પ્રકારનાં કમ્પ્યૂટર જોઈએ છે. એવું પૂછીને એમણે ફોન મૂકી દીધો, બે દિવસ પછી ફરી એમનો ફોન આવ્યો. તમારા કમ્પ્યુટર આવી ગયાં છે. અમારા કામને બમણો વેગ મળી ગયો. ગયા વેકેશનમાં પાઠશાળા ગ્રુપે પંદર દિવસ માટે પેન્ટીંગ, ડાન્સિંગ, સાઈટસીઈંગ, ક્રાફ્ટ, કાર્ટૂન પાર્ટી, પૂલ પાર્ટી વગેરે પ્રવૃત્તિ સાથેનો સમર કેમ્પ ગોઠવ્યો હતો. ગ્રુપને 53 બાળક તરફથી અઢી અઢી હજાર રૂપિયા ફી પેટે મળ્યાં. ગ્રુપને સત્તાવન હજારનો ફાયદો થયો. કૌશલ કહે છે, 'અમે આ કેમ્પ માટે એક બંગલો ભાડે રાખ્યો હતો. મકાન માલિક દર બે ચાર દિવસે અમારા સમર કેમ્પ પર આંટો મારી જાય. છેલ્લે દિવસે અમે અગિયાર હજાર મકાન ભાડું અને મકાનની ચાવી આપવા ગયાં. એમને મકાન ભાડું પરત કર્યું અને એટલા જ રૂપિયા ઉમેરીને પાઠશાળાને ડોનેશન આપ્યું.' પાઠશાળાએ કોલેજ જતાં તમામ યંગસ્ટર્સ અને સુરતવાસીઓને પોતાનાં ઘરની ભંગાર ચીજો અને પસ્તી આપી જવા અપીલ કરી તો સેવન્થ ડે કોલેજમાં પાઠશાળાએ રદ્દી ડે ઊજવ્યો. ભંગારમાંથી પાઠશાળાને પંદર હજાર રૂપિયા મળ્યાં.

અંગ્રેજી અને કમ્પ્યૂટરનું શિક્ષણ મેળવતાં 200 બાળકની સાથે મળીને પાઠશાળાનાં કાર્યકરોએ માટીના ચારસો દીવડા રંગ્યા. બાળકોએ રંગેલા દીવા મોટી કંપનીઓમાં સપ્લાય કર્યા. દસ રૂપિયાનો એક દીવડો વેચીને મળતી રકમથી ગરીબ બાળકની જિંદગી રોશન કરવાની નેમ પાઠશાળાની છે. આવતાં વર્ષે પાઠશાલા બીજા ચાર બાળકનો ભણવાનો ખર્ચ ઉપાડી લેશે. પાઠશાળાના યુવાનો કહે છે. **અપની તો પાઠશાળા, સેવા કી પાઠશાળા.....**



વિશ્વને સૌથી સસ્તી દવા આપવામાં ભારત આગળ...

એક અનોખી સેવામાં આપણો દેશ

કેન્સર દવાને પેટન્ટ નહીં આપીને ભારતીય કોર્ટે વિશ્વને હલાવી નાખ્યું છે. એક વ્યવસ્થિત અપપ્રચારનાં ભાગરૂપે એવું જણાવાય છે કે હવે આપણને કોઈ નવા રિસર્ચનો ફાયદો નહીં મળે. હકીકત એ છે કે સસ્તી દવા બનાવીને આપણે વિશ્વને પૂરી પાડીએ છીએ. ભારતની આ પહેલને ધ્યાનમાં લઈ નવા તથ્ય સામે આવ્યાં છે...

અમેરિકાની આંખ ખુલી : કીમો થેરાપી ભારતમાં 2500 ડોલરની, આપણે ત્યાં 70,000 ડોલરમાં કેમ?

પહોંચ કે પ્રોફીટ? ભારતનાં એક નિર્ણયે છેડ્યો વિવાદ

ઈનોવેશન પ્રોફીટ માટે કે દર્દીના હિતમાં...

અમેરિકા સહિત સમગ્ર વિશ્વને આપણે સૌથી સસ્તી દવા આપીએ છીએ, કોણ કેટલી દવા આપણી પાસેથી ખરીદે છે :

50 ટકા : એશિયા,આફ્રિકા અને લેટિન અમેરિકામાં જેનરિક દવા મોકલાય છે.

27 ટકા : અમેરિકા સૌથી મોટો ખરીદદાર.

23 ટકા : યુરોપ, જાપાન અને ઓસ્ટ્રેલિયા, અહીં દવા માટે કડક નિયમ.

2012-13 : 75 હજાર કરોડ રૂપિયાની દવા 200 દેશોને આપી.

2020 નો અંદાજ : 3.80 લાખ કરોડ રૂપિયાની દવા આપણે આપીશું.

➤ HIV એઈડ્સની 80 ટકા દવા વિશ્વને આપણે આપીએ છીએ.

➤ 80 લાખ એઈડ્સ પીડિત દર્દીઓને ભારતીય દવાથી ફાયદો મળે છે.

વિશ્વમાં સૌથી સસ્તી, પ્રમાણિક અને કારગત દવા આપણે બનાવીએ છીએ, 150 ટકા સસ્તી દવા ભારતે બનાવી છે.

મોંઘી દવાઓની તુલનામાં એવી જ કારગત દવા બનાવીને આપણે સમગ્ર વિશ્વની જરૂરિયાત પૂરી કરી છે.

બ્લડ કેન્સર

આપણી દવા : ₹ 8000, પેટન્ટ દવા : ₹ 1.20 લાખ

કિડની અને લીવર કેન્સર

આપણી દવા : ₹ 8800, પેટન્ટ દવા : ₹ 30,000

ટાઈપ ટુ ડાયાબીટીસ

આપણી દવા : ₹ 1000-1500, પેટન્ટ દવા : ₹ 1290-1980

હિપેટાઈટીસ સી

આપણી દવા : ₹ 1.5-2.5 લાખ, પેટન્ટ દવા: ₹ 3.5 થી 6.5 લાખ

માત્ર નફા માટે પેટન્ટ મંજૂર નથી : આપણા કાયદામાં રિસર્ચને માન્યતા આપવામાં કોઈ મનાઈ નથી, તેની કેટલીક માર્ગ રેખા છે.

આપણો પેટન્ટ કાયદો કેવો છે : ભારતમાં એવી જ દવાઓને પેટન્ટ અપાય છે. જેનું કેમિકલ કમ્પોઝીશન 1995 બાદ તૈયાર કરાયેલું હોય. અગાઉના કમ્પોઝીશન કે જૂના કમ્પોઝીશનમાં મામૂલી સંશોધન કરીને પેટન્ટ માગવામાં આવે તો તેનો સ્વીકાર કરાતો નથી.

નોવાર્ટીસની ફોર્મ્યુલા જૂની હતી : નોવાર્ટીસનો વિજય થયો હોત તો દરેક દવા કંપની પોતાની જૂની દવામાં સુધારો કરી પેટન્ટ દવા લેવા દોડી આવત. આ રીતે દવા મોંઘી થવાની રેસ લાગત. નોવાર્ટીસે 1989ની એક ફોર્મ્યુલામાં મામૂલી ફેરફાર કરીને ગ્લીવેક માટે પેટન્ટ માંગી હતી.

ભારતમાં શા માટે સસ્તો ઈલાજ જરૂરી છે?

➤ 70 ટકા લોકો પાસે કોઈ હેલ્થકેર વીમો હોતો નથી, તેમણે પોતાના નાણાં વડે જ ખર્ચ કરવો પડે છે.

➤ અમેરિકા અને બ્રિટનમાં 100 ટકા લોકોની સારવારનો ખર્ચ વીમા કંપની કે સરકાર ઉઠાવે છે.

➤ Global India

ટોપ 10 ગ્લોબ સિટીઝમાં મુંબઈ

26 અબજપતિ સાથે મુંબઈ અબજપતિઓની યાદીમાં છઠ્ઠા ક્રમે

આપણી માયાનગરી એટલે કે મુંબઈનો સૌથી વધુ અબજપતિઓ રહેતા હોય એવા વિશ્વનાં ટોપ 10 શહેરોમાં સમાવેશ થાય છે. રિસર્ચ એજન્સી વેલ્થ ઈનસાઈટનાં સંશોધન મુજબ મુંબઈ આ યાદીમાં છઠ્ઠા ક્રમે છે. મુંબઈમાં 26 અબજપતિ રહે છે. યાદીમાં જણાવ્યા મુજબ મુંબઈમાં શાંઘાઈ, પેરિસ અને લોસ એન્જલિસથી પણ વધુ અબજપતિ રહે છે. યાદીમાં સૌથી મોખરે રહેનાર ન્યૂ યોર્કમાં 70 અબજપતિ રહે છે. મોસ્કો/64, લંડન/54, હોંગકોંગ/40 અને બેઈજિંગ/29 અબજપતિઓ સાથે પાંચમા ક્રમે છે. વેલ્થ ઈનસાઈટની ટોપ 20 શહેરોની યાદીમાં ભારતનું એક પણ શહેર નથી. આ યાદીમાં ટોક્યો સૌથી મોખરે છે. ટોક્યોમાં 4.6 લાખ ધનિકો છે. ધનિકોની બાબતમાં ભારત 11 માં ક્રમે છે. આશા છે કે વર્ષ 2020 સુધીમાં ભારત પાંચમા ક્રમે આવી જશે.

ટોપ 10 શહેર અને અબજપતિઓ

01. ન્યૂ યોર્ક : 70, **02.** મોસ્કો : 64, **03.** લંડન : 54

04. હોંગકોંગ : 40, **05.** બેઈજિંગ : 29, **06.** મુંબઈ : 26

07. ઈસ્તમ્બુલ : 24, **08.** શાંઘાઈ : 23

09. પેરિસ : 22, **10.** લોસ એન્જલિસ : 19



રેમિટન્સ મેળવવામાં ભારત પ્રથમ

એક વર્ષમાં વિદેશોમાંથી ભારતમાં 3.72 લાખ કરોડ રૂપિયા આવ્યાં...

દેશની બહાર કામ કરી રહેલા નાગરિકો પાસેથી નાણાં મેળવવાની બાબતે 2012 માં ભારત પ્રથમ ક્રમે રહ્યું. એક વર્ષમાં વિદેશોમાં રહેતા ભારતીયો મારફતે 69 અબજ ડોલર દેશમાં આવ્યાં. વિશ્વ બેન્કનાં રિપોર્ટ અનુસાર ચીન બીજા, ફિલિપાઈન્સ ત્રીજા, મેક્સિકો ચોથા અને નાઈજીરિયા અને ઈજિપ્ત પાંચમા ક્રમ પર રહ્યાં છે. પાકિસ્તાન, બાંગ્લાદેશ, વિયેતનામ અને લેબેનોનને પણ મોટો હિસ્સો મળ્યો છે. વિકાસશીલ દેશોનાં નાગરિકોએ 2012 માં અંદાજિત 401 અબજ ડોલર સ્વદેશ મોકલ્યા. ગયા વર્ષની સરખામણીમાં 5.3 ટકા વધુ છે.

રેમિટન્સ મેળવનારા ટોપ 5 દેશો

1. ભારત : 69 અબજ ડોલર [3.72 લાખ કરોડ]

2. ચીન : 60 અબજ ડોલર [3.24 લાખ કરોડ]

3. ફિલિપાઈન્સ : 24 અબજ ડોલર [1.29 લાખ કરોડ]

4. મેક્સિકો : 23 અબજ ડોલર [1.24 લાખ કરોડ]

5. નાઈજીરિયા : ઈજિપ્ત : 21 અબજ ડોલર [1.13 લાખ કરોડ]

જિતેન્દ્ર



➤ Save Tree For Quality Life

જીવનને ધબકતું રાખે પર્યાવરણ

બ્રહ્માંડમાં પૃથ્વી જ એક માત્ર એવો ગ્રહ છે, કે જ્યાં સજીવ સૃષ્ટિ ફૂલીફાલી છે. પૃથ્વી પરનું કુદરતી પર્યાવરણ એવું છે કે અહીં સજીવોનું અસ્તિત્વ છે. આવું કુદરતી પર્યાવરણ જ માનવ જીવનને ધબકતું રાખે છે. પૃથ્વી પર માનવજાતિનું અસ્તિત્વ તેમજ તેની પ્રગતિનું પ્રેરકબળ પર્યાવરણ છે. માનવ અને પર્યાવરણનો નાતો વર્ષો જૂનો છે. પર્યાવરણ કોઈ સ્થળ, પ્રદેશ કે સજીવને સ્પર્શતી બાબત નથી, એ સમગ્ર માનવજાતના અસ્તિત્વ અને વિકાસનો આધાર છે. આજે પર્યાવરણની સુરક્ષા ખૂબ જ ગંભીર પ્રશ્ન બની ગયો છે. જંગલો ખતમ થઈ રહ્યાં છે. ધરતીનાં પેટાળમાં પાણી નીચે જઈ રહ્યું છે. પર્યાવરણની સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. લોકોમાં જાગૃતિ આવે એ હેતુસર 1972 થી સંયુક્ત રાષ્ટ્રસંઘે આખા વિશ્વમાં '5 જૂન' વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઊજવવાનો નિર્ણય લીધો. પર્યાવરણ દિવસે વિવિધ કાર્યક્રમોનાં આયોજન માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ વિષયની પસંદગી કરીને સૂત્ર આપે છે.

પર્યાવરણનું સંતુલન ક્યારે જળવાય?

પર્યાવરણ દરેક સજીવ માટે બે અગત્યના કાર્યો કરે છે. એક સ્ત્રોત રૂપે એટલે કે ખોરાક, રહેઠાણ, કપડા, હવા વગેરે સજીવો પર્યાવરણમાંથી જ મેળવે છે. બીજું કચરાપેટી રૂપે એટલે કે બધાં સજીવો પોતાની જીવનક્રિયાઓ દ્વારા જે આડપેદાશો કરે, તેનો પર્યાવરણ સ્વીકાર કરે છે. પર્યાવરણનાં આ બંને કાર્યો પોષણ અને શોષણ યોગ્ય રીતે ચાલે તો પર્યાવરણ સંતુલિત રહે છે. આજે પર્યાવરણનું સંતુલન આપણે જાળવી શક્યા નથી. માણસે જ્યાર થી વિકાસ નામનું શસ્ત્ર પોતાના હાથમાં લીધું છે ત્યારથી પર્યાવરણનાં કાર્યો પોષક અને શોષકમાં ગરબડ થવા લાગી છે. અનેક પર્યાવરણીય સમસ્યાઓ ઊભી થઈ છે. પર્યાવરણની સમતુલામાં માણસની દખલગીરીથી વિક્ષેપ ઊભો થયો છે.

પર્યાવરણ સંરક્ષણ માટેના કાર્યક્રમો

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પર્યાવરણ સંરક્ષણનાં કાર્યક્રમને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રીય કક્ષાએ 'વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા' અને 'ઈન્ડિયન વાઈલ્ડ લાઈફ બોર્ડ' નાં દિશા સૂચન પ્રમાણે રાજ્ય સરકાર મારફત વન્ય જીવન સંરક્ષણના કાર્યક્રમો ચાલે છે.

પર્યાવરણની મુખ્ય સમસ્યાઓ

ઔધોગિકરણ, પાણી પ્રદૂષણ, કચરાની સમસ્યા, શહેરીકરણ, ઓઝોનના પડમાં ગાબડું, કુદરતી સ્ત્રોતનો દુરઉપયોગ, જમીન પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જમીન ધોવાણ, ગ્રીનહાઉસ અસર, એસિડ વર્ષા ઉપરાંત ઘણી સમસ્યાઓને કારણે પર્યાવરણનું સંતુલન ખોરવાયું છે. આથી પર્યાવરણને અને માનવજીવનને માઠી અસર પહોંચી છે. કુદરતી પર્યાવરણીય સમસ્યાઓમાં પૂર, દુષ્કાળ, ભૂકંપ, વાવાઝોડું, વીજળી પડવી, ધુમ્મસ, બરફ પડવો, હિમ પડવો, કરા પડવા, ગરમ કે ઠંડી હવાનાં મોજાં, પવનનાં તોફાનો, જવાળામુખી અને લાવાનો સમાવેશ થાય છે.

પર્યાવરણ માહિતી કેન્દ્ર

પર્યાવરણ સંરક્ષણ અંગે કાર્યરત લોકોને સાચી અને યોગ્ય માહિતી પૂરી પાડવા માટે ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયે 1982 માં 'પર્યાવરણ માહિતી કેન્દ્રની' શરૂઆત કરી.

પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને સમાધાન

- દરેક વ્યકિત ઘર, મંદિર કે જ્યાં વૃક્ષની સંભાળ લઈ શકાય એવી જગ્યાએ વૃક્ષારોપણ કરે.
- ગિફટમાં પણ છોડ આપવો જોઈએ.
- શાળા કોલેજોમાં શિક્ષકો, પ્રિન્સિપાલ, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ રાષ્ટ્રીય પર્વ તેમજ મહત્વના દિવસોએ વૃક્ષો વાવે.
- દરેક ગામ કે શહેરમાં પર્યાવરણ સુરક્ષા હેતુ સમિતિ બનાવવામાં આવે.
- પાણીનો બગાડ અટકાવવો જોઈએ. બિનજરૂરી વીજળીનો વપરાશ ટાળવો. પોલિથિનનો ઉપયોગ ન કરવો. કચરો હંમેશા કચરાપેટીમાં નાંખવો. આવી દરેક બાબતોને ધ્યાનમાં રાખીને પર્યાવરણની સુરક્ષા કરી શકાય. આમ કરવાથી તમારા બિનજરૂરી ખર્ચા ઘટશે તેમજ પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવ્યાનો તમને સંતોષ થશે.

આ પણ જાણો...

કોઈ પણ દેશમાં તંદુરસ્ત પર્યાવરણ માટે જમીનના 33 ટકા ભાગ ઉપર જંગલો જરૂરી છે. ભારતમાં વન સર્વે 2001 પ્રમાણે નોંધાયેલ વન વિસ્તાર ઘણો ઓછો છે. વૃક્ષની એક જાત પૃથ્વી ઉપરથી નષ્ટ થાય ત્યારે તેની સાથે, તેના ઉપર નભતાં 10 થી 30 જાતનાં કીટકો, મોટા પ્રાણીઓ અને અન્ય પ્રાણીઓનું અસ્તિત્વ જોખમાય છે. આપણા દેશમાં કુલ ઉત્પન્ન થતા કચરામાંથી સરેરાશ 45 થી 66 ટકા પ્રમાણ સેન્દ્રીય કચરાનું હોય છે. આ કચરાને નાખી કે બાળી દેવાને બદલે જો તેનું ખાતર બનાવવામાં આવે તો ઘણું પ્રદૂષણ અટકે અને બહુમૂલ્ય સેન્દ્રીય ખાતર મળે. એક હેક્ટર જમીનમાં ઊભેલું વન 20 મોટરકારમાંથી નીકળતી પ્રદૂષિત ધૂમ્ર હવાને સ્વચ્છ કરી શકે છે. પ્રકૃતિનાં સંરક્ષણની શરૂઆત ભારતમાં મૌર્ય સમ્રાટ અશોકે કરી. પ્રકૃતિનાં મહત્ત્વને સ્વીકારતા વન્ય જીવજંતુઓનાં શિકાર પર અંકુશ અને રક્ષણનાં નિયમો આજે પણ તેના શિલાલેખોમાં જોવા મળે છે.

➤ **Water Revolution**

પરિવર્તનની 5 કથા

પાણીનો ખૂબ બગાડ થાય છે, હવે તેનો યોગ્ય ઉપયોગ શીખવાની જરૂર છે.

1. રાજસ્થાન : વસ્સીમાં સોફ્ટવેર દ્વારા ખેતી થાય છે.

કેટલું પાણી અને ખાતર આપવું બધુંજ કોમ્પ્યુટર દ્વારા કંટ્રોલ. હવે ખેતી પણ હાઈટેક બની રહી છે. જયપુરનાં વસ્સી ગામ પાસે કૃષિ વિભાગનાં ડીંડોલ ફાર્મમાં ઈઝરાયલી તકનીક પર આધારિત સિંચાઈનો પ્રયોગ સફળ રહ્યો છે. ઈઝરાયલની ટેક્નોલોજી દ્વારા પાણીનાં પ્રત્યેક બુંદ ઉપયોગમાં લેવાય છે. છોડને કેટલું પાણી અને ફર્ટીલાઈઝર આપવું, કેટલો સમય પંપ ચાલશે બધુજ કોમ્પ્યુટરથી કંટ્રોલ થાય છે. સિંચાઈનાં સોફ્ટવેર સરળતાથી ઉપલબ્ધ થયાં છે. જમીન પર પ્લાસ્ટીક પાથરવામાં આવે છે, તેનાથી પાણીનું બાષ્પીભવન થતું નથી અને ઓછા પાણીમાં છોડ તૈયાર થાય છે.

2. પંજાબ : નદીઓને સાફ કરવાનો માર્ગ ખુલ્યો.

જળકુંભી દ્વારા ઉદ્યોગ : નદી માટે સૌથી મોટી સમસ્યા જળકુંભી છે. તે કશું કામમાં આવતી નથી, તેથીજ લોકો તેને નદીમાંથી દૂર કરતા ન હતાં. જલંધરનાં લોકો હવે જળકુંભીથી પેન સ્ટેન્ડ, ફાઈલ કવર તથા ડાઈનીંગ ટેબલની મેટ બનાવી રહ્યાં છે. પોલીથીનનો વપરાશ ઓછો કરવા હેન્ડબેગ પણ બનાવે છે. ચાલીસ વર્ષનાં હરદેવ જળકુંભી દ્વારા મેટ બનાવે છે. એક હાથમાં ચાકુ અને ફેવીકોલની ટયૂબ સાથે તેઓ જણાવે છે કે જમીનદારો ખેતી માટે મશીનો ખરીદે છે, તેથી અમને આખું વર્ષ કામ મળતું નથી. હું જળકુંભીમાંથી મેટ બનાવું છું અને જલંધરમાં તે વહેંચીશ. તેમની વાત આશા ભરી છે. વન અધિકારીનાં જણાવ્યાં મુજબ પંજાબનાં તળાવ ઉંડા થવાનું કારણ જળકુંભી છે, જે પાણીનું વહન રોકે છે. જળકુંભીથી પાણીમાં ઓક્સિજન ભળતો નથી. કેરળ વનવિભાગનાં કર્મચારીઓને જળકુંભીની વિવિધ વસ્તુઓ બનાવવાની તાલીમ આપવામાં આવે છે. જળકુંભીનો વપરાશ થવાથી નદી અને તળાવ સાફ થવા લાગશે. ગ્રામવાસીઓને રોજગારી મળશે અને શહેરમાં પ્લાસ્ટીકનો વપરાશ ઘટશે.



3. સાઉદી અરબ : રેગીસ્તાનની આ પણ એક તસવીર.

સહારામાં કરાય છે ખેતી : કતારમાં સહારા ફોરેસ્ટ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. અહીં સોલર એનર્જી અને સમુદ્રનું પાણી ઉપયોગમાં લઈ ઘઉં ઉગાડવામાં આવે છે. પદ્ધતિ મોંઘી જરૂર છે, પરંતુ પરિણામ લાજવાબ મળી રહ્યાં છે. સાઉદી અરબ રેગીસ્તાનમાં ખેતી કરી રહ્યું છે. અહીં ગ્રીન હાઉસ બની રહ્યાં છે, જેથી ખાદ્ય આત્મ નિર્ભરતા પ્રાપ્ત કરી શકાય.

4. ગુજરાત : રાજસમઢિયાળામાં ઈસરો બતાવે છે પાણી શોધવાની તકનીક.

રિમોટ ટેક્નોલોજી દ્વારા શોધ્યું પાણી : રાજસમઢિયાળા સૌરાષ્ટ્રનાં રાજકોટ જિલ્લાનું ગામ. જિલ્લા મુખ્યાલયથી 20 કીમી દૂર ઈસરોની મદદ વડે જળ સંચય કરવામાં આવે છે. ઉપગ્રહ દ્વારા નક્શો બનાવી વૈજ્ઞાનિક પદ્ધતિથી પાણીવાળા પોઈન્ટ નક્કી કરાયા. 45 ચેકડેમ અને 8 નાના મોટા તળાવ બનાવાયા છે. ગામનાં હરદેવસિંહ જાડેજાની આગેવાનીમાં આ બધું થાય છે. પરિણામ સ્વરૂપ જળ સંકટમાં અભિશાપવાળા સૌરાષ્ટ્રનાં આ ગામમાં હવે ચિત્ર બદલાવવા લાગ્યું છે. અહીં તળાવ બનવા લાગ્યાં છે. બારેય મહિના પાણી વહે છે. હરદેવસિંહનું કહેવું છે કે ઉપગ્રહની મદદથી પાણી શોધવાનું કામ માત્ર રાજસમઢિયાળામાં થયું છે.

5. હરિયાણા : પહાડ બન્યો સમસ્યા અને સમાધાન.

ગ્રામીણો લાવ્યા પોતાની 'ગંગા' : ચાર વર્ષ પહેલાં નગલી ગામના લોકો પાણી માટે વલખા મારતા હતાં. સ્થિતિ એવી હતી કે પાણી માટે લોકો દસ કીલોમીટર દૂર જતાં હતાં, કારણ કે ગામની ત્રણ તરફ મોટા પહાડો હતાં. વરસાદમાં પૂર આવતું ત્યારે જળસંકટ ઉભું થતું. આ સમસ્યાનું સમાધાન બતાવતા સરપંચ હાજીર અમીર હસને કહ્યું કે અમે પહાડની એક તરફ દિવાલ બનાવવાનો નિર્ણય કર્યો, જેથી પાણી રોકાઈ શકે. સંપૂર્ણ ગામ ગંગાને લાવવામાં લાગી ગયું. કૃષિ વિભાગની તકનિકી મદદ મળી. ગ્રામીણોએ શ્રમદાન કર્યું. જોતજોતામાં દિવાલ ઉભી થઈ ગઈ. હવે પાણીને ગામનાં ખેતર સુધી લઈ જાવું હતું, તે માટે પાઈપલાઈન પાથરી. બધું પાણી પહાડની ઉંચાઈ પર જમા થતું, એટલે પ્રેશર વડે પાણી ખેતર સુધી પહોંચી જાય છે. ગામ પાણી બાબતે આત્મનિર્ભર બન્યું. ગામવાસી અસરફ હાજી સલામુદ્દીને જણાવ્યું કે ખેતરમાં સિંચાઈ પણ થાય છે.



➤ **Save Water**

જીવનનો પ્રાણરસ : પાણી

સમગ્ર વિશ્વમાં વર્લ્ડ વોટર ડે દર વર્ષે 22 માર્ચનાં દિવસે ઉજ્વવામાં આવે છે.

ઈ.સ. 1993 માં સંયુક્ત રાષ્ટ્ર સંઘની સાધારણ સભાએ 22 માર્ચને વિશ્વ જળ દિવસ તરીકે જાહેર કર્યો છે.

આ દિવસ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો, જળનું મહત્ત્વ સમજાવવાનો તેમજ પાણીને વેડફાતુ અટકાવવાનો છે. વર્તમાન સમયમાં જળ સમસ્યા દિન પ્રતિદિન વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. પાણીનું યોગ્ય વ્યવસ્થાપન થાય તે ખૂબ જરૂરી છે. વિશ્વની જળ સમસ્યાઓમાં પાણીની અછત, દુકાળ, પૂરને લીધે થતો વિનાશ, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, પાણીની અસમાન વહેંચણી, અશુદ્ધ પાણી, સુનામી અને જમીનનું ધોવાણ વગેરે મુખ્ય છે. નદી તેમજ દરિયામાં છોડવામાં આવતા ગંદા પાણીની સમસ્યા ઘણી મોટી છે. પીવાલાયક પાણીનો મર્યાદિત જથ્થો અને તેમાં થતું પ્રદૂષણ એક વૈશ્વિક સમસ્યા છે. આ સમસ્યાનું સમાધાન સરળ છે. પાણીની બચત આવતી કાલની અનિવાર્યતા છે. ગાંધીજી સાબરમતીનું પાણી બેફામ વાપરવાનાં વિરોધી હતાં. એક જાણીતી ઉક્તિ પ્રમાણે વાણી અને પાણીને સાચવીને વાપરવા જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં કુદરતનાં પાંચ તત્ત્વોને પૂજવામાં આવે છે. આ પાંચેય તત્વો એટલે અગ્નિ, વાયુ, જળ, પૃથ્વી અને આકાશ. આ દરેક પૈકી જળને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગંગા જેવી પ્રાચીન તેમજ પવિત્ર નદીનાં સમગ્ર ભારતમાં મંદિરો છે. પાણીને હાથમાં લઈને પ્રતિજ્ઞા લેતા વૈદિક કાળનાં અનેક પાત્રો આપણા પુરાણોમાં મોજૂદ છે. પાણીનો એક વિચારશીલ ઉપયોગ એટલે વોટર થેરાપી, જેનો આયુર્વેદમાં ઉલ્લેખ છે. વોટર થેરાપીનાં પ્રયોગ દ્વારા 60 વર્ષથી ઉપરનાં લોકો પોતાના શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારતા હતાં, આમ આયુષ્ય વધતું હતું. પાણી એક એવું તત્ત્વ છે કે જે સૃષ્ટિનાં તમામ જીવો માટે અનિવાર્ય છે. માનવ શરીરનો 60 ટકા હિસ્સો પાણી વડે બનેલો છે. દરેક સ્નાયુનાં કોષમાં 90 ટકા પાણી હોય છે. આ પ્રમાણ સૂચવે છે કે પૃથ્વી પર વસતા સજીવો માટે પાણી કેટલું અગત્યનું છે. વિશ્વ જળ દિવસ નિમિત્તે પાણીની અગત્યતા જાણવી અનિવાર્ય છે. પાણી જીવનનો પ્રાણ રસ અને અમૃત છે.



➤ **Fresh India for Quality Life**

રિવર સફાઈ અભિયાન

ગંગા અને યમુનાની સફાઈ માટે 20 વર્ષથી માત્ર યોજનાઓ જ બની છે. બીજી બાજુ 10 વર્ષમાં સાબરમતીની કાયા પલટાઈ ગઈ.

ગંગા અને યમુના દેશની બે સૌથી પવિત્ર નદીઓ છે. 2500 કિલોમીટરની સફરમાં ગંગા કનોજથી વારાણસી વચ્ચે પૂરી થવા લાગે છે. 1300 કિમી લાંબી યમુના માટે દિલ્હી પાસેથી વહેવાનું જીવલેણ પુરવાર થયું છે. સફાઈનાં નામે છેલ્લાં બે દાયકામાં 5,500 કરોડ રૂપિયા પાણીની જેમ વાપરવામાં આવ્યાં, પરંતુ એક ત્રીજી નદી છે સાબરમતી. અમદાવાદમાં તેની કાયાપલટે શહેરની તસવીર બદલી નાખી છે.

ગંગા : ₹ 1000 કરોડ સ્વાહા, પણ ગંગા હજી મેલી.

પીવાનાં પાણીમાં બેક્ટેરિયાની તપાસનો માપદંડ છે શૂન્ય ફેકલ કોલીફોમ. વારાણસીનાં ઘાટો પર તેની સરેરાશ માત્રા છે. બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં હાઈડ્રોલિક એન્જિનયરીંગનાં ભૂતપૂર્વ પ્રોફેસર અને નેશનલ ગંગા રિવર ઓથોરિટીનાં સભ્ય વીરભદ્ર મિશ્રા કહે છે, ગંગા એક્શન પ્લાન વખતે લાગેલા ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખરાબ ટેકનિકથી બનેલા છે. આ પ્લાન્ટ શરૂઆતથી જ બેકાર હતાં. NGRBA ગંગાની સ્થિતિ સુધારવા માટે ભરાયેલું લેટેસ્ટ પગલું છે. 27 વર્ષમાં પાંચ ઓથોરિટી અને નિર્દેશાલય બન્યાં. એક હજાર કરોડ રૂપિયાનો ખર્ચે થયો. આ વખતે બજેટ 15 હજાર કરોડ રૂપિયાનું છે. આ મુદ્દા અંગે સરકાર કેટલી ગંભીર છે ? વડા પ્રધાનની અધ્યક્ષતાવાળી NGRBA ની ચાર વર્ષમાં એક કલાકની માત્ર ત્રણ બેઠક યોજાઈ છે. મિશ્રા કહે છે કે અધિકારીઓ સામે કોઈનું ચાલતું નથી. પ્રારંભિક બેઠકમાં એક પ્રધાને પહેલાં જ કહી દીધું કે તમે બોલી શક્શો નહીં, પોતાના પોઈન્ટ પહેલા લખીને આપો. વારાણસીમાં સાત કિલોમીટર વચ્ચે 30 નાળા સીધા ગંગામાં પડે છે. 300 મિલિયન લીટરથી વધું સીવેજ ગંગા પર અંતિમ પ્રહાર કરે છે. કનોજથી 500 કિમીની સફરમાં આવા અસંખ્ય નાળા અને કારખાનાઓનાં ખતરનાક કચરાનો પ્રવાહ વહે છે. સ્વચ્છ ગંગા રિસર્ચ લેબોરેટરી દ્વારા 8 લોકેશનથી લેવામાં આવેલા પાણીનાં નમૂનાઓની તપાસનાં પરિણામો ભયાનક છે.

યમુના : દેશની સૌથી પ્રદૂષિત નદી, ખર્ચ રૂ. 4439 કરોડ.

દિલ્હીમાં પ્રવેશતી વખતે યુમના નદી આવે છે, પણ મહાનગરમાં 22 કિલોમીટરનું અંતર કાપ્યા બાદ તે નાળામાં ફેરવાય જાય છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ મંડળ અનુસાર 1376 કિલોમીટર લાંબી નદીમાં 80 ટકા પ્રદૂષણ છે. છેલ્લાં 19 વર્ષમાં 4439 કરોડ રૂપિયાનો ખર્ચ થવા છતાંય તે દેશની સૌથી પ્રદૂષિત નદી છે. પાણીની ગુણવત્તાનાં આંકડા મુજબ યમુના સૌથી દર્દનાક સ્થિતિમાં છે. નદીને મરતી બચાવવા માટે સૌ પ્રથમ યમુના એક્શન પ્લાન 1993 માં શરૂ થયો અને દસ વર્ષ સુધી ચાલ્યો. આ પ્લાન હેઠળ ઉત્તરપ્રદેશ અને હરિયાણાનાં 14 શહેરો તથા દિલ્હીમાં સીવેઝ ટ્રીટમેન્ટ પ્લાન, પંપિગ સ્ટેશન, રિવર લાઈન, સ્મશાનગૃહ અને સ્નાનઘાટ બનાવાયા છે. 2004 માં બીજો પ્લાન્ટ શરૂ થયો, જે 2011 સુધી ચાલતો રહ્યો. દિલ્હીમાં અશુદ્ધ પાણીનાં શુદ્ધીકરણ માટે 28 ટ્રીટમેન્ટ પ્લાન્ટ બન્યાં, પણ ત્યાં માત્ર 63 ટકા જ ગટરનાં પાણી પહોંચી રહ્યાં છે. બાકીની ગંદકી સીધી જ યમુના નદીમાં ઠલવાઈ રહી છે. આ કામ પાછળ 1254 કરોડ રૂપિયાની જંગી રકમ ખર્ચાઈ ગઈ છે. આ નિષ્ફળતા બાદ હવે ત્રીજા પ્લાનની તૈયારી ચાલી રહી છે. 1656 કરોડ રૂપિયાનાં સાત વર્ષીય પ્લાનને પ્રારંભિક મંજૂરી મળી ગઈ છે. આ પ્લાનમાં આધુનિક સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનશે.

સાબરમતી : રિવરફ્રન્ટે શહેરની સિકલ બદલી નાખી.

સાબરમતીની તુલના વિકસિત દેશનાં સફળ પ્રોજેક્ટ તરીકે થઈ રહી છે. ખર્ચ 1152 કરોડ રૂપિયા થશે. શહેરની વચ્ચે 10.5 કિલોમીટરની લંબાઈમાં કાયાપલટ થઈ છે. પરિણામ છે ચોખ્ખા પાણીથી ભરેલી નદી, બોટિંગ, મનોરંજન પાર્ક, ફલોટિંગ, રેસ્ટોરન્ટ, કન્વેન્શન સેન્ટર અને વોટર સ્પોર્ટસ. રિવરફ્રન્ટ પર આકાર લઈ રહેલો દેશનો આ પ્રથમ પ્રોજેક્ટ છે. એક સમયે સાબરમતીની હાલત ખરાબ હતી. 60નાં દાયકામાં અમદાવાદ નગરપાલિકાએ સાબરમતીનાં તટે શહેરીકરણની યોજના બનાવી, પરંતુ તે કાગળો પર જ રહી ગઈ. 1997 માં તેના પર ગંભીરતાથી પ્રયાસ શરૂ થયાં. રિવરફ્રન્ટ કોર્પોરેશન બનાવી નદી કાંઠે વસેલા લાકોનું પુનર્વસન કરવામાં આવ્યું. 2004 માં પૂરઝડપે રિવરફ્રન્ટનું કામ શરૂ થયું. સૌથી મોટો પડકાર સુકાઈ ગયેલી સાબરમતીમાં પાણી ક્યાંથી લાવવું તે હતો. આ શક્ય થયું રિવર લિંકિંગથી, નર્મદા નહેર અને વાસણા બેરેજમાંથી દરેક સમયે ચોખ્ખા પાણીનાં પ્રવાહની જરૂરિયાત પૂરી કરવામાં આવી. મ્યુનિસિપલ કમિશ્નર ડૉ. ગુરુપ્રસાદ મહાપાત્રા જણાવે છે કે નદીને પ્રદૂષણ મુક્ત રાખવા માટે નદીનાં બંને કાંઠે સમાંતર એક મોટી પાઈપલાઈન દ્વારા સિવેજને ટ્રીટમેન્ટ પ્લાન્ટથી જોડવામા આવ્યો છે. 275 મીટર પહોળી નદીનાં બંને તટ જોડવા માટે રોપવે બ્રિજ અને ટ્રેડફેર ગ્રાઉન્ડ બનાવવાનું બાકી છે. રિવરફ્રન્ટ પર શહેરનાં સૌથી મોટા બગીચાનું કામ ચાલી રહ્યું છે. આટલા મોટા પ્રોજેક્ટ માટે નાંણાની વ્યવસ્થા પણ એક મોટો પડકાર હતો. આ પ્રોજેકટ માટે મ્યુનિસિપાલિટીએ ઋણ લેવું પડ્યું છે. સરદાર પટેલ સ્ટેડીયમ, પશ્ચિમ ઝોનનું કાર્યાલય, બે પ્લોટ તેમજ કાંઠાની 90 હજાર વર્ગમીટર જમીન ગીરવે મૂકવી પડી છે. ઋણની ચૂકવણી માટે દર ત્રણ મહિને 25 કરોડ રૂપિયાનો હપ્તો ચૂકવાઈ રહ્યો છે.



વોટર ફૂટપ્રિન્ટ ઘટાડો, પાણી સ્વયં બચશે

2050 માં અન્ન ઉગાડવા માટે 20 ટકા વધુ પાણીની જરૂરત પડશે. ભવિષ્ય બચાવવા આજથી જ આપણા વોટર ફૂટપ્રિન્ટ ઘટાડવા શરૂ કરો.

શું છે વોટર ફૂટ પ્રિન્ટ

પાણીનાં સામાન્ય ઉપયોગથી વિરુદ્ધ વસ્તુ અને સેવાઓના ઉત્પાદન માટે ઉપયોગમાં આવનાર પાણીની કુલ ગણતરી છે. જીન્સ હોય કે ચોખા બંનેનાં ઉત્પાદનમાં જે પાણી ખર્ચ થયું છે તે વોટર ફૂટ પ્રિન્ટ છે. માંસાહારની તુલનામાં શાકાહારમાં ઓછું પાણી વપરાય છે. લાઈફ સ્ટાઈલ અને ભોજનની આદતોનાં આધારે પ્રિન્ટ જાણી શકો છો.

અમેરિકાનું વોટર ફૂટ પ્રિન્ટ સૌથી વધારે

2500 ક્યૂબિક મીટર પ્રતિ વર્ષ : અમેરિકામાં માંસ ખાનારાની સંખ્યા વધારે છે. પ્રતિ કિલો બોનલેસ માંસનું વોટર ફૂટ પ્રિન્ટ 16 હજાર લીટર છે. એક અમેરિકન ભોજનમાં 5 ક્યૂબિક મીટર પાણી વપરાય છે.

આપણી વિશ્વમાં સૌથી ઓછી ટકાવારી

980 ક્યૂબિક મીટર પ્રતિવર્ષ : અહીં 30 ટકા થી વધારે વસ્તી શાકાહારી છે. તેથી પ્રતિ વ્યકિત વોટર ફૂટ પ્રિન્ટ ઓછું છે. એક શાકાહારી ભોજન માટે 2.6 ક્યૂબિક મીટર પાણી જોઈએ.

વિકસિત દેશોમાં સૌથી વધારે બર્બાદી

દરેક પૃથ્વીવાસી એક સામાન્ય અમેરિકન જેવી જિંદગી જીવે તો પૃથ્વી જેવા 3.5 ગ્રહની જરૂરત પડે.

ખુલ્લામાં શૌચ સામે મહિલાઓનો જંગ

સામાજિક પરિવર્તન, ભગોરમાં મહિલાઓએ સામૂહિક અવાજ બુલંદ કર્યો.

ગ્રામ પંચાયત ભગોર. બે ગામ ભગોર અને કેસરિયાની વસ્તીમાં 1500 પુરુષો અને 1400 મહિલા. નવ પંચ અને સરપંચ પણ મહિલા, તમામે ખુલ્લામાં શૌચ સામે ઉઠાવ્યો જોરદાર અવાજ. શાસન સામે લડતી રહી, પરિણામ એ આવ્યું કે વહીવટી તંત્રે પૂરા ગામ માટે 386 શૌચાલય મંજૂર કરી દીધાં. ગ્રામ પંચાયતનાં મહિલા પંચ અને સરપંચે જૂન ઓક્ટોબર 2012 માં વહીવટી તંત્રના અધિકારીઓ સામે શૌચાલય નિર્માણ માટે અવાજ ઉઠાવ્યો હતો, પરંતુ કોઈએ કાંઈ સાંભળ્યું નહીં. ગ્રામસભામાં પંચાયતે ઠરાવ પસાર કરી દીધો. જાન્યુઆરી 2013 માં ફરી ગામે ખુલ્લામાં શૌચકર્મ સામે વિરોધ નોંધાવ્યો. મહિલાઓએ એક અવાજે કહી દીધું કે ખુલ્લામાં શૌચકર્મ નહીં કરીએ. ગામમાં જેટલી વાર ગ્રામસભા થઈ ત્યારે નિર્માણ પર જ ભાર મૂક્યો. સરપંચ અને નવ મહિલા પંચો સહિત તમામને બળ મળ્યું. નવ પંચ, સરપંચ અને અન્ય મહિલાઓનાં વિરોધને જોતા વહીવટી તંત્રે ગામમાં 386 શૌચાલયને મંજૂરી આપીને 17 લાખની રકમ ફાળવી.

દરેક રીતે જરૂરી છે શૌચાલય

ગામમાં મહિલાઓ માટે દરેક રીતે શૌચાલય જરૂરી હતાં. વહીવટીતંત્રે મર્યાદા અભિયાન અંતર્ગત 386 શૌચાલયને મંજૂરી આપી દીધી.

આ હતી મુશ્કેલીઓ

- દિવસ દરમિયાન શૌચકર્મ જતાં શરમ આવતી હતી.
- મહિલાની તબિયત ખરાબ હોય તો મુશ્કેલી પડતી હતી.
- ખુલ્લામાં શૌચ જતાં ઝેરી જાનવર કરડવાની ભીતિ રહેતી.



➤ Global Culture

હિન્દુત્વ વિશ્વની વિશિષ્ટ જીવન પ્રણાલિ

વિશ્વભરમાં હિન્દુ ધર્મ એટલો પ્રાચીન અને વિશાળ છે કે એના સારરૂપ તત્ત્વોને તારવવા એ મહાસાગરનું મંથન કરીને રત્નો લાવવા જેવું કાર્ય છે. યુગોથી ચાલ્યા આવતા આ ધર્મમાં સમય જતાં અનેક સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યાં.

હિન્દુ ધર્મ એટલે શું ?

હિન્દુ ધર્મ કોને કહીશું? સંક્ષેપમાં કહેવું હોય તો હિન્દુ ધર્મ એટલે હિન્દુઓનો ધર્મ, પણ હિન્દુઓ કોને કહેવાં ? 'હિન્દુ શબ્દ 'સિન્ધુ' પરથી આવેલો છે. પ્રાચીન કાળમાં સિન્ધુ નદીનાં કાંઠે આર્યાવર્તમાં રહેતી પ્રજાને ઈરાનીઓએ 'હિન્દુ' નામ આપ્યું. આ પ્રદેશમાં આર્ય જાતિ ઉપરાંત ભારતનાં મૂળ નિવાસીઓ પણ હતાં. આર્યો વેદ ધર્મનાં અનુયાયીઓ હતાં. આમ વૈદિક ધર્મનું અનુસરણ કરનાર અનુયાયીઓને હિન્દુ કહેવાય. આર્ય પ્રજા સાથે ભારતનાં મૂળ નિવાસીઓ, દ્રવિડો અને અન્ય જાતિઓનો સમન્વય થતાં તે હિન્દુ જાતિરૂપે એકરસ થયાં છે.

કોઈ વ્યક્તિએ સ્થાપેલો ધર્મ નહી, જીવન પ્રણાલિ

જગતનાં અન્ય ધર્મો કરતાં હિન્દુ ધર્મની વિશેષતા એ છે કે તે કોઈ વ્યક્તિએ સ્થાપેલો ધર્મ નથી. જેમ બાઈબલ ઈસુ ખ્રિસ્તની વાણીનું આકલન છે અને કુરાન હજરત મહંમદ પયગંબરની વાણીનું શબ્દરૂપ છે. તેમ વેદો કોઈ એક વ્યક્તિની વાણીનો શબ્દ દેહ નથી, આથી હિન્દુ ધર્મને ન સમજી શકનારા એના વિશે જાતજાતનાં ભ્રામક ખ્યાલો ધરાવે છે. એક વિદેશીએ ઋષિજીને પ્રશ્ન કર્યો. "હિન્દુ ધર્મ શું છે? એ હું આજ સુધી સમજી શક્યો નથી. ઈસાઈઓ, યહુદીઓ, પારસીઓ અને મુસ્લિમોનો ધર્મ સમજાય છે, પણ હિન્દુ ધર્મને નથી માથું કે પગ, એના નથી પયગંબર કે નથી કોઈ એક ધર્મ પુસ્તક, પછી એને ધર્મ શી રીતે માનવો?"


ઋષિજીએ પેલા ભાઈને શાંતિથી જવાબ આપતાં કહ્યું. "ભાઈ, દરેક ધર્મ ઈશ્વર તરફ જાય છે. આથી હિન્દુ બીજા કોઈ ધર્મનો વિરોધ કરતો નથી. જો કોઈ ઈસ્લામમાંથી હજરત મહંમદ પયગંબરને દૂર કરે તો ઈસ્લામની ઈમારત ડોલવા લાગશે, જો કોઈ ઈસા મસીહા નામની વ્યક્તિ દુનિયામાં થઈ જ નથી એમ કહે તો ઈસાઈ ધર્મના પાયા ડગવા માંડશે. જો કોઈ એમ કહે કે ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણ ભારતમાં થયા જ નથી, તો પણ હિન્દુ વૈદિક ધર્મનો વાળ પણ વાંકો નહી થાય. હિન્દુ ધર્મ કોઈ એક મહાપુરુષનાં જીવન કે જ્ઞાન ઉપર સ્થપાયો નથી. આ ધર્મ ઉપાસનાનો એક જ માર્ગ હોય એવું સ્વીકારતો નથી, તેથી તેને બીજા કોઈ ધર્મ સાથે વાંધો નથી." હિન્દુ ધર્મ પ્રાચીન કાળમાં અનેક ઋષિઓએ જે અધ્યાત્મ ચિંતન કર્યું, તેની અનુભૂતિઓનાં સાર રૂપ જીવન પ્રણાલિ છે.

સૌથી પ્રાચીન અને સમૃદ્ધ ધર્મ સાહિત્ય

જગતનાં વિવિધ ધર્મ ગ્રંથોમાં હિન્દુ વૈદિક ધર્મ અને વેદો સૌથી પ્રાચીન છે. મેક્સમૂલક કહે છે. "માનવજાતિનો સૌથી પ્રાચીન ગ્રંથ વેદ છે." આ ચાર વેદો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અર્થવેદનાં પૂરક રૂપે ઉપનિષદો રચાયા. પછી સ્મૃતિઓ, રામાયણ અને મહાભારતની રચના થઈ. ભગવદ્ગીતા મહાભારતનાં જ એક ભાગરૂપે છે. પછી અઢાર પુરાણો રચાયા, જેમા માત્ર ધર્મ અને તત્વજ્ઞાન જ નથી, પણ અન્ય વિદ્યાઓનું નિરૂપણ છે. વેદ અને ઉપનિષદોનાં તત્ત્વજ્ઞાનમાં ઘણી વિચારધારાઓને અવકાશ હતો, જેના પરિણામ રૂપે છ દર્શનો પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા, ન્યાય, વૈશ્વિક, સાંખ્ય અને યોગ રચાયા. વેદ, પુરાણો અને તંત્ર ગ્રંથો સુધીનું સઘળું સાહિત્ય સંસ્કૃત ભાષામાં રચાયું હતું. આ ભાષા જગતની સૌથી વધુ સમૃધ્ધ હોવાનો વિશ્વનાં ભાષા નિષ્ણાંતોનો મત છે. આ ભાષામાં ધર્મ અને તત્ત્વ જ્ઞાનનાં મહાન ગ્રંથો ઉપરાંત સાહિત્યનો અસાધારણ સમૃદ્ધ વારસો સંગ્રહાયો છે. આ વારસો ભારત દેશની મૂલ્યવાન સંપત્તિ છે.

પેટા ધર્મો અનેક સંપ્રદાયો છતાં હિન્દુ પ્રજાની એકતા

જે ભૂમિ પર હિન્દુ વેદ ધર્મ સ્થપાયો એજ દેશની પ્રજાએ ઘણાં યુગો સુધી પોતાની શક્તિઓનો ઉપયોગ માત્ર ભૌતિક સુખ સમૃદ્ધિ અને સત્તા પ્રાપ્તિનાં સંઘર્ષ માટે કરવાને બદલે પોતાનો સમય તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક વિચારોના આકલન પાછળ ગાળ્યો છે. પ્રાચીન કાળથી ચાલ્યા આવતા ધર્મનાં પેટા સંપ્રદાયો હોય એ સ્વાભાવિક છે. આ સંપ્રદાયો અમુક બાબતોમાં જુદા હોવા છતાં તેનાં સારભૂત કેટલાંક સિદ્ધાંતો સર્વમાન્ય છે. આ ધર્મ હિન્દુ પ્રજાની એકતા સાચવી શક્યો છે. ભારતનાં ખૂણેખૂણામાં પ્રતિષ્ઠા પામેલાં તિર્થો હિન્દુ પ્રજાની એકતા છે. ઉત્તર હિમાલયમાં આવેલા બદ્રી કેદાર અને દક્ષિણનાં સમુદ્રતટે આવેલાં રામેશ્વરમ્ પ્રત્યેક હિન્દુને મન એકસરખા પૂજ્ય છે. વેદાંતનાં સમર્થ પુરસ્કર્તા અને ભારતની ચારેય દિશામાં મઠો સ્થાપી હિન્દુ ધર્મને ખૂણેખૂણા સુધી પ્રવર્તનાર દક્ષિણનાં આદિ શંકરાચાર્ય અને રામાયણ દ્વારા ઘરે ઘરમાં ધર્મસંદેશ પહોંચાડનાર ઉત્તરનાં સંત તુલસીદાસ પ્રત્યે ભારતનાં લોકો એક સરખો આદર ધરાવે છે. આજેય ભારતભરમાં સંસ્કૃત ભાષામાં રચાયેલાં મંત્રોચ્ચાર દ્વારા જ ધાર્મિક પૂજા, વિવાહ લગ્નવિધિ, વાસ્તુપૂજા વગેરે થાય છે. જે હિન્દુ ધર્મમાં રહેલી એકતાની પ્રતિતી કરાવે છે.



અલૌકિક તત્ત્વમાં શ્રદ્ધા

સત્યની શોધ કરનાર પ્રાચીન ઋષિઓનું લક્ષ્ય જગતનાં બાહ્ય કે સ્થૂળ તથ્યોને સમજવાનું ન હતું, પરંતુ લૌકિક જગતથી પર જે અલૌકિક છે તેવા ઈશ્વર તત્ત્વનો સાક્ષાત્કાર કરવાનું હતું. ભારતનાં વેદ ઉપનિષદથી માંડીને સઘળા ધર્મ ગ્રંથોમાં આ વિચાર પાયારૂપ છે અને બધાં હિન્દુઓ અલૌકિક તત્ત્વમાં શ્રદ્ધા ધરાવે છે. અલૌકિક કે પરમ તત્ત્વ જીવનનાં બાહ્ય કે સ્થૂળ તથ્યોનાં અધ્યયનથી પામી શકાતું નથી. માનવી પોતાના અંતરનાં ઊંડાણમાં પ્રવેશી પરમ તત્ત્વને પામી શકે છે. ઉપનિષદો કહે છે કે આત્મા એ જ બ્રહ્મ છે. આ અનાદિ, અનંત અને અવિનાશી આત્મ તત્ત્વ દરેક વ્યક્તિમાં ચૈતન્ય સ્વરૂપે રહેલું છે. હિન્દુ ધર્મમાં શ્રદ્ધા ધરાવનારનું અંતિમ લક્ષ્ય ભૌતિક સંપત્તિનું નહી, પણ આત્મ સાક્ષાત્કારનું છે. જ્યારે મનુષ્યનો આત્મા જીવ મટી શિવ બને ત્યારે પૂર્ણતાને પામે છે. આમ આત્મા દ્વારા મોક્ષની પ્રાપ્તિ એ હિન્દુ ધર્મની આગવી ફિલસૂફી છે. નરસિંહ મહેતા કહે છે, "જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્યો નહી, ત્યાં લગી સાધના સર્વ જૂઠી." વિવેકાનંદ કહે છે, "આત્માનો મહિમા તમને વેદાંતમાં જ સાંપડશે, બીજે ક્યાંય નહી".

પુનઃજન્મ અને કર્મ ફળમાં શ્રધ્ધા

હિન્દુધર્મની મુખ્ય માન્યતા એ છે કે જીવન અનંત છે. હિન્દુઓ પુનઃજન્મમાં અને કર્મનાં નિયમમાં દઢ શ્રદ્ધા ધરાવે છે. પોતે કરેલાં સત્કર્મ કે દુષ્કર્મ અનુસાર ભાવિ જન્મ અને જીવનની સ્થિતિ પ્રાપ્ત થાય છે. કર્મનાં આ નિયમથી એ સિદ્ધિ થાય છે કે દરેક માનવી કરેલા કર્મ અનુસાર પોતાનું ભાગ્ય ઘડે છે. પોતે જ પોતાનો ભાગ્ય વિધાતા છે. હિન્દુ માન્યતા અનુસાર પ્રત્યેક જન્મ બંધનરૂપ છે, કેમ કે આ સંસારમાં પ્રાપ્ત થતી દરેક ચીજ ક્ષણભંગુર છે. આથી જન્મ મરણનાં ફેરામાંથી મુક્તિ એ જ અંતિમ લક્ષ્ય છે. મનુષ્ય જન્મ અંતિમ લક્ષ્યને સિદ્ધ કરવાનો શ્રેષ્ઠ સમય છે.

મૂર્તિપૂજા અને નિર્ગુણ નિરાકાર બ્રહ્મ તત્ત્વ

હિન્દુ ધર્મમાં મૂર્તિપૂજાનું વિશેષ મહત્વ છે. અન્ય ધર્મનાં લોકો હિન્દુઓને મૂર્તિપૂજકો તરીકે ઓળખાવે છે. ભારતનાં ખૂણેખૂણા સુધી પથરાયેલા સંખ્યાબંધ દેવી દેવતાઓના મંદિરો હિન્દુઓનાં શ્રધ્ધેય પૂજા સ્થાનો છે. દેવી દેવતા કે અવતારોની મૂર્તિઓ હિન્દુને મન ઈશ્વરની પ્રતિતીનું માધ્યમ છે. ઉલ્લેખનીય છે કે વૈદિક ધર્મનાં આર્યો મૂર્તિપૂજકો ન હતાં. તેઓ સૂર્ય, વરુણ, ઈન્દ્ર વગેરેની પૂજા કરતાં. દ્રવિડો સાથેનાં સંઘર્ષ અને સમન્વય બાદ મૂર્તિપૂજા અસ્તિત્વમાં આવી. બધાં દેવો એક જ ઈશ્વર સ્વરૂપ છે એવી માન્યતા પણ હિન્દુ ધર્મ ધરાવે છે. હિન્દુ ધર્મમાં સાકાર ઈશ્વરની પૂજા સાથે નિરાકાર ઈશ્વરનાં અર્થાત સગુણ બ્રહ્મની સાથે જ નિર્ગુણ બ્રહ્મની આરાધના થતી રહી છે.

હિન્દુ અને શ્રમણ ધર્મો

પ્રાચીન વૈદિક ધર્મ સમય જતાં બે મુખ્ય ધારાઓમાં વિભાજિત થયો. એક મુખ્ય ધારા બ્રાહ્મણ અને બીજી શ્રમણ. બ્રાહ્મણ ધર્મ પ્રાચીન વૈદિક ધર્મમાં અને તેના દેવ દેવીઓમાં શ્રદ્ધા ધરાવે છે. આમ દૈવી તત્ત્વોની ઉપાસના અને કર્મકાંડનું મહત્ત્વ વધ્યું. શ્રમણ એટલે જૈન અને બૌદ્ધ ધર્મ, જે અવૈદિક ધર્મો તરીકે ઓળખાય છે. હિન્દુ ધર્મમાં ઋષિ હોય, શ્રમણ ધર્મમાં મહાવીર કે બુદ્ધ હોય. શ્રમણ ધર્મમાં આત્મ સંયમ, યોગ, ધ્યાન, તપ, ત્યાગ, અહિંસા વગેરે દ્વારા આત્મ વિકાસને મહત્ત્વ આપવામાં આવ્યું છે. બૌદ્ધ ધર્મ ભારતમાં જ નહીં, પણ ભારત બહાર જાવા, સુમાત્રા, ચીન, તિબેટ, જાપાન, શ્રીલંકા વગેરે દેશોમાં પણ પ્રસર્યો. ભારતમાં બ્રાહ્મણધર્મી દાર્શનિકોએ અને વિશેષ શંકરાચાર્યે સમગ્ર દેશમાં પરિભ્રમણ કરી વેદાંતનાં સિદ્ધાંતનું પુનઃસ્થાપન કર્યું. તેમણે ભારતની ચાર દિશામાં મઠો સ્થાપી હિન્દુ વૈશ્વિક ધર્મનો પ્રચાર પ્રસાર કર્યો.

હિન્દુ ધર્મનો એશિયા ખંડમાં વ્યાપ

હિન્દુ ધર્મ ભારત બહાર ખાસ કરીને દક્ષિણ પૂર્વ એશિયાનાં ઘણાં દેશોમાં પ્રસર્યો હતો. ભારતનાં ઘણાં હિન્દુઓ વિદેશમાં વેપાર અર્થે જતાં હતાં. આમ હિન્દી, ચીન અને ઈન્ડોનેશિયા જેવા ટાપુઓ પર હિન્દુ રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. બર્મા, થાઈલેન્ડ, મલાયા, કમ્બોડિયા, સુમાત્રા, જાવા, બાલી વગેરે રાજ્યો અને ટાપુઓ પર હિન્દુ રાજ્યો સ્થપાયા. કંબોડિયાનું હિન્દુ રાજ્ય કૌન્ડિયન નામના બ્રાહ્મણ રાજાએ સ્થાપ્યું હતું. કમ્બોડિયાનાં અંગકોરવાટનું વિષ્ણુ મંદિર હિન્દુ ધર્મની યશ પતાકાસમું છે. જગતનું એ સૌથી વિશાળ અને ભવ્ય મંદિર છે. 213 ફૂટ ઊંચા ત્રણ માળનાં આ મંદિરને ફરતી ત્રણ માઈલ લાંબી દીવાલો છે અને દીવાલને ફરતી 600 ફૂટ પહોળી ખાઈ છે. મંદિરની દીવાલ ખીચોખીચ શિલ્પોથી ભરેલી છે, જેમાં રામાયણ મહાભારતની કથાઓ અને દશાવતારો વગેરેનાં શિલ્પો કોતરાયેલા છે. જાવામાં પાંચમી સદીથી હિન્દુ રાજ્ય હોવાના ઉલ્લેખ મળે છે. આ વિસ્તારોમાં 14 મી સદી સુધી હિન્દુ રાજ્યો હતાં. ઈન્ડોનેશિયા, મલાયા અને બાલી ટાપુમાં ભારતીય અસર સ્પષ્ટ જોવા મળે છે. બાલીનાં લોકો આજેય હિન્દુ ધર્મ પાળે છે.

યોગ શાસ્ત્ર : વ્યક્તિત્વ વિકાસનું વિજ્ઞાન

વૈદિક ધર્મની નોંધપાત્ર વિશેષતા યોગશાસ્ત્રનું પ્રદાન છે. વૈદિક કાળમાં અસંખ્ય ઋષિ મુનિઓએ આ શાસ્ત્રનાં પ્રયોગ દ્વારા આત્મોન્નતિનાં શિખરો સર કર્યાનાં ઉદાહરણો છે. વર્તમાન યુગમાં શ્રી અરવિંદ, રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, શ્રીમદ્ રાજચન્દ્ર જેવા અનેક ધર્મ ગુરૂઓએ યોગ શાસ્ત્રની સાર્થકતા પ્રતિત કરાવી છે. પતંજલિએ 'યોગદર્શન' આપીને યોગ શાસ્ત્રને વ્યવહારુ બનાવ્યું છે. યોગ શાસ્ત્ર આત્મવિકાસ અને જ્ઞાનસિદ્ધિ માટેનું અમોઘ વિજ્ઞાન છે. યોગ શાસ્ત્ર અને રાજયોગ હિન્દુ ધર્મની અદ્વિતીય ઉપલબ્ધિ છે.

ભારત અનન્ય આધ્યાત્મિક ભૂમિ

ભારત અનન્ય આધ્યાત્મિક ભૂમિ છે. ભારત ઋષિઓનો દેશ છે. હિમાલય જેવા પહાડો તથા ગંગા, યમુના, નર્મદા જેવી અસંખ્ય પવિત્ર નદીઓના તટો અને સંગમો આજેય ઋષિઓને આકર્ષી રહ્યાં છે. પ્રાચીન કાળથી આજ પર્યંત ભારતમાં જેટલાં મહર્ષિઓ, આર્ષદ્રષ્ટાઓ, યોગીઓ અને સંતો થયા છે તેટલા વિશ્વનાં કોઈ જ દેશમાં થયાં નથી એમ જગતનો ઈતિહાસ કહે છે. વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા ધર્મગુરુઓ તેમજ શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય જેવા વેદાન્તાચાર્યનો આ ભૂમિ પર જન્મ થયો છે. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ અને યોગેશ્વર શ્રીકૃષ્ણનાં પાદપંકજથી અયોધ્યા અને વૃંદાવનની ભૂમિ પવિત્ર બનેલી છે. ભગવાન બુદ્ધ અને મહાવીર આ ભૂમિ પર જન્મ ધારણ કરીને અસંખ્ય લોકોનાં આરાધ્ય દેવ બની ગયાં. દત્તાત્રેય, જ્ઞાનદેવ, ગૌરાંગ મહાપ્રભુ, રામદાસ, તુકારામ, ગુરુ નાનક જેવા અનેક ધર્મ પ્રવર્તકોએ આ ભૂમિની પ્રજાને ધર્મનાં પ્રેરણા પિયૂષ પાયાં છે. સમ્રાટ અશોક, ગુરુ ગોવિંદસિંહ અને શિવાજી જેવા અનેક રાજવીઓએ ધર્મને પોતાના રાજદંડ બનાવ્યાં છે. રામ અને કૃષ્ણએ શરીર, સત્તા કે સંપત્તિથી નહી, પરંતુ ધર્મ નીતિથી અસૂરોનો નાશ કર્યો હતો. તેઓ રાજસત્તા માટે નહી, પણ અધર્મનો નાશ કરવા માટે લડ્યાં હતાં. સત્ય અને ધર્મનાં રક્ષણ માટે કૃષ્ણ મહાભારતનાં યુદ્ધમાં સૂત્રધાર બન્યાં. હિન્દુ ધર્મનો પાયો ઋષિઓ, દ્રષ્ટાઓ, ધર્મ ગુરૂઓ, યોગીઓ અને સંતોએ પ્રબોધેલી નીતિની મજબૂત આધારશિલા પર રચાયો છે, તેથીજ અનેક આક્રમણો થવા છતાં હિન્દુ ધર્મ ટકી રહ્યો છે. શિવાનંદજીએ કહ્યું છે કે "ભારત સાચે જ આધ્યાત્મિક ભૂમિ છે. લશ્કરી વિજય એની મહત્ત્વકાંક્ષા ન હતી, એને આત્મ સ્વરાજય જોઈતું હતું. પોતાનાં સંતાનોને બીજાઓ ઉપર શાસન સ્થાપિત કરવાનો આદેશ એણે કદી આપ્યો નથી. એ આદેશ આપે છે પોતાના અંતરાત્મા અને પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો. એ ઈચ્છે છે કે પોતાના સંતાનો દિવ્ય ગુણો પ્રાપ્ત કરે." હિન્દુ વૈશ્વિક ધર્મ અનેક દ્રષ્ટિએ અદ્વિતીય છે. એ વિશ્વની અતિ પ્રાચીન અને ઉજ્જવળ પરંપરા છે, જેનો આશ્રય લઈ જગતનો દરેક માનવી આત્મોન્નતિ દ્વારા જીવન સાર્થક્યનો અનુભવ કરી શકે છે. અનેકવિધ વિસંવાદો, અરાજકતાઓ અને યુદ્ધોથી ઘેરાયેલા આ જગતને હિન્દુ ધર્મ વિશ્વ પ્રેમ અને વિશ્વ બંધુત્વનો સંદેશો આપતો રહ્યો છે. જગતનાં સર્વ ધર્મો પ્રત્યે આદરથી જોનારો, વિચાર સ્વાતંત્ર્યને આવકારનારો, અત્યંત વ્યાપક, ઉદાર, ક્ષમાશીલ અને શાંતિનો સંદેશ આપનારો આ ધર્મ વિશ્વ ધર્મ બનવાની સઘળી ક્ષમતા ધરાવે છે. સ્વામી વિવેકાનંદનાં આ શબ્દો યાદ રાખવા જેવા છે. "ભારતની જીવન શક્તિ ધર્મમાં રહેલી છે અને જ્યાં સુધી હિન્દુ પ્રજા પોતાના પૂર્વજોનો મહાન વારસો ભૂલશે નહી ત્યાં સુધી પૃથ્વીનાં પટ પર તે અમર રહેશે. હિન્દુઓ ભૂતકાળનો જેટલો અભ્યાસ કરશે તેટલું તેમનું ભાવિ ઉજ્જવળ બનશે. જે કોઈ આ ભૂતકાળનો સંદેશ ઘેર ઘેર પહોંચાડવાનો પ્રયત્ન કરશે તે વિશ્વનો મહાન કલ્યાણકર્તા હશે..." અત્રે ઉલ્લેખનીય છે કે ક્રાંતિકારી વિશ્વ સંત શ્રી ઋષિજી હિન્દુ ધર્મને વિશ્વ ધર્મ તરીકે પ્રસ્થાપિત કરી રહ્યાં છે.



➤ Global Book

ભારતની ગૌરવગાથા રામાયણ અને મહાભારત

મહાભારતમાં જીવનની વાસ્તવિકતાનું દર્શન વ્યાસે કરાવ્યું છે, તો રામાયણમાં વાલ્મીકિએ આદર્શની યાત્રા કરાવી છે. રામાયણ કુટુંબની ચડતીનાં ગુણોની ગાથા છે, તો મહાભારત કુટુંબની પડતીનાં લક્ષણોની કથા છે.

મહાભારતને પવિત્ર ગંગા સાથે સરખાવીએ તો રામાયણને ગિરીવર હિમાલયની ઉપમા આપી શકાય. દર વર્ષે લાખો યાત્રાળુઓ ગંગા સ્નાન અને હિમાલય યાત્રા કરતાં હોય છે. એ સર્વે મહાભારત અને રામાયણનાં શ્રવણથી પવિત્ર અને ધર્મિષ્ઠ બને છે. મહાભારતમાં જીવનની વાસ્તવિકતાનું દર્શન વ્યાસે કરાવ્યું છે, તો રામાયણમાં વાલ્મીકિએ આદર્શની યાત્રા કરાવી છે. રામાયણ કુટુંબની ચડતીનાં ગુણોની ગાથા છે, તો મહાભારત કુટુંબની પડતીનાં લક્ષણોની કથા છે. રાજગાદી માટે પાંડવો અને કૌરવો વચ્ચેનું યુદ્ધ શ્રીકૃષ્ણ ટાળી શક્તા નથી. રામાયણમાં રામ સ્વેચ્છાએ ગાદી છોડી વનમાં જાય છે, તો ભરત નિર્લેપતા બતાવીને રામની પાદુકા મૂકી ગાદી ત્યાગનો ગુણ બતાવે છે. બંને યુદ્ધની કથાઓ છે. મહાભારતમાં ભાઈ ભાઈ વચ્ચે યુદ્ધ છે. રામાયણમાં રામ રાવણ અને આર્ય અનાર્ય વચ્ચેનું યુદ્ધ છે. મહાભારતનું યુધ્ધ ધર્મરાજ્ય સ્થાપવાના હેતુવાળું હતું, એટલે યુધ્ધ ભાઈ ભાઈ વચ્ચે હોવા છતાં ધર્મ યુધ્ધ બની ગયું. રામ રાવણનું યુધ્ધ કેવળ સીતા ખાતર લડાયું હોત તો એ પણ અંગત બની ગયું હોત, પરંતુ સીતા આર્ય સંસ્કૃતિનું પ્રતિક છે. રામ આર્ય સંસ્કૃતિનાં સંવર્ધકનું પ્રતિક છે. લક્ષ્મણ સહાયક છે. આર્ય સંસ્કૃતિ અનાર્યોનાં આક્રમણને લીધે ભયમાં છે. સૌથી મોટો ભય અનાર્યોમાં દ્રવિડો તરફથી હતો. દ્રવિડોનું પ્રતિક રાવણ છે. રાવણ સીતાનું હરણ કરીને આર્ય સંસ્કૃતિને ભયમાં મૂકે છે. રામ યુધ્ધમાં રાવણનો સંહાર કરીને સીતાને મુક્ત કરે છે. સીતાની મુક્તિ કેવળ એકાદ સ્ત્રીની મુક્તિ નથી. દ્રવિડોએ આર્ય સંસ્કૃતિને ભસ્મ કરવા જે આક્રમણો કર્યા તેનો અંત એમના પરાજયમાં આવ્યો અને આર્ય સંસ્કૃતિ સજીવન રહી. હિંદુ સંસ્કૃતિ ગૃહસ્થાશ્રમને ઉચ્ચ સ્થાન આપે છે. આથી માનવ જીવનમાં ભાઈ બહેન, માતા પુત્ર, પિતા પુત્રી કરતા પતિ પત્ની નો સંબંધ કોઈ પણ રીતે ઉતરતો માનવામાં આવ્યો નથી. પરસ્ત્રીને મા તુલ્ય માનવાનો અર્થ એવો નથી કે પત્ની ઉતરતી છે. સરખામણી પાછળ પત્નીની વિશિષ્ટતા સમાયેલી છે. માતાનું વાત્સલ્ય, ભગિનીનું હેત અને દીકરીની ભક્તિ પરસ્ત્રી પાસેથી પણ પ્રાપ્ત થઈ શકે છે. હૃદય સમર્પણનો પ્રેમ કેવળ પતિને પત્ની વિના અને પત્નીને પતિ વિના પ્રાપ્ત થવો શક્ય નથી. આથી સ્ત્રી પિતાનું વાત્સલ્ય, ભાઈનું હેત અને પુત્રની ભક્તિ પરપુરુષથી પૂરી કરી શકે, પરંતુ ન્યોછાવર તો કેવળ પતિ જ થઈ શકે. પતિ અને પત્નીનો સંબંધ હૃદય સમર્પણનો છે. પત્નીને કામ વાસનાનું સાધન માનતા પુરુષને સાચા અર્થમાં પતિનું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થતું નથી. હૃદય સમર્પણની ઉચ્ચ ભાવનાથી પતિ પત્નીનાં સંબંધ મૂલવવામાં આવે તો પરસ્પરની ખોટ કોઈ પૂરી શક્તુ નથી. સંરક્ષક અને સંસ્કૃતિનો સંબંધ પતિ પત્નીનાં રૂપકથી રામાયણમાં વ્યકત થયો છે. હિંદુ જીવન દૃષ્ટિ મુજબ સંસારને માનવ જીવનમાં ઉચ્ચ સ્થાન આપવાની નેમ છે. રામ અને સીતા ઉચ્ચ આદર્શવાળા દંપતી છે. રામે કેવળ આર્ય સંસ્કૃતિનાં સંવર્ધકનું કાર્ય કર્યું હોત તો એક વર્ગનાં પ્રતિનિધિ બની રહ્યાં હોત. એમણે આર્ય અને દ્રવિડ સંસ્કૃતિનાં સમન્વયનું કાર્ય કરીને ભારતમાં વસતા ભિન્ન લોકોને એક સંસ્કારથી બાંધવાનો પુરુષાર્થ કર્યો હતો. રાવણ અને બલિનો એમણે વધ કર્યો હતો. રાવણને દ્રવિડ સંસ્કૃતિનું એટલું અભિમાન હતું કે આર્ય સંસ્કૃતિનો વિધ્વંસ કરવામાં રાચતો હતો. રામને પણ વિશ્વામિત્ર તરફથી એવું જ ઝનૂન મળ્યું હતું. વિશ્વામિત્રે રાજગાદી છોડીને આર્ય સંસ્કૃતિનાં સંવર્ધન ખાતર ઋષિપદ અંગીકાર કર્યું હતું. વિશ્વામિત્ર અનાર્ય લોકોની વચ્ચે જઈને વૈદિક સંસ્કાર ફેલાવવાનો પ્રયત્ન કરતા હતાં. આનો ભિન્ન ધર્મી અનાર્યો વિરોધ કરતાં અને તે પ્રચારને નાકામયાબ બનાવવા યજ્ઞમાં વિઘ્ન નાખતાં. આથી રક્ષણ મેળવવા વિશ્વામિત્ર દશરથ પાસે ગયાં. રામ લક્ષ્મણને સાથે મોકલવા માંગણી કરી. રાજકુંવરો રાક્ષસોનો સામનો નહીં કરી શકે તેવો ભય બતાવી દશરથે જાતે આવવાની તૈયારી બતાવી, પરંતુ વિશ્વામિત્રએ રાજકુંવરોને મોકલવા આગ્રહ રાખ્યો. વિશ્વામિત્ર પૂર્વજીવનમાં રાજા હતાં, એટલે તેમની શક્તિ ઉપર વિશ્વાસ મૂકી દશરથે રામ લક્ષ્મણને મોકલ્યાં.



રામ લક્ષ્મણને શિક્ષણ વિશ્વામિત્રએ આપ્યું અને તે એમનું યુગકાર્ય છે તેવું દૃઢ ઠસાવ્યું હતું. રામને પિતાના વચન ખાતર ચૌદ વર્ષનો વનવાસ ગાળવાનો હતો. આ સમયનો સદ્‌ઉપયોગ કરવા રામ લક્ષ્મણે દક્ષિણ પ્રદેશને પસંદ કર્યો. ઉત્તરમાં અરણ્યો હતાં એટલે વનવાસ માટે દક્ષિણમાં જવું અનિવાર્ય હતું. ઉત્તરમાં આર્ય સંસ્કૃતિ અને આર્ય રાજાઓની સત્તા હતી. દક્ષિણમાં દ્રવિડોની સંસ્કૃતિ અને રાજ્યો હતાં. દક્ષિણે આવેલું રાવણનું રાજ્ય સમૃદ્ધિમાં અને સત્તામાં આર્યોને પડકારતુ હતું. લંકાની સમૃધ્ધિ અને વૈભવ ઉત્તરની આર્ય રાજધાનીઓ કરતા કોઈ પણ રીતે ઉતરતી ન હતી. રાવણનું બાહુબળ, બુદ્ધિબળ અને યુધ્ધબળ પૂરો મુકાબલો કરે તેવા હતાં. આર્યો ઉત્તરમાં આવ્યાં તે અગાઉ દ્રવિડો દક્ષિણમાં સ્થિર હતાં. ઉત્તરમાં અનાર્યો વસતા હતાં. તેમને આર્યોથી પરાજય સ્વીકારવો પડ્યો હતો. દક્ષિણનાં દ્રવિડો અણનમ હતાં. આજે પણ દ્રવિડ મુનેત્રમ્ પક્ષ દ્વારા ઉત્તરને પડકાર આપતા ઉભા જ છે. હજારો વર્ષ પછી દ્રવિડોમાં આજે પણ પડકારવૃત્તિ પડેલી છે. ગાંધીજીને આર્ય લોકોનાં નેતા ગણી એમનો ફોટો બાળ્યો હતો, તો રામચંદ્રનાં વખતમાં દ્રવિડોની પડકારવૃત્તિ કેટલી પ્રબળ હશે? રાવણ એનું ઉદાહરણ છે.

રામનો મહિમા આ યુગકાર્ય પાર પાડવામાં રહેલો છે. શસ્ત્રોથી આર્યોએ ઉત્તરમાં વિજય ફરકાવ્યો, પરંતુ દક્ષિણમાં રામ વનવાસી તરીકે પ્રવેશ કરે છે. વિશ્વામિત્ર અને અગત્સ્ય ઋષિપણું ધારણ કરતા નથી. સીતા અને લક્ષ્મણ આર્ય સંસ્કારની સુવાસ સાથે લઈને જાય છે. આર્ય લોકો વિશે દક્ષિણનાં દ્રવિડોમાં ઘૃણા છે. આર્યો ગોરા અને નમણા છે. દ્રવિડો કાળા અને બેડોળ છે. આથી એમનો વિરોધ કરવામાં જ પોતાનું ગૌરવ સચવાઈ રહે તે રક્ષણવૃત્તિ એમાં રહેલી છે. રામ, સીતા અને લક્ષ્મણ નિર્ભયતાથી દક્ષિણમાં પ્રવેશે છે. લંકા અને રાવણ વિષે જેમ ઉત્તરમાં દંતકથાઓ હતી, તેમ અયોધ્યા અને રામ વિશે દક્ષિણમાં દંતકથાઓ ફેલાયેલી હતી. દંતકથાનાં રાજા રાણી આંગણે આવેલા જોઈને એમને અચંબો થતો હતો કે આ લોકો ક્રૂર હોય છે તેમ સાંભળ્યું હતું, પરંતુ રામ, સીતા અને લક્ષ્મણ તો આપણા જેવા માયાળું, આત્મીય અને ભલાં છે. આપણાં મંદિરોમાં જઈને દેવ દેવીઓનાં દર્શન કરે છે. સીતાનાં આશ્ચર્યનો પાર રહેતો નથી. જેમને ક્રૂર અને નિદય માન્યા હતાં તે એમના આદર સત્કાર કરે છે. રામમાં સમન્વયનું રસાયણ હતું. બંને પ્રજાઓએ એક જ દેશમાં વસવાનું હતું. જો ઉન્નતિ સાધવી હોય તો એકબીજા સાથે દુશ્મનાવટ રખાય નહીં. બંને સંસ્કૃતિઓએ ગંગા કાવેરીનો સંગમ સાધવો પડશે. આર્યોએ પોતાનું અભિમાન છોડવું પડશે, દ્રવિડોએ એમનું અહમ ત્યજવો પડશે. બંનેએ પોતાનું આગવું વ્યક્તિત્વ છોડી નવાં સમન્વયનું વ્યક્તિત્વ ધારણ કરવું પડશે. આર્ય અને દ્રવિડ સંસ્કૃતિનો સમન્વય તે વૈદિક ધર્મ. જેમાં આર્યો અને દ્રવિડો રંગભેદ તથા સંસ્કારભેદ ત્યજીને નવે સ્વરૂપે પ્રગટ્યાં. આ યુગકાર્ય પાર પાડ્યું ભગવાન શ્રી રામચંદ્રે. રાજસત્તાનાં જોરે નહી, પણ માનવતાની સુવાસ પ્રગટાવીને.

દરેક દેશમાં લોકોની એક જ ભાષા પ્રેમ હોય છે. એનો પડઘો હૈયામાં પડ્યા વિના રહેતો નથી. રામ, કૃષ્ણ, મહંમદ, ઈસુ કે જરથુષ્ટ્ર એક સરખા ભક્તિ ભાવથી ભજે છે. ટેકેદારોમાં ઝનૂન હોય છે. તે પ્રેમની ઉપરવટ અહમની ભાષાથી પ્રેરાઈને સામનો કરે છે, આથી યુદ્ધ ખેલાય છે. સર્જન અને સંહાર એક જ સિક્કાની બે બાજુઓ છે. નવસર્જન કરવું હોય તો સંહાર અનિવાર્ય છે. યુદ્ધમાં મૃત્યુરૂપે સંહાર થાય છે. ચૂંટણીમાં હાર રૂપે સંહાર થાય છે. સમાજહિત માટેનો સંહાર એ સર્જનનું જ એક રૂપ છે. શૂર્પણખા, વાલિ, રાવણ વગેરેનો ઉચ્છેદ અને જટાયું, સુગ્રીવ, વિભીષણ, હનુમાન વગેરેનું સંવર્ધન એ સંહાર અને સર્જનનાં એક જ સિક્કનાં બે પાંસા છે. જે કાર્ય ભરદ્વાજ, વિશ્વામિત્ર, અગત્સ્ય વગેરે ઋષિઓ આશ્રમ સ્થાપીને ન કરી શક્યાં, તે રામચંદ્રે રાજકુમાર તરીકે પાર પાડ્યું હતું. રાવણનો વધ એ કોઈ લંકાની ગાદી ભોગવતા સ્થૂલ રાજાનો ઉચ્છેદ ન હતો, દ્રવિડ સંસ્કૃતિનો પણ વધ ન હતો, પરંતુ બે સંસ્કૃતિઓ વચ્ચે ચાલતા ઘર્ષણનો, ભિન્નતાનો અને ભેદનો વધ હતો. રામ કોઈનો વધ કરવામાં પરાક્રમ માનતા ન હતાં.

રાજગાદી કે કીર્તિની આકાંક્ષાથી યુધ્ધ ઈચ્છતા ન હતાં. ગાદીનાં વૈભવની કામના હોત તો ભરતના આગ્રહથી એમણે અયોધ્યાની ગાદીનો સ્વીકાર કર્યો હોત, વનવાસને વહાલો કર્યો ન હોત. રાવણ અને વાલીનો વધ કર્યા પછી એ ગાદી એમણે તેમના ભાઈઓ વિભીષણ અને સુગ્રીવને આપી હતી. એમણે દ્રવિડોને સમાન ગણ્યા હતાં. ઈસુએ પોતાના વિષે કહ્યું છે કે જે ધર્મ પરંપરા ચાલી આવે છે, તેનો ઉચ્છેદ કરવા હું આવ્યો નથી, પરંતુ ધર્મમાં પૂર્તિ કરવા આવ્યો છે. આ જ પ્રકારની કામગીરી ઈસુનાં જન્મથી સેંકડો વર્ષ પહેલા રામચંદ્રે પુરી કરી હતી. એમણે આર્ય કે દ્રવિડ ધર્મમાંથી કોઈનો ઉચ્છેદ કર્યા વિના બંનેનો સમન્વય કર્યો હતો. આ સમન્વયનું યુગકાર્ય એ રામચંદ્રનું અવતારકાર્ય હતું. રામાયણ એ દશરથનાં કુટુંબની કથા છે. ગૃહસ્થાશ્રમનો મહિમા કરતી ગૌરવકથા છે. યુધ્ધની કથા રમણીય બની રહે છે. રામ રાવણનું યુધ્ધ વીર રસની કથા છે. રામાયણ હજારો વર્ષથી લોકોનાં ચિત્તને પાવન કરે છે. એ કુટુંબ કથામાં સૌ કુટુંબોની આંકાક્ષાનો પડઘો છે. નિર્મળ અને પ્રસન્ન દામ્પત્ય ઉછળે છે. ભિન્નતામાં એકતાની રાષ્ટ્રીયતા જોવા મળે છે. હજારો વર્ષ પછી પણ રામચંદ્રનાં સમન્વયની દૃષ્ટિ પ્રેરણારૂપ છે. તે કાળે ભિન્ન ધર્મો વૈદિક ધર્મમાં સમન્વય સાધી એકાકાર થયાં હતાં. આજે હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે ધર્મ સમન્વય સાધી એક થઈ શકે તે માટે ક્રાંતિકારી વિશ્વસંત શ્રી ઋષિજીનાં પ્રયત્નો યુગ કાર્ય સમાન છે. રંગ, જાતિ, ભાષા, સાંપ્રદાયિકતા અને રાષ્ટ્રીયતા જેવી ભિન્નતાઓથી પર રહીને આજના માનવીએ પોતાની ઓળખ વિશ્વ માનવ તરીકે પ્રસ્થાપિત કરવાની છે. આથી માનવી દરેક ભિન્નતાઓને હકારાત્મક દૃષ્ટિકોણથી જુવે તે આજનો વિશ્વધર્મ છે. આમ વૈશ્વિક દૃષ્ટિકોણથી વિશ્વને બચાવી શકાશે.

પાટણ જીલ્લા ટીમ્બર મરચન્ટ એસોશિયેશન

સમગ્ર જીવન સૃષ્ટિનાં પોષણનો આધાર : પર્યાવરણ...
એક ભેટ જે જીંદગીભર સાથ નિભાવે...
દરેક પ્રસંગો પર જીંદગીની ભેટ છોડ અને પુસ્તક સ્વરૂપે આપો...
આવો, નવી પરંપરાનું નિર્માણ કરીએ,
છોડની ભેટ આપીને ધરતી પર ખુશીઓ લાવીએ...



પ્રમુખ : લલીતકુમાર એચ. પટેલ
મંત્રી : જેઠાભાઈ એમ. પટેલ



➤ Global Religion

વૈશ્વિક ધર્મનાં વૈદિક મંત્રો

હિન્દુ એટલે સનાતન, વૈદિક અને વૈશ્વિક. અત્રે ઉલ્લેખનીય છે કે ક્રાંતિકારી વિશ્વસંત શ્રી ઋષિજી હિન્દુ ધર્મને વૈશ્વિક ધર્મ તરીકે પ્રસ્થાપિત કરી રહ્યાં છે.

વિશ્વનાં તમામ ધર્મો અને સંપ્રદાયોનું ધ્યેય માત્ર પરમાત્માની પ્રાપ્તિ છે. અનેક માર્ગો ધર્મ શાસ્ત્રમાં બતાવ્યાં છે. સનાતન વૈદિક પરંપરામાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ત્રણ મુખ્ય માર્ગ છે. જીવત્વથી શિવત્વ સુધીની યાત્રા પૂર્ણ કરવા ચાર મહાસાધના છે. પરંપરાગત સાધના, બહિરંગસાધના, અંતરંગ સાધના અને સાક્ષાત્ સાધના. પરંપરાગત સાધના અતિ સરળ છે. મંત્ર જાપ સરળ અને સ્વંયસિદ્ધ ભક્તિમાર્ગ છે. ખ્રિસ્તી, જૈન, ઈસ્લામ, બૌદ્ધ વગેરે વિશ્વનાં તમામ ધર્મોમાં આ માર્ગને સ્વીકૃતિ છે.

વેદોમાં સમાયેલા વૈશ્વિક મંત્રો વાસ્તવમાં વિજ્ઞાન છે. આ મંત્રો અ થી જ્ઞ સુધીનાં 51 અક્ષરો થી બનેલા છે. દિવ્ય ચેતનામય અને વિશિષ્ટ અર્થવાળા છે. વૈજ્ઞાનિક સંયોજનથી મંત્રો બનેલા છે. મંત્રનાં શુદ્ધ ઉચ્ચારથી વાતાવરણમાં ઊભાં થતા તરંગો ચોક્કસ દિશામાં અસર કરે છે, એ બાબતે વિજ્ઞાનનું પ્રમાણ મળ્યું છે. મંત્રોનાં ઉચ્ચારણથી ઊભાં થતાં સ્પંદનો વાતાવરણમાં અલૌકિક શક્તિનો પ્રાદુર્ભાવ કરે છે. તન મનને અજબ ચેતનાથી ભરી દે છે, જેમ પાણીમાં પત્થર નાખવાથી સ્પંદનો ઊભાં થાય છે એમ મંત્રોચ્ચારથી વાતાવરણમાં ઊભાં થતા તરંગો ચોક્કસ દિશામાં પોઝિટીવ અસર કરે છે. બ્રહ્માંડની ઉત્પત્તિનાં મૂળમાં સ્પંદનો છે. વિજ્ઞાની ન્યૂટને આ વાતને પુષ્ટિ આપતા લખ્યું છે કે 'અર્થ ઈઝ અ કોઝ ઓફ હાઈ વાઈબ્રેશન્સ.' સનાતન વૈદિક પરંપરાએ બાર હજાર વર્ષ પહેલા સ્વીકૃતિ આપી છે કે બિંદુ અને નાદથી ઉદ્ભવતા સંયોજિત સ્પંદનો બ્રહ્માંડની ઉત્પતિનું કારણ છે. મંત્રોનો ઉચ્ચાર ગમે તે રીતે અને ગમે તે કાળે ન થઈ શકે. મંત્રોનાં ઉચ્ચારણનું જ્ઞાન ગુરુ પાસેથી ગ્રહણ કર્યા મુજબ કરવું જોઈએ. ગુરુને શાસ્ત્ર જ્ઞાન હોવું જરૂરી છે, કારણ કે મંત્રોનું ઉચ્ચારણ પ્રાણાયામ અને શ્વોસોચ્છ્વાસનું વિજ્ઞાન છે.

અગમ્ય, અગોચર, અચિંત્ય પરબ્રહ્મનું પ્રગટ સ્વરૂપ એટલે શબ્દ. શબ્દને બ્રહ્મ કહ્યો છે. શબ્દ બ્રહ્મ એટલે જ નાદ બ્રહ્મ. ગીતામાં પણ કૃષ્ણે કહ્યું છે, હું જ મંત્ર, દેવતા અને યજ્ઞાદિનું સ્વરૂપ છું. મંત્ર એટલે શું? શાસ્ત્રાનુસાર મનમાં જેનું રટણ થાય એ મંત્ર. મંત્રની અનંત શક્તિથી દિવ્ય ઊર્જા ઉત્પન્ન કરી શકાય છે. મંત્રો મુખ્યત્વે બીજ મંત્ર, તારક મંત્ર, વૈદિક મંત્ર, લિંગ મંત્ર, પુરાણ મંત્ર, નામ મંત્ર અને સંપ્રદાય મંત્ર છે. ૐ શ્રીં કલીં હીં બીજ મંત્ર કહેવાય, જે સ્વંયસિદ્ધ છે. ૐ રુદ્રાય નમઃ, ૐ નમઃ શિવાય, ૐ હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચૈ, ૐ ગં ગણપતયે નમઃ, ૐ નમો ભગવતે વાસુદેવાય વૈદિક અને નામ મંત્રો છે. આવો જોઈએ વૈશ્વિક ધર્મનાં સૌથી પ્રચલિત વૈદિક મંત્રો.

ૐ મંત્ર

સૌથી પહેલો શબ્દ ૐ છે. બ્રહ્મવાચક શબ્દ ૐ સાડા ત્રણ અક્ષરનો મંત્ર છે. અ, ઉ, મ, ઓ બોલવાની સાથે જે અર્ધબિંદું લગાડવામાં આવે છે. એને ચંદ્રબિંદું અથવા અર્ધમાત્રા કહેવાય છે. ૐ માં ઓકાર, ઉકાર અને મકાર છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણ દેવ છે. અર્ધ ચંદ્ર અમૃત તત્ત્વ છે. ૐ મંત્ર બોલવાથી ત્રણેય દેવ અને અમૃત તત્ત્વનું સ્મરણ થાય છે. ઓમનું મોનોગ્રામ રૂપ ૐ છે. આ મોનોગ્રામમાં 3 નો આંક છે. ૐ ને ત્રણ ગણો ભારપૂર્વક બોલવો જોઈએ. ૐ કારનું વધુ પડતું ઉચ્ચારણ વૈરાગ્ય ભાવ પેદા કરે છે. સંસારી માટે તે અડધો કલાકથી વધુ ઉચ્ચારણ કરવું હિતાવહ નથી. રિદ્ધિ સિદ્ધિની સંપદા અને વિભૂતી મેળવી શકાય છે.

ગાયત્રી મંત્ર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યમ ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્.

ગાયત્રી મંત્રને ગુરુ મંત્ર કેહવામાં આવે છે. પ્રાચીનકાળમાં બાળક ગુરુકુળમાં ભણવા જતો ત્યારે વેદારંભ વખતે ગુરુમંત્ર રૂપે ગાયત્રી મંત્રની દીક્ષા આપવામાં આવતી. વેદની શરૂઆત વેદમાતા ગાયત્રીથી થાય છે. બ્રાહ્મણો જે યજ્ઞોપવીત ધારણ કરે છે એ ગાયત્રીની મૂર્તિમંત પ્રતિમા છે. યજ્ઞોપવીતનાં નવ તાર ગાયત્રી મંત્રનાં નવ શબ્દ છે. બુદ્ધિને સાત્ત્વિક અને સતમાર્ગી બનાવવા માટે પ્રયત્નશીલ રહેવું એ ગાયત્રી મંત્રની શિક્ષા છે. ગાયત્રી મંત્ર પ્રાણ શક્તિ છે. જીવનમાં પ્રાણ શક્તિ ઓછી થઈ જાય તો હજારો વ્યાધિઓ આવે. ગાયત્રી મંત્ર પ્રાણ શક્તિની પ્રાપ્તિ કરાવે છે. બ્રહ્મવાચક શબ્દ ૐ એટલે પરમાત્મા, ભૂ એટલે પ્રાણ સ્વરૂપ, ભુવઃ એટલે દુઃખનાશક, સ્વઃ એટલે સુખ સ્વરૂપ, તત્ એટલે તે, સવિતુઃ એટલે તેજસ્વી, વરેણ્ય એટલે શ્રેષ્ઠ, ભર્ગો એટલે પાપનાશક, દેવસ્ય એટલે દિવ્ય, ધીમહિ એટલે ધારણ કરે, ધિયો એટલે બુદ્ધિ, યો એટલે જે, નઃએટલે અમારી, પ્રચોદયાત્ એટલે પ્રેરિત કરો. ઈશ્વરના પ્રાણ સ્વરૂપનું ધ્યાન કરવાનો અર્થ એ કે આપણી આત્મિક અને ભૌતિક સ્થિતિ શ્રેષ્ઠ બને. મંત્રનાં પ્રથમ ભાગમાં ઈશ્વરીય દિવ્ય ગુણો મેળવવાની વાત છે. બીજા ભાગમાં ઈશ્વરીય દૃષ્ટિકોણ ધારણ કરવાની વાત છે. પરમાત્માને પોતાની અંદર ધારણ કરવાની પ્રતિજ્ઞા છે. દિવ્યગુણવાળા પરમાત્માને સંસારનાં કણ કણમાં જોવાની દૃષ્ટિ કેળવવાની છે. મંત્રના ત્રીજા ભાગમાં સદ્બુદ્ધિની સર્વોપરિતાનું પ્રતિપાદન છે. ભગવાનને એ પ્રાર્થના કરવામાં આવી છે કે તમે મારી બુદ્ધિને સન્માર્ગે દોરો. બ્રહ્મમૂહૂર્તમાં ગાયત્રી મંત્રનો 108 વાર ઉચ્ચાર કરવો શ્રેષ્ઠ સાબિત થાય છે. ગાયત્રી મંત્ર પ્રાણાયામ છે. 108 વાર ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરો ત્યારે 80 વખત ઉચ્ચ સ્વરમાં, 20 વાર મધ્યમ સ્વરમાં અને 8 વાર નિમ્ન સ્વરમાં ઉચ્ચારણ કરવું જોઈએ. સપ્તપદીનાં સાત મંત્ર વરની પ્રતિજ્ઞાનાં અને સાત મંત્ર કન્યાની પ્રતિજ્ઞાનાં છે.



વર પ્રતિજ્ઞા

ૐ એક મિષે વિષ્ણુસ્ત્વાનયતુ

હે વધૂ, સર્વ પુરુષાર્થનાં સાધનભૂત એવા આ મુખ્ય ભૂલોકમાં સઘળાં સૌભાગ્ય અને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય એ માટે તથા મારા ઘરમાં અન્ન, વસ્ત્ર, દ્રવ્ય વગેરે વસ્તુની સંભાળ માટે તું અધિકારિણી થા. મિષે એટલે ઈચ્છિત કામના, વિષ્ણુ એટલે સાત શક્તિમાંની એક પુરુષ શક્તિ, ત્વા નયતુ એટલે તને મળે. મારા પુરુષાર્થથી તારી ઈચ્છિત કામના પૂર્ણ થાય.

ૐ દ્વે ઉર્જે વિષ્ણુસ્ત્વાનયતુ

ઊર્જા એટલે બળ. હે વધૂ, પૃથ્વી પર તું શક્તિમાન બની રહે તે માટે પરમાત્મા મદદરૂપ થાઓ, કારણ કે તારી શક્તિથી જ મારી શક્તિમાં વધારો થશે.

ૐ ત્રિણી રાયસ્પોષાય વિષ્ણુસ્ત્વાનયતુ

ત્રણેય લોક આકાશ, પાતળ અને સ્વર્ગમાં મારા ધનની વૃદ્ધિ અને સંભાળ માટે તુ મારા ઘરની અધિકારિણી થા.

ૐ ચત્વારિ માયોભવાય વિષ્ણુસ્ત્વાનયતુ

ચારેય લોકમાં મારા સુખની પ્રાપ્તિ માટે તું અધિકારિણી થા.

ૐ પંચ પશુભ્યો વિષ્ણુસ્ત્વાનયતુ

પાંચેય લોકમાં પશુમાત્રની સંભાળ રાખવામાં તું મારી મદદગાર બન.

ૐ ષડ્ ઋતુભ્યો વિષ્ણુસ્ત્વાનયતુ

ભૂલોક, ભુવલોક, સ્વલોક, મહાલોક, જનલોક અને તપોલોકમાં તથા છ એ ઋતુઓમાં તું મારી સાથે ઉત્તમ સુખ ભોગવનારી થા.

ૐ સખે સપ્તપદા ભવ સા મામનુવ્રતા ભવ

ભૂલોક, ભુવલોક, સ્વલોક, મહાલોક, જનલોક, તપોલોક અને સત્યલોકનાં સુખોની પ્રાપ્તિ માટે મને અનુસરનારી બન.

આ પ્રમાણે વર સાત પગલાં ઉત્તર તરફ ચાલીને બોલે છે, પછી કન્યા જે બોલે એ કન્યા પ્રતિજ્ઞા છે. આમ સપ્તપદીમાં વર કન્યાની કુલ 14 પ્રતિજ્ઞાઓ છે.

કન્યા પ્રતિજ્ઞા

ત્વત્તો મેડખિલસૌભાગયં પુણ્યૈસ્ત્વં વિવિધૈ: કૃતૈ: ।
દેવૈ: સંપાદિતો મહ્યં વધૂરાદ્યે પદેડબ્રવીત્ ।।

મારા અનેક પુણ્યોનાં પ્રભાવથી મને તમારું સૌભાગ્ય મળ્યું છે. દેવોએ તમને મારા પતિ બનાવ્યા છે. મારું સર્વ પ્રકારનું કલ્યાણ તમારાથી જ છે, એમ બોલી કન્યા સપ્તપદીનું પહેલું પગલું ભરે છે.

કુટુંબ પાલયિષ્યામિ હ્યાવૃદ્ધબાલકાદિકમ્ ।
યથાલબ્ધેન સંતુષ્ટા બ્રૂતે કન્યા દ્વિતીયકે ।।

કુટુંબનાં આબાલવૃદ્ધનું હું પાલન પોષણ કરીશ, સંભાળ રાખીશ અને તમે જે ધન પ્રાપ્ત કરશો એમાં સંતૃષ્ટ રહીશ, એમ બીજું ડગલું માંડી કન્યા બોલે છે.

મિષ્ટાન્નવ્યંજનાદિની કાલે સંપાદયે તવ।
આજ્ઞાસંપાદિની નિત્યં તૃતીયે સાડબ્રવીદ્વરમ ।।

તમને અને કુટુંબને દરરોજ સમયસર શ્રેષ્ઠ ભોજન જમાડીશ, હંમેશા તમારી આજ્ઞાનું પાલન કરીશ.

શુચિ:શૃંગારભૂષાડહં વામન:કાયકર્મભિ: ।
ક્રીડિષ્યામિ ત્વયા સાર્ધતુરીયે સાડબ્રવીદિદમ્ ।।

હું હંમેશા પવિત્ર રહી સૌભાગ્યનાં શણગારને ધારણ કરીશ. મનથી, વચનથી અને સત્કર્મોથી તમને પ્રસન્ન કરીશ. હંમેશા આપનું શુભચિંતન કરીશ.

દુ:ખે ધીરા સુખે હૃષ્ટા સુખદુ:ખવિભાગિની ।।
નાહં પરતરં ગચ્છે પંચમે સાડબ્રવીત્પતિમ્ ।।

તમારા દુ:ખના અને આપત્તિનાં સમયમાં હું ધીરજ ધરીશ. સુખમાં પ્રસન્ન રહીશ. તમારા સુખ અને દુ:ખમાં હું ભાગીદાર બનીશ. પરપુરુષની કદાપિ ઈચ્છા કરીશ નહી.

સુખેન સર્વકર્માણિ કરિષ્યામિ ગૃહે તવ ।
સર્વા શ્વશુરયોશ્ચાપિ બન્ધૂનાં સત્કૃતં તથા ।।
યત્ર ત્વં વા હ્યહં તત્ર નાહં વંચે પ્રિયં ક્વચિત્ ।
નાહં પ્રિયેણ વચ્યાડસ્મિ કન્યા ષષ્ઠે પદેડબ્રવીત્ ।।

હું ઘરનાં સર્વ કાર્ય સારી રીતે કરીશ. માતાપિતા અને સઘળા શ્વશુર પક્ષનાં લોકોને સત્કારીશ. તમારાથી કદીય દૂર નહી રહું. કદી તમને છેતરીશ નહીં.

હોમયજ્ઞાદિકાર્યેષુ ભવામિ ચ સહાયકૃત ।
ધર્મોર્થકામકાર્યેષુ મનોવૃત્તાનુસારિણી ।।
સર્વે ચ સાક્ષિણસ્ત્વં મે પતિભૂતોડસિ સાંપ્રતમ્ ।
દેહો મયાડપિત્સ્તુભ્યં સપ્તમે સાડબ્રવીદ્વરમ ।।

ધર્મ કાર્યોમાં હું તમને મદદરૂપ બનીશ. ધર્મ, અર્થ અને કામ એ ત્રણેય પુરુષાર્થ માટેના કાર્યમાં હું તમારી ઈચ્છા પ્રમાણે વર્તીશ. અગ્નિ અને સર્વની સાક્ષીએ તમે મારા પતિ બન્યાં છો, આથી હું મારું શરીર તમને અર્પણ કરું છું એમ કન્યા સાતમું ડગલું માંડતાં બોલે છે.

ગણપતિ મંત્ર

ૐ ગં ગણપતયે નમ:

ઓમકાર સાથે ગણોનાં અધિપતિ એવા ગણપતિ દેવતાને નમસ્કાર.

શિવ પંચાક્ષર મંત્ર

ૐ નમ: શિવાય

ઓમકાર સાથે કલ્યાણ કરનારા દેવ શિવને નમસ્કાર.

કૃષ્ણ અષ્ટાક્ષર મંત્ર

શ્રી કૃષ્ણ શરણં મમ્

શ્રી એટલે રાધા, રાધા સહિતનાં કૃષ્ણ મને શરણમાં લો.

મૃત્યુંજય મંત્ર

ૐ મૃત્યુંજય મહાદેવ ત્રાહિમામ્ શરણાગતમ્ ।
જન્મમૃત્યુ જરાવ્યાધિ પિડીતં કર્મબંધનાત્ ।।

ઓમકાર સહિત મૃત્યુ પર વિજય મેળવનારા મહાદેવ શરણે આવેલાની રક્ષા કરો. જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને વ્યાધિઓને કર્મનાં બંધનમાંથી મુક્ત કરો.

નારાયણી મંત્ર

શરણાગત દિનાર્ત પરિત્રાણા પરાયણિ ।
સર્વસ્યાર્તિ: હરે દેવી નારાયણી નમોસ્તુતે ।।

શરણે આવેલા દીન દુ:ખી અને ત્રાસેલા જીવોનું રક્ષણ કરવામાં પરાયણ એવા સર્વ દુ:ખોને હરનારી દેવી નારાયણીને નમસ્કાર કરું છું.

નારાયણ મંત્ર


નારાયણાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ ।
તન્નો વિષ્ણુ: પ્રચોદયાત્ ।।

વસુદેવનાં પુત્ર વાસુદેવનું હું ધ્યાન ધરું છું તે વિષ્ણુ મને પ્રેરણા આપો.

➤ Global God

વિઘ્નહર્તા શ્રી ગણેશ

આંતરરાષ્ટ્રીય કક્ષાએ જાણીતા નવલ કથાકાર અને લેખક
શશી થરૂર આપણને ભારતીય દેવીઓ અને દેવતાઓની એ ભૂમિ પર લઈ જાય છે,
જ્યાં ભગવાન ગણેશ માત્ર શિવ અને પાર્વતીનાં જ નહીં,
પરંતુ દુનિયાનાં દોઢ અબજ હિંદુઓનાં વહાલસોયા ભગવાન છે.



ॐ મહાગણપતે નમઃ સર્વ વિઘ્નોપ શાંતયે, ॐ ગણેશાય નમઃ

શૈશવનાં દિવસો મને યાદ છે. રોજ સવારે હું દિવસનાં પ્રારંભે આ પ્રાર્થના કરતો હતો. આ સંસ્કૃત શબ્દનો અર્થ શું થાય તેની મને જાણ ન હતી. કરોડો હિંદુઓની માફક હું પણ ગણપતિને આર્શિવાદ લેવા મનાવતો હતો, એટલી જ મને બાલ્યાવસ્થામાં ખબર હતી. દક્ષિણમાં ગણેશને ગણપતિ તરીકે વધારે સંબોધવામાં આવે છે. ગણેશની વિવિધ મૂર્તિઓ મારા બેડરૂમની અલમારી પર ગોઠવેલી છે. અસંખ્ય કેલેન્ડરો, પોસ્ટરો, ટ્રેડમાર્કસ, લગ્નની કંકોતરીઓ અને કપડાં ઉપર ગણપતિની હાજરી જોવા મળે છે. ફુંદાળા, સ્થૂળ, એકદંત, લાંબી સૂંઢવાળા આ દેવને કલાકાર મનગમતાં વસ્ત્રો પહેરાવીને રજૂ કરે છે. ગણપતિ મૂષક પર સવારી કરીને હિંદુઓનાં હૃદયમાં સ્થાયી થયાં છે. વૈદિક ધર્મનાં આ સૌથી લોકપ્રિય દેવતા છે. ગણપતિની સ્તુતિ વગર ભાગ્યે જ કોઈ પ્રસંગનો આરંભ થતો હશે. હિંદુ શાસ્ત્રો પ્રમાણે ગણપતિ જ્ઞાન અને શક્તિનાં દેવતા છે. તેઓ વિઘ્નો દૂર કરી ઈચ્છાઓની પરિપૂર્તિ કરે છે. કોઈ પણ વ્યક્તિ શુભકાર્યો કે મહત્વની યોજના શરૂ કરતાં પહેલા ગણેશજી પોતાના પક્ષે હોય એવું ઈચ્છે છે. લગ્ન વખતે ગણપતિને પ્રથમ યાદ કરવામાં આવે છે. જયારે અમે લગ્ન કર્યા ત્યારે કંકોતરી પર મેં અને મારી પત્નીએ ગણેશની એમ્બોસ્ડ મૂર્તિ છપાવી હતી. ગણેશ સાથે મારો વ્યક્તિગત સંબંધ બંધાયો છે. પાંચ હજાર વર્ષ જૂનો મહાગ્રંથ 'મહાભારત' ઋષિ વેદવ્યાસ બોલતા ગયાં અને ગણેશજી લખતા ગયાં. ઘણા લેખકો કૃતિઓની રચના માટે ગણેશજીને મદદરૂપ માને છે.

વીસમી સદીના ભારત પર લખેલી રાજકીય કટાક્ષિકા 'ધ ગ્રેટ ઈન્ડિયન નોવેલ'નાં કેટલાંક પાત્રો અને પ્રસંગો મે મહાભારતનાં આધારે ઢાળ્યાં હતાં. મારી એ રચના વેદવ્યાસ લખાવતા હોય અને હું એમનો ગણપતિ હોઉ એ રીતે મેં રજૂ કરી છે. ગણપતિનું નાક મોટું હોવાથી એ ચતુર છે. આંખોમાં તેજસ્વિતા છે. શરીર પર મોટી સૂંઢ લટકતી હોય છે. હિંદુ દેવતાનો લેખકો ધર્મનિરપેક્ષ સહારો લઈ શકે છે. મારા હિંદુત્વમાં પ્રભુ એ દૂરનું અને અગમ્ય સ્વર્ગમાં વસતું કોઈ અસ્તિત્વ નથી. ઈશ્વર આપણી આસપાસ અને સહેલાઈથી મળી શકે તેવું અસ્તિત્વ છે. વ્યક્તિગત રીતે આપણી કલ્પના રૂપે તેઓ હાજર હોય છે. હિંદુ સંસ્કૃતિમાં આથી જ દેવતાઓનાં વિરાટ અને વામન એવા હજારો સ્વરૂપ છે. ગણેશ દેવગણોનાં અધિષ્ઠાતા છે. સર્જક બ્રહ્મા, પ્રલયકારી શિવ અને પોષણનાં દેવતા વિષ્ણુની ત્રિપુટીનાં તેઓ એક ભાગ નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ હિંદુ ધર્મનાં પ્રમુખ દેવો છે. આ ત્રિપુટીમાંના એક શિવનાં પુત્ર ગણપતિ છે. જો એ શિવનાં પુત્ર નથી તો પાર્વતીનાં પુત્ર જરૂર છે. એક કથા મુજબ પિતૃત્વનો સહારો લીધા વગર શરીરનાં એક અંશમાંથી પાર્વતીએ શ્રીગણેશજીનું સર્જન કર્યું. એક લેખક તરીકે દરેક દંતકથાઓમાં મને હંમેશા રસ પડ્યો છે. ગણેશનાં અસ્તિત્વ વિશેની કથાઓ પણ મને આકર્ષે છે. દેવતાઓમાં જુદા તરી આવતા આ દેવે પોતાનું મૂળ મસ્તક કેવી રીતે ગુમાવ્યું એની કથા મને ખૂબ ગમે છે. આ કથા મારા દાદીમાએ હું નાનો હતો ત્યારે મને સંભળાવી હતી. પાર્વતી સ્નાન કરવા માટે ગયાં ત્યારે ગણપતિને દરવાજા પર ચોકી પહેરો રાખવાનું જણાવ્યું. ભગવાન શિવ આવ્યાં અને તેઓ ઘરમાં દાખલ થવા માગતા હતાં, પરંતુ ગણેશજીએ પ્રવેશ આપવાની દૃઢતાપૂર્વક ના પાડી. ગણપતિનો આવો વિવેકહીન પ્રતિકાર જોઈને શિવજીએ એમનું મસ્તક કાપી નાખ્યું. પાર્વતી ભય અને ક્રોધથી કાંપી રહ્યાં હતાં. શિવજી પાસે એમણે આગ્રહ રાખ્યો કે ધડ પર મસ્તક ફરીથી મૂકવામાં આવે. શિવજી પાર્વતીનાં કોપને શાંત કરવા માટે બહાર નીકળ્યાં. સૌ પ્રથમ હાથી સામે મળ્યો, શિવજી તેનું મસ્તક કાપીને લઈ આવ્યાં.

મુખ્ય યાર્ડ : મટી @ સબ યાર્ડ : બારડોલી, કડોદ.

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બારડોલી



સને 1963 નાં બજારધારા મુજબ શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બારડોલીની સ્થાપના કરવામાં આવી છે. આ બજારધારો સમગ્ર બારડોલી તાલુકાને લાગુ પડે છે. સદર બજાર સમિતિમાં અનાજ, કઠોળ તેમજ શાકભાજી નિયંત્રણ હેઠળ છે. ખેડુતોએ પોતાનો માલ માર્કેટ યાર્ડમાં લાવીને વેચવાનો આગ્રહ રાખવો, જેથી માલનો સારો ભાવ મળી શકે.

ખેડુત ભારતીય અર્થતંત્રની કરોડરજજુ છે...

સેક્રેટરી : કિરણસિંહ એસ. ચાવડા @ ચેરમેન : દિલીપભાઈ બી. ભક્ત



આદર્શ પુત્ર : માતા પિતાની આજ્ઞાનું જડતાપૂર્વક પાલન કરવામાં આવે તો તેનું શું પરિણામ આવે તેનો બોધપાઠ મેં આમાંથી લીધો. મારી માતા બીજી કથા કહેતી. પાર્વતીએ પોતાના નખશિખ સુંદર પુત્રને જોવા શનિને આમંત્રણ આપ્યું, ત્યારે પાર્વતી એ ભૂલી ગયાં કે શનિની નજરનાં કોપથી પુત્રનું માથું બળીને રાખમાં ફેરવાઈ જશે. ગણપતિનું મસ્તક સળગી ગયું અને તે જગ્યાએ હાથીનું મસ્તક ગોઠવવામાં આવ્યું. ગણેશજીનાં દુર્લભ ગુણોથી હું પ્રભાવિત થયા વગર રહી શક્યો નથી. ગણેશજીએ મસ્તક તો ગુમાવ્યુ, પરંતુ સંત્રી તરીકેની એમની દૃઢતાને કારણે દંતશૂળ પણ ગુમાવ્યો. સંધ્યાકાળે અમે નાનકડાં છોકરાઓ દાદીમાને વીંટાળાઈને બેસી જતાં. શિવજી પાસેથી ઘણાં વરદાનો પ્રાપ્ત કરી ચૂકેલા પરશુરામ કૈલાશ પર્વત પર શિવજીને મળવા ગયાં. અહીં સંત્રી તરીકે પણ ગણેશજી હતાં.

શિવજી ઊંઘી રહાાં હતાં ગણેશજીએ પરશુરામને અંદર ન આવવા દીધા. ક્રોધાયમાન પરશુરામે બળજબરીથી અંદર પ્રવેશવા પ્રયત્ન કર્યો, પરંતુ ગણેશજી મક્કમ હતાં. એમણે લાંબી સૂંઢ વડે પરશુરામને ઉઠાવ્યા અને ગોળ ગોળ ફેરવ્યાં. પરશુરામ અસહાય બની જતાં એમને ચક્કર આવી ગયાં. સ્વસ્થ થયા બાદ પરશુરામે પોતાની કુહાડી ગણેશ પર ફેંકી. ગણેશ ફરસીને રોકી શક્યા હોત, પણ આ ફરસી તો શિવજીએ પરશુરામને આપી હતી. શિવજીનાં શસ્ત્રોની અવગણના એટલે પિતાનું અપમાન. આથી એમણે નર્મતાપૂર્વક કુહાડીનો ઘા દંતશૂળ પર ઝીલ્યો, ત્યારથી ગણેશજી એકદંતા બની ગયાં. ગણેશજીએ એક દાંત વડે મહાભારત લખ્યું, ત્યારે દંતશૂળ ગુમાવવાની કથા મારા માટે વધુ રસપ્રદ બની ગઈ. જેનાથી મહાભારત લખાયું તે એક દાંત જ્ઞાનનું પ્રતિક છે. મેં ગણેશજી સાથે સંકળાયેલાં બીજાં પ્રતિકો વિશે પણ જાણ્યું. હિંદુ ધર્મનાં વિદ્વાનો કહે છે કે ગણેશજીનું સ્થૂળ શરીર બ્રહ્માંડની વિશાળતાનું પ્રતિક છે. હાથીનાં મસ્તકનું માનવીનાં ધડ સાથેનું સંયોજન વિશાળ અને સૂક્ષ્મની એકતા વ્યક્ત કરે છે. આધ્યાત્મિક સૌંદર્યનું સ્વરૂપ એટલે ગણપતિ. ગણપતિનું બાહય સ્વરૂપ ગમે તેવું હોય, એમની બે સુંદર પત્નીઓ રિધ્ધિ અને સિધ્ધિથી એ ઘેરાયેલા રહે છે. ગણેશજીની સૂંઢનો આકાર ૐ નાં આકારમાં ફેરવી શકાય છે. એમની કમરે વીંટળાયેલો સાપ કોસ્મિક ઊર્જાનું પ્રતિનિધિત્વ કરે છે. દરેક પ્રાણી ગણેશની શક્તિઓનું પ્રતિક છે. માનવી એક હાથીની માફક જંગલમાં રસ્તો સાફ કરીને આગળ વધી શકે છે, જયારે ઉંદરની માફક ગમે તેવા પ્રતિકારની વચ્ચે દર ખોદીને માર્ગ કાઢે છે. આમ માણસ હાથી અને ઉંદરનાં ગુણનો સમન્વય કરી કોઈપણ વિઘ્નો દૂર કરવા શક્તિમાન છે. સતત ખૂલી રહેતી દૃષ્ટિ અને વિશાળ ભ્રમરો બતાવે છે કે ગણેશ એક અત્યંત બુદ્ધિશાળી દેવતા છે. હું નાનો હતો ત્યારે ગણેશજી વિશે મેં એક સરસ કથા સાંભળી હતી. માતા પાર્વતીએ એમના બે પુત્રો ગણેશ અને કાર્તિકેયને પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલા આવવા જણાવ્યું. બંનેમાંથી કાર્તિકેય વધુ ઉત્સાહી હતાં. એમને થયું કે સ્થૂળ ભાઈ ગણેશને બદલે પોતે ઝડપથી પૃથ્વીનું ચક્કર પુરું કરશે. ગણેશજીએ થોડી વાર આરામ કર્યો, પછી માતા પાર્વતીને પ્રદક્ષિણા કરીને બેસી ગયાં. પાર્વતીએ સ્પર્ધા માટે જે પડકાર ફેંક્યો હતો તેની ગણેશજીને યાદ અપાવી. જવાબમાં ગણેશજીએ કહ્યું, "તમે જ મારી દુનિયા છો અને મેં તમારી ફરતે ચક્કર લગાવી પ્રદક્ષિણા પુરી કરી છે." આમ ગણેશજી સ્પર્ધા અને મારા જેવા અબુધની ચાહના પણ જીતી ગયાં. ભારતમાં ગણેશજી માત્ર દેવતા હોવાને કારણે નહી, એમની પ્રતિભાને કારણે પૂજાય છે. આ પૂજા ક્યારેક આત્યંતિક રૂપ ધારણ કરે છે. સન 1899 માં પશ્ચિમ ભારતમાં પ્લેગ ફેલાયો ત્યારે બ્રિટિશ સરકારને ઉંદરો મારવામાં ભારતની પ્રજાએ સાથ ન આપ્યો. પ્લેગને આગળ વધવા દીધો. સપ્ટેમ્બર 1995 માં વાત ફેલાઈ કે ગણેશની મૂર્તિઓ દૂધ પીવે છે અને એ ઘટનાએ જે સ્વરૂપ પકડ્યું તેને આજ સુધી કોઈ ભુલી શક્યું નથી. 21 સપ્ટેમ્બરનાં રોજ દિલ્હીમાં સવારનાં સમયે અફવા ફેલાણી કે ગણપતિ દૂધ પીવે છે. તેના થોડા કલાકોમાં આયર્લેન્ડ અને હોંગકોંગ જેવા દૂરદરાજનાં પ્રદેશમાં આ વાત પહોંચી ગઈ, ત્યાં પણ લોકોએ ગણપતિને દૂધ પિવડાવ્યું. લંડનમાં ભારતીય વસ્તીવાળા સાઉથ હોલ વિસ્તારમાં ગણપતિની પ્રતિમાએ સેંકડો ચમચી દૂધ પીધું. લંડન ટાઈમ્સે પહેલા પાને સમાચાર છાપ્યાં કે ચોવીસ કલાકમાં દસ હજાર લોકોએ દૂધ પીતા ગણપતિનાં દર્શન કર્યા. માનચેસ્ટરનાં ગીતાભવન મંદિરમાં ગણપતિની પ્રતિમાએ મોટા પ્રમાણમાં દૂધ પીધું હતું. હંમેશા કંઈક જુંદું અને સનસનાટી ભરેલું શોધી કાઢવા બ્રિટિશ પત્રકારોએ આ ઘટનાને ઉતારી પાડવા તસવીરો ખેંચી અને ફિલ્મો ઉતારી. આખરે તેઓએ જાહેર કરવું પડ્યું કે, " અમે ઘટનાનાં સાક્ષી બનીને દંગ રહી ગયાં." ડેઈલી સ્ટારના પત્રકારે લખ્યું કે હું તો અભિભૂત થઈને જોતો જ રહ્યો. 'સન' અખબારે લખ્યું, "માન્યામાં ન આવે તે રીતે અમે જોઈ રહાાં.



સાદું ભૌતિક વિજ્ઞાન : ભારતમાં તર્ક બુદ્ધિવાદીઓએ જલદી પ્રતિક્રિયા આપી. તેઓએ કહ્યું કે આ એક સાદી ભૌતિક વિજ્ઞાનની પ્રક્રિયા છે. ખરબચડા પથ્થર અને આરસપહાણની સપાટી પરનાં મોલેક્યુલસે [અણુઓ] કેપિલરી રિએક્શન [કેશાકર્ષણની પ્રક્રિયા] પેદા કરી હતી, તેને કારણે દૂધનાં ટીપાં શોષાઈ ગયાં હતાં. જો મૂર્તિનો રંગ કાળો હોય તો ટીપાં જોઈ શકાતાં. દિલ્હી ટેલિવિઝન પર સરકારી વિજ્ઞાનીઓએ દૂધમાં લીલો રંગ ઉમેરીને આરસપહાણની પ્રતિમા પર રંગ ફેલાઈ જતો હતો તે બતાવ્યું. સામસામા દાવાઓ થયાં, કોઈએ તેને રાજકારણ ગણાવ્યું. કોઈએ તેને હિંદુત્વની ચળવળને આગળ ધપાવવાનું કાવતરું ગણાવ્યું. કોઈએ તેને તરકટ ગણાવ્યું. મંદિરનાં ગૌમુખમાંથી દૂધ બહાર નીકળી રહ્યું હોય તેવી તસવીરો દિલ્હીનાં પાયોનિયર અખબારે છાપી. કદાચ તકવાદીઓ અને શ્રદ્ધાળુઓ બંને સાચા હતાં. શ્રદ્ધાની આ તાસીર છે. ધાર્મિક અને વૈજ્ઞાનિક શ્રદ્ધા પોતાની રીતે તેનું સ્થાપન કરે છે. આખરે વિજ્ઞાનમાં શ્રદ્ધા હોવી તે પણ એક શ્રદ્ધા જ છે ને ? જયારે આ અહેવાલો આવ્યાં ત્યારે હું પ્રવાસમાં હતો. શુક્રવાર બપોર બાદ દૂધપાન અટકી ગયું હતું. મને લાગ્યું કે એક ચમત્કાર મેં ગુમાવ્યો છે. એક સપ્તાહ બાદ હું ટેક્સાસમાં હતો ત્યારે મને કહેવામાં આવ્યુ કે હ્યુસ્ટનનાં એક પરામાં આ ઘટના હજી ચાલી રહી છે. મનમાં થોડી શંકા અને જિજ્ઞાસાઓ સાથે હું ત્યાં ગયો. એક શીખ બિઝનેસવુમન એમની મર્સડિઝમાં મને ત્યાં લઈ ગયાં. એમને એ સાબિત કરવામાં કોઈ ધાર્મિક કે આર્થિક રસ ન હતો. અમે એક મધ્યમ વર્ગનાં મૂળ ભારતીયનાં ઘરમાં પ્રવેશ્યાં. દર્શનાર્થીઓની ભીડને કાબૂમાં રાખવા ઘર બહાર દોરડાં બાંધવામાં આવ્યાં હતાં. આજે કોઈ ભીડ નહોતી, કારણ કે આજે ઘટનાનો આઠમો દિવસ હતો. ઘરની માલિક મહિલા અમને પૂજારૂમમાં લઈ ગયાં, ત્યાં ભગવાનની સંખ્યાબંધ મૂર્તિઓ અને છબીઓ હતી. તેમાંની પીળી માટીની અઢી ઈંચની મૂર્તિ જ દૂધ પીતી હતી. મારી શીખ મહિલા મિત્રએ ધ્રૂજતા હાથે દૂધની ચમચી મુખ આગળ ધરી. નાનકડા ગણેશનાં મુખમાં દૂધ અદૃશ્ય થતું અમે બંનેએ જોયું. હવે મારો વારો હતો, આ વખતે પણ દૂધ અદૃશ્ય થઈ ગયું. ક્યાંય દૂધ ફેલાયું પણ ન હતું. હાથ ધ્રૂજવાને કારણે માત્ર બે જ ટીપાં જમીન પર પડ્યાં હતાં. કોઈ અદૃશ્ય શક્તિ દ્વારા ચમચીમાંથી દૂધ ખેંચાયું હોવાનો અમને અનુભવ થયો. કદાચ આ કેપિલરી રિએક્શન હશે. અમને કહેવામાં આવ્યું કે છેલ્લાં આઠ દિવસમાં મૂર્તિને રોજના 180 વખત દૂધ પિવડાવવામાં આવ્યું છે. હવે તેની કેપિલરી ચેનલ અને કુલ શોષણક્ષમતા પણ ખૂટી ગઈ હોવી જોઈએ ? અમે આમ વિચારતા હતાં ત્યાં જ એક ભારતીય યુવતી ટીશર્ટ અને જીન્સ પહેરીને આવી. ગણેશ એમની ચમચીનું દૂધ પણ પી ગયાં. ઘરની જે માલિક હતી તે મહિલા પૈસા કે બીજી કોઈ ભેટ સ્વીકારતી ન હતી. એમના પતિ કોઈ પૂજારી કે હિંદુવાદી ન હતાં. હ્યુસ્ટનની એક કોમ્પ્યુટર કંપનીમાં તે ઉચ્ચ હોદ્દો ધરાવતા હતાં. એ મહિલા પોતાના ઘરમાં જે બની રહ્યું હતું તેનાથી ખૂબ ભાવવિભોર બની હતી. ચમત્કારમાં માનતી હતી, એને કોઈ ખુલાસા જોઈતા નહોતા. એને માત્ર પોતાની માન્યતાનું સમર્થન જોઈતું હતું. રોજ રાત્રે એ નાનકડી પ્રતિમાને નવડાવી કપડામાં વીંટાળીને સોનાની નાનકડી શય્યામાં સુવડાવતી હતી. બીજા દિવસની સુપ્રભાતે દૂધ તરસ્યા ગણપતિને આસન પર બિરાજમાન કરવામાં આવતાં.

મેં જે જોયું તેની કેવી પ્રતિક્રિયા આપવી તે હું જાણતો ન હતો. હું જિજ્ઞાસામાંથી બહાર નીકળી ગયો હતો. શ્રદ્ધાને ઉખેડવાની કે સ્થાપવાની મારી ઈચ્છા ન હતી. મારા હિંદુત્વ સાથે દૂધ પીવાની ઘટનાને કોઈ સંબંધ ન હતો. મારી શ્રદ્ધા વધુ મજબૂત બની ન હતી. મૂર્તિ દૂધ પીતી હતી તે જોઈને આનંદથી હું નાચી ઉઠ્યો ન હતો. ગણેશે દૂધ પીવાનો ઈન્કાર કર્યો હોત તો મારી શ્રદ્ધામાં કોઈ ઓટ આવવાની ન હતી. હું એ માનવા તૈયાર છું કે આ ઘટના પાછળ કોઈ તર્ક આધારિત કારણ હશે. એવું કંઈ પણ બની શક્યું હોય, જે વિજ્ઞાનીઓની તાત્કાલિક સમજણમાં આવી શકતું ન હોય. હું માનું છું કે વિજ્ઞાન જવાબ આપી શકે તેના કરતાં દુનિયા પાસે પૂછવાના અનેક સવાલો છે. આથી આ અલૌકિક ઘટના સ્વીકારવામાં મને કોઈ બૌદ્ધિક વાંધો નથી. આથી કરોડો શ્રદ્ધાળુ દુનિયાભરનાં મંદિરોમાં એકઠા થયાં, તેઓને સમજાયું કે મૃત્યુલોકની બાબતોમાં પણ દેવતાઓ રસ લઈ રહ્યાં છે.

દેવતાઓ આપણા જીવનનો ગાઢ હિસ્સો બની ગયાં છે. એક દિવસ આપણે પથારી કે મકાનમાંથી બહાર ફેંકાઈ જઈશું ત્યારે વિજ્ઞાનીઓ જમીનમાં પડેલી તિરાડોને કારણરૂપ ગણાવશે. હિંદુઓ તેમાં કુદરતની ઈચ્છા જોશે, જે રીતે દૂધનાં ચમત્કારની બાબતને જોઈ રહ્યાં છે. આપણા જીવનમાં દેવતાઓની હાજરી કોઈ અસાધારણ ઘટના નથી, તેઓ આપણી જિંદગીનાં ભાગરૂપે છે. બાલ્યાવસ્થામાં હું મુંબઈમાં હતો ત્યારે દર વર્ષે ગણેશ મહોત્સવમાં ઓતપ્રોત થઈ જતો. ગણેશ વિસર્જન વખતે એક નાનકડા બાળકની જેમ હું દરિયા કિનારે ઊભો રહેતો. ગણેશની મૂર્તિનું વિસર્જન અને ભક્તોનું સમુદ્ર સ્નાન નીરખ્યાં કરતો. સમુદ્રનાં મોજાંઓ નીચે વિરાટ કદનાં એલિફન્ટ ગોડ અદૃશ્ય થઈ જતાં, ત્યારે તે જોઈને હું થોડો ઉદાસ બની જતો. હું જાણતો હતો કે ગણેશ મને છોડીને ગયાં નથી. હું ઘરે જઈશ ત્યારે મને દિવાલો પરનાં કેલેન્ડરમાં, ઘરની અલમારીમાં અને મારા પુસ્તકોનાં પ્રારંભમાં ગણપતિ જરૂર મળશે. બીજા દિવસે સવારે ગણેશ સ્તુતિ સાથે મેં દિવસનો પ્રારંભ કર્યો.

આપણી વૈશ્વિક સંસ્કૃતિ

આખા વિશ્વમાં 18 એપ્રિલ 'વિશ્વ વારસા દિન' તરીકે ઉજવાય છે. આ દિવસ ઉજવવા પાછળનો મુખ્ય હેતુ એ છે કે આખી દુનિયામાં ઐતિહાસિક મહત્ત્વ દર્શાવતા વારસાની જાળવણી માટે લોકોમાં જાગૃતિ ફેલાવી શકાય. મહત્વની જગ્યાઓ, વિશેષ સ્થળો કે જેને આવનારી પેઢી માટે સાચવી શકાય. ઐતિહાસિક અને મહત્ત્વનાં સ્થળોનાં સંરક્ષણની પહેલ યુનેસ્કો એ કરી હતી.

શરૂઆત : નવેમ્બર 1983 થી યુનેસ્કોનાં મહાસંમેલનમાં દર 18 એપ્રિલે વર્લ્ડ હેરિટેજ ડે તરીકે ઊજવવાની પરંપરા શરૂ થઈ. હેરિટેજની યાદીમાં વન ક્ષેત્ર, પર્વતો, સરોવરો, સ્મારકો, શહેર કે સ્થળોનો સમાવેશ થાય છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કમિટી તેની પસંદગી કરે છે. મુખ્ય હેતુ વિશ્વનાં એવા સ્થળોની પસંદગી કરવાનો છે કે જે સંસ્કૃતિની દૃષ્ટિએ માનવતા માટે મહત્ત્વનો હોય. ખાસ પરિસ્થિતિમાં આ પ્રકારનાં સ્થળોને કમિટી આર્થિક રીતે મદદ કરે છે.

કેટલા વિભાગમાં વહેંચાયેલા છે

વિશ્વભરમાં હેરિટેજ સ્થળોને મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે.

કુદરતી : કુદરતી સુંદરતા અને તેનું મહત્ત્વ દર્શાવતી એવી જગ્યા કે જે વિલુપ્તીના આરે આવેલી જીવસૃષ્ટિનું ભૌગોલિક સ્થાન હોય.

સાંસ્કૃતિક : આ વિભાગમાં સ્થાપત્યની ઈમારતો, ચિત્રકલા, શિલાલેખો, ગુફા તેમજ વૈશ્વિક મહત્ત્વ દર્શાવતા સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સંયુક્ત : આ વિભાગમાં એવા હેરિટેજ સ્થળનો સમાવેશ થાય છે કે જે કુદરતી અને સાંસ્કૃતિક બંને રીતે મહત્ત્વનાં હોય.

વર્લ્ડ હેરિટેજમાં ભારત અને ભારતીય સ્થળો

વિશ્વ હેરિટેજમાં ભારતનું દુનિયામાં આગવું સ્થાન છે. 14 નવેમ્બર 1977 નાં રોજ વર્લ્ડ હેરિટેજ યાદીમાં ભારતને સ્થાન મળ્યું. ભારતનાં ઐતિહાસિક સ્થળો, સ્મારકો તેમજ પ્રાચીન ઈમારતો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ છે. પ્રેમનાં પ્રતિક સમાન તાજમહેલ, મુઘલોનો ઈતિહાસ વર્ણવતા દિલ્હીનો લાલ કિલ્લો, અજંટા, ઈલોરાની ગુફાઓ ભારતની આ યાદીને ખાસ બનાવે છે. તાજમહેલની વાત કરીએ તો અગાઉ કરાયેલા વિશ્વવ્યાપી મતસંગ્રહમાં વિશ્વની સાત અજાયબીમાં તાજમહેલને અવ્વલ નંબરે રાખવામા આવ્યો હતો.

દિલ્હીની સંસ્કૃતિ તેના વર્ષો જૂના ઈતિહાસ અને ભારતની રાજધાની તરીકે ખ્યાતિ પ્રાપ્ત છે. ભારતીય પુરાતત્વનાં સર્વેક્ષણ વિભાગે દિલ્હી શહેરમાં લગભગ 1200 હેરિટેજ સ્થળો જાહેર કર્યા છે કે જે વિશ્વની કોઈ પણ શહેર કરતાં વધારે છે, તેમાંથી 175 રાષ્ટ્રીય વારસા સ્થળ તરીકે જાહેર કર્યો છે. જૂની દિલ્હીમાં તો મુઘલો અને તુર્ક શાસકોએ ઊભાં કરેલા સ્થાપત્યનાં અઢળક નમૂના છે. જામા મસ્જિદ, લાલ કિલ્લો તથા અન્ય સ્મારકોની વાત કરીએ તો ઈન્ડિયા ગેટ, જંતર મંતર, બિરલા મંદિર, અક્ષરધામ મંદિર અને લોટસ ટેમ્પલ આધુનિક સ્થાપત્યનાં સુંદર ઉદાહરણ છે.

આ પણ જાણો

- યુનેસ્કોની સૂચિમાં આખા વિશ્વનાં 936 હેરિટેજનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં 183 કુદરતી, 725 સાંસ્કૃતિક અને 28 સંયુક્ત સ્થળ સામેલ છે.
- ઈલોરાની ગુફાઓ વિશ્વભરને ધાર્મિક સહિષ્ણુતાની ગાથાનું વર્ણન કરે છે. અહીં હિન્દુ, બૌદ્ધ અને જૈન સંસ્કૃતિની ઝલક જોવા મળે છે.
- વિશ્વ હેરિટેજની યાદીમાં સામેલ ભારતની અજંતાની ગુફાઓ 200 વર્ષ જૂની ગાથા વર્ણવે છે. વાઘનો શિકાર કરતી વખતે એક બ્રિટિશ ટીમે આ ગુફા શોધી કાઢી હતી.
- દિલ્હીનાં વિશ્વ હેરિટેજ : લાલ કિલ્લો, કુતુબ મિનાર અને હુમાયુનો મકબરો.



01. આગ્રાનો કિલ્લો / ઉત્તર પ્રદેશ
02. અજંતાની ગુફાઓ / મહારાષ્ટ્ર
03. સાંચીનાં બૌદ્ધ સ્તૂપ / મધ્યપ્રદેશ
04. પાવાગઢનો પુરાતત્વીય પાર્ક / ગુજરાત
05. છત્રપતિ શિવાજી ટર્મિનસ / મહારાષ્ટ્ર
06. વાના પ્રાચીન ચર્ચ / ગોવા
07. એલિફન્ટાની ગુફાઓ / મહારાષ્ટ્ર
08. ઈલોરાની ગુફાઓ / મહારાષ્ટ્ર
09. ફતેહપુર સીકરી / ઉત્તરપ્રદેશ
10. હમ્પી સ્મારક / કર્ણાટક
11. મહાબલીપુરમ સ્મારક / તમિલનાડુ
12. લાલ કિલ્લો / દિલ્હી
13. હુમાયુનો મકબરો / દિલ્હી
14. જંતરમંતર / રાજસ્થાન
15. સન ટેમ્પલ / ઓરિસ્સા
16. રોક શેલ્ટર્સ / મધ્યપ્રદેશ
17. કુતુબમિનાર / દિલ્હી
18. નંદાદેવી રાષ્ટ્રીય અભ્યારણ્ય / ઉતરાંચલ
19. ભારતીય પર્વતીય રેલ / પશ્ચિમ બંગાળ
20. ચોલ મંદિર / તમિલનાડુ
21. મહાબોધિ મંદિર / બિહાર
22. ખજૂરાહો મંદિર અને સ્મારક / મધ્યપ્રદેશ
23. કાજીરંગા અભ્યારણ્ય / આસામ
24. તાજમહેલ / આગ્રા
25. કેવલાદેવ રાષ્ટ્રીય અભ્યારણ્ય / રાજસ્થાન
26. માનસ રાષ્ટ્રીય અભ્યારણ્ય / આસામ
27. પશ્ચિમ ઘાટ
28. સુંદરવન રાષ્ટ્રીય અભ્યારણ્ય / પશ્ચિમ બંગાળ
29. પટ્ટાડકલન સ્મારક / કર્ણાટક



શ્રી મોમાઈ કાસ્ટીંગ
એસ.એમ.સી. મશીન ટુલ્સ



સમગ્ર રાજપૂત પરિવારને સ્વાતંત્ર્યદિન અને જન્માષ્ટમીની શુભેચ્છાઓ...



જીવન સંદેશ

રૂપિયા થી પથારી ખરીદી શકો છો, ઉંઘ નહીં.
રૂપિયા થી ભોજન ખરીદી શકો છો, ભૂખ નહીં.
રૂપિયા થી માણસ ખરીદી શકો છો, વફાદારી નહીં.
રૂપિયા થી દવા ખરીદી શકો છો, તંદુરસ્તી નહીં.
રૂપિયા થી પુસ્તક ખરીદી શકો છો, જ્ઞાન નહીં.
રૂપિયા થી પાવડર ખરીદી શકો છો, સુંદરતા નહીં.
રૂપિયા થી કલમ ખરીદી શકો છો, વિચાર નહીં.
રૂપિયા થી શસ્ત્ર ખરીદી શકો છો, ઉત્સાહ નહીં.
રૂપિયા થી મૂર્તિ ખરીદી શકો છો, ભગવાન નહીં.
રૂપિયા થી સુખ સાધન ખરીદી શકો છો, શાંતિ નહીં.

પ્રવિણસિંહ સી. જાડેજા
11/12, પટેલ કોલોની, ઈન્ડસ્ટ્રીયલ એરીયા, જામનગર : **361008**.

સહદેવસિંહ જાડેજા

Rajput means stands for follwing Quality of Life

R ➤ Rajshree : Raj Rushi, Life like Rushi, Saint and King also.
A ➤ Accountable : To his Society, People, Country.
J ➤ Judicious : Jindadil, Jawa Mard, Takatwar, King.
P ➤ Parakrami : Philosopher.
U ➤ Unique : Perfect Understanding.
T ➤ Tejaswee : Among All Transparent, Tollerance, Like Maharana Pratap & Prithviraj Chauhan.

જીવન સંદેશ

પક્ષીઓ : કુદરતની કલરવ કરતી કવિતાઓ...

➤ ઠેર ઠેર ચબૂતરાની સંખ્યામાં વધારો કરીએ.
➤ દરેક ઘરની બહાર પાણીનાં કૂંડા મૂકીએ.
➤ કૂંડાનું સ્થાન પક્ષીઓ માટે જોખમી ન હોય તેવું પસંદ કરીએ.
➤ ચબૂતરા અને પાણીનાં કૂંડાની નિયમિત સફાઈ કરીએ.
➤ વૃક્ષોની સંખ્યામાં વધારો કરીએ.
➤ મોટા વૃક્ષો વાવવાની શક્યતા ન જણાય તેવા વિસ્તારમાં નાના કદનાં વૃક્ષ, છોડ તેમજ વેલાનું વાવેતર કરીએ.
➤ સડેલા અનાજ કે ફૂગ થઈ ગયેલા ખોરાકને ખુલ્લામાં ન ફેકીએ.

ચંદ્રવંક્ષી એસ્ટેટ, L/12, ગ્રાઉન્ડ ફલોર, એ.કે. સરદીપ કોમ્પલેક્ષ,
જૈન દેરાસર પાસે, શાસ્ત્રીનગર, ભાવનગર.

રાજેન્દ્રસિંહ નિરૂભા ગોહિલ
ઉપપ્રમુખ : જીલ્લા કોંગ્રેસ સમિતિ : ભાવનગર



સમગ્ર રાજપૂત પરિવારને સ્વાતંત્ર્યદિન અને જન્માષ્ટમીની શુભેચ્છાઓ...

જીવન સંદેશ

મહાન ફિલસૂફ સોક્રેટીસને વાતો કરવાનો ખૂબ શોખ, તેણે અનુભવ્યું કે સંસારમાં લગભગ મોટાભાગનાં વડીલો વૃધ્ધાવસ્થામાં દુ:ખી થતા હોય છે. એક વડીલ એવા મળ્યા કે જે સુખી હતાં. સોક્રેટીસે તેમને સુખનું રહસ્ય પૂછયું ત્યારે વડીલે કહ્યું કે "મને જ્યાં સુધી દીકરાઓ પૂછે નહીં ત્યાં સુધી સલાહ આપતો નથી. સલાહ આપ્યા પછી દિકરાઓ તે પ્રમાણે ન વર્તે તો હું દુ:ખી થતો નથી." સ્વતંત્ર રીતે જીવી શકાય તેટલું ધન મારી પાસે રાખીને બાકીનું દીકરાઓને અર્પણ કરું છું. સતત પ્રવૃત્તિશીલ રહું છું. માનસિક શાંતિ માટે આધ્યાત્મિક વાંચન કરો. ઘરમાં અનુકુળ થઈ રહો. ટક ટક ન કરો. પુત્રવધૂને દીકરી ગણો. જે આપે તે ખાઈ લેવુ, પણ પુત્ર કે પુત્રવધૂની ટીકા ક્યારેય કરવી નહીં. આનંદ મળે તેવી સાત્વિક પ્રવૃત્તિઓ કરવી. શાંતિ મળે ત્યાં બેસવું, રસ પડે તેવું વાંચન કરવું. તન મનને સ્વચ્છ કરે તેવી ચર્ચાઓ કરવી. વૃધ્ધ નહીં, વડીલ બનો. વિશાળ મન રાખીને યુવકોને મુક્ત કરી નિશ્ચિંત બનો.

N.M GOHIL & CO.
Talaja Road, Bhavnagar.

પ્રવિણસિંહ જે. જાડેજા
PJ JADEJA & Co



અભ્યાસ BA સુધી કર્યો. PJ JADEJA & Co નાં તેઓ માલીક છે. શૂન્યમાંથી સર્જન કર્યું છે. કોલેજકાળ થી રાજકીય ક્ષેત્રે સક્રિય છે. ગરીબો અને સમાજની સેવામાં તેઓ હંમેશા અગ્રેસર રહે છે. ભાજપનાં તેઓ સક્રિય કાર્યકર છે. સામાજીક સંસ્થા સાથે પણ સંકળાયેલા છે. જામનગર જિલ્લા કિશાન સેલનાં તેઓ પ્રમુખ છે. તેઓ ખેડૂતોનાં પ્રશ્નો સરકારમાં રજુ કરતા રહે છે. આશાપુરા એજ્યુકેશન ટ્રસ્ટ સાથે સંકળાયેલા છે અને મેડિકલ કેમ્પનું આયોજન કરતા રહે છે. તેઓ કહે છે કે યુવા પેઢી શિક્ષણ અને સમાજમાં સક્રિય થાય એ જરૂરી છે.

જીવન સંદેશ : લગ્ન એ સંસ્કાર છે. લગ્નમાં પ્રેમ અને ત્યાગનું પ્રાધાન્ય છે. લગ્નમાં સુખ મેળવવા કરતાં સુખ આપવાનો વિચાર રહેલો છે. તે મને સુખી કરે તેમ નહીં, પરંતુ હું એને સુખી કરીશ એવો સતત ભાવ રાખવો એટલે લગ્ન. લગ્નમાં શાંતિ માટે તમારું સર્વસ્વ અર્પણ કરજો. બે નદીઓનાં પાણી મળે તે સંગમ તીર્થધામ બને છે. બંનેના તન જુદા પણ મન એક હોય તો જીવન તીર્થમય બને છે. સુખ માટે બહાર ફાંફા ન મારવા, આપત્તિ ટાળવા નૈતિક દૃષ્ટિએ પુરૂષાર્થ કરજો. સતકાર્યો અને સજ્જનોનાં સહવાસ શોધજો. સતકર્મો જ જીવનમાં શાંતિ આપે છે. પુરૂષાર્થ કરવામાં પ્રમાદ સેવતા નહીં. જીવનમાં ગૂંચ પડે તો ઉકેલજો, તોડશો નહીં, તૂટેલી ગૂંચ સંધાય ખરી પણ વચ્ચે ગાંઠ રહી જાય. સવારે ઊંબરામાં સાથિયો પૂરવો અને ધ્યાન ધરવું કે આ ઊંબરો એક લક્ષ્મણ રેખા છે.

36, Mayur Complex, Khodiyar Colony,
Airpot Road, Jamnagar.



ધર્મેન્દ્રસિંહ રાઠોડ

ધર્મપરાયણ વ્યક્તિત્વ

હિંમતનગરનાં રહેવાસી છે. તેઓ કહે છે કે રાજપૂત રાજાઓને સિરિયલમાં અને ફિલ્મમાં વિકૃત ચીતરવામાં આવે છે, ખરેખર રાજપૂત રાજાઓ આવાં ન હતાં. આજનાં નેતાઓ કરતાં ઘણા સારા હતાં. રાજપૂત રાજાઓને વિકૃત ચીતરવા કરતા તેમના બલિદાનને ધ્યાનમાં રાખીને યાદ કરવા જોઈએ.



અર્જુનસિંહ રાઠોડ

અર્જુન જેવી દૃષ્ટિ

અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં BSc સુધી અભ્યાસ કર્યો. અભ્યાસ પૂરો કર્યા પછી પિતાશ્રીનાં વ્યવસાયમાં જોડાયા. આખો પરિવાર વ્યવસાય સાથે સંકળાયેલો છે. 18 વર્ષથી રાધા ગેસ સર્વિસ નામની ફર્મ ચલાવી રહ્યાં છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમનાં વિક્રેતા છે. સમાજનાં યુવાનો શિક્ષણમાં આગળ આવે તે જરૂરી છે. બીજા સમાજ કરતાં રાજપૂત સમાજ પાછળ છે, પણ આગળ આવશે.



વિશ્વ પ્રાર્થના

હે પ્રભુ... સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ.
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ટકાવી રાખવા તે મને શીખવ.
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે,
શાંતિ કેમ ટકાવી રાખવી તે મને શીખવ.
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે,
ખંતથી એમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ.
કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે,
તેમાંથી મારા ખપનું કેમ ગ્રહણ કરી લેવું તે મને શીખવ.
પ્રલોભનો, પ્રશંસા, ખુશામતની વચ્ચે તટસ્થ કેમ રહેવું તે મને શીખવ.
ચારે બાજુઓથી મુશ્કેલીઓ ઘેરી વળે, શ્રદ્ધા ડગુમગુ થઈ જાય,
નિરાશાની ગર્તામાં મન ડુબી જાય ત્યારે,
ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતિક્ષા કેમ કરવી તે મને શીખવ.

માલજીભાઈ હિરાભાઈ દેસાઈ ચેરીટેબલ ટ્રસ્ટ

શ્રી લાખણેચી સુરપુરા ઘાંઘળ પરિવાર



શ્રી ઝબુબહેન માલજીભાઈ દેસાઈ
સ્વ. 26 મે 2005

શૈક્ષણિક, સામાજિક, આરોગ્યલક્ષી, ધાર્મિક, સાંસ્કૃતિક, પશુ પક્ષી સંવર્ધન, કુરિવાજો તથા અંધશ્રધ્ધા નિષેધ, વ્યસનમુક્તિ નિવારણ અને પર્યાવરણનું રક્ષણ વગેરે ટ્રસ્ટની મુખ્ય પ્રવૃત્તિઓ છે.

"ખામી કાઢવી બહું સરળ છે, પણ સારું કાર્ય કરવું બહું અઘરું છે"
"પૈસા હોય તે શ્રીમંત નથી, પણ દાન આપે તે શ્રીમંત છે"

"પ્રત્યેક માનવ જીવનું આગમન નિશ્ચિત પળે આ જગમાં થાય છે.
તે માનવ જગતમાં 'કેટલું' નહિ 'કેવું' જીવ્યાં તે યાદ રહી જાય છે."

અસંખ્ય અગણિત ઉપકાર છે અમ માત પિતાનાં, યાચના એટલી પ્રભુને
આ માવતરનાં ઉદરે જન્મો જનમ અવતરીએ, જગમાં ઉજાગર કરવા તેઓની કર્તવ્ય પરાયણતા.

"મા બાપની આંખમાં બે વાર આંસુ આવે છે, દિકરી સાસરે જાય ત્યારે અને દિકરો મોં ફેરવી દે ત્યારે"
"ભૂલો ભલે બીજુ બધું પોતીકા માત પિતાને ભૂલશો નહિ, અગણિત છે ઉપકાર તેમનાં આજીવન કદાપિ વિસરશો નહિ."



શ્રી માલજીભાઈ હીરાભાઈ દેસાઈ
સ્વ. 4 જુન 2011



સુખ, સમૃધ્ધિ, પ્રતિષ્ઠા, નિર્મળ નૈતિકતા અને પ્રમાણિકતાનો અમુલ્ય વારસો
સમગ્ર પરિવારને છત્રછાયા રૂપે પ્રસાદિત કરી તથા ઉચ્ચત્તમ સંસ્કારનું સિંચન કરી,
સૌના જીવન ઉજાળનાર સાક્ષાત વાત્સલ્યમૂર્તિ 'માતા' અને પ્રબળ પ્રેરણામૂર્તિ પિતા, આપે સમાજનાં ઉત્કર્ષ માટે
અનેરૂ અભિયાન આદરી સમગ્ર પરિવાર તથા જ્ઞાતિબંધુઓને રચનાત્મક જીવન જીવવાનું પ્રેરક બળ પુરૂ પાડેલ છે.
આપનાં અમુલ્ય આશિર્વાદ થકી અમો સૌ સુખ સમૃધ્ધિ સભર નિરામયી સંતોષી જીવન ભોગવી રહ્યા છીએ...

સમગ્ર પિરવાર આપનો ઋણિ છે. માત પિતાનાં દિવ્યાત્માને નિશદિન હરપળ અંતરથી નમન...

રમેશભાઈ માલજીભાઈ દેસાઈ @ ન્યુ આઈશ્રી ખોડીયાર કોર્પોરેશન





ગોપાલસિંહ ટી. જાડેજા

ગૌરવશાળી વ્યક્તિત્વ

અભ્યાસ મેટ્રિક સુધી, વ્યવસાય ખેતી, આર્થિક રીતે સધ્ધર છે. તેઓ કહે છે કે ક્ષત્રિય દીકરીઓ ભણે અને ત્રણ પેઢીઓને ભણાવે. સમાજ વ્યસન મુક્ત બને, સંસ્કૃતિ ટકાવી રાખે અને અન્ય સમાજની સાથે કદમ મિલાવે. જીંદગીનું ત્રીજું નેત્ર જ્ઞાન છે. આથી નોકરી, વ્યવસાય કે પોતાના માટે ભણવું જરૂરી છે.

સામાજીક યોગદાન :

પ્રમુખ : ગુજરાત રાજપૂત યુવા સંઘ, રાજકોટ શહેર
ટ્રસ્ટી : શ્રી ભૂચર મોરી શહિદ સ્મારક ટ્રસ્ટ
ટ્રસ્ટી : શ્રી એન. કે. જાડેજા રાજપૂત કન્યા છાત્રાલય, રાજકોટ
ટ્રસ્ટી : ગુજરાત રાજપૂત યુવા સંઘ



જીવન સંદેશ

- જીંદગીનું પહેલું કપડું ઝભલું, એમાં ખીસું ન હોય.
  જીંદગીનું છેલ્લું કપડું કફન, એમાંય ખીસું ન હોય.
  માત્ર વચગાળાનાં જીવનનાં ખીસ્સા માટે આટલી ઉપાધિ શા માટે,
  આટલા દગા ને પ્રપંચ શા માટે.
- રક્તદાન કરતી વખતે ગ્રુપ ચેક કરાય છે.
  રૂપિયાનો વ્યવહાર કરતી વખતે ચેક કરજો એ કયાં ગ્રુપનો છે.
  ન્યાયનો, હાયનો કે પછી હરામનો છે.
- ખોટા ગ્રુપનો રૂપિયો ઘરમાં આવી જવાથી
  આજે ઘર ઘરમાં અશાંતિ અને કજીયા કંકાશ છે.
- હરામનો ને હાયનો રૂપિયો દવાખાના અને બારમાં જ પૂરો થઈ જશે.
- બેંક બેલેન્સ વધતા જો માનવતાનું બેલેન્સ ઓછુ થાય,
  તો સમજવું કે એ રૂપિયો આપણા માટે અનુકુળ નથી.



હરદેવસિંહ જીલુભા જાડેજા

લોકસેવા માટે હરપલ તૈયાર

ધોરણ 10 સુધી અભ્યાસ કર્યો. પિતાજીનું અવસાન થવાથી વધુ ભણી શકયાં નહીં. ખેતી સાથે હોટેલનાં વ્યવસાયમાં પણ સફળ રહાાં છે. રાજકોટ જામનગર હાઈવે પર આવેલ હોટલ પ્રતિક્ષા યાત્રીઓનું ભાવભર્યું સ્વાગત કરે છે.

રાજકીય યોગદાન :


સક્રિય કાર્યકર્તા	:	ભારતીય જનતા પાર્ટી
પૂર્વમહામંત્રી	:	પડધરી તાલુકા ભાજપ
મંત્રી	:	રાજકોટ જીલ્લા ભાજપ કિશાન મોરચો
ઉપસરપંચ	:	વણપરી ગ્રામ પંચાયત
સંગઠન મંત્રી	:	ગુજરાત રાજય યુવા સંઘ, પડધરી તાલુકો

જીવન સંદેશ

- કંઈ લાખો ચાલ્યા ગયાં, નજર પણ પડતી નથી,
  કંઈ લાખો ચાલ્યા જશે, આંખો પણ રડતી નથી.
- ઓ માનવી તારા વૈભવનું અભિમાન ન કર,
  અહિં સમ્રાટ સિકંદરની કબર પણ જડતી નથી.
- જરા હસ્તા રમતાં શિખો, જગત બદલાઈ જશે,
  શીરે ભાર લઈને ફરસો જીવન કરમાઈ જશે.
- સમય સમય કી બાત હૈ, સમય સમય કા યોગ,
  લાખો મેં બીકને લગે, દો કોડી કે લોગ.








સરદારસિંહ એલ. જાડેજા

સાચાબોલા સરદાર

સુખિયા ગણાતા એજ કે દુઃખિયાં તણાં દુઃખને હરે, મોટા ગણાતા એજ કે નાના ઉપર કરૂણા કરે.

જામનગર જિલ્લાનાં ચાંપાબેરાજા ગામનાં વતની. હાલમાં જામનગરમાં સ્થાયી છે. અભ્યાસ SSC અને ITI સુધી કર્યો. ગીતા મશીન ટુલ્સ પ્રા. લી. અને ન્યુ ભારત એન્જીનિયરીંગનાં તેઓ ચેરેમેન તેમજ મેનેજિંગ ડિરેકટર છે. તેમની કંપની મશીન ટુલ્સનું ઉત્પાદન કરે છે. પત્ની જનકબા હાઉસ વાઈફ છે. પુત્ર વનરાજસિંહ BCom કરેલ છે અને ગીતા મશીન ટુલ્સ પ્રા.લી. નાં તેઓ ડાયરેકટર છે. તેઓને બે પુત્રીઓ માનસી અને ગાયત્રી છે. તેમના બીજા પુત્ર જગદિશસિંહે MBA કરેલ છે, તેઓ પણ ગીતા એન્જી. પ્રા.લી. નાં ડાયરેકટર છે, તેમને એક પુત્રી માહી છે. સરદારસિંહનાં સૌથી નાના પુત્ર ભરતસિંહે DME સુધી અભ્યાસ કરેલ છે. તેઓ એન્જી. મશીન ટુલ્સ પ્રા.લી.નાં ડાયરેકટર છે. સરદારસિંહે 16 વર્ષની નાની વયે નોકરીની શરૂઆત કરી. 15 વર્ષ નોકરી કર્યા પછી પોતાનો વ્યવસાય શરૂ કર્યો. 450 કર્મચારીઓ કંપનીમાં કામ કરે છે. તેમની કંપનીમાં કર્મચારીઓને ટ્રેનિંગ આપ્યા પછી જ રોજગારી આપવામાં આવે છે. તેઓ કહે છે કે રાજપૂતોએ ભૂતકાળ ભૂલી બીજા સમાજની સાથે કદમ મિલાવવા જોઈએ. સંસ્કાર અને સંસ્કૃતિનું સંવર્ધન કરવું જોઈએ. દરેક સમાજ સાથે હળીમળીને રહેવું જોઈએ. રૂઢિચુસ્ત વિચારો બદલવાં પડશે. ભૂતકાળમાંથી સારુ ગ્રહણ કરો. કન્યા કેળવણીથી રાજપૂત સમાજ પ્રભાવિત થયો છે. તેઓ સામાજિક અને શૈક્ષણિક કાર્યો સાથે સંકળાયેલા છે. રાજપૂત કન્યા છાત્રાલય સંચાલક મંડળ, ધી રાજપૂત સ્પોર્ટસ એન્ડ સ્ટડી સર્કલ, પટેલ કોલોની ઈન્ડસ્ટ્રીયલ એસોશિએશન, રાજપૂત સમાજ સમુહ લગ્ન સમિતિ અને એમ.પી.શાહ ઉદ્યોગનગર એસોશિએશનનાં પ્રમુખ છે. સરદારસિંહ જાડેજાને ભારતી એન્ટ્રીપ્રીનીયોર ઓફ ધ યર 2007 નો સ્પેશયલ એવોર્ડ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનાં ડેપ્યુટી ગર્વનર ડો. રાકેશ મોહનનાં વરદ હસ્તે એનાયત કરવામાં આવેલ. આ એવોર્ડ ભારત સરકાર સંચાલિત એન્ટ્રીપ્રીનીયોર શીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવે છે. સરદારસિંહ જાડેજાએ CED ની ટ્રેનિંગ મેળવેલ છે. તેમના સખત પરિશ્રમ, ઈનોવેટિવ આઈડિયા અને ઉદ્યોગ સાહસિકતાનાં ગુણોથી પ્રભાવિત થઈ સરકાર દ્વારા તેમની નોંધ લઈ સ્પેશયલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ટ્રોફીની સાથે ₹ 50,000 નું કેશ પ્રાઈઝ પણ સરકાર દ્વારા એનાયત થયેલ. સરદારસિંહ જાડેજાની ઉમદાનીતિ મુજબ તેઓએ કેશ પ્રાઈઝમાં ₹ 50,000 ઉમેરી ₹ 1 લાખ કર્યચારી વેલ્ફેર ફંડમાં આપ્યાં હતાં. જામનગરનું ગૌરવ એવા સરદારસિંહની કંપની ભારતનાં મશીન મેન્યુફેકચરીંગ ક્ષેત્રેની અગ્રગણ્ય કંપનીઓમાંની એક છે. સરદારસિંહની ઉદ્યોગ સાહસિકતા નવા ઉભરતા ઉદ્યોગપતિઓ માટે પ્રેરક બળ છે. સરકારે સરદારસિંહનું વિશેષ સન્માન કરી જામનગરનું ગૌરવ વધારેલ છે.



શ્રી ક્ષત્રિય કન્યા ચાલીસા

જય જય ક્ષત્રિય કુળ ધારીણી, યુગો સે બનતી રહી કુળ તારિણી.
બાલ સ્વરૂપે કમલ નયનિ, મુખ પર આભા 'સૂર્ય' સમાના.
ચન્દ્ર સરીખી શીતલ દિખાવા, મુસ્કુરાહટ તેરી 'પુષ્પ' સમાના.
'કિશોરી' જબ તુમ્હી કહાવા, 'અવની' સમધીર ગંભીરા,
પંચ મહાભૂત તુજમે સમાવા, જ્ઞાનજ્યોત કી તું હી જવાલા.
વિપદા જબ કર્માધિન કુળ પર આવે, તાત માત સહ કુળ કો તારે.
'માત' કી તું ખોટ જ ન લાવે, જન્મસે હી 'બા' બન આવે.
તન પર જબ શણગાર સજાવે, 'રતી' 'મેનકા' ખુદ પર લજ્જાવે.
પાણી ગ્રહી શ્વસુર સિધાવે, એક નહીં 'દોકુળ' તારે.
'પતિ' કાજે 'બલિ' ચડ જાવે, 'પતિ પરમેશ્વર' તું હી કહલાવે.
પુત્રો પર તું પ્યાર બરસાવે, પુત્રી કો ભી ન તરસાવે.
દ્વાર તેરે જબ કોઈ આવે, 'અતિથિ દેવો' બન જાવે.
'શાતા' તેરી એસી છાયે, કલેશ કંકાસ નિકટ નહિ આવે.
જહા પડે તેરા 'કદમ' પુનિતા, છાંયે 'લક્ષ્મી' કી લહેર સુનીતા.
લાજ શર્મ કી તું હૈ મૂરત, સૌરમંડલ સી તેરી સુરત.
સદ્‌ગુણ સારે તુજમે સમાયા, બરસા તુજપે 'કુબેર' ભંડારા.
'નિર્મલતા' તુજ મેં ઠોસ સમાઈ, ગંગા યમુના કી તું હી 'સ્વરૂપા'.
મર્યાદા મેં 'સીતા' તું, તું હી જ્ઞાન મેં 'ગીતા'.
તું હી આન, તું હી શાન, તેરે હી સંગ 'ક્ષત્રિય' હર જંગ જીતા.
ક્રોધાગ્ની જબ મુખ પર આવે, તીનો લોક થર થર કાપે.
તું હી સત્ય 'રાજપૂત શક્તિ' કહલાયે.
મર્દ ભી દિશે નામર્દ સમાના, જબ સુને તેરી ડણક 'સિંહ' સમાના.
તું ખુદ હી 'નવદુર્ગા' દીસે, દેખત તું જ પર 'ત્રિદેવ' ભી રીજે.
તું હી કૌશલ્યા તું હી યશોદામાતા, પ્રેમ કરૂણા ઔર દયા કી દાતા.
તેરી મહિમા 'દેવ દેવી' કો ભાવે, બાર બાર 'ક્ષત્રિયકુળ' જન્મ પાવે.
જય જય ક્ષત્રિય કુળધારીણી, નીશ દિન સબ ભય હારીણી.
ગાતે સુનાતે આંખ ભર આયે, ક્ષત્રિય જન્મ સફલ હો જાવે.
તેરી હી મહિમા 'નરવીર' ગાવે, હર જન્મમેં તેરી હી 'કુંખ' દિપાવે.
સુખ શાંતિ વંશ વૃધ્ધિ આવે, ચારો ધામ નિજ 'ઘર' આવે.
જો ગાવે યહ 'ક્ષત્રિય કન્યા ચાલીસા' ભાવે, વો સદા સુખ પાવે.



અજીતસિંહ જાડેજા


નિષ્ઠાવાન અને કર્તવ્યનિષ્ઠ સમાજસેવક

સુખિયા ગણાતા એ જ કે દુઃખિયાં તણાં દુઃખને હરે,
મોટા ગણાતા એજ કે નાના ઉપર કરુણા કરે.

અભ્યાસ મેટ્રિક સુધી. દાદાના કહેવાથી ગામ છોડી શહેરમાં આવી કારકિર્દીની શરૂઆત કરી. રાજકોટ ખાતે 1970 માં અભ્યાસ પૂરો કરી 1972 માં વ્યવસાય શરૂ કર્યો. તેઓ એલ્યુમિનિયમ એલોય પિસ્ટનનું ઉત્પાદન કરે છે. વિકાસમાં પિતાશ્રીનો ફાળો મહત્વનો રહ્યો છે. પિતાશ્રીના ઉચ્ચ વિચારો થકી ઉન્નતિ કરી શકયાં. સરપંચ તરીકે પણ 25 વર્ષ રહ્યાં. તેમનાં પુત્ર સ્વર્ગસ્થ પ્રહલાદસિંહ અજીતસિંહ જાડેજાના નામે ટ્રસ્ટ છે. જેમાં સામાજીક અને શૈક્ષણિક પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે.

જીવન સંદેશ

- ભેગા મળીને એક ગતિએ સાથે ચાલે તેનું નામ સમાજ.
- સમાજનું ઋણ અદા કરવા સેવા જરૂરી છે.
  સમાજનાં દોષ રજૂ કરવા એ પણ સેવા છે.
- સમાજરૂપી મહેલને સુંદર બનાવવા માટે તન, મન તથા ધનથી સેવા કરવા સમાજનાં દરેક વ્યક્તિએ આગળ આવવું પડશે.
- સમાજનાં સહયોગથી મળેલ જ્ઞાન, ધન, બળ કે અંગત આવડતનો થોડો ભાગ સમાજનાં હિત માટે ન વાપરીએ, તો પાપનાં ભાગીદાર બનીએ.
- તળાવ છલકાય છે ત્યારે પ્રથમ તેની નજીકનાં ખાડાને ભરે છે.
  આથી ઈશ્વરકૃપાથી આપણને વધુ સંપત્તિ મળી હોય તો
  મદદની શરૂઆત સમાજથી કરવી.
- કર્મનો નિયમ અટલ છે, કે ઉપયોગીતા વગર અસ્તિત્વ ટકે નહીં,
  આપણે ઉપયોગીતા નષ્ટ કરી નાંખી છે.
  ઉપયોગીતા સિધ્ધ કરવા માટે સામૂહિક પ્રયત્નો કરવા જરૂરી છે.
- હવે બળ નહીં, પરંતુ કળ એટલે કળાની જરૂર છે.
- શક્તિનો ઉપાસક સમાજ આટલો નિર્બળ કેમ?
  કારણ છે ઈર્ષા, અહમ અને આળસ.
- નદીનું પાણી વહેણમાં વહે તો જ સમુદ્રને મળે,
  વહેણની બહાર ગયેલું પાણી સુકાઈ જાય છે.
- સમયનાં વહેણ સાથે નહી ચાલનાર વ્યક્તિને પણ નિષ્ફળતા જ મળે છે.
- જે ગામમાં કોઈ નેતા ન હોય, તે ગામમાં રહેવું નહીં.
  જે ગામમાં ઘણાં નેતા હોય તે ગામમાં પણ રહેવું નહીં.
- ચમત્કાર કયાયં થતા નથી, મહેનત વગર કાંઈ મળતું નથી.
  સખત મહેનત દ્વારા આપણો તથા સમાજનો વિકાસ કરીએ.
- વેર વિલાસ ને મોટાઈમાં રચ્યા પચ્યા રહેવાથી નિર્બળતા જન્મે છે.
- આપણે બીજાનાં કહેવા ઉપર વિશ્વાસ રાખીએ છીએ,
  તેથી અનર્થ સર્જાય છે. વિશ્વાસ કાન ઉપર ન રાખી આંખ ઉપર રાખવો.
- લાયક માણસની કદર કરવી, એ સામાજીક અને નૈતિક ફરજ છે.
- બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ, જેનામાં ક્ષાત્રત્વ હોય તે જ ક્ષત્રિય છે.



પુષ્પાંજલિ, સ્નેહાંજલિ, શ્રધ્ધાંજલિ, ગીતાંજલિ અને સ્મરણાંજલિ...

શ્રી પ્રહલાદસિંહ અજીતસિંહ જાડેજા

અવતરણ : 23 જાન્યુઆરી 1984

મહાપ્રયાણ : 11 માર્ચ 2003



નાની તમારી જિંદગી હતી,
પણ મોટી માયા લગાડી ગયાં.
જીવન એવું જીવ્યા કે ભુલાઈ નહીં.
વિદાય એવી લીધી કે કાળજા
કંપાવી દીધાં.
મન હજુ માનતુ નથી કે તમે
અમારી વચ્ચે નથી.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ
અર્પે એ જ પ્રાર્થના...

શ્રી પ્રહલાદસિંહ અજીતસિંહ જાડેજા ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ



વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા

પરિશ્રમ અને પુરૂષાર્થનાં પ્રતિક

“ચળશે ભિંતડીયું ભોવન, ચિતર કેદી ચળશે ના...
કે’ ને કમધજ રા’ કયું વડેરું કલ્યાણ મલ્લ ? ”

વ્યવસાયે ખેડૂત છે. કોલેજકાળથી રાજકીય કારકિર્દીનો પ્રારંભ કર્યો. સેનેટ સભ્ય તરીકે સફળ નેતૃત્વ કર્યુ. અત્યારે ભચાઉ નગરપાલિકાનાં પ્રમુખ અને શાસક પક્ષનાં નેતા છે. કચ્છ જિલ્લા ભાજપનાં ઉપપ્રમુખ છે. 2002 માં મહાનગર પાલિકા ભચાઉનાં પ્રમુખ બન્યાં. પ્રમુખ તરીકેનો કાર્યકાળ 2002 થી 2007 સુધી રહ્યો, પછી રાપર વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યું અને હાર્યા. APMC ભચાઉમાં ડિરેકટર તરીકે 8 વર્ષ સેવા આપી. સમાજ માટે હોસ્ટેલ તથા કન્યા છાત્રાલય બનાવી. સમૂહ લગ્નમાં તેમનો ફાળો મહત્વનો રહે છે. પુત્ર કુળદીપસિંહ જાડેજાએ અભ્યાસ B.Com સુધી કર્યો છે. ભચાઉ રોટરી કલબનાં તેઓ પ્રમુખ છે. વિરેન્દ્રસિંહજીનાં પિતાશ્રી સ્વ. બહાદુરસિંહ ભૂરાજી જાડેજા ભચાઉ નગરપાલિકાનાં પ્રમુખ અને APMC ભચાઉનાં ચેરમેન તરીકે રહી ચૂકયાં છે. ભચાઉ તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજનાં પ્રમુખ તરીકે પણ 10 વર્ષ સેવા આપી હતી. નાના ભાઈ ધર્મેન્દ્રસિંહ જાડેજા ભચાઉ તાલુકા પંચાયતનાં પ્રમુખ છે. બીજા ભાઈ મહાવીરસિંહ જાડેજા ભાજપ કિશાન મોરચા ભચાઉ તાલુકાનાં મહામંત્રી છે. આમ આખો પરિવાર સમાજિક અને રાજકીય પ્રવૃતિમાં સક્રિય છે. સમાજ વ્યસન મુકત અને શિક્ષિત બને તથા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી ઈચ્છા ધરાવતા વિરેન્દ્રસિંહ જાડેજા આશાપુરા ઈન્ફ્રા પ્રા. લિ. નું સફળ સંચાલન કરી રહ્યાં છે. ભચાઉ સુખી હોવાનું તેમને ગૌરવ છે.



જીવન સંદેશ

- ખાવા જેવી વસ્તુ હોય તો... ગમ છે.
- ગળવા જેવી વસ્તુ હોય તો... અપમાન છે.
- પચાવવા જેવી વસ્તુ હોય તો... બુદ્ધિ છે.
- પીવા જેવી વસ્તુ હોય તો... ક્રોધ છે.
- આપવા જેવી વસ્તુ હોય તો... દાન છે.
- લેવા જેવી વસ્તુ હોય તો... જ્ઞાન છે.
- જીતવા જેવી વસ્તુ હોય તો... પ્રેમ છે.
- હારવા જેવી વસ્તુ હોય તો... અભિમાન છે.
- દેખાડવા જેવી વસ્તુ હોય તો... દયા છે.
- અપનાવવા જેવી વસ્તુ હોય તો... ગુણ છે.
- બોલવા જેવી વસ્તુ હોય તો... સત્ય છે.
- ભુલવા જેવી વસ્તુ હોય તો... ભૂતકાળ છે.
- સુધારવા જેવી વસ્તુ હોય તો... વર્તમાન છે.
- વિચારવા જેવી વસ્તુ હોય તો... ભવિષ્ય છે.





મૌલિકસિંહ આર. સોઢા

જામનગરની ઊંચી ઉડાન

''રણજિતસિંહનાં ઘેર મૌલિકસિંહનો જનમ, એક શિક્ષણની પરબ આથમશે નહીં સોઢા''

ગુજરાતમાં વેપાર વિકાસની જેમ શિક્ષણમાં અવ્વલ રહેતું જામનગર શહેર ઊંચી ઊડાન ભરી રહ્યું છે. ઊડ્ડયન ક્ષેત્રે ગુજરાતનો વિદ્યાર્થી આવનારા સમયમાં સફળ કારકિર્દી બનાવે તે હેતુસર જામનગરમાં જેટ એર એકેડમીએ સફળતાની ઊડાન ભરી છે. સંસ્થાનાં મેનેજીંગ ડિરેકટર મૌલિકસિંહ સોઢાએ B.Com અને એનીમેશન સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ કહે છે કે ભારતમાં આવનારા પાંચ વર્ષમાં સ્પાઇસ જેટ, એર ઇન્ડિયા વગેરેની 500 જેટલી નવી ફલાઇટો લોન્ચ થશે. આમ ફલાઇટ દીઠ 500 સ્ટાફની જરૂરિયાત ઊભી થશે. આથી આવનારા દિવસોમાં ઊડ્ડયન ક્ષેત્રે કારકિર્દીની વિશાળ તકો સર્જાશે. એવીએશનની જરૂરિયાતને પહોચી વળવા માટે જામનગરમાં જેટ એર એકેડમી નામની સંસ્થા શરૂ કરવામાં આવી છે. જેથી જામનગરનાં વિદ્યાર્થીઓને બહાર જવું ન પડે. સંસ્થા ડૉ બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે જોડાયેલ છે. સંસ્થાના પ્રમાણપત્ર સાથે ડૉ આંબેડકર યુનિવર્સિટીનું પણ પ્રમાણપત્ર આપવામાં આવે છે. સંસ્થા જોબની બાહેંધરી આપે છે. જામનગરમાં ટેલેન્ટ પાવર ઘણો છે. સંસ્થાનાં સહ સંચાલિકા દિપાલી સોઢાએ M.Com,B.ed અને PGDBM સુધી અભ્યાસ કર્યો છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજ શૈક્ષણિક રીતે છેલ્લા દસ વર્ષથી ઘણી પ્રગતિ કરી રહ્યો છે. રાજપૂત સમાજની બહેન-દીકરીઓ બહાર અભ્યાસ કરતી થઇ તે ગૌરવની વાત છે. સમાજના લોકો કુરિવાજ તથા અંધશ્રદ્ધામાંથી બહાર નીકળે તે હેતુસર દિપાલી સોઢા અથાગ પ્રયત્નો કરી રહ્યાં છે. તેઓ કહે છે કે ગામડાના વડીલો પોતાના સંતાનોને શિક્ષણ અને કેળવણી અર્થે શહેર અને વિદેશમાં મોકલે તે જરૂરી છે. વડીલોએ સંતાનોને પૂરી સ્વતંત્રતા આપવી જોઇએ, અહ્મ છોડી દિકરીઓને ભણાવવા પહેલ કરવી પડશે, તો જ રાજપૂત સમાજ વિકાસ કરી શકશે. સંસ્થામાં મૌલિકસિંહનાં સાસુ સસરાનો સહકાર મળતો રહે છે. તેમની માતાશ્રી ચંદ્રિકાબા સોઢા એ B.Com,B.ed સુધી અભ્યાસ કર્યો છે. જેઓ પોતાની સ્કૂલના સંચાલિકા છે. તેમના પતિ રણજિતસિંહ સોઢાનાં નામથી સ્કૂલ ચાલી રહી છે. તેઓ કહે છે કે સ્ત્રી સરસ્વતી, લક્ષ્મી અને શક્તિનું સ્વરૂપ છે. આજની સ્ત્રીઓએ આ સ્વરૂપને મૂર્તિમંત કરવું પડશે. સ્ત્રી સમાજનું ઘડતર કરી શકે છે. આથી સ્ત્રીઓએ શિક્ષણમાં આગળ વધવું જરૂરી છે. ચંદ્રીકાબા સોઢા લાઇન્સ કલબમાં ત્રણ વર્ષ પ્રમુખ તરીકે રહી ચુંકયા છે. મૌલિકસિંહનાં પિતાજી રણજિતસિંહ સોઢા એ B.Com સુધી અભ્યાસ કર્યો છે. તેઓ તેમના પત્ની ચંદ્રિકાબા સોઢા સાથે સ્કૂલમાં કાર્યરત છે. તેઓ કહે છે કે સમાજના સર્વાગી વિકાસ માટે શિક્ષણ, સંસ્કાર અને સંજોગો પ્રમાણે પરિવર્તન ખૂબ જ જરૂરી છે. ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ કહે છે એમ કોઇ પણ સજીવે અસ્તિત્વ ટકાવવું હોય તો જે તે સ્થળ અને સમયને અનુરૂપ થવું પડે. પૃથ્વી પર થતા ફેરફારો સાથે કદમ મિલાવશું તો અસ્તિત્વ રહેશે, પરિવર્તન નહિ લાવીએ તો ડાયનાસોરની માફક અસ્તિત્વ રહેશે નહિ. ઇતિહાસનું સર્જન આપણા વડીલોએ કર્યું હતું, આપણે નહિ. આજે આપણે સારા ભવિષ્યનું નિર્માણ કરીશું તો જ સમાજને ઉપયોગી સાબિત થઇ શકશું. સમાજના ઉત્થાન માટે કૌશલ્ય ધરાવતા કાર્યકરોની જરૂરિયાત છે. દેશનું નિર્માણ થાય તે માટે શિક્ષણમાં તંદુરસ્ત હરિફાઈ કરવી જોઇએ. IAS, IPS, IRS, IFS જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સમાજના યુવાનોએ ઝુકાવી નવા ભવિષ્ય માટે કાર્યરત થવું જરુરી છે.



માતાને સન્માન આ રીતે...

અમેરિકા : અહીંની જન જાતિઓમાં મહિલાઓને 'લાઈફ ઓફ ધ નેશન' માનવામાં આવે છે. જીવન આપવાની તેમની ક્ષમતાનાં માનમાં આ માન્યતા પ્રવર્તે છે.

ચીન : પરિવારોનાં નામ પહેલા કેટલીક આકૃતિ ચીની લિપિના અક્ષરોથી જોડવામાં આવે છે જેનો અર્થ થાય છે 'મા'.

વિશ્વમાં માતાનું નામ સમાન છે...

વિશ્વભરની ભાષામા માતાને પોકારતા શબ્દોના મૂળમાં મા, મે, મો કે ના, ને, નો હોય છે. હિન્દી ઉપરાંત પોર્ટુગલ, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, રોમન, લિયોનીજ અને વિયેતનામ જેવા અનેક દેશોની ભાષામાં 'મા' શબ્દ વપરાય છે.

આમને પણ મળ્યો છે માતાનો દરજ્જો...

ભાષા : કેન્યા, ભારત, સિંગાપૂર અને પૂર્વ એશિયાના અનેક દેશો પોતપોતાની ભાષાને માતૃભાષા કહે છે.

ધરતી : બર્મા, કંબોડિયા, થાઈલેન્ડ અને દક્ષિણ એશિયાના અનેક દેશોમાં ધરતીને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ દેશોમા પ્રકૃતિને પણ માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે.


દેશ : દેશને માતા કહેનારાઓમાં ભારત, રશિયા અને આયર્લેન્ડ જેવા દેશો છે. ફ્રાન્સમાં દેશને 'લા મેરે પેટર' અને સ્પેનમાં 'લા માદ્રે પૈટ્રિયા' કહેવાય છે. જેનો અર્થ છે માતૃભૂમિ. રશિયામાં દેશને મધર રૂસ અર્થાત માતાનો અવતાર કહેવામા આવે છે.

દેવી મા : ચીનમાં દેવી શિંગ્મુ પવિત્ર માતા કહેવાય છે. જર્મનીમાં હર્થા નામની મહિલાને દેવીના રૂપમાં પૂજવામાં આવે છે. તેના ખોળામાં એક બાળક હોય છે. ઈજીપ્ત, રશિયા અને ભારતમાં પણ માતાનાં રૂપમાં પૂજા થાય છે. ઈસાઈ ધર્મમાં દેવી મરિયમનું રૂપ માતાનું છે.



तीन माताएं

दिलीपसिंह ने कहा कि हमारे यहां तीन माताएं होती हैं ।
एक जन्म देती है, दूसरी भारत माता और तीसरी गौ माता ।
विश्व में कोई देश नहीं, जहां अपनी धरती को माता कहा जाता हैं ।
भारत के लोग अपनी धरती को माता कहते हैं । गाय को माता कहते हैं,
लेकिन भैंस को तो आंटी भी नही कहते, फिर उसका दूध क्यों पीते हों ।
दूध पीना है, तो गाय का । उससे गोरापन आता है और बुद्धि तेज होती है ।



શ્રી દિલીપસિંહ કિશોરસિંહ રાઠોડ

ધર્મ, દાતારી અને ખુમારીનો ત્રિવેણી સંગમ

જનની જણજે ભક્તજન, કાં દાતા કાં શૂર
નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર...






સમાજસેવક

દિલીપસિંહ કિશોરસિંહ રાઠોડ

તરવરાટ અને ઉત્સાહનો સમન્વય

શિખરૂં ઉંચા ને મારગ આકરા,
ચડવાં ચઢાણો તસુ તસુ એકલાં,
લિયે એ મારગ નર કોઈ બંકડા,
છોડી આળ ને પંપાળ, રાખી રમૈયો રખવાળ.



જન્મ અમદાવાદમાં અને ઉછેર માતા પિતા વચ્ચે થયો. માતા પિતા પાસેથી અનેક સંસ્કારો વારસામાં મળ્યાં, આથી શિસ્તબદ્ધ જીવન જીવવા લાગ્યા. અભ્યાસમાં ઘણું ધ્યાન રાખ્યું પણ આગળ ભણી શકયા નહીં. ધાર્મિક અને સામાજિક પ્રવૃતિમાં રસ ધરાવતા દિલીપસિંહ રાઠોડ માતાજીનાં અનન્ય ભક્ત છે. મિત્રો અને સમાજમાં તેઓ પ્રિતિપાત્ર છે. તેઓ ઘરે વિવિધ મુલાકાતીઓથી વિટંળાયેલા રહે છે. લોકોને ભેદભાવ વગર મદદ કરે છે. મદદ માટે આવેલ કોઈપણ મુલાકાતીને તેઓએ નિરાશ કર્યા નથી. રાજપૂત સમાજના વિકાસ માટે તેઓ હંમેશા પ્રયત્નશીલ રહે છે. બ્લડ ડોનેશન કેમ્પ, સમૂહ લગ્ન, અપંગો માટે સાઈકલ વિતરણ અને વિવિધ મેડિકલ કેમ્પોનું સફળ આયોજન કરી સામાજિક પ્રવૃતિમાં અગ્રેસર રહે છે. દિલીપસિંહની સામાજિક અને ધાર્મિક પ્રવૃતિમાં 1300 જેટલા યુવાનોની ફોઝ ખડે પગે રહે છે. તેમની આ ફોઝ નિસ્વાર્થ ભાવે સેવા આપી લોક કલ્યાણના કાર્યોમાં સહભાગી થાય છે. ઈશ્વર અને માતા પિતાના આશિર્વાદ થી જ દરેક કાર્યો સિધ્ધ થાય છે, તેવું તેઓ કબૂલે છે. નિખાલસતા અને નિડરતા તેમનું જમાપાસું છે. સાચી વાત કહેતા તેઓ અચકાતાં નથી. વ્યક્તિની નિખાલસતા તથા જતું કરવાની ભાવના કોઈપણ અદના માનવીને સ્પર્શી જાય તે સ્વાભાવિક છે. તેઓ કહે છે કે, "યુવાનોનું બલિદાન ભારતવર્ષનાં ઈતિહાસમાં અમર રહેશે, તેમજ સમાજસેવાની મને જે તક મળી છે, તેનુ મને ગર્વ છે" "જન સેવા એજ પ્રભુ સેવા" જેમનો જીવન મંત્ર છે તેવા દિલીપસિંહ રાઠોડ મળવા જેવા યુવાન છે.

















શિક્ષણ પ્રેમી
કિશોરસિંહ રાઠોડ

રોયલ રાજપૂત

“હસમુખાને હેતાળવાં, મરકીને કાઢે વેણ,
તમને કાંટોય કદી ના વાગજો, ભલે પારકાં હોય શેણ.”

હસમુખો ચહેરો, જાડી ગરદન, માથામાં ઘેરાવાળ, ઉપસેલા ગાલ, ઠાવકું નાક, ચળકતું કપાળ, વિનમ્ર અવાજ, ખુમારી વાળું વ્યક્તિત્વ અને જેમનું જીવન સદ્‌ગુણોથી અલંકૃત છે તેવા કિશોરસિંહ રાઠોડ સરળ સ્વભાવના વિનમ્ર વ્યક્તિ છે. વર્ષોથી તેઓ ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સંનિષ્ઠ સેવાઓ આપી રહ્યાં છે. સામાન્ય વર્ગ પ્રત્યે તેમની નિર્મળ ભાવના પ્રશંસનીય છે. કિશોરસિંહમાં કોઠાસૂઝ અને હાથમાં લીધેલ કોઈપણ કામ પાર પાડવાની ધગશ રહેલી છે. તેમના ઘરમાં ભક્તિ અને સંસ્કારમય વાતાવરણ જોવા મળે છે. તેમને ત્યાં કોઈપણ વ્યક્તિ નાનો મોટો ફંડ ફાળો લેવા આવે ત્યારે તેઓ હસતા મોઢે ફૂલ નહી તો ફૂલની પાંખડી આપીને રાજી કરે છે. રાજપૂત સમાજમાં શિક્ષણનો તથા સામાજીક સુધારાનો પ્રશ્ન મહત્વનો છે, આ દિશામાં પણ તેઓ જહેમત ઉઠાવી રહ્યાં છે. સંસ્કારી અને સમૃધ્ધ સમાજ માટે સ્ત્રી શિક્ષણનું મહત્વ અનેકગણું છે. જે કુટુંબમાં માતા, બહેન કે ભાભી શિક્ષિત છે તે કુટુંબ સંપૂર્ણ શિક્ષિત હોવાનું જ એમાં કોઈ શંકાને સ્થાન નથી અને આવા શિક્ષિત કુટુંબનો સર્વાગી વિકાસ એ સ્વાભાવિક બાબત છે. દરેક કુટુંબ શિક્ષિત હોય એવું સ્વપ્ન સમાજ, સરકાર અને દેશનું હોય છે, કારણ શિક્ષણ વગર સંસ્કાર ન હોય ને સંસ્કાર વગર સંસ્કૃતિ ન હોય અને સંસ્કૃતિ વગર સિધ્ધિ ન હોય. રાજપૂત સમાજમાં શિક્ષણનાં સ્તરને ઉંચે લઈ જવા માટે જે ભગીરથ પ્રયાસો જરૂરી છે તેમાં કન્યા કેળવણીની બાબત ખૂબજ મહત્વની હોવાથી સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન પૂરુ પાડવું એ દરેક જાગૃત નાગરિકની પ્રાથમિક ફરજ બને છે. કન્યા કેળવણી પ્રોત્સાહન પૂરું પાડવાનો પ્રયાસ એટલે શિક્ષણ પ્રેમી કિશોરસિંહ રાઠોડ. તેમણે દિકરી સ્વ. નિશાને એર હોસ્ટેસ બનાવી રાજપૂત સમાજમાં સ્ત્રી શિક્ષણની નવી ઉડાન ભરવાનું સાહસ કર્યું હતું. સ્વ. નિશા કહેતી કે, “પપ્પા હું તમને એક દિવસ વિમાનમાં બેસાડી આખી દુનિયાની સફર કરાવીશ,” કદાચ ઈશ્વરને સ્વ. નિશાની આ ઈચ્છા પૂરી કરાવવાનું મંજૂર નહીં હોય એટલે પ્રભુએ પોતાની પાસે બોલાવી લીધી. દીકરીના સંસ્મરણોમાં ખોવાઈ ગયેલા કિશોરસિંહની આંખો આસૂંથી ભરાઈ આવે છે. પછી થોડા હળવા થઈ તેઓ કહે છે કે, “વ્હાલનો દરિયો મારી દિકરી સ્વ. નિશા તો આપણી વચ્ચે નથી, પરંતુ રાજપૂત સમાજને અને દેશની દિકરીઓ તો છે ને એમને હું ભણાવીશ, તેમના સપનાઓ પૂરા કરાવવા માટે અથાગ પ્રયત્ન કરીશ, આવી ઉમદા ભાવના સાથે તેમણે ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થા શરૂ કરી. આજે શિક્ષણની એ જ્યોત મશાલ બની ચૂકી છે. શ્રીમદ્‌ ભગવત ગીતાનાં ત્રીજા અધ્યાયનો બારમો શ્લોક ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને સંબોધીને કહ્યો છે, ‘હે માનવ, તારો વૈભવ, પદ, પરિવાર, બળ અને બુદ્ધિ તને ઈષ્ટ દેવતા તરફથી પરમાર્થ અર્થે વાપરવા માટે મળેલ છે. બીજા માટે ન વાપરી અને પોતાના જ બાળ બચ્ચા માટે વાપરીશ કે ભોગવીશ તો ઈશ્વરનો ગુનેગાર બનીશ. કિશોરસિંહે ગીતાનો આ ઉપદેશ પાળ્યો છે. એમણે પોતાની સંપતિ તથા શક્તિનો સમાજ માટે સદ્‌ઉપયોગ કર્યો છે. ધન્ય છે એમની માતાને કે જેમણે આવા પુત્ર રત્નને જન્મ આપ્યો છે. સમાજમાંથી કુરિવાજો દૂર કરવા માટે અવારનવાર સમાજનાં સંમેલનો યોજાય છે, ત્યારે તેઓ પ્રગતિશીલ વિચારો રજૂ કરવામાં પાછા પડતા નથી. કિશોરસિંહ રાઠોડ રાજપૂત સમાજનું ઘરેણું છે. રાજપૂત સમાજનાં નિષ્ઠાવાન સેવક છે. ગુજરાતની વિભિન્ન ધાર્મિક, સામાજિક, રાજકિય અને શૈક્ષણિક સંસ્થાઓમાં તેમની નિઃસ્વાર્થ સેવાની મૂડી જમા છે. રાજપૂત સમાજનાં ઉત્થાન માટે તેમના પ્રયાસો સફળ રહ્યાં છે. રાજપૂત સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે તેમનો અભિગમ રચનાત્મક અને અમલીકરણનો રહ્યો છે. તેઓ કર્મનિષ્ઠ હોવાને કારણે જે કામ હાથ ઉપર લે છે તે પૂર્ણ કરીને જંપે છે. તેઓએ સમાજને સંગઠિત કરવાનાં અથાગ પ્રયત્નો કર્યા છે. તેમની સેવાઓ રાજપૂત સમાજ માટે અનન્ય છે. સાદુ જીવન અને નિષ્ઠાપૂર્વકની સેવાઓ ધ્વારા તેમણે એક સંનિષ્ઠ સેવક તરીકેની નામના મેળવી છે.







સ્માર્ટ એકેડમી

જ્ઞાનની પરબ

➤ "સ્માર્ટ એકેડમી" ની પ્રવૃત્તિ શું છે ?
સ્માર્ટ એકેડમી ધોરણ 10,12 અને ગ્રેજ્યુએટ થયેલ યુવક યુવતીઓને વિવિધ પ્રકારનાં કોર્ષની તાલીમ આપી નોકરી કે રોજગારી આપતી સંસ્થા છે.

➤ સ્માર્ટ એકેડમીમાં કયાં પ્રકારનાં કોર્ષ ચાલે છે ?
સ્માર્ટ એકેડમીમાં પર્સનાલીટી ડેવલપમેન્ટ, સેલ્ફ ડેવલપમેન્ટ, સ્પોકન ઈંગ્લીશ, લીડરશીપ ટ્રેનિંગ, પબ્લીક સ્પીકીંગ, માર્કેટીંગ મેનેજમેન્ટ, કસ્ટમર કેર, બિઝનેસ મેનેજમેન્ટ, હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટ, GPSC, UPSC, લોકરક્ષક, સ્ટાફ સિલેકશન કમિશન, બેન્કીંગ સર્વિસ, કોમ્પ્યુટર સોફ્ટવેર તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતી તમામ પ્રકારની પ્રિલીમ, મેઈન તથા ઈન્ટરવ્યુને લગતી સફળ તાલીમ આપવામાં આવે છે.

➤ સંસ્થા કેટલા વર્ષ થી તાલીમ આપે છે ?
સંસ્થા છેલ્લા 18 વર્ષથી તાલીમ આપે છે.

➤ સંસ્થાનો મુખ્ય ધ્યેય શું છે ?
ગુજરાતનાં ધોરણ 10,12 તથા સ્નાતક થયેલ બેરોજગાર યુવક યુવતીઓને પ્રવર્તમાન સમયને અનુરૂપ વિવિધ કોર્ષ તથા પ્રોજેકટ દ્વારા અસરકારક અને સફળ તાલીમ આપી હજારો યુવક યુવતીઓને સરકારી, અર્ધસરકારી તથા કોર્પોરેટ કંપનીઓમાં કાયમી નોકરી અપાવવાનો છે.

➤ સંસ્થા તથા સંચાલકને કયા એવોર્ડ મળેલ છે ?
'સ્માર્ટ એકેડમી' ને રોજગારલક્ષી તાલીમ આપી યુવક યુવતીઓને ખાતરીપૂર્વક નોકરી અપાવવા બદલ 'ગ્લોબલ યુનિવર્સિટી' દ્વારા 'સાયન્ટીફીક એન્ડ વોકેશનલ એવોર્ડ નામબિયા હાઈ કમિશ્નરનાં વરદ હસ્તે સંસ્થાનાં ચેરમેન કલ્યાણસિંહ ચંપાવતને 13 માર્ચ 2007 નાં રોજ દિલ્હી ખાતે એનાયત થયેલ છે.

➤ 'સ્માર્ટ એકેડમી' નાં ચેરમેન અને MD ની વિશેષ સિદ્ધિઓ કઈ છે ?
ચેરમેન અને MD કલ્યાણસિંહ ચંપાવત BSc, Bed, LLB, MBA [HR] તેમજ PhD થયેલ છે. તેમને વિવિધ 1004 વિષયો ઉપર કોઈપણ જાતની સાધન સામગ્રીનાં ઉપયોગ વિનાં 1000 કલાક સુધી વક્તવ્યો આપવા માટે દુનિયાના વિવિધ દેશોના હાઈ કમિશ્નરોની ઉપસ્થિતિ વચ્ચે યુગાન્ડાના હાઈ કમિશ્નરનાં વરદહસ્તે 'UNO-2007' ઈન્ટરનેશનલ બેસ્ટ ટ્રેનરનો એવોર્ડ 13 માર્ચ 2007 નાં રોજ 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોલીઝ એન્ડ એન્વાયરમેન્ટ' સંસ્થા દ્વારા દિલ્હી ખાતે એનાયત થયેલ છે.

ડો.કલ્યાણસિંહ ચંપાવત

જીભે સરસ્વતી અને દૃષ્ટિમાં ઉજાસ

શિખરૂં ઉંચાને મારગ આકરા, ચડવાં ચઢાણો તસું તુસું એકલાં
લિયે એ મારગ નર કોઈ બંકડા, છોડી આળ ને પંપાળ, રાખી રમૈયો રખવાળ.

સફળ થવા માટે ગીતાનાં શ્લોક 'કર્મણ્યે વાધીકારસ્તે મા ફલેષુ કદાચન' મુજબ ફળની ચિંતા રાખ્યા વગર કર્મ કરશો તો સફળતાની સીડી સામે દેખાશે. હૈયામાં હિંમત હોય તો કોઈ અંતરાય નડતો નથી. સાબરકાંઠાનાં એક કર્મયોગીએ હજારો વિદ્યાર્થીઓને, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને કર્મયોગનાં પાઠ ભણાવતા ભણાવતા 1004 વિષયો પર 1000 કરતાં વધુ કલાકો સુધી સતત પ્રવચન આપવાનો દાવો લિમ્કા બૂક ઓફ નેશનલ રેકોર્ડમાં નોંધાવ્યો છે. આ રેકોર્ડ તોડયા બાદ તેઓ વર્લ્ડ લેવલનાં રેકોર્ડમાં પણ સ્થાન પામવાની તૈયારીઓ કરી રહ્યાં છે. સાબરકાંઠા જિલ્લાનાં ભિલોડા તાલુકાનાં વાંકાનેરનાં વતની કલ્યાણસિંહ એન. ચૂપાવત છેલ્લા 15 વર્ષથી ગાંધીનગર ખાતે સ્માર્ટ એકેડમી ચલાવી રહ્યા છે. ગુજરાતની 1000 કરતા પણ વધુ શૈક્ષણિક, સામાજીક અને સેવાભાવી સંસ્થાઓમાં તેઓ જુદા જુદા વિષયો પર વિદ્યાર્થીઓ, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને સેમીનાર યોજી તાલીમ આપી રહ્યાં છે. રાજય સરકારે કલ્યાણસિંહ ચંપાવતની માસ્ટર ટ્રેનર તરીકે પણ નિમણૂંક કરી છે. તેમણે છેલ્લા બે વર્ષમાં જ 5 હજારથી વધુ વર્ગ 1 અને 2 નાં અધિકારીઓ અને હજારો કર્મચારીઓને જુદા જુદા વિષયો પર અસરકારક અને ઉપયોગી તાલીમ આપી હતી. સ્પીપા, ગેરી, વાલ્મિ, NICM અને ફોરેસ્ટ ટ્રેનીંગ સેન્ટર જેવી સંસ્થાઓમાં પણ વિવિધ વિષયો ઉપર સફળ સેમિનારો યોજયા છે. તેઓ કોઈપણ સાધન સામગ્રીનો ઉપયોગ કર્યા વિના હજારો વિષયો પર હજારો કલાક સુધી સફળ વકતવ્ય આપી શકે છે. રાજયનાં શિક્ષકો, આચાર્યો અને સંચાલકોને કર્મયોગની તાલીમ આપનાર કલ્યાણસિંહ ચંપાવત સાચેજ કર્મયોગી પુરવાર થયા છે. કલ્યાણસિંહ ચંપાવત રાજપૂત પરિવારનાં ખોરડે જન્મેલાં હોવા છતાં સાદગીભર્યું અને સરળ જીવન વ્યતીત કરે છે. વ્યસનનો ત્યાગ કરી તેઓ સામાજિક, શૈક્ષણિક અને સેવાભાવી સંસ્થાઓમાં પોતાનું પ્રદાન આપી રહ્યાં છે. હજારો કલાક સુધી સતત મૌલિક પ્રવચન આપવાનો નેશનલ અને ઈન્ટરનેશનલ વર્લ્ડ રેકોર્ડનો દાવો કરનાર કલ્યાણસિંહ ચંપાવતે એક વાતચીતમાં જણાવ્યું હતું કે વિશ્વ શાંતિ, વિશ્વ બંધુત્વ, વિશ્વ કલ્યાણ, વિશ્વ પ્રેમ અને વિશ્વ એકતા અર્થે યુરોપીય દેશોનાં પ્રવાસે જવાની નેમ છે. સાબરકાંઠાનાં નાના ગામડામાં જન્મેલો આ મુઠ્ઠી ગજો માનવી પોતાના કર્મયોગ થકી સફળતાનાં શિખરો સર કરવાની તમન્ના રાખે છે. સાગર રત્નોની જેમ સાબર રત્નો પણ સફળતાની ઈમારત પર સિધ્ધીની એક એક ઈંટ ચણતા જ જાય છે તે આ ભૂમિની એક ખૂબી છે.



કિશોરસિંહ કુંભાજી ગોહિલ

આપણા મલકનાં માયાળુ માનવી

જન્મ ભાવનગર જિલ્લાનાં વરતેજ ગામમાં થયો. ધોરણ 11 સુધી અભ્યાસ કર્યો. કારકિર્દીની શરૂઆત 1984 માં કરી. રાજકીય ક્ષેત્રે 1985 થી કોંગ્રેસ સાથે સંકળાયેલા છે. જમીન વિકાસ બેંકમાં ડિરેકટર છે. ભાવનગર પાસે આવેલ આર.કે. હોટલ એન્ડ ગાર્ડન રેસ્ટોરેન્ટ મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કરે છે. આમ કે.કે. ગોહિલ મળવા જેવા માણસ છે. વિવાહ સંસ્થા વિશે જાણો તેમનો દૃષ્ટિકોણ...

માનવીનાં ઉત્પત્તિકાળે માનવ એક ભટકતા, અવિકસિત પ્રાણી તરીકે વ્યવહાર કરતો હતો, કપડાં ન પહેરવા, દાઢી ન કરવી, માંસાહાર કરવો, સ્વૈચ્છાચારમાં રહેવું, બાળકોને વ્યવસ્થિત ઉછેરવાની કોઈ પ્રણાલી નહીં, સમાજની કલ્પના ન હતી, વિવાહ પ્રથાનું નામ નિશાન ન હતું, ન્યાય નીતિનાં ગુણોનો વિકાસ જ ન હતો. આવા માનવ સમાજને જ્ઞાની, કર્મયોગી અને ભક્તહૃદય ઋષિઓએ સુગ્રથિત કર્યો. ન્યાય નિતીનાં વિચારની કલ્પના આપી. સમાજ જીવનની કલ્પના આપી, વ્યવસ્થિત દેખાવા કપડાં પહેરવાનો અને દાઢી કરવાનો પ્રથમ વિચાર પણ ઋષિઓની દેન છે. માંસાહારથી માનવજાતને શાકાહાર તરફ વાળવા ઋષિઓએ ખૂબ મોટું કાર્ય કરેલું છે. સમાજને માનવ જન્મથી મૃત્યુ સુધી વ્યવસ્થિત કરવા સોનેરી સુત્રોની ભેટ એ પણ ઋષિઓનાં કર્મયોગને આભારી છે. ભટકેલ તથા સ્વૈચ્છાચારને વરેલી માનવ જાતને સમાજની કલ્પના આપી, તેને માનવ વિકાસ માટે જરૂરી એવી વિવાહ સંસ્કારની અદ્‌ભૂત ભેટ આપી. વિવાહ સંસ્કાર એટલે સ્ત્રી પુરુષનું એક થવું, એકમેકનાં પર્યાય બની સંસાર રથને આગળ ધપાવવો. કોઈપણ જીવાત્મા પૂર્ણ ત્યારે બને છે, જયારે જીવાત્મામાં સ્ત્રી અને પુરુષનાં ગુણોનો મેળ બને છે. સ્ત્રીએ પુરુષની શૌર્યતા, સાહસ અને નિડરતાને ગ્રહણ કરવાની છે. પુરુષે સ્ત્રીની લજ્જા, મૃદુતા, સહનશીલતા અને પરોપકારીતા શીખવાની છે. એક જીવાત્મામાં જયારે સ્ત્રી પુરુષનાં બંનેય સદ્‌ગુણો વિકસે છે, ત્યારે એ પૂર્ણ બને છે. વિવાહથી તે શકય છે. પુરુષ અને સ્ત્રી બન્નેમાં પ્રભુએ વિજાતીય આકર્ષણ મૂકેલું છે. વિજાતીય આકર્ષણ અને કામને કોઈ વ્યવસ્થિત સ્વરૂપ ન અપાય તો સ્વેચ્છાચાર આવે છે. બાળઉછેરની સમસ્યા આવે છે, જે આજના આધુનિક યુગની મોટી સમસ્યા છે. ઋષિઓએ માનવ બનાવવા અદ્‌ભૂત આવિષ્કાર કર્યો. સ્ત્રી પુરુષ વિવાહ સંસ્કારમાં બંધાઈ એકબીજાના થઈને રહે. ધર્મ, અર્થ, કામ, મોક્ષની તમામ પ્રવૃત્તિમાં સાથે રહે. સારી પ્રજોપત્તિ કરી સદ્‌ગુણોને બીજી પેઢીમાં રોપે તે જરૂરી છે. સારા લગ્ન જીવન માટે ભૌતિક વસ્તુઓની જરૂરિયાતને નકારી ન શકાય, પરંતુ વિકાસ, વફાદારી, સમજદારી વિના લગ્નજીવન કદી ચાલી શકે નહીં. જે ઘરોમાં સંસ્કાર અને સદ્‌ કર્મોથી કમાયેલું ધન છે. આખુ કુટુંબ ઈશ્વર મય છે. જ્ઞાની મિત્રોનું આગમન છે. વડીલો અને મહિલાઓનું સન્માન છે. આવું ઘર સૃષ્ટિ પરનું સ્વર્ગ છે.






FACILITIES

MEETINGS • BANQUETS
WEDDING • ROOMS
OUTDOOR CATERING • RING CEREMONY
FUNCTIONS • EVENTS
DANCE PARTY • GET TO GATHER

RK Hotel & Garfen Restaurant

Marigold Banquet Hall • Lush Green Sprawling Lawns
Landscape Garden • Orchid Kidz Zone

Vartej, Bhavnagar
Tel : 0278-2541010 • Email : rkhotelvartej@gmail.com



કાળુસિંહ સરદારસિંહ હાડા

સેવાકિય પ્રવૃતિનો પ્રાણ


તુમ જીઓ હજારો સાલ, સાલ કે દિન હાં પચાસ હજાર...

મૂળ વતન લુણાવાડા, પરંતુ હાલ ગાંધીનગરમાં સ્થાઈ છે. અભ્યાસ ડિપ્લોમા સિવિલ એન્જીનીયરીંગ સુધી કર્યો. અભ્યાસ પૂરો કર્યા પછી વ્યવસાયની શરૂઆત કરી. તેઓ રાજકમલ કન્સટ્રકશન કંપનીનાં માલિક છે. તેમની કંપની સરકાર માન્ય કોન્ટ્રાક અને એન્જીનીયરીંગને લગતા કામો સ્વીકારે છે. પત્ની પ્રેમબા કાળુસિંહ હાડા ધોરણ 12 સુધી ભણ્યાં. તેઓ કોંગ્રેસમાં છેલ્લા 15 વર્ષથી સંકળાયેલા છે. ગાંધીનગર શહેર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ છે. તેઓ સંગઠનની કામગીરી સફળતા પૂર્વક નિભાવી રહાાં છે. તેઓ કહે છે કે આપણી વહુઓ દીકરી સમાન છે, એમને બહાર મોકલો અને ભણાવો. નારીમાં ઘણી શકિત છે, તેથી તે શકિતને બહાર લાવવી જરૂરી છે. પુત્ર ઋતુરાજ હાડા એ અભ્યાસ M.Com સુધી કર્યો, અત્યારે GPSC ની તૈયારી કરી રહાાં છે. કાળુસિંહ હાડા ગાંધીનગર રાજપૂત સમાજમાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહાાં છે. સાથે સમાજનું સંગઠન મજબૂત કરી રહાાં છે. તેમનું કહેવું છે કે જીલ્લા દીઠ રાજપૂત સમાજનું સંગઠન થવું જોઈએ, તો જ જીલ્લા પ્રતિનિધિઓ સારી કામગીરી કરી શકશે. તેઓ સમૂહ લગ્નમાં પોતાનું યોગદાન અચૂક આપે છે. રાજપૂત સમાજે શિક્ષણમાં પહેલાં કરતાં ઘણી સારી પ્રગતિ કરી છે. તેઓ કહે છે કે બધા સાથે મળીને ચાલો, એકતા રાખો અને આગળ વધો.



જીવન સંદેશ

- ક્રોધને દયા દેખાતી નથી, વેરને વિનાશ દેખાતો નથી.
- ઈર્ષાને ઈન્સાફ દેખાતો નથી, લોભને સંતોષ દેખાતો નથી.
- ભાગ્યને સંજોગ દેખાતો નથી, ઈચ્છાને અપમાન દેખાતું નથી.
- ધનને મુશ્કેલી દેખાતી નથી, ભીરૂને ફતેહ દેખાતી નથી.
- વહેમને વિશ્વાસ દેખાતો નથી, જુઠાને શરમ દેખાતી નથી.
- લાંચને પ્રમાણિકતા દેખાતી નથી, ભીખને તિરસ્કાર દેખાતો નથી.
- આશાને નિરાશા દેખાતી નથી, દુઃખને આનંદ દેખાતો નથી.
- સત્તાને સંયમ દેખાતો નથી, બુદ્ધિને હરીફ દેખાતો નથી.
- ત્યાગને લાલચ દેખાતી નથી, ભૂખને પરીક્ષા દેખાતી નથી.
- ભૂલને કબૂલાત દેખાતી નથી, ગર્વને જ્ઞાન દેખાતું નથી.
- પ્યારને ખાર દેખાતો નથી, કામાંધને કલંક દેખાતું નથી.
- નાસ્તિક ને શ્રદ્ધા દેખાતી નથી, કાયરને શૌર્ય દેખાતું નથી.
- શૂરવીરને શત્રુ દેખાતો નથી, મનુષ્યને શાંતિ દેખાતી નથી.
- એદીને ઉદ્યોગ દેખાતો નથી, આળસને કામ દેખાતું નથી.



કમલેશકુમાર રાઉલજી

રાજપૂત રત્ન

ઘેરી લીયે કંટક છો ગુલાબને,
ના આંચ આવે કશીય ગુલાબને.







મુળ પંચમહાલ જીલ્લાનાં વતની કમલેશકુમાર રાઉલજીએ અભ્યાસ BSc સુધી કર્યો.10 વર્ષ જોબ કર્યા પછી વ્યવસાયમાં જોડાયા. આમ વડોદરા આવ્યા પછી પ્રગતિ થઈ. તેઓ વડોદરા રાજપૂત યુવા સેલનાં કન્યા છાત્રાલયમાં ચેરમેન તરીકે સેવા આપે છે. વડોદરા રાજપૂત યુવા એસોશિએશનમાં તેઓ 25 વર્ષથી સહમંત્રી, મહામંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે સેવા આપી ચૂકયાં છે. વડોદરા રાજપૂત યુવા એસોશિએશન દ્વારા વાડી, સાંસ્કૃતિક ભવન અને AC હોલનું બાંધકામ પોતાના કાર્યકાળ દરમિયાન કર્યું. AC વાડી ₹ 5000 જેવા નજીવા ભાડામાં આપવામાં આવે છે. તેમનાં પત્ની જયોતિકાબા ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ છે. વડોદરા રાજપૂત મહિલા એસોશિએશનનાં પ્રમુખ તરીકે જયોતિકાબા રાઉલજીએ 2 વર્ષ સેવા આપી મહિલાઓને જાગૃત કરી. મહાગુજરાત મહિલા ક્ષત્રિય સભા ગાંધીનગરનાં મહામંત્રી તરીકે પણ સેવા આપી છે. રાજપૂત સમાજ રાજાશાહીનો હતો, વચ્ચેના સમયગાળામાં પ્રગતિ થઈ. છેલ્લા 15 થી 20 વર્ષ દરમિયાન શૈક્ષણિક સ્તર સુધર્યુ અને પ્રગતિ થઈ રહી છે. રાજપૂતો વેર છોડી બધા સમાજની સાથે રહીને કામ કરે તથા ઘરમાંથી બહાર નીકળી વિકાસ કરે તે જરૂરી છે. વડોદરા રાજપૂત યુવા એસોશિએશન દ્વારા કમલેશકુમાર રાઉલજીને રાજપૂત રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે.

જીવન સંદેશ

- અંદરની આગ બહાર અને બહારની આગ અંદર ન લઈ જવી.
- માન આપનારને અને ન આપનારને એમ બંનેને આપવું જોઈએ.
- સુખે થી ખાવું, સુખે થી બેસવું અને સુખે થી સૂવું.
- પતિ, સાસુ, સસરા અને પરિવારનાં અન્ય વૃધ્ધજનોને કુળદેવતાઓની જેમ હંમેશા આદર સત્કાર આપવો જોઈએ.

રાજપૂત સમાજની વર્તમાન સમસ્યાઓ :

અહમ, ઈર્ષા, પ્રમાદ, અંધશ્રદ્ધા, સમાજ પ્રત્યે ઉપેક્ષા, કુરીવાજો, સમાજીક ચિંતનનો અભાવ, મહિલાવર્ગ પ્રત્યે દુર્લક્ષ, આદર્શ નેતાનો અભાવ, વર્તમાન પ્રવાહોથી અજ્ઞાત રહેવું, સમર્પિત કાર્યકર્તાઓનો અભાવ, વિજ્ઞાન અને ટેકનોલોજી થી વિમુખ રહેવું, સ્વતંત્ર વ્યવસાય કે વાણિજય તરફ વળવાને બદલે નોકરી લક્ષી માનસ, સાચી વાતનો અસ્વીકાર કરવાની માનસિકતા, રાજકીય સંગઠનમાં કૌટુંબિક અને સામાજિક બાબતોનો ટકરાવ અને પરંપરાગત ચાલ્યા આવતા ઉંચ નીચનાં ભેદભાવ.

શુભેચ્છા સહ...

Since-1971

The Taste Of Capital

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી
ગાંધીનગર

ઉત્તમ ક્વોલીટીનો પર્યાય "મધુર"

પાટનગરની પ્રથમ પસંદ "મધુર"

મધુર પ્રોડક્ટસ : દુધ, છાશ, ટેસ્ટી દહી, ઘી, પનીર, આઈસ્ક્રીમ, મિઠાઈ

































Rohit Mehta [MD]





Dr. Shankar R. Rana [Chairman]





મનહરભાઈ બી. ગોહિલ [પ્રમુખઃજીલ્લા પંચાયત ભરૂચ]

જન વિકાસ એજ નિર્ધાર

શિક્ષણ : 12 સાયન્સ, ITI.

ફેમેલિ બેક ગ્રાઉન્ડ : પિતા 35 વર્ષ ગ્રામ પંચાયતનાં સરપંચ રહાાં તથા તાલુકા પંચાયતમાં પણ કાર્યરત હતાં. પત્ની 1995 માં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ તરીકે બિનહરીફ ચૂંટાયા હતાં.

રાજકીય અને સામાજીક પ્રવૃત્તિ :

1989 થી BJP માં કાર્યરત. 1998 માં વાગરા વિધાનસભા બેઠક પર અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડયાં. 2000 માં તાલુકા પંચાયતની ચૂંટણી લડયાં અને પ્રમુખ તરીકે પ્રશંસનીય કાર્ય કર્યું. દહેજ જેવા ઔદ્યોગિક વિસ્તારમાં બેરોજગારો માટે રોજગારીની તકો સર્જી. કામદારોનાં પ્રશ્નો બાબતે નિર્ણાયક ભૂમિકા ભજવી. લાઈટ, પાણી અને રસ્તા જેવી સમસ્યાઓનું નિવારણ કર્યું. સ્થાનિક લોકોની આર્થિક અને સામાજીક પરિસ્થિતિમાં બદલાવ લાવ્યાં. ગ્રામ વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહાાં. સાક્ષરતા દર વધારવા લોકોને જાગૃત કર્યા. "જન સેવા એજ પ્રભુ સેવા" મંત્ર સાર્થક કર્યો.

જીવન **સંદેશ**

વિશ્વ પર્યાવરણ માટે સામૂહિક સંકલ્પના...

➤ ખોરાકનો બગાડ અટકાવીએ...
➤ વપરાશ પૂરતો જ ખોરાક રાંધીએ...
➤ વધેલો ખોરાક કોથળીમાં ભરીને કચરાપેટીમાં નહીં પણ ચાટમાં નાંખીએ...
➤ કુટુંબમાં અન્ન પ્રત્યે આદરભાવ કેળવીએ...
➤ પર્યાવરણીય સંપદા સ્વચ્છ અને ટકાઉ બની રહે તેવા પ્રયાસો કરીએ...
➤ સાત્વિક અને પૌષ્ટિક ખોરાક લઈએ...
➤ પર્યાવરણની જાળવણી માટે વૃક્ષોનું વાવેતર અને તેનું જતન કરીએ...
➤ રાષ્ટ્રની પ્રગતિ અને સમૃધ્ધ જીવન માટે વૃક્ષો વાવો...
➤ જો પાણી જાય એળે, તો દુઃખ આવે એની મેળે...

સમગ્ર જીવનસૃષ્ટિનાં પોષણનો આધાર : પર્યાવરણ...

એક ભેટ જે જીંદગીભર સાથ નિભાવે...

દરેક પ્રસંગો પર જીંદગીની ભેટ છોડ અને પુસ્તક સ્વરૂપે આપો...

આપણે હંમેશા સ્વજનોને જીંદગીનાં ખાસ પ્રસંગોમાં તેમને યાદગાર ભેટ આપવા માંગીએ છીએ, પણ સમય જતાં આ ભેટનું મહત્વ ઓછું થઈ જાય છે, તેથી સ્વજનોને આપો એક એવી ભેટ જે જીંદગીભર તેમનો સાથ નિભાવે.

આવો નવી પરંપરાનું નિર્માણ કરીએ,
છોડની ભેટ આપીને ધરતી પર ખુશીઓ લાવીએ...

વન વિકાસ એજન્સી : ભુજ
કચ્છ પૂર્વ વન વિભાગ : ભુજ



- કચ્છ પૂર્વ વન વિભાગમાં કુલ 46 સહભાગી વન વ્યવસ્થા મંડળીઓની રચના કરવામાં આવેલ છે.
- સહભાગી વન વ્યવસ્થા મંડળીઓમાં વન વિકાસ એજન્સી યોજના હેઠળ વાવેતર કરવામાં આવેલ છે.
- કચ્છ પૂર્વ વન વિભાગમાં સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ ધ્વારા કુલ 4075.00 હેકટર જેટલા વન વિસ્તારમાં વન સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી ખૂબજ સારી રીતે કરવામાં આવેલ છે.
- સહભાગી વન વ્યવસ્થા મંડળીઓની રચનાથી સ્થાનિક લોકોને રોજગારી મળતાં ઘર આંગણે આજીવિકા ઉપલબ્ધ થઈ છે.
- વન વિસ્તારનાં અંતરિયાળ ભાગમાં રહેતા લોકોનો વિકાસ થાય, તેમનું જીવન ધોરણ સુધરે અને આર્થિક રીતે સધ્ધર થઈ રોજગારીની તકો ઉપલબ્ધ થાય તેમજ ગરીબી રેખાથી ઉપર આવે તે માટે વન વિભાગ અને વિવિધ એજન્સીઓના સંકલન ધ્વારા કલસ્ટર ગામો પસંદ કરી આયોજન કરવામાં આવેલ છે.
- કચ્છ જિલ્લામાં સામાન્યતઃ અલ્પ વરસાદનાં કારણે માલઢોરનાં પ્રમાણમાં ઘાસની ખૂબજ તીવ્ર અછત વર્તાતી હોઈ મંડળીનાં સભ્યોને વન વિસ્તાર અને મંડળી ધ્વારા કરેલ વાવેતર વિસ્તારમાંથી મફતમાં ઘાસ કાપી લઈ જવાની છૂટ આપવામાં આવે છે.
- વન વિકાસ એજન્સી મારફતે એન્ટ્રી પોઈન્ટ એકટિવીટીનાં કામોનાં ભાગરૂપે ગામમાં લોક ઉપયોગી સુવિધાઓ જેવા કે, પાણીનાં સાર્વજનિક સ્ટેન્ડ અને માલઢોર માટે પાણીના હવાડા બનાવી લોકોની સુવિધામાં વધારો કરવામાં આવેલ છે.
- વન વિસ્તારના અંતરિયાળ ભાગમાં રહેતા લોકોનું અને તેમના પશુઓનાં સ્વાસ્થયની દેખભાળ માટે તબીબી શિબિરો તથા કેટલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.



એલ. એન. જાડેજા [નાયબ વન સંરક્ષક]

સામાજીક વનીકરણ વિભાગ
નર્મદા રાજપીપળા



વન વિભાગમાં ચાલુ વર્ષમાં નીચે મુજબની યોજનાઓ હેઠળ વાવતેર કરવામાં આવેલ છે.

યોજનાનું નામ	વાવેતર કરેલ વિસ્તાર હેકટરમાં
સામાજીક વનીકરણ યોજના	318
સામાજીક વનીકરણ યોજના	098
ખાસ અંગભૂત યોજના	060
કુલ	476

સામાજીક વનીકરણ વિભાગ ધ્વારા જરૂરીયાતમંદ લોકોને સોલર ફાનસ, નિદ્યુમચૂલા અને ફળાઉ કલમોનું વિતરણ કરવામાં આવેલ છે. જાપાનની સહાયનો પ્રોજેકટ GFDP અમલમાં છે. કુલ 59 સામાજીક વનીકરણ વિકાસ સમિતિઓની રચના કરેલ છે. સમિતિઓ ધ્વારા વનીકરણની ઉત્તમ કામગીરી કરવામાં આવેલ છે. લોકોના આર્થિક જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી છે. બાગાયત યોજના હેઠળ 157 લાભાર્થીઓને 142.6 હેકટરમાં ફળાઉ તથા સાગી વૃક્ષોનું વાવેતર કરાવેલ છે. સને 2013-14 માં 100 હેકટરનાં વાવેતરનાં લાભ ખેડૂતોને આપવામાં આવ્યાં હતાં. નરેગા યોજના હેઠળ આ વર્ષમાં સખી મંડળની મહિલાઓ ધ્વારા નર્સરી ઉછેરની કામગીરી કરવામાં આવી હતી. કુલ 6,00,000 રોપા ઉછેરવામાં આવેલ છે. મહિલાઓને આર્થિક લાભ મળી રહ્યો છે. નરેગા યોજના હેઠળ વ્યકિતગત લાભાર્થીઓ માટે ખેડૂતોનાં ખેતરમાં રોપા ઉછેરનો લક્ષ્યાંક 900 હેકટર ચાલુ વર્ષમાં છે.



વી.કે.સકસેના [નાયબ વન સંરક્ષક]

GSWMA
DWDU
MAHESANA

જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમઃ મહેસાણા
સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ [IWMP]



- વરસાદનાં પાણીથી થતું જમીનનું ધોવાણ અટકે છે.
- વરસાદનું વહી જતું પાણી રોકવાથી ભૂગર્ભજળનાં તળ ઉંચા આવે છે.
- ભૂગર્ભજળનાં તળ ઉંચા આવતા સિંચાઈ વિસ્તારમાં વધારો થાય છે.
- જમીન સમતળ થવાથી ફળદ્રુપતા અને ઉત્પાદકતા વધે છે.
- આંતર પાક પધ્ધતિ, મિશ્ર પાક પધ્ધતિ તથા પાકોની ફેરબદલી કરી ઉત્પાદકતા વધારી શકાય છે.
- ક્ષારીય, ક્ષારીય ભાસ્મીક અને ભાસ્મીક જમીનોને નવસાધ્ય કરી ઉત્પાદકતા વધારી શકાય છે.
- તળાવની ફળદ્રુપ માટી/કાંપ ખેતરમાં નાંખવાથી ફળદ્રુપતામાં અને પાક ઉત્પાદનમાં વધારો થાય છે.
- જમીન અને જળ સંરક્ષણની માવજતો ધ્વારા કુદરતી સંપતિનું સંરક્ષણ કરી સ્થિર વિકાસ સાધી શકાય છે.
- વાનસ્પતિક વિકાસનાં કાર્યો હાથ ધરી શકાય છે.
- ખેડૂતોમાં જળ અને જમીન સંરક્ષણ અંગે જાગૃતિ પેદા કરી કુદરતી સંશોધનોનું સંરક્ષણ કરી શકાય છે.
- વધુ આવક આપતા પાકોનું વાવેતર કરી હેકટર દીઠ વધુ પાક મેળવી શકાય છે.
- પશુપાલન અને સંવર્ધન ધ્વારા પૂરક રોજી મેળવી શકાય છે.
- જળાશયોમાં જમા થતાં કાંપનું પ્રમાણ ઘટાડી જળસંગ્રહ વધારી શકાય.
- ગ્રામ્ય કક્ષાએ રોજગારીની તકો ઉભી કરી બેકારી ઘટાડી શકાય છે.
- પર્યાવરણમાં સંતુલન સાધી શકાય છે. આબોહવા સંલગ્ન પ્રતિકુળ અસરો હળવી બનાવી શકાય છે.
- મહિલા સશક્તિકરણ અંગેની કામગીરી હાથ ધરી શકાય છે.
- ગ્રામ્ય સમુદાયને પ્રોત્સાહન આપી વિકાસના કામોમાં ભાગીદાર બનાવી શકાય છે.
- સાદી, સરળ અને સસ્તી ટેકનોલોજીનો સ્વીકાર કરી શકાય છે.



પાણી અને વાણી વિચારીને વાપરો

મહાલ ઈકો ટુરીઝમ




ડાંગ જિલ્લામાં આવેલા મહાલ ઈકો ટુરીઝમની એક ઝલક :

મહાલ કેમ્પ સાઈટ ડાંગ જિલ્લાનું વડું મથક આહવાથી 28 કિમીનાં અંતરે આહવા સોનગઢ રોડ પર પૂર્ણા અભ્યારણ્યનાં સુંદર અને ગાઢ બામ્બુ વન વિસ્તારમાં પૂર્ણા નદીનાં કિનારે આવેલ છે. સુંદર અને સુશોભિત એવા બામ્બુ વન વિસ્તારમાં મહાલ કેમ્પ સાઈટની સુંદરતા પ્રકૃતિ સાથે સમન્વય થાય તે રીતે ઉત્તર વન વિભાગ, ડાંગ આહવા ધ્વારા પરિસરીય પ્રવાસન સ્થળ તરીકે સને 2007-08માં વિકસીત કરવામાં આવેલ છે. GFDP યોજના અંતર્ગત વન વિભાગ ધ્વારા પૂર્ણા અભ્યારણ્ય વિસ્તારમાં આવતાં ગામોને ઈકો ડેવલોપમેન્ટ સમિતિ તરીકે રચના કરી વિવિધ યોજનાકીય લાભો ધ્વારા વન વિકાસની સાથે જન વિકાસનાં હેતુ થી પરિસરીય સમિતિની રચના કરવામાં આવેલ છે. પૂર્ણા અભ્યારણ્ય વિસ્તાર હેઠળની ચિખલા ઈકો ડેવલોપમેન્ટ સમિતિ તથા મહાલ ઈકો ડેવલોપમેન્ટ સમિતિ ધ્વારા પરિસરીય પ્રવાસનની કામગીરી ચલાવવામાં આવે છે.

મહાલ કેમ્પ સાઈટની સુવિધાઓ :

➤ 11 ટુરીસ્ટ ટેન્ટ ➤ કેમ્પફાયર ➤ પ્રકૃતિ શિક્ષણ શિબિર હોલ ➤ કુદરતી ટ્રેઈલર તથા ગાઈડ ➤ રસોડા તથા ડાયનિંગ હોલ ➤ બાથરૂમ તથા ટોયલેટ ➤ 4 ટુરીસ્ટ કોટેજ બાથરૂમ અને ટોયલેટ ➤ વન્ય જીવોને નિહાળવા માટે સુંદર બે વાંસની ઝૂંપડી પૂર્ણા નદીનાં કિનારે બામ્બુ વાંસથી બનાવેલો વ્યુ પોઈન્ટ.

➤ **બુકીંગ માટે સંપર્ક :** 02631 220203 ➤ **Fax :** 02631 220917
➤ **E mail :** mahalecotourism@gmail.com



નાયબ વન સંરક્ષક, ઉત્તર ડાંગ વન વિભાગ આહવા

મહાપ્રતાપી કર્ણદેવ સોલંકી

વિક્રમ સંવત **1120**માં **6** લાખ ભીલોનાં સરદાર આશાભીલને ધમાસાણ લડાઈમાં હરાવીને આપણે સૌ આજે જ્યાં બિરાજમાન છીએ તે આશાવલ નગરીની ધરતીને મહારાજા કર્ણદેવ સોલંકીએ જીતીને કર્ણાવતીની સ્થાપના કરી. અહીં **300** વર્ષ સુધી સોલંકી વંશનો સુરજ તપતો રહ્યો હતો. મહારાજા કર્ણદેવે કર્ણાવતી નગરી ઉપરાંત હાલના ભરૂચની આસપાસનો લાટ પ્રદેશ પણ જીતી લીધો હતો. ખંભાતની આસપાસનો પ્રદેશ જીતીને મહારાજા કર્ણદેવે સમગ્ર ગુજરાતની આસપાસનાં રાજ્યો પર રાજ્ય સ્થાપીને કુશળ રાજ્ય વહીવટ તથા સુખાકારી પૂરા પાડ્યાં હતાં. કર્ણદેવે ગુજરાત તથા આસપાસનાં ઘણા રાજ્યો પર વર્ચસ્વ સ્થાપીને ગુર્જરધરાની મહાસત્તા કાયમ કરી હતી.

નમ્ર વિનંતી : ગુજરાત સરકાર, કર્ણાવતી મહાનગરપાલિકા અને ઔડા વગેરે સત્તાઓનાં સત્તાધીશોને નમ્ર અરજ છે કે મહારાજા કર્ણદેવે મહાનગરી કર્ણાવતીની સ્થાપના કરીને તેનું સંવર્ધન કર્યું છે. તેનું લુણ ખાઈને આપણે મોટા થયા છીએ, તો મહારાજા કર્ણદેવની યાદમાં પશ્ચિમ અમદાવાદને કર્ણાવતી નામ આપવામાં આવે તથા મહારાજા કર્ણદેવ સોલંકીની વિશાળ પ્રતિમા મૂકી એક ઐતિહાસિક મ્યુઝિયમ બનાવવામાં આવે. આપ સૌ અમારી આ લોક માંગણીને સમર્થન આપશો તેવી વિનંતી છે.



ડો. જયેન્દ્રસિંહ માધવસિંહ જાડેજા
પ્રદેશ અધ્યક્ષ : ગુજરાત રાજપૂત યુવા સંઘ
ટ્રસ્ટી : મહારાજા કર્ણદેવ મેમોરીયલ ટ્રસ્ટ, કર્ણાવતી

રિલાયન્સને નવા યુગાબ્દમાં ભારતનું સૌથી સુંદર મુખારવિંદ કહી શકાય.

- મૂકેશ ડી. અંબાણી



રિલાયન્સ
ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃધ્ધિ એ જ જીવન

RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY [RUDA]

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ [રૂડા]

Shri Chimanbhai Patel Vikas Bhavan, Post Box No. 238, Jamnagar Road, Rajkot.
Tel. : 0281 2476874, 2476799 Fax : 0281 2450523 E Mail : rajurbandev@yahoo.com Web Site : www.rajkotuda.com

- સત્તામંડળનાં વિસ્તારમાં સને 2002 થી આવરી લેવાયેલ 18 ગામો સહિત કુલ 54 ગામોમાં કોઈ પણ પ્રકારની વિકાસ કામગીરી જેવી કે બીનખેતી કરાવવી, ખેતી સિવાયનાં અન્ય ઉપયોગ માટે અને ઔદ્યોગિક / વાણિજય / રહેણાંક કે અન્ય બાંધકામની કામગીરી હાથ ધરતા પહેલા કાયદાની જોગવાઈ મુજબ વિકાસ પરવાનગી સત્તામંડળ પાસેથી મેળવવી ફરજીયાત છે. જે તે ગ્રામ પંચાયતો ધ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવે તો તે બિન અધિકૃત ગણવામાં આવશે.
- આપના બાંધકામનાં લે આઉટ પ્લાન GDCRની જોગવાઈ મુજબ રજુ થાય તેની એન્જીનિયર / આર્કિટેકટ સાથે ખાત્રી કરી વિકાસ પરવાનગી બાબતે નિશ્ચિંત બનીએ.
- વિકાસ પરવાનગી બાબતે જરૂરી સાધનિક રેકર્ડ તથા તાંત્રિક ક્ષતિઓ સમય મર્યાદામાં રજુ કરી વિકાસ પરવાનગી મેળવી લેવા કાળજી રાખીએ.
- સરકારશ્રી ધ્વારા મંજુર થયેલ નિયંત્રણ નિયમો મુજબ જ વિકાસ તથા ઉપયોગ પરવાનગીપાત્ર છે તેને અનુસરીએ.
- બાંધકામ કરતી વખતે વિકાસ પરવાનગીની શરતો કે જોગવાઈનું પાલન કરી તુર્તજ વપરાશ અંગેનાં પ્રમાણપત્ર મેળવી લેવાની કાળજી રાખીએ.
- જમીનનાં પ્લોટસની અધિકૃતતા બાબતે બિનખેતી હુકમની સઘળી શરતો તથા પ્લાનની ચકાસણી કરી ખાત્રી કરીએ.
- મકાન / પ્લોટસ ખરીદતી વખતે મહેસૂલી રેકર્ડ, વિકાસ પરવાનગી તથા પ્લાનની અધિકૃતતા અંગે હંમેશા ખાત્રી કરીએ.
- પાણી અમૂલ્ય સંપતિ છે. ભૂગર્ભ જળ ભંડાર જીવંત રહે તે માટે ચોમાસાનું વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતારવા માટે ચોમાસા પહેલા આપના ઘરોમાં આવેલ બોર તથા ગામોનાં કુવાઓ રીચાર્જ કરવા કૃતનિશ્ચયી બનીએ તથા વૃક્ષો વાવી પર્યાવરણનું જતન કરીએ.

એ. બી. ગોર [GAS] **મુખ્ય કારોબારી અધિકારી** **અજય ભાદૂ** [IAS] **અધ્યક્ષ**

➤ Universal God

શ્રી કૃષ્ણની બર્થ ડેટ 21 જુલાઇ 3228 BC

જ્યોતિષ વિજ્ઞાનનો દાવો છે કે દેવતાઓને પણ વિધિનાં લેખ મુજબ પૃથ્વી પર અવતાર લેવો પડે છે. ભારતમાં કોમ્પ્યુટર જયોતિષ વિજ્ઞાનનાં પિતા ગણાતાં અરુણ બંસલ કહે છે કે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ 21 જુલાઈ 3228 BC માં થયો હતો. બીજા અર્થમાં કહીએ તો ઈસુ ખ્રિસ્તનાં જન્મ પહેલા 3228 માં શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. બંસલનાં ગણિત પ્રમાણે આજે શ્રીકૃષ્ણની ઉંમર 5240 વરસની થઈ હોત. જન્મ તારીખ જાણવાને કારણે રહસ્યમય શ્રીકૃષ્ણ પૃથ્વી પર હરતા ફરતાં હોય તેવો અહેસાસ થાય છે. આજથી પચાસ સદી પહેલા શ્રીકૃષ્ણ યશોદામૈયાની ગોદમાં સૂતેલા છે અને ગાયોનાં વૃંદ પાસે ઋષિ ગર્ગ કૃષ્ણનું નામ પાડવાની વિધિ કરી રહ્યાં છે, તેવું દૃશ્ય આપણી આંખ સમક્ષ તરી આવે. અરુણ બંસલ બે સોફ્ટવેર પેકેજનાં આધારે આ તારીખ નક્કી કરી શક્યા છે. આ બે સોફ્ટવેર પેકેજનાં નામ છે લીઓ ગોલ્ડ અને પામ કોમ્પ્યુટર પ્રોગ્રામ. આ પ્રોગ્રામો દ્વારા ગ્રહો અને નક્ષત્રોની જે સ્થિતિ અગાઉ થઈ ચૂકી હોય અને થવાની હોય તે જાણી શકાય છે. અગાઉની સ્થિતિને કોમ્પ્યુટરનાં પરદા પર ફરીથી જીવંત કરી શકાય છે. અરુણ બંસલે જુદા જુદા પુરાવાઓનાં આધારે તિથિ નક્કી કરી છે. શ્રીકૃષ્ણનાં જન્મ વખતે ગ્રહોની જે સ્થિતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે, તે સ્થિતિઓ 21 જુલાઈ 3228 BC માં સર્જાયેલી સ્થિતિ સાથે મેળ ખાય છે. શ્રીકૃષ્ણનો જન્મ હિંદુ મહિનાનાં ભાદ્રપદનાં રોહિણી નક્ષત્રમાં અને કૃષ્ણ પક્ષમાં મધ્યરાત્રીએ ચંદ્રનાં અસ્ત સમયે થયો હતો. બંસલ કહે છે કે વરસ અને તિથિ શોધી કાઢવા માટે આટલી માહિતી પૂરતી છે. શ્રીકૃષ્ણનું નિર્વાણ બંસલનાં કહેવા પ્રમાણે 18 ફેબ્રુઆરી 3102 BC નાં રોજ બપોરના બે વાગ્યે થયું હતું. બંસલે ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિનો ચિતાર શાસ્ત્રોનાં અનેક પુરાવાઓના આધારે નક્કી કર્યો છે. એમણે શ્રીમદ્ ભગવત, શ્રીવિષ્ણુ પુરાણ, હિંદુ પંચાગો અને મહાભારતની કડીઓ બેસાડીને શ્રીકૃષ્ણનાં જન્મ અને દેહોત્સર્ગની તારીખો નક્કી કરી છે. શ્રીવિષ્ણુ પુરાણનાં 38 માં પ્રકરણનાં એક શ્લોક મુજબ જે દિવસે શ્રીકૃષ્ણનાં પ્રાણોત્સર્ગ થયાં ત્યારે કળિયુગની શરૂઆત થઈ હતી. કળિયુગની શરૂઆત ઈસવીસન પૂર્વે 3102 માં થઈ હતી તેમ પુરાવાઓનાં આધારે માનવામાં આવે છે. આપણાં બધાં જ પંચાંગો તેમજ જ્યોતિષ શાસ્ત્રનાં ગ્રંથો એવું જણાવે છે કે સન 1999 માં કળયુગને 5100 વરસ પૂરાં થયાં હતાં. આ માન્યતાને ગણિતશાસ્ત્રી આર્યભટ્ટનાં ગ્રંથ 'આર્યભટ્ટીય અને સૂર્ય સિદ્ધાંત' દ્વારા સમર્થન મળે છે. આ એક ખગોળીય ગ્રંથ છે. એક શિલાલેખ પ્રમાણે પણ કળિયુગ બેસી ગયાને 5100 વર્ષ થયાં છે.

શ્રી કૃષ્ણનાં નિર્વાણની તારીખમાંથી 125 વર્ષ બાદ કરવાથી બંસલને જાણવા મળ્યું કે શ્રીકૃષ્ણનો જન્મ ઈસવીસન પૂર્વે 3228 માં થયો હતો. શ્રીકૃષ્ણ ગ્રહો અને નક્ષત્રોની જે સ્થિતિમાં જનમ્યા હતાં, તે કોમ્પ્યુટરમાં દાખલ કરવામાં આવી અને બાકીનું કામ કોમ્પ્યુટર પર છોડવામાં આવ્યું. જન્મની પળ નક્કી કરવા માટે કોમ્પ્યુટરોએ અનેક આંકડાઓ પર કામ કર્યું. બંસલને અમે પૂછ્યું કે આ ખગોળીય સ્થિતિમાં જન્મેલી વ્યકિતની પ્રકૃતિ કેવી હોઈ શકે? બંસલે જણાવ્યું કે પ્રેમ અને કામ જીવન, દેખાવ, વ્યક્તિત્વ, પ્રવાસ, સમૃદ્ધિ વગેરે જુદા જુદા વિભાગો છે. શ્રીકૃષ્ણની વાત કરીએ તો સાતમા ગૃહમાં શનિ છે, તેથી પ્રારબ્ધમાં અનેક સ્ત્રીઓનો સહવાસ લખાયો હતો. રાધા, ગોપીઓ અને એમની 16,108 રાણીઓ. સાતમા ગૃહ પર વૃશ્ચિકની છાયા હોવાથી કૃષ્ણનું લગ્ન જીવન પણ આનંદમય છે. અનેક રાણીઓને ખુશ રાખવાની ક્ષમતા એમની પાસે હતી. વૃષભની છાયામાં ચંદ્ર ઉચ્ચ આસને હોવાથી શ્રીકૃષ્ણને આકર્ષક વ્યક્તિત્વ અને રૂપ સાંપડ્યા છે. પાંચમાં ગ્રહમાં ગુરુ તથા ઉચ્ચ આસને બુધ હોવાથી શ્રીકૃષ્ણ અસાધારણ બુદ્ધિસંપદા અને વક્તૃત્વકળાનાં સ્વામી હતાં. નવમાં ગૃહમાં કેતુ હોવાથી એમને પ્રસિદ્ધ, શક્તિ અને સત્તા સાંપડ્યા હતાં. શ્રી કૃષ્ણનાં ગુણો અને વ્યક્તિત્વ સાથે આ જન્મ પત્રિકાનો

મેળ થાય છે. આ પત્રિકા પ્રમાણે ખગોળીય સ્થિતિમાં જન્મનારી વ્યક્તિ ચમકતી ત્વચા અને તેજસ્વી આંખો તેમજ મોહક સ્મિત ધરાવતી હોય છે. તેને સંગીત અને સમૃદ્ધિમાં રસ હોય છે. આ કુંડલીનાં અધિપતિ કર્મમાં ખૂબ માને છે અને એ બીજાને પણ સત્કર્મોનો મહિમા સમજાવતા રહે છે. શ્રી કૃષ્ણની જન્મ પત્રિકામાં કેટલીક અવળી અસર પેદા કરનારી સ્થિતિ પણ છે. જેમ કે એમનું જીવન સતત ઘર્ષણો, લડાઈઓ અને યુદ્ધોમાં પસાર થાય છે. પત્રિકામાં રાહુ, મંગળ અને શુક્ર એકસાથે ત્રીજા ગ્રહમાં છે. સિંહમાં ગુરુનું સ્થાન હોવાથી શ્રીકૃષ્ણનાં જીવનમાં માતાનો વિયોગ છે.

બંસલને પોતાના સંશોધનોથી સંતોષ છે, પણ એમણે જ્યોતિષીઓ, નાસાનાં વિજ્ઞાનીઓ, ગણિતશાસ્ત્રીઓ વગેરે પર ધ્યાન આપ્યું નથી. આ બધાં જ નિષ્ણાંતો ચોક્કસ અને સરખાં ગ્રંથોનો આધાર લે છે. આર્યભટ્ટે પણ આ વિષયમાં કામ કર્યું હતું. મહાભારત યુદ્ધ વખતે જે ગ્રહદશા હતી તેનું વિગતવાર વર્ણન અનેક ગ્રંથોમાં છે. મહાભારતનાં યુદ્ધ વખતે શ્રીકૃષ્ણની ઉંમર 90 વર્ષની હતી. એ વખતે ભાગ્યે બનતી હોય તેવી આકાશીય અથવા ખગોળીય ઘટનાઓ બની હતી. મહાભારતનાં યુદ્ધ પહેલાં વારંવાર સૂર્ય અને ચંદ્રગ્રહણો થયાં હતાં. એ વખતનું પખવાડિયું પંદર દિવસને બદલે માત્ર તેર દિવસમાં પુરું થયું હતું. ચંદ્ર તેર દિવસમાં ક્ષીણ બની ગયો હતો. આકાશમાં એક ધૂમકેતું સળગી ગયો હતો. મહાભારત યુદ્ધ વખતે ગ્રહોની જે દશા હતી, તે દશાનું શ્રીકૃષ્ણ કાળધર્મ પામ્યા ત્યારે પુનરાવર્તન થયું હતું. વિદ્વાનોએ મહાભારત યુદ્ધ વખતની ગ્રહોની સ્થિતિને આધાર માનીને સંશોધનો કર્યા છે. ગયાં વર્ષનાં જાન્યુઆરીમાં બેંગલોરમાં મિથિક [પૌરાણિક] સોસાયટી દ્વારા સંવાદસૂત્ર યોજાયું હતું. મહાભારતનાં યુદ્ધ સંદર્ભમાં ઈસવીસન પૂર્વેની 1478 ની સાલથી માંડીને ઈસવીસન પૂર્વે 3067 ની સાલ સુધીનો જુદો જુદો સમય વિશેષજ્ઞોએ રજૂ કર્યો હતો. આ પરિષદમાં નાસા અને અમેરિકાનાં વિજ્ઞાની એસ. બાલકિષ્નાએ પણ પોતાનું સંશોધન રજૂ કર્યું હતું. એમણે લોડસ્ટાર સોફ્ટવેરની



મદદથી એવું તારણ જાહેર કર્યું હતું કે ઈસવીસન પૂર્વેનાં 2559 નાં વર્ષમાં મહાભારતનું યુદ્ધ ખેલાયું હતું. બેંગલોરની ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સનાં પ્રોફેસર આર.એન. આયંગર આ ઘટનાને ઐતિહાસિક રીતે આપણી નજીક લઈ આવ્યાં હતાં. એમના સંશોધન પ્રમાણે મહાભારતનું યુદ્ધ ઈસવીસન પૂર્વે 1478 માં થયું હતું. અમેરિકાની મેમ્ફિસ યુનિવર્સિટીનાં ભૌતિકશાસ્ત્ર વિભાગનાં પ્રોફેસર બી.એન. નરહરિએ ખગોળીય ઘટનાઓનો ઝીણવટ ભર્યો અભ્યાસ કર્યા બાદ મહાભારત યુદ્ધ ઈસવીસન પૂર્વે 6067 માં લડાયું હતું તેવો નિષ્કર્ષ કાઢ્યો છે. સ્વામી પ્રકાશાનંદ સરસ્વતી એમના પુસ્તક 'ધ હિસ્ટરી એન્ડ ધ રિલિજયન ઓફ ઈન્ડિયા' માં અરુણ બંસલે જે તારીખ શોધી તેની સાથે સહમત થાય છે. મહાભારતનાં એક લાખ શ્લોકોમાં પાત્રો અને પ્રસંગોનાં સંદર્ભમાં 150 જેટલી જુદી જુદી ખગોળીય ઘટનાઓ દર્શાવવામાં આવી છે.

યુગપુરુષ શ્રી કૃષ્ણ

શ્રી કૃષ્ણનો જન્મ ગોકુળ અષ્ટમીને દિવસે રોહિણી નક્ષત્રમાં થયો હતો. શ્રીમદ્ ભાગવત્, વિષ્ણુ પુરાણ અને મહાભારતનાં આધારે શ્રીકૃષ્ણનો જન્મ ઈસવીસન પૂર્વે 3228 માં 21 જુલાઈનાં રોજ થયો હતો.

GSWMA DWDU SURAT

જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમઃ સુરત
સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ [IWMP]

GSWMA DWDU SURAT

બેચ @ વર્ષ	ગામની સંખ્યા	વિસ્તાર [હે.]
1@2009-10	34	15000
2@2010-11	72	27449.8
3@2011-12	40	14088.13
4@2012-13	33	09830
5@2013-14	36	14840.59





➤ સુરત જીલ્લમાં વોટર શેડ પ્રોજેકટ 3 તાલુકા માંગરોળ, ઉમરપાડા અને માંડવીમાં કાર્યરત છે. હાલમાં મહુવા તાલુકામાં પ્રોજેકટ મંજુર થવાથી કામો શરૂ છે. વર્ષ 2013-14 માં 3 પ્રોજેકટ GOI માં મંજુર કરવા આપેલ છે. જેમાં 2 પ્રોજેકટ મહુવા અને 1 પ્રોજેકટ માંડવી તાલુકાનો છે.

➤ EPA : પીવાનાં પાણીની સુવિધા, સંરક્ષણ દિવાલ, કુવા રિચાર્જ, ગરનાળું, રૂફ વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ.

➤ વર્કફેઝ : જમીન સમતલ, ગેબીયન, પાકા નાળા, પ્લગ, ચેક વોલ, ચેક ડેમ, તળાવ ઉંડુ કરવું અને રીપેરીંગ, પાણી સંગ્રહ કરવાનાં સ્ટ્રકચર વગેરે...

➤ લાઈવલી હુડની પ્રવૃત્તિ : ટપક સિંચાઈ પધ્ધતિ, માંડવાવાળા શાકભાજી, શેડ હાઉસ, કેટરીંગ સેટ, એગ્રો ઈનપુટ સેન્ટર, એગ્રી ઈમ્પલીમેન્ટ, એગ્રો પ્રોસેસીંગ યુનિટ વગેરે...

➤ EPA નાં કામોને લીધે ગામ લોકોની ઘણી સમસ્યાઓનું નિરાકરણ થયું છે. વર્કફેઝનાં કામોને લીધે જમીનમાં પાણીનું સ્તર ઉપર આવ્યું છે. ખેતીનાં ઉત્પાદનમાં ઘણો સુધારો થયો છે. લાઈવલી હુડની પ્રવૃત્તિમાં કુલ ટપક સિંચાઈ પધ્ધતિનાં 279 કામો થયાં છે. ખેતીમાં પાણીનો સીધો વપરાશ ઓછો થવાથી જમીનનું પાણી ઉપર આવ્યું છે. બહેનોની આજીવિકાની પ્રવૃત્તિ માટે આપવામાં આવેલ કેટરીંગ સેટની પ્રવૃત્તિથી ઘણો ફાયદો થયો છે. જેની સકસેસ સ્ટોરી GSWMA ગાંધીનગર અને GOI દિલ્હી મોકલવામાં આવી છે. લાભાર્થીઓ માટે આપેલ શેડ હાઉસની પ્રવૃત્તિથી ઋતુ સિવાયનાં અને કેશ પાકોનું ઉત્પાદન કરવાથી ઘણો ફાયદો થઈ રહ્યો છે.

જળ વિના જીવન સુકાય, જળ બચે જીવન લહેરાય...

પ્રોજેકટ ડાયરેકટર : એન. એ. સુથાર



▲ Global Gujarat વૈશ્વિક ગુજરાત

સ્થાપના	:	1 મે 1960
વિસ્તાર	:	1, 96, 024 ચોકિમી
વસ્તી **2001**	:	5,05,96, 992
શિક્ષિત વસ્તી	:	69.97 ટકા
સાક્ષરતા / પુરુષો	:	80.50 ટકા
સાક્ષરતા / સ્ત્રીઓ	:	58.60 ટકા
વસ્તી / હિન્દુ	:	89.48 ટકા,
મુસ્લિમ	:	8.73 ટકા,
જૈન	:	1.19 ટકા
પાટનગર	:	ગાંધીનગર
જિલ્લા	:	25
મુખ્ય ભાષા	:	ગુજરાતી
મુખ્ય એરપોર્ટ	:	અમદાવાદ
વિધાનસભાની બેઠકો	:	182
લોકસભાની બેઠકો	:	26
રાજ્યસભાની બેઠકો	:	13

- ગુજરાત રાજય ભારતનાં પશ્ચિમ ભાગમાં અરબી સમુદ્ર પાસે આવેલું છે. ઉત્તર પશ્ચિમે પાકિસ્તાન, ઉત્તરે રાજસ્થાન, પૂર્વે મધ્ય પ્રદેશ અને દક્ષિણે પૂર્વે મહારાષ્ટ્ર આવેલ છે.
- બૃહદ્ મુંબઈ રાજયનું વિભાજન થવાથી ગુજરાત રાજય 1 મે 1960 નાં રોજ અસ્તિત્વમાં આવ્યું.
- ગુજરાતનો ઈતિહાસ ભારતીય સંસ્કૃતિ જેટલો પ્રાચીન છે. લોથલ અને રંગપુરમાં મળેલા પ્રાચીન અવશેષો હરપ્પા સંસ્કૃતિનો વારસો ધરાવે છે. દ્વારકા નગરી ભગવાન શ્રીકૃષ્ણની રાજધાની હતી, જે સમૃદ્ધિને કારણે 'સોનાની દ્વારકા' કહેવાતી.
- હુણ શક પ્રજા સાથે ભારતમાં આવેલી અને પંજાબ થઈને ગુજરાતમાં પ્રવેશેલી ગુર્જર જાતિ પરથી 'ગુજરાત' નામ પડ્યું છે.
- ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામનાં પ્રણેતા દાદાભાઈ નવરોજી ગુજરાતનાં હતાં. ગુજરાતનાં પોરબંદરમાં જન્મેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ભારતની ચેતનાને લોકજુવાળમાં ફેરવીને સત્ય અને અહિંસાના શસ્ત્રો વડે દેશને આઝાદી અપાવી. જગતને સત્ય અને અહિંસાનો નવો રાહ ચીંધ્યો. કરમસદમાં જન્મેલા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સઘળાં દેશી રાજ્યોનું વિલીનીકરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું.
- ગુજરાત નરસિંહ મહેતા, પ્રેમાનંદ અને દયારામ જેવા ભક્ત કવિઓની ભૂમિ છે. 'આર્ય સમાજનાં સ્થાપક દયાનંદ સરસ્વતી, સ્વામિનારાયણ સંપ્રદાયનાં સ્થાપક સહજાનંદ સ્વામી, શ્રીમદ રાજચંન્દ્ર, પૂજ્ય મોટા, દાદા ભગવાન જેવા અનેક સંતો માટે ગુજરાત ગૌરવ લઈ શકે એમ છે.
- એશિયાભરમાં માત્ર ગુજરાતનાં ગીર જંગલોમાં જ સિંહોની વસ્તી છે.
- ગુજરાતને અન્ય રાજ્યો કરતાં સૌથી વધુ 1600 કિલોમીટર લાંબો દરિયાકિનારો મળેલો છે. ફ્રી પોર્ટ તરીકે વિકસાવેલ કંડલા ભારતનાં સૌથી મોટા બંદરોમાનું એક છે.
- પુરાણસિદ્ધ પવિત્ર નર્મદા નદી પર બંધાયેલ સરદાર સરોવર બંધના પરિણામે નર્મદાનાં જળ છેક કચ્છનાં રણ સુધી પહોંચવાની તૈયારીમાં છે.
- ગુજરાત મીઠાનાં, મગફળીનાં, સોડા એશનાં અને બોક્સાઈટનાં ઉત્પાદનમાં દેશભરમાં અગ્રસ્થાને છે.
- સહકારી અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત ભારતભરમાં અગ્રેસર છે. ટેક્ષટાઈલ, પેટ્રો કેમિકલ્સ, કુદરતી ગેસ, ઈલેકટ્રોનિક્સ અને દવા ઉદ્યોગને કારણે ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય બન્યું છે.
- ગુજરાતની પ્રજા શાણી, વેપાર ઉદ્યોગમાં સાહસિક, સમાધાન વૃત્તિવાળી, શાંતિપ્રિય અને સંસ્કારી છે.



➤ **Global India**

વૈશ્વિક ભારત

વિસ્તાર : 32,87,263 ચોકિમી, ક્ષેત્રફળમાં વિશ્વનાં દેશોમાં 7 મો નંબર
વસ્તી : વસ્તીમાં ચીન પછી બીજો નંબર
શિક્ષિત વસ્તી : 65.38 ટકા
સાક્ષરતા : પુરુષો : 75.85 ટકા, સ્ત્રીઓ : 54.16 ટકા
ભારતનાં કુલ રાજ્યો : 28
કેન્દ્રશાસિત પ્રદેશો : 07
સૌથી મોટું રાજય : વસ્તીમાં : ઉત્તર પ્રદેશ
સૌથી મોટું રાજય : વિસ્તારમાં : રાજસ્થાન / 3.42 લાખ ચોકિમી
સૌથી નાનું રાજ્ય : વસ્તીમાં : સિક્કિમ
સૌથી નાનું રાજ્ય : વિસ્તારમાં : ગોવા / 3700 ચોકિમી
પાટનગર : નવી દિલ્હી
સૌથી મોટું શહેર વસ્તીમાં : બૃહ્દ મુંબઈ
સૌથી વધુ શિક્ષણવાળું રાજ્ય : કેરળ / 90.92 ટકા
સૌથી ઓછા શિક્ષણવાળું રાજ્ય : બિહાર / 47.53 ટકા
મુખ્ય ભાષાઓ : રાષ્ટ્રીયભાષા હિન્દી સહિત કુલ 18 માન્ય ભાષાઓ
મુખ્ય ધર્મો : હિન્દુ / 82.8 ટકા, ઈસ્લામ / 11.4 ટકા,
ખ્રિસ્તી / 2.4 ટકા, શીખ / 2 ટકા, બૌદ્ધ / 0.7 ટકા, જૈન / 0.5 ટકા
લોકસભાનાં સભ્યો : 543 + 2 એંગ્લો ઈન્ડિયન
રાજ્યસભાનાં સભ્યો : 245
સ્વાતંત્ર્ય દિવસ : 15 મી ઓગસ્ટ
પ્રજાસત્તાક દિવસ : 26 મી જાન્યુઆરી
રાષ્ટ્રગીત : જનગણમન.... રવીન્દ્રનાથ ટાગોર
રાષ્ટ્રગાન : વંદે માતરમ્.... બંકિમચન્દ્ર ચેટરજી
રાષ્ટ્ર ચિહ્ન : ત્રણ સિંહની આકૃતિવાળું ચક્ર / સારનાથ
રાષ્ટ્ર ધ્વજ : ત્રિરંગો : ઉપર કેસરી, વચ્ચે સફેદ, નીચે લીલો, વચ્ચે ચક્ર
રાષ્ટ્રીય પ્રાણી : વાઘ
રાષ્ટ્રીય પક્ષી : મોર
રાષ્ટ્રીય ફૂલ : કમળ
રાષ્ટ્રીય રમત : હોકી
રાષ્ટ્રભાષા : હિન્દી

- ભારત 15 ઓગસ્ટ 1947નાં દિવસે સ્વતંત્ર થયો. 26 જાન્યુઆરી 1950નાં રોજ લોકશાહી પ્રજાસત્તાક રાષ્ટ્ર તરીકેનું બંધારણ અમલમાં આવ્યું.
- ભારત વસ્તીની દ્રષ્ટિએ વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. ભારત હિન્દુઓની બહુમતી ધરાવતો સૌથી મોટો દેશ છે.
- ભારત દક્ષિણ એશિયામાં ભૌગોલિક અને રાજકીય દ્રષ્ટિએ ખૂબ જ મોકાના સ્થાન પર આવેલો દેશ છે. ઉત્તરે વિશ્વનાં સૌથી ઊંચા પર્વત હિમાલયની ગિરિમાળાઓ અને દક્ષિણે અરબી સમુદ્ર આવેલ છે, જે સંરક્ષણ અને પર્યાવરણની દ્રષ્ટિએ ખૂબ જ ઉપયોગી છે.
- ભારતીય સંસ્કૃતિ જગતની મુખ્ય ચાર પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક છે, અને તે એકલી જ જીવંત છે.
- ભારત ખેતી પ્રધાન દેશ છે. ખેતી લાયક જમીનની દ્રષ્ટિએ ભારતનું સ્થાન રશિયા અને અમેરિકા પછી ત્રીજું છે.
- ભારત દુનિયાનો સૌથી મોટો દ્વિપકલ્પ છે, તેને 7,800 કિમી જેટલો લાંબો દરિયાકિનારો મળેલો છે.
- ભારત પ્રાચીન અર્વાચીન શિલ્પ સ્થાપત્યની દ્રષ્ટિએ અત્યંત સમૃદ્ધ છે. અજંટા, ઈલોરા, કોણાર્ક, ખજુરાહો, બેલુર, મહાબલીપુરમ, સાંચી, દેલવાડાનાં મંદિરો, મીનાક્ષી મંદિર, કુતુબમિનાર, તાજમહેલ જેવા સંખ્યાબંધ સ્થાપત્ય કલાનાં બેનમૂન સ્થળો સમગ્ર ભારતમાં છે.
- ભારતને સ્વાતંત્ર્ય અપાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી ઉપરાંત ગોપાળકૃષ્ણ ગોખલે, લોકમાન્ય ટિળક, જવાહરલાલ નહેરું, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચન્દ્ર બોઝ, લાલા લજપતરાય, વીર ભગતસિંહ વગેરે અનેક પ્રતિભાવંત નેતાઓનું પ્રદાન ઉલ્લેખનીય છે.
- ભારતભૂમિ અનેક વંદનીય મહાપુરુષોની ભૂમિ છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, બુદ્ધ અને મહાવીર જેવા અવતારી પુરુષો, શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય જેવા જ્ઞાની પુરુષો, ગુરુનાનક, કબીર અને તુલસીદાસ જેવા સંતો, વ્યાસ, વાલ્મીકી અને કાલિદાસ જેવા સર્જકો, દયાનંદ સરસ્વતી અને વિવેકાનંદ જેવા ધર્મ પ્રચારકો, શ્રી અરવિંદ અને રમણ મહર્ષિ જેવા યોગીઓ, મહારાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજી જેવા રાજવીઓ ભારતની અસ્મિતાનાં ઉધ્ધારકો છે.
- ભારતને સર સી.વી.રામન, જગદીશચન્દ્ર બોઝ, ડો. હોમી ભાભા અને ડો. વિક્રમ સારાભાઈ જેવા પ્રતિભાવંત વૈજ્ઞાનિકોએ તેમજ તાતા અને બિરલા જેવા મહાન ઉદ્યોગપતિઓએ ભારતનાં ઝડપી વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી દેશને વિશ્વમાં ગૌરવપૂર્ણ સ્થાન અપાવ્યું છે.
- ભારતના વિવિધ પ્રદેશોમાં ભિન્ન ભિન્ન રહેણીકરણી, રીતરિવાજો, ખાનપાન, પહેરવેશ, વિવિધ ભાષા તેમજ ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં માનનારી પ્રજા યુગોથી વસે છે. આ વિવિધતાની વચ્ચે પણ પ્રજામાં અદ્ભૂત એકતા જોવા મળે છે, જે ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે.



ઝળહળતા ક્ષાત્ર તેજનું વાસ્તવિક દર્શન...

ખુંખારા ખાતું ખમીર, ઉછળી અંગો અંગ.
ભારતનાં ભૂષણ સમા, રાજપૂતોને રંગ.

સૃષ્ટિનાં સર્જન કાળથી ક્ષત્રિયો ઉપમા રૂપ રહાં છે. કાવ્યની ભાષામાં ઉપમા અને ઉપમેયનું વર્ણન કરવામાં આવ્યું છે. જેની ઉપમા દેખાય તે ઉપમા અને જેને ઉપમા અપાય તે ઉપમેય. કોઈ કહે આ માનવીનું દિલ દરિયા જેવું છે ત્યાં દરિયો ઉપમા અને દિલ ઉપમેય ગણાય છે. સાંપ્રત કાળનાં વિજ્ઞાન યુગે પુરવાર કરી આપ્યું છે, કે લોહી સંસ્કારનાં વડીયે ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે. ક્ષત્રિયોનાં શરીરની નસે નસમાં સંસ્કૃતિ રક્ષકનું લોહી ઉછાળા મારી રહ્યું છે. ધર્મરાજનાં સ્થાપક અને માનવ વિકાસ પરંપરાનું નૈતિક મૂલ્ય સમજનાર ક્ષાત્રો રંગ જીલવાનાં અધિકારી છે. ભારતનાં ક્ષાત્રવીર ઉપમા લાયક રહાં છે. આવા કુળદિપકોને સમાજ, કવિ અને સંતો ધન્યવાદ આપે તો એને રંગ આપ્યા કહેવાય.

શિશ અડાણે સોપતલ, અડાભીડ આકૃત.
જશ ભાગી રાગી રણા, રંગ જોકા રાજપૂત.

અધ્યાત્મિક, સામાજીક અને નૈતિક મૂલ્યોને સમજવા ક્ષત્રિય સમાજનું સ્થાન અવ્વલ હતું. રાજનિતિજ્ઞમાં તેમની બુધ્ધિ અજોડ અને અનુપમ હતી. માતાનાં ઉદરમાંથી જ જેના માથા ધર્મનાં રક્ષણ માટે ન્યોછાવર થવા નિમાર્ણ થઈ ચુક્યા હોય એવા જશનાં અધિકારી ક્ષત્રિયનું જીવન સુંદર અને સોડમભર્યું હતું. ક્ષાત્રવીરોએ આપેલા ભોગની કિંમત શરણાગતિ ભાવે પ્રજાએ ચુકવેલ છે. ક્ષત્રિયોનાં પરાક્રમોને સમાજ કઈ રીતે ભુલી શકે ? કવિ તેમના યશ ગાઈ રંગ સર્મપણ કરે એ કવિકુળની પરંપરા છે.

હિંમતબાજ હરભજણા, મર્દ લક્ષ મજબૂત.
વાણી મનની વાંચતલ, રંગ જોકા રાજપૂત.

પાપ અને આસુરી વૃતિઓનો વિનાશ કરનાર, જડવાદ આસૂરી સંસ્કૃતિની સામે ન્યાય નિતી તેમજ ધર્મનાં હથિયાર ધારણ કરી લડનાર એવા ઈતિહાસ સર્જક ક્ષાત્રનું જીવન કેવળ ભાવ ભુખ્યું છે.

ઉજાળે કુળ એકલો, ઓજસ છાપ અભૂત,
ત્રિલોચન ત્રંબક સમા, રંગ જોકા રાજપૂત,

જન કલ્યાણ માર્ગે કદમ માંડનાર ક્ષત્રિય એકલો હોય તો પણ અનેકનું બળ સાબિત કરી શકે છે. ભગીરથ એક હતાં અને ઓજસની છાપ ઉભી કરનાર અર્જુન પણ એક હતાં. શંકરના ત્રીજા નેત્રસમા રાજપૂતોએ સ્વાર્થ, સતા અને સંપતિ ખાતર કયારેય યુદ્ધ કરેલા નથી. તેમણે ધર્મ અને પ્રજા રક્ષણ અર્થે રણ સંગ્રામો ખેલ્યાં છે. જેમાં તેની શૂરવીરતાનાં દર્શન થાય છે.

ડગ પાછો દેખી ભરે, દોખીને જમદૂત.
આભ ટેકા દલ ઉજળા, રંગ જોકા રાજપૂત.

અઘાસૂર અને બકાસૂર જેવા દૈત્યનો નાશ કરી જગ શાંતિ સ્થાપનાર, તત્વજ્ઞાનનાં ભૂષણ અને ઉપનિષદ તત્વને સમજનાર ક્ષાત્રો ગૌરવશાળી છે. જેના પ્રેમમાં આસકિત નથી અને ક્રોધમાં ડંખ નથી એવા ક્ષાત્રોને કાવ્ય દ્વારા અમર બનાવી રંગ આપવાનું કવિ કેમચૂકી શકે ?

મુંજાવી દીએ મોતને, અનમવૃતિ અવધૂત.
ત્રિકાલ તાલી જીલતાલ, રંગ જોકા રાજપૂત.

ત્રણેય કાળ સાથે કદમ મિલાવનાર અને મોતને પણ વ્યાકુળ કરી દેનાર ક્ષાત્રો ઈતિહાસ સર્જક છે. માનવીમાં કેવળ માનવતાની સોડમ હોય તો લક્ષ્મી કે વિધા સૌરભની બહુ જરૂર રહેતી નથી. ક્ષાત્ર યુગ માનવતાની સૌરભ પુરવાર કરતો સમય હતો. સુખ દુઃખ, લાભ હાની, યશ અપયશ આ બધાને સમાન ગણનાર પ્રેરણામુર્તિ તે ક્ષત્રિય. ઉત્તમ જીવન જીવનાર ક્ષત્રિયોનાં ઋણમાંથી મુક્ત થવાં યતકિંચિત પ્રયત્ન કરવા તત્પરતા દાખવવી તેને રંગ આપ્યા કહેવાય.

જ્ઞાનિ ધ્યાનિ ગુણનિધિ, સમજદાર બહુ શ્રુત.
ત્યાગ ધુણિના તાપતલ, રંગ જોકા રાજપૂત.

બહુવિધ ક્ષેત્રનાં જ્ઞાતા,એકાગ્રતા ધારણ કરનાર, સદગુણનો ભંડાર, જગ વ્યવહારનાં અભ્યાસી, ધર્મ અને અપરિગ્રહ ગ્રંથો શ્રવણ કરનાર, ત્યાગની ધુણી ધખાવનાર, નિજાનંદી શ્રેષ્ઠ જીવન જીવનાર, ભૌતિક અને આધ્યાત્મિક તત્ત્વની જીવંત પ્રેરણામૂર્તિ સમા ક્ષાત્રોની અમર ગાથા ઈતિહાસનાં પાને સૂર્વણાક્ષરે લખાણી છે ત્યારે તેનું મુક્ત ભાવે આલેખન કરવું એ રંગ આપ્યા કહેવાય.

પ્રભુ થયા પૈરૂષ પતિ, સત્ય પ્રિય સાબૂત.
નામે પાણ પુજાવતલ, રંગ જોકા રાજપૂત.

સચ્ચિદાનંદ રૂપ ઈશ્વર અવતારો જે કુળમાં થયાં તે પ્રભુ રામ અને કૃષ્ણ આજે ભારતભરમાં પૂજાય છે. આવા મહાપ્રતાપી કુળવંશની મહાનતાને યાદ રાખી, દેવતાને વંદના કરી કૃત્ય કૃત્ય થઈએ તે માનવ જીવનનું મુખ્ય કર્તવ્ય છે. કાળ અને બળની અસર સર્વત્ર વ્યાપ્ત છે, તેની અસર ક્ષાત્ર સમાજને થાય તે સ્વભાવિક છે. આવા સમયમાં પણ તેનો ઉજળો ભૂતકાળ નજર સમક્ષ રાખી જીવન જીવવું તેને રંગ આપ્યાં કહેવાય.

હોમેલ ક્ષાત્ર હાડના, ખાતર ખુબીદાર.
એની ઉપજ આવતી, બેહદ હિંદ બજાર.

ભારત વર્ષની ભોમકા ક્ષાત્રોનાં લોહીથી ભીંજાયેલી છે. ક્ષત્રિયોનાં હાડકાનું ખાતર આ ધરતીનાં ચાસે ચાસે પુરાણું છે. એના જ પરિપાક રૂપે સંસ્કૃતિનો મબલક પાક હિંદની બજારમાં અખૂટ આવી રહ્યો છે. અર્થાત ક્ષત્રિયોએ સંસ્કૃતિનું રક્ષણ ન કર્યું હોત, અધર્મ સામેની લડત ન આદરી હોત, તો આજે અસભ્ય સંસ્કૃતિની ધજા ફરકતી હોત. આથી જ ક્ષત્રિય રૂપને કવિએ અહીં રંગ આપીને ઋણ મુક્તિનું કદમ ભર્યું છે.

વૈદિક ધર્મનો વૈશ્વિક વારસો

મોટા દેવ_3: બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ.
ગુરૂ_3: માતા, પિતા અને આચાર્ય.
ગુણ_3: સત્વગુણ, રજોગુણ અને તમોગુણ.
ધર્મનાં અંગ_3: ભક્તિ, જ્ઞાન અને કર્મ.
વેદ_4: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વેદ.
ઉપવેદ_4 : ઋગ્વેદનો આયુર્વેદ, યજુર્વેદનો ધનુર્વેદ, સામવેદનો ગાંધર્વવેદ અને અથર્વેદનો સ્થાપત્યવેદ.
યુગ_4: સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ.
ધામ_4: બદ્રિકાશ્રમ, દ્વારિકા, જગન્નાથપૂરી અને રામેશ્વર.
અવસ્થા_4: જાગૃત, સ્વપ્ન, સુષપ્ત અને તુરીયા.
વર્ણ_4 : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર.
શાસ્ત્ર_6 : સાંખ્ય, યોગ, વેદાંત, મિમાંસા, ન્યાય અને વૈશ્વિક.
સપ્તર્ષિ_7: વશિષ્ટ, અત્રિ, કશ્યપ, વિશ્વામિત્ર, ભારદ્વાજ, જમદગ્નિ, ગૌતમ.
ભક્તિ_9 : શ્રવણ, કિર્તન, અર્ચન, વંદન, ચરણસેવા, સ્મરણ, આત્મ નિવેદન, દાસત્વ અને સાંખ્ય.
લોક_14: તલ, અતલ, વિતલ, સુતલ, તલાતલ, રસાતલ, પાતાળ, ભૂલોક, ભૂવલોક, સ્વર્ગલોક, મહાલોક, જનલોક, તપલોક અને સત્યલોક.
વિદ્યા_14 : બ્રહ્મજ્ઞાન, રસાયન, શ્રુતિકથા, વૈદિક, જ્યોતિષ, વ્યાકરણ, ધનુર્વિદ્યા, તરણ, સંગીત, નાટક, આશ્વારોહ, કોકશાસ્ત્ર, નકલ, ચતુરતા.
પુરાણ_18 : બ્રહ્મ પુરાણ, પદ્મ પુરાણ, વિષ્ણુ પુરાણ, શિવ પુરાણ, શ્રીમદ્ ભાગવત પુરાણ, માર્કંડેય પુરાણ, અગ્નિ પુરાણ, ભવિષ્ય પુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ, લિંગ પુરાણ, વારાહ પુરાણ, સ્કંદ પુરાણ, વામન પુરાણ, મત્સ પુરાણ, ગરૂડ પુરાણ અને બ્રહ્માંડ પુરાણ.

ક્ષત્રિયોનાં ગુણ શ્રી વિશ્વ ગીતાની દ્રષ્ટિએ...

વિશ્વની તમામ સંસ્કૃતિમાં માનવ સર્વોચ્ય સ્થાને છે. માનવને ભગવાને બે અણમોલ ભેટ આપી છે. મન અને બુધ્ધિ. આપણને પ્રશ્ન થાય કે માનવ શબ્દ શાના પરથી આવ્યો હશે ? માનવ શબ્દ મનુ પરથી ઉતરી આવ્યો છે. મનુ ક્ષત્રિય વંશનાં તેજસ્વી, ધીર અને પ્રકાંડ અભ્યાસુ રાજવી હતાં. વિશ્વ ગીતા માનવતાનો ગ્રંથ છે. તેને ગાનાર વિશ્વેશ્વર શ્રી કૃષ્ણ અને સાંભળનાર અર્જુન પણ ક્ષત્રિય છે. વેદોમાં પણ ક્ષત્રિય વંશ માટે 36 સુક્તો કહેવામાં આવ્યા છે. આમ ક્ષત્રિયને તત્કાલીન સમાજે બ્રાહ્મણ જેટલું જ મહત્વ આપેલું છે. શાસ્ત્રોમાં ક્ષત્રિયની વ્યાખ્યા છે. **ક્ષતાત ત્રાયતે ઈતિ ક્ષત્રિય.** અર્થાત્ જે સંસ્કૃતિને ઘાતમાંથી ઉગારે તે ક્ષત્રિય. આ અર્થમાં ક્ષત્રિયો સંસ્કૃતિનાં સંરક્ષક છે. સંસ્કૃતિમાં ત્રણ વાતો કહેવામાં આવી છે.

વિચાર પ્રણાલી, ઉપાસના પ્રણાલી અને જીવન પ્રણાલી. સંસ્કૃતિનાં મૂલ્યોને જાળવનાર તેજસ્વી પૂંજ ક્ષત્રિય છે. આથી જ કર્નલટોડ નામના વિખ્યાત ઈતિહાસકારે કહ્યું છે. ધર્મ, સંસ્કૃતિ, રાષ્ટ્ર અને સનાતન નૈતિક મૂલ્યોનાં રક્ષણ માટે બલીદાનો આપનાર ભારતનાં ક્ષત્રિયો છે. આવા ક્ષાત્ર તેજ્યુકત ક્ષત્રિય પુંજનાં ગુણોનું વર્ણન યોગ્ેશ્વર શ્રીકૃષ્ણે શ્રી વિશ્વ ગીતામાં કહ્યું છે. **શૌર્યં તેજો ધુનિર્દાક્ષ્યં યુધ્ધે ચાપ્યપલાયનમ્, દાનમીશ્વર ભાવશ્ય ક્ષાત્રં સ્વભાવમ્.** શૌર્ય, તેજ, ધૈર્ય, ચતુરાઈ, દાન અને ઈશ્વરભાવ એ ક્ષત્રિયનાં સ્વભાવજન્ય કર્મો છે.

શૌર્ય/શૂરવીરતા : ભારતનો ઈતિહાસ એટલે ક્ષત્રિયનો ઈતિહાસ એમ કહેવું ખોટું નહિં ગણાય. દશ હજાર વર્ષથી આ દેશ પર ક્ષત્રિયોએ શાસન કર્યું છે. ધર્મ રક્ષા માટે આત્મસંયમ કેળવી ઝઝુમવું તે શૂરવીરતા છે. શુરવીરતા સાધનોથી આવતી નથી. સત્ય સિધ્ધાંતોની નિષ્ઠામાંથી આવે છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે છત્રપતિ શિવાજી મહારાજ. અલ્પ સાધનો અને સૈનિકોથી તેમણે મોટી મોગલ સેનાને હંફાવી હિંદ સામ્રાજ્યની સ્થાપના કરી હતી.

તેજસ્વિતા : પોતાના પુરૂષાર્થથી જ મેળવેલું સ્થાન અને વિત ગ્રહણ કરવાના ગુણોને તેજસ્વીતા કહે છે. અનીતિનું વિત અથવા વસ્તુ મેળવવાનું ક્ષત્રિય મુનાસિબ માનતો નથી. પોતાની માતૃભૂમિ માટે ટેક લઈ અગણિત સંકટો વેઠીને પણ તેજસ્વીતા દાખવનાર મહારાણા પ્રતાપ આવું જવલંત ચરિત્ર છે.

ધીરજ : મહાન ધ્યેય હાંસલ કરવા ધીરજ રાખવી જોઈએ. આંબા અને રાયણનાં વૃક્ષને ફળ આવતાં વર્ષો લાગે છે. સાંસ્કૃતિક જીર્ણોધ્ધાર કરવા અને ધર્મનિષ્ઠ સમાજ બનાવવા માટે શ્રીકૃષ્ણ ભગવાને વરસો સુધી રાહ જોઈ હતી.

દક્ષતા : નિર્ણય લેવાની દક્ષતા કેળવનાર ક્ષાત્રતેજથી યુક્ત રાજપૂત સમાજ શાસ્ત્રોના અધ્યયનથી આવી ચતુરાઈ કેળવી શકે છે.

રણ મેદાનમાં વીરતા દાખવવી : જીવન પણ એક રણ સંગ્રામ છે, જેમાં ડગલેને પગલે સંઘર્ષો આવે છે. આજના કાળમાં રણ મોરચે લડવાનું રહ્યું નથી, પણ વિશ્વનાં અને રાષ્ટ્રનાં અદ્યતન પ્રવાહો સાથે તાલ મેળવવાની જરૂર છે. જીવન વિકાસનાં દરેક તબક્કે સંઘર્ષો આવતા હોય છે. આવી વિષમ પરિસ્થિતિમાં પણ ધ્યેયને ન છોડનાર અને સફળતાને પામી ક્ષાત્રત્વ આ ગુણને ટકાવી રાખે છે.

દાન : દાનનો અર્થ વિશાળ છે. વ્યક્તિ કે સંસ્થાની માંગલિક જરૂરિયાતને યથા શક્તિ મુજબ પૂર્ણ કરવી તેને દાન કહેવાય. દાન સુપાત્રને કરવાની વાત ભગવાન કૃષ્ણએ કહી છે. સુપાત્રને દાન આપવાથી દાતાને વધુ સંપતિ અને શાંતિ મળે છે. સાત્વિક વૃતિથી કરેલું દાન શ્રેષ્ઠ દાન છે. શિબિરાજા, દાનેશ્વરી કર્ણ અને રાજા રામ આનાં જવલંત ઉદાહરણો છે.

ઈશ્વર ભાવ : ક્ષત્રિય પુંજને જ્યારે ઋષિ, સંત કે મહાપુરુષનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે ત્યારે તેમની કિર્તી દિગંત સુધી પ્રસરી છે. ક્ષત્રિયોએ જીવનનાં ભોગે પણ સમાજમાં નૈતિક મૂલ્યો ટકાવ્યાં છે. વિશ્વ નિયંતાનો વિચાર સમાજમાં ટકાવી રાખ્યો છે. વીર અભિમન્યુ, ભિષ્મ પિતામહ તથા રાષ્ટ્ર માટે બલીદાન આપનાર વીર શહીદો નમસ્કારને પાત્ર છે. શ્રી વિશ્વ ગીતા કથિત આવા દૈવી ગુણોને ક્ષત્રિય સમાજમાં વ્યાપ્ત કરનાર વિશ્વ સંત શ્રી ઋષિજીનાં આ વિચાર પ્રસાદને પ્રત્યેક કુટુંબ સુધી લઈ જવો તે પણ ક્ષાત્રતેજનું લક્ષણ છે.



દાન અને દાતા

માનવ જીવનમાં દાનનું ઘણું જ મહત્વ દર્શાવવામાં આવ્યું છે. દાન દેવું એ એક નિત્યકર્મ છે. માણસે હંમેશા કંઈક ને કંઈક દાન કરવું જ જોઈએ.

'श्रद्धाया देयम्, हिया देयम्, भिया देयम्.'

શ્રદ્ધાથી, લજ્જાથી કે ભયથી પણ દાન તો દેવું જ જોઈએ. સમગ્ર માનવજાત માટે દાન દેવું અત્યંત આવશ્યક છે. દાન આપ્યા વિના માનવીનો વિકાસ થતો નથી. આ અંગે એક લઘુકથા છે.

એક વખત દેવ, માનવ અને અસુર એ ત્રણેયની ઉન્નતિ અટકી ગઈ. ત્રણેય બ્રહ્માજીની પાસે ગયાં અને પોતાનું દુઃખ દૂર કરવા પ્રાર્થના કરી. બ્રહ્માજીએ ત્રણેયને માત્ર એક જ અક્ષર 'દ' નો ઉપદેશ આપ્યો. સ્વર્ગમાં દેવતાઓ માટે ભોગ એજ સુખ છે, તેથી તેઓ ક્યારેય વૃદ્ધ થતાં નથી. આ સ્થિતી ઉપર વિચાર કરીને બ્રહ્માજીએ 'દ' અક્ષર દ્વારા 'ઈન્દ્રિય દમન' નો ઉપદેશ આપ્યો. બ્રહ્માજીનાં આ ઉપદેશથી દેવતાઓ સ્વર્ગમાં ચાલ્યાં ગયાં. અસુરો સ્વભાવથી જ હિંસાત્મક છે. ક્રોધ, હિંસા એ તેમનો દૈનિક ક્રમ છે. આ દુષ્કર્મ છોડવવા માટે બ્રહ્માજીએ 'દ' અક્ષર દ્વારા 'જીવમાત્ર પર દયા રાખવી' એવો ઉપદેશ આપ્યો. અસુરો બ્રહ્માજીની આ આજ્ઞા શિરોમાન્ય માની ચાલતા થયાં. મનુષ્ય કર્મયોનિ હોવાથી હંમેશા લોભવશ કર્મ કરવામાં અને ધન ભેગુ કરવામાં જ પ્રવૃત્ત રહે છે. પ્રજાપતિ બ્રહ્માજીએ આવા લોભી મનુષ્યને 'દ' અક્ષર દ્વારા 'દાન આપો' તેવો ઉપદેશ આપ્યો. માનવી બ્રહ્માજીની આજ્ઞા શિરોમાન્ય ગણી ત્યાંથી ચાલ્યો ગયો. અર્થાત્ માનવીએ પોતાના અભ્યુદય માટે અવશ્ય દાન કરવું જોઈએ.

विभवो दान शक्तिश्च महतां तपसां फलम् ।

વૈભવ અને દાન દેવાનું સામર્થ્ય એ મહાન તપસ્યાનું ફળ છે. વૈભવ હોવો તે સામાન્ય બાબત છે, પણ બીજા માટે તેનો સદુપયોગ કરવો તે મનની ઉદારતા પર આધારિત છે. મહાભારતનો એક પ્રસંગ આ સંદર્ભમાં જાણવા જેવો છે. એક દરિદ્ર બ્રાહ્મણનાં પિતાશ્રીનું શરીર શાંત થઈ ગયું. તેની ભાવના એવી હતી કે પિતાનાં અગ્નિસંસ્કાર ચંદન કાષ્ટથી થાય, પરંતુ તે દરિદ્ર હોવાથી ચંદનનાં કાષ્ટ ખરીદી શકે તેમ ન હતો. તે બ્રાહ્મણ મહારાજા યુધિષ્ઠિર પાસે ગ્યો અને સઘળી હકીકત કહી. મહારાજા યુધિષ્ઠર પાસે ચંદનનાં લાકડા પલળી ગયાં હતાં અને તેનાથી અગ્નિદાહ દઈ શકાય નહિ, પરિણામે પેલા બ્રાહ્મણને ખાલી હાથે પાછા ફરવું પડ્યું. નિરાશ થયેલો બ્રાહ્મણ ત્યાંથી કર્ણનાં મહેલે પહોચ્યો અને સઘળી હકીકતથી તેમને વાકેફ કર્યા. કર્ણની સ્થિતિ પણ મહારાજા યુધિષ્ઠર જેવી જ હતી. છેવટે કર્ણે તે માટે રસ્તો શોધ્યો. બ્રાહ્મણ નિરાશ થઈને ખાલી હાથે પાછો જાય તેમ તે ઈચ્છતો ન હતો. તેનું સિંહાસન ચંદનનાં લાકડામાંથી બનાવેલું હતું. તાત્કાલિક કારીગરો પાસે સિંહાસન તોડાવી ચંદનનું કાષ્ટ તેણે બ્રાહ્મણને આપ્યું. આથી બ્રાહ્મણનાં પિતાનો અગ્નિસંસ્કાર ચંદનનાં કાષ્ટથી થઈ શક્યો અને બ્રાહ્મણ ખૂબ જ પ્રસન્ન થયો. ચંદનનું સિંહાસન તો મહારાજા યુધિષ્ઠર પાસે પણ હતું, પંરતુ કર્ણ જેવી ઉદારતા ત્યાં ન હતી એટલે જ કર્ણ 'દાનવીર' કહેવાયો. શાસ્ત્રોમાં દાન આપવા માટે સ્થળ, સમય અને પાત્ર વિશે ઘણું કહેવામાં આવ્યું છે. દાન સારી જગ્યાએ એટલે કે તીર્થ ક્ષેત્રમાં, શુભ કાર્યમાં, સુપાત્ર વ્યક્તિને પરસેવાના પૈસાથી યશની કામના વિના ભગવદ્ કાર્ય અર્થે કરવામાં આવે તો જ સાચું દાન ગણાય છે. સામાન્ય રીત પરસેવાથી કમાયેલા ધનનો દશમો ભાગ ઈશ્વરની પ્રસન્નતા માટે વાપરવો જોઈએ.

न्यायोपार्जितवित्तस्य दशमांशेन धीमतः । कर्तव्यो विनियोगश्च ईश्वरप्रीत्यर्थमेव च ।।

The History of Royal Rajput

રાઠોડ રાજપૂત વંશનો ઇતિહાસ

રાજપૂતોની મુખ્ય ચાર શાખાઓ સુર્ય વંશ, ચંદ્ર વંશ, ઋષિ વંશ અને અગ્નિ વંશમાંથી ઉત્પન્ન થયેલા 36 કુળનાં રાજપૂતો આ ધરા ઉપર છે. સુર્ય વંશની ઉત્પતિ મહાપુરુષ વિવસ્વાન એટલે કે સુર્યથી થયેલ માનવામાં આવે છે. સુર્યની અમૂક પેઢી પછી ''મનુ'' થયાં, તેમના વંશજોમાં રાજા દશરથ અને તેમના પુત્ર ભગવાન શ્રી રામચંદ્રજી અવતારી પુરુષ થયાં. રામનાં બે પુત્રો લવ અને કુશ હતાં. નાના પુત્ર કુશનાં વંશમાં કુશવાહા અને રાઠોડ રાજપૂતો થયાં. રાઠોડોને ગડવાલ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભગવાન શ્રીરામનાં મોટા પુત્ર લવ અયોધ્યાથી નીકળી ઉત્તર ભારત તરફ ગયાં અને ગડવાલની આજુબાજુનો વિસ્તાર જીતી ત્યાં રાજ્ય સ્થાપ્યું હતું. નાના પુત્ર કુશનાં વંશજે દક્ષિણ ભારતનો વિસ્તાર જીતી રાજ્ય સ્થાપ્યું અને ત્યાંથી તેમની એક શાખા મધ્ય ભારત આવી હતી. રાજા નયન પાસેથી વિ.સ. 526માં કનોજ જીતી લઈ રાજ્ય સ્થાપ્યું. અમુક પેઢી પછી મહાન રાજવી કનોજ પતિ વીર જયચંદ રાઠોડ થયાં. આ સમયમાં મોગલ બાદશાહ શાહબુદ્દિન ઘોરીએ કનોજ પર ચઢાઈ કરી ત્યારે રાજા જયચંદ પોતાના સાથીઓ સાથે હોડીમાં બેસીને ગંગા નદી પાર કરી રહ્યાં હતાં. ગંગાનાં ઊંડા જળ પ્રવાહમાં હોડી ઉંધી પડતાં જયચંદ રાઠોડ દુનિયા છોડી ચાલ્યા ગયાં. રાજા જયચંદ રાઠોડનાં નાના ભાઈ જોધાજીએ કનોજમાં પોતાના છુટા છવાયા ભાયાતોને ભેગા કરી ગાદી પતિ બન્યાં. તેમના મૃત્યુ બાદ ''શિયોજી'' ગાદી પતિ થયાં અને ભાંગીને ભુક્કો બની ગયેલ કનોજમાં પ્રાણ પુરવા મહેનત કરી, પરંતુ ભાંગેલી માતૃભૂમિ હવે સાથ સહકાર નહીં આપે તેમ લાગતા તેઓ કનોજ છોડી ઈ.સ. 1212માં મારવાડ આવેલા. પાલીનાં બ્રાહ્મણોની મદદથી પ્રવેશ કર્યો. શિયોજીનાં વંશજોમાં ત્રણ વારસદારો મોટા આસ્થાનજી, વચટ સોનગજી અને નાના અજજુજી હતાં. અજજુજીએ સૌરાષ્ટ્રમાં દ્વારકા અને ઓખા ઉપર સત્તા જમાવેલી. વીર આસ્થાનજીએ મારવાડ પ્રાંતમાં ગોહિલ રાજ્યને જીતી વિસ્તાર વધાર્યો. આસ્થાનજીનાં મૃત્યુ બાદ તેમના પુત્ર ધુહડજી ગાદી પતિ બન્યાં. આ રાવ ધુહડજી દક્ષિણ ભારતમાંથી શ્રી ચક્રેશ્વરી માતાજીની મૂર્તિ લાવ્યાં. રાજસ્થાનમાં આવેલ બાડમેર જીલ્લાનાં નગાણા ગામમાં પુજા વીધી કરીને સ્થાપના કરેલી, ત્યારથી આ દેવીને રાઠોડ કુળદેવી તરીકે પુજવામાં આવે છે. આ દેવી સતયુગમાં શંખેશ્વરી, ત્રેતા યુગમાં રાઠેશ્વરી, દ્વાપર યુગમાં પંખીણી અને કળિયુગમાં નાગણેચી તરીકે પૂજવામાં આવે છે. શીયોજીનાં વંશજોમાં રાવ સોનગજીએ ગુજરાતનાં ઈડરમાં પોતાની ગાદી સ્થાપી હતી. ઈડર વેણી વછરાજ બાદ ઘણાં વર્ષો ઉજ્જડ રહ્યું હતું, ત્યારબાદ પઢીયાર જાતિના રાજપૂતોએ મારવાડનાં મંડોવરથી આવીને વસાવેલું. પઢીયાર રાજા અમરસિંહ પોતાના કુંવરને લઈ કનોજ ગયાં ત્યારે પોતાના વિશ્વાસુ હાથી સોડને ઈડરનું રાજ્ય સોંપતા ગયાં. આ અરસામાં દિલ્હીની લડાઈમાં અરમસિંહનું મૃત્યું થતાં ઈડરની ગાદી ઉપર હાથી સોડનું રાજ્ય બન્યું. હાથી સોડનો પુત્ર શામળીયો સોડ સત્તા પર આવ્યો, તે ખુબ જ જુલ્મી હતો. તેને ઈડરનાં કારભારી નાગર બ્રાહ્મણની સ્વરુપવાન પુત્રી સાથે લગ્ન કરવા હતાં, પણ કારભારી રાજી નોતા માટે કારભારીએ કનોજની મદદ લેવાનું વિચારી ચાવડાનાં ભાણેજ અને ગુજરાતમાં રહેતા કુંવર સોનગજીની મદદ માંગેલી. સોનગજીએ ઈડરનાં શામળીયા સોડને મારી જેઠ સુદ 11 ને સવંત 1312 માં ઈડરની ગાદી પર બેઠાં. તેમના વંશજોમાં છેલ્લે રાવ ગોપીનાથ થયાં. આ અરસામાં આસ્થાનજીનાં વંશજ અગ્નિસિંહનાં મૃત્યબાદ તેમનાં ત્રણ બાળ કુંવરો આણંદસિંહ, રાયસિંહ અને કિશોરસિંહ સાથે બીજા અગિયાર સરદારો જેમાં માનસિંહ ચૌહાણ, જોરાવરસિંહ ચૌહાણ, દેવીદાનજી ભાટી, શેરસિંહ જોધા, સવાઈસંગજી ચંપાવાત, માનસિંહ ચંપાવાત, પ્રતાપસિંહ ચંપાવાત, જીવણદાસજી ચંપાવાત, અમરસિંહજી કુંપાવત, અદેરામજી જેઠાવત અને લાલસીંગજી ઉદાવત સર્વએ ફાગણ સુદ 7 ને સવંત 1785નાં રોજ ઈડરમાં પ્રવેશ કરેલો. આ બધા સરદારોનાં વંશજોએ ઈડરની આજુબાજુનાં ગામોમાં વસવાટ કર્યો હતો.

વાજા રાઠોડ વાઢેર ક્ષત્રિય રાજપૂતોનો ઇતિહાસ

ભારત દેશનાં ઈતિહાસમાં જોઈએ તો મોટા ભાગનાં રાજપૂતો મૂળ રાજસ્થાનનાં છે. રાઠોડ કુળનાં મહારાજા રાવસિંહજી રાજસ્થાનનાં પાલી શહેરમાંથી ગુજરાત આવ્યાં. ઈડરનાં સામળીયા સોડને મારી પુત્ર સોનગજીને ગાદી સોંપી. હાલમાં સાબરકાંઠાનાં મુખ્ય શહેર હિંમતનગરમાં વસતા રાઠોડો ઈડરીયા રાઠોડ તરીકે ઓળખાય છે. રાવસિંહજી તેમના બીજા પુત્રો સાથે દ્વારકા આવ્યાં. અહિં હેરોલો અને ચાવડાઓ વચ્ચે લડાઈ ચાલતી હતી. ચાવડાને હરાવી હેરોલો ગાદીએ બેઠા અને હેરોલોને હરાવી રાવસિંહજીનાં બીજા પુત્ર અજાજીએ પોતાની ગાદી આરંભડા મુકામે સ્થાપી. આથી ઓખા મંડળનાં રાઠોડ ભાઈઓ વાઢેર રાઠોડ તરીકે ઓળખાય છે. અજાજીનાં ત્રણ કુંવરો વેરાવળજી, વાજાજી અને સેંથાજી હતાં. અજાજીનાં કુંવર વાજાજીએ પ્રભાસ પ્રદેશને તાબે કર્યું, તે નાઘેર તરીકે ઓળખાય છે. તેમણે 111 ગામો તાબે કર્યા હતાં. તળાજા તાલુકામાં માણારી નદી સુધીનાં પ્રદેશમાં પોતાનો કબજો કર્યો હતો. અહિં વસતા રાઠોડો વાજાજીનાં વંશજો હોવાથી વાજા રાઠોડ તરીકે ઓળખાય છે. ચોથી પેઢીએ કશ્યોજીએ તળાજા તાલુકાનાં ઝાંઝમેર ગામે પોતાની ગાદી સ્થાપી હતી. તેઓ મુસ્લિમસેના સામે લડતા વિરગતી પામ્યા હતાં. ઝાંઝમેર ગામે તેમનો પાળીયો છે. કશ્યોજી વંશના લખધીરસિંહજીને સાત ગામ જાગીરમાં મળેલા અને ઉંચા કોટડામાં શાસન ચલાવતાં હતાં. તેમણે ડુંગર ઉપર જે મહેલ તથા ગઢ બનાવેલ તે આજે ઉચા કોટડા તરીકે ઓળખાય છે. તેઓ લડાઈમાં વિરગતી પામ્યા હતાં. તેમનો પાળીયો કોટડા ગામે છે. તેઓએ ગોપનાથ મહાદેવનાં મહંતશ્રી વસંતનાથને શ્રાવણ સુદ 15નાં દિવસે 1300 વીઘા જમીન દાનમાં આપેલ, તેનો શિલાલેખ ગોપનાથમાં છે. લખધીરસિંહજી પછી તેના પાટવી કુંવર ખીમાજી આવ્યાં. ખીમાજીએ ગોપનાથ મહાદેવ મંદિરને ચાંદીનો રથ અર્પણ કર્યો હતો. ખીમાજી વાજા ચામુંડા માતાજીનાં ભક્ત હતાં. માતાજીની સહાયથી ચોવીસીનાં ધણી થયાં. માતાજીનાં આર્શિવાદથી કોટડામાં ડુંગર ઉપર માતાજીનું મંદિર બંધાવ્યું.

રાઠોડ, ચંપાવત, કુંપાવત, વાઢેર અને ઉદાવત વંશની શાખા અને ગૌત્ર

વંશ : સૂર્ય, ગૌત્ર : ગૌતમ, ઈષ્ટદેવ : શ્રીરામ, પ્રવર : મૌન, અંગિરસ : સમાદા, વેદ : યજુર્વેદ, શાખા : મધ્યાંદિની, સુત્ર : કાત્યાયન, શિક્ષા : દાહીન, ગુરુ : વશિષ્ઠ, નગારું : રણજિત, ડોલી : દેહદડો, ભૈરવ : મંડોવર, ઢોલ : ભંવર, કુળદેવી : નાગણેચી, પુરોહિત : શિવડ, ચારણ : રોહડીયા, ધર્મ : વૈષ્ણવ, ઘોડો : દલશીંગાર, ગાદી : અયોધ્યા, દક્ષિણ ઓરિસ્સા અને કનોજ, બિરુદ : રણબંગા,તલવાર : રણથલી, માળા : રત્ન, ગાય : કપિલા, નિશાન : પંચરંગા, પહાડ : ગાંગેય, નદી : સરયુ.

સોલંકી રાજપૂત વંશનો ઇતિહાસ

વિ.સં. 998માં મૂળરાજ સોલંકીએ અણહીલપૂર પાટણની રાજગાદી પર સાર્વભોમ ચક્રવર્તી સોલંકી સામ્રાજ્યની સ્થાપના કરી. વિ.સં. 1120માં મહાન યોધ્ધા કર્ણદેવે આશા ભીલને હરાવી કર્ણાવતીની સ્થાપના કરી તથા લાટ પ્રદેશ જીતી હરપાલદેવ મકવાણાને પાટડીનું રાજ્ય આપ્યું. વિ.સં. 1150માં નાની ઉંમરે મહાપ્રતાપી સિધ્ધરાજ જયસિંહે ગાદી સંભાળી. કાશમીરથી કન્યાકુમારી, બુંદેલ, માંડવા, મેવાડ, સિંધ, મગધ સહિતનાં રાજાઓ તેને ખંડણી આપતા હતાં. ભારતનાં 50 ટકાથી વધુ વિસ્તારેનાં તે ચક્રવતી સમ્રાટ હતાં. ''ગુજરાત સામ્રાજ્ય''નું ગૌરવ તેમણે અત્યંત ઉચ્ચ કોટિએ પહોંચાડ્યું હતું. રાજમાતા મીનળદેવીનાં કહેવાથી એ જમાનામાં પોણો કરોડનો યાત્રા વેરો સંપૂર્ણ માફ કરીને અત્યંત લોકપ્રિય થયાં હતાં. ઐતિહાસિક સહસ્ત્રલીંગ તળાવમાં એક ગણિકાને વળતર આપવા છતાં પોતાનું મકાન આપવાની ના પાડતાં તેનું મકાન બળજબરીથી લીધું નહી. આમ મહાન સહસ્ત્રલીંગ તળાવમાં એક કાયમી ખાંચો રહ્યો, જે તેની ન્યાયપ્રિયતાનું ઉદાહરણ છે. સિધ્ધરાજનું વિ.સં. 1199માં અવસાન થતાં તેમનો ભત્રીજો કુમારપાળ ગાદીએ આવ્યો તે પણ ચક્રવર્તી સમ્રાટ હતો. જૈન ધર્મનો ચુસ્ત સમર્થક હતો. અહિંસાનું મહત્વ તેમણે સ્થાપ્યું તથા સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સોલંકી સામ્રાજ્યનો વિ.સં. 1300માં અંત આવ્યો.

રાજમાતા મીનળદેવી

સોલંકી સામ્રાજ્યને લુંટારાથી મુક્ત કરનાર તથા મકવાણા હરપાલ દેવજીને પાટડીનું રાજ દેનાર મહાન કર્ણદેવ સોલંકીનાં લગ્ન કર્ણાટકનાં રાજકુમારી મીનળદેવી સાથે થયાં હતાં. વિ.સં. 1072 થી 1094 સુધી સુંદર શાસન કર્ણદેવ સોલંકીએ સંભાળેલ, ત્યારે મહારાણી મીનળદેવીએ રાજ કારભાર નજીકથી જોયેલ. વિ.સં. 1094માં કર્ણદેવનું મૃત્યુ થતાં બાળ યુવરાજ સિધ્ધરાજને ગાદીએ બેસાડી રાજમાતા મીનળદેવીએ રાજ કારભારનો વહીવટ સંભાળેલ. ધાર્મિક અને ઉદાર રાજમાતા મીનળદેવીએ ઐતિહાસિક કાર્યો કરીને ગુજરાતની પ્રજામાં અમરત્વ પ્રાપ્ત કર્યું છે. ઠેક ઠેકાણે મંદિરો, ધાર્મિક સ્થાનોનાં કર માફ કરવા તથા કુવાઓ, વાવો અને ધર્મશાળાઓ બંધાવી હતી. સિધ્ધરાજ સોલંકી શક્તિશાળી સમ્રાટ હોવા છતાં સમગ્ર જીવન દરમ્યાન રાજમાતા મીનળદેવીની ઈચ્છાને કદી ઉથાપી ન હતી. સિધ્ધરાજ ગુજરાતનો સૌથી લોકપ્રિય સમ્રાટ બની શક્યો તેના મૂળમાં રાજમાતા મીનળદેવીનો માનવતાવાદી પ્રભાવ ઊડીને આંખે વળગે છે.

સોલંકી/મહીડા/રાજ વંશની શાખા અને ગૌત્ર

ઉત્પતિ : આબુ પર્વત, ઋષિ : વશિષ્ઠ, કુળ : અગ્નિવંશ, શાખા : બાજસનોઈ, ગૌત્ર : ભારદ્વાજ, કુળદેવી : ક્ષેમકલ્યાણી, વેદ : યજુર્વેદ, ઈષ્ટદેવી : બહુચરાજી, સુત્ર : પારસકર, મૂળપુરુષ : ચાણક્યદેવ, રાજધાની : અણહીલપૂર પાટણ, કુળદેવ : રામચંન્દ્રજી, ઈષ્ટદેવ : ગોપીનાથજી, વૃક્ષ : વડ, ગાયત્રી : બ્રહ્મયજ્ઞોપવિત, વંશ : સૂર્યવંશ, નદી : સરયુ.

ગોહિલ રાજપૂત વંશનો ઇતિહાસ

સૌરાષ્ટ્રનાં ગોહિલવાડ અને રાજપીપળા વગેરે પ્રભાવશાળી રાજ્યોનાં માલિક એવા ગોહિલ રાજપૂતોએ સૌરષ્ટ્રમાં વિ.સં. 1307માં જૂનાગઢનાં રા' મહીપાલ દ્વારા સેજકજીએ બતાવેલ બહાદુરી બદલ 12 ગામનો ગરાસ આપીને ગોહિલવાડ રાજ્યનો પાયો નાખ્યો. ગોહિલો 20મી પેઢીએ ખેરગઢ રાજસ્થાનમાં રાજ્ય ભોગવતા હતાં. સેજકપુરનાં નાના ગરાસથી ચાલુ કરેલ વિજયયાત્રા શ્રેણીબદ્ધ વિજયો મેળવીને વિશાળ ગોહિલવાડ રાજ્યમાં પરિવર્તિત કરી. વિ.સં. 1365 થી 1403 દરમિયાન રાજ કરનાર મોખડાજી ગોહિલ મહાન શુરવીર હતાં. દિલ્હીનાં બાદશાહ સાથે લડાઈ કરીને શહીદી વહોરી હતી. રાજધાની અનુક્રમે સેજકપુર, પીરમબેટ, ઘોઘા, ઉમરાળા, સિહોર તથા ભાવનગર હતી. વિ.સં. 1780માં ભાવસિંહજીએ ભાવનગર વસાવ્યું. ભાવનગરનાં મહારાજા વખતસિંહજી તથા કૃષ્ણ કુમારસિંહજી પણ અંત્યત પ્રજાપ્રિય અને ન્યાયપ્રિય રાજાઓ તરીકે ખ્યાતિ પામ્યા હતાં. ભાવનગર રાજ્યની પેટાશાખા રૂપે રાજપીપળા, વલ્લભીપુર, પાલીતાણા, લાઠી વગેરે રાજ્યો હતાં. લાઠીનાં કુંવર હમીરજી ગોહિલે સોમનાથની સખાતે જઈને શહીદી વહોરી ગોહિલકુળને પ્રતિષ્ઠા બક્ષી હતી. ગુજરાતમાં આવતાં પહેલાં ગોહિલો ખેરગઢ રાજસ્થાન ખાતે સતત 20 પેઢી સુધી સામ્રાજ્ય ધરાવતાં હતાં. સિંધનો મહાન રાજવી સમા જાડેજા ખેરગઢનો જમાઈ હતો. રાજપૂત સમાજમાં કન્યા કેળવણી માટે ઈ.સ. 1917 માં મહારાણી સાહેબ નંદુકુંવરબાએ ક્ષત્રિય કન્યા વિદ્યાલયની સ્થાપના કરી હતી. મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ઈ.સ. 1951 માં પુનઃજીવિત કરીને હજારો રાજપૂત દિકરીઓને આધુનિક શિક્ષણ આપવામાં ખૂબ મહત્વનો ભાગ ભજવ્યો હતો. ગોહિલ વાડનું ગૌરવ રાજમાતા શ્રી બ્રીજરાજ નંદિનીદેવીની આગેવાની નીચે શિક્ષણ ક્ષેત્રે ગૌરવપ્રદ કાર્ય થઈ રહ્યું છે.

વીર મોખડાજી ગોહિલ

સૌરાષ્ટ્રમાં ગોહિલ રાજ્યનાં સ્થાપક સેજકજીનાં પૌત્ર મોખડાજી મહાપરાક્રમી હતાં. વિ.સ. 1365 થી 1403 સુધી રાજગાદી ભોગવનાર શૌર્યવાન મોખડાજી ગોહિલે કોળીઓ પાસેથી ઉમરાળા, મુસ્લિમો પાસેથી ઘોઘા તથા વાળાઓ પાસેથી કેટલોક પ્રદેશ જીતીને પોતાનું રાજ્ય વિશાળ બનાવ્યું હતું. તેમણે ખંભાતનાં અખાતમાં આવેલ પીરમબેટ બારીયા કોળીઓ પાસેથી જીતી લઈ દરિયાઈ રાજા બનવા પ્રયાણ કર્યું હતું. એ વખતે ઘોઘા અગત્યનું બંદર હતું. પીરમનાં બેટ ખંભાતનાં અખાતમાં ઘોઘાથી ચાર માઈલ દૂર મોખડાજીએ કિલ્લો બાંધ્યો હતો. તેઓ આવતાં જતાં વેપારીઓનાં વહાણો પાસે દાણ લઈને તેનું રક્ષણ કરતાં હતાં. એકવાર દિલ્હીનાં વેપારીનાં સુવર્ણ રજ ભરેલા ચૌદ વહાણ માટે મોખડાજીએ દાણ માંગીને રોકી લીધાં. વેપારીએ દિલ્હીનાં સુલતાન મહંમદ તઘલખને ફરીયાદ કરતાં ઘોઘા પીરમબેટ પર આક્રમણ કર્યું. લડાઈ લાંબો સમય ચાલી અને બન્ને પક્ષે મોટી ખુવારી થતાં કંઈ પરિણામ આવ્યું નહિ, કારણ કે મોખડાજી લડાઈ કરી પીરમબેટનાં કિલ્લામાં જતાં રહેતાં. પીરમબેટનાં કિલ્લામાં મોટી સંખ્યમાં સૈનિકો લઈ જવાનું મહમંદ તઘલખ માટે શક્ય ન હતું. આખરે ક્ષત્રિયવટ પર જઈને મોખડાજી ઘોઘા આવ્યાં અને ભયંકર યુધ્ધનાં અંતે શહીદ થયાં. પીરમનાં ટાપુની સાથે વીર મોખડાજીનું નામ અમર થઈ ગયું. એક નાના રાજ્યથી સૌરાષ્ટ્રમાં શરૂઆત કરી વિશાળ રાજ્યમાં પરિવર્તિત કરવામાં વીર મોખડાજીનો સિંહ ફાળો હતો.

ગોહિલ વંશની શાખા અને ગૌત્ર

મૂળપુરુષ : આદિનારાયણ, ગૌત્ર : ગૌતમ, વેદ : યજુર્વેદ, પ્રવર : આંગીરસ
કુળદેવી : ચામુંડા, સહાયક દેવી : ખોડીયાર, ઈષ્ટદેવ : ભગવાન શ્રીકૃષ્ણ, ગણપતિ : એકદંતા, નદી : લૂણી, ભૈરવ : ગોરો, વર્ણ : અગ્નિ, જનોઈ : શિવગાંઠની, ક્ષેત્રભૂમિ: ગોહિલવાડ, ગાય : કામધેનુ, ઘોડો : વિશ્વજિત
નેજો : કેસરી, ડંકો : રણજિત, તલવાર : અરિ, નાગ : તક્ષત.

ભારતેશ્વર પૃથ્વીરાજ ચૌહાણ

પૃથ્વીરાજનાં પિતા સોમેશ્વર ચૌહાણ ગુજરાતનાં રાજાધિરાજ જયદેવસિંહ સિધ્ધરાજની પુત્રી કંચનદેવીનાં પુત્ર હતાં. સોમેશ્વર મોટાં ભાગે ગુજરાતની રાજધાની પાટણમાં રહેતાં હતાં, ત્યારે તેમનાં પ્રથમ સંતાનમાં પૃથ્વીરાજનો જન્મ થયો. તેમના નાના ભાઈ હરિરાજનો જન્મ એક વર્ષ પછી થયો. જ્યારે પૃથ્વીરાજ બીજો નિઃસંતાન મૃત્યુ પામ્યો ત્યારે સપાદલક્ષનાં ક્ષત્રિયોએ ગુજરાતમાંથી સોમેશ્વરને લાવી વિ.સં. 1266 માં અજમેરની ગાદીએ બેસાડયાં. પૃથ્વીરાજ અને હરિરાજ તેમની માતા સાથે અજમેર આવી ગયાં. પૃથ્વીરાજ મોટા થતાં કુળ પુરોહિત આચાર્ય ગુરુરામ પાસે વિદ્યા ભણવા ગયાં. ચૌદ વિદ્યાનું સુક્ષ્મજ્ઞાન મેળવ્યું. વાણિજ્ય, વિનય અને વિવિધ દેશોની ભાષાઓનું જ્ઞાન વિદ્વાન ગુરુઓ પાસેથી પ્રાપ્ત કર્યું. તેઓ છ ભાષાઓમાં વિદ્વાન હતાં. મિમાંસા ધર્મશાસ્ત્ર, ગણિત, ચિકિત્સા, વિજ્ઞાન, સંગીત અને કલાનાં જ્ઞાતા હતાં. સોમેશ્વર ઈ.સ. 1177 માં મૃત્યુ પામ્યાં, ત્યારે પૃથ્વીરાજ ફકત 11 વર્ષનાં હતાં અને રાજ્યભિષેક કરવામાં આવ્યો. શાસનનું સંચાલન માતા કર્પુરીદેવી કરતાં. નાગ વંશનાં કેટલાક નાના રાજ્યોએ વિદ્રોહ કર્યો. કર્પુરીદેવીએ વિશ્વાસું મંત્રી ભુવની કલમને લશ્કર સાથે મોકલી નાગાઓનો નાશ કરાવ્યો. ઈ.સ. 1180 માં પૃથ્વીરાજે શાસનધુરા હાથમાં લીધી. જોધપુરમાં પ્રતિહાર રાજા નાટકરાવ શક્તિશાળી હતો, તેણે પોતાની પુત્રી જતનકુંવર આપી. પૃથ્વીરાજે જમ્મુનાં રાજા વિજયરાજને હરાવ્યો તથા તરાઈનાં પ્રથમ યુધ્ધમાં શાહબુદ્દીન ઘોરીને સખત હાર આપી બંદીવાન બનાવ્યો, પણ માતા કર્પુરીદેવીની આજ્ઞાથી છોડી દીધો.

ગુજરાતનાં સોલંકીઓ સાથે ચૌહાણને સારો સંબંધ હતો, પણ ભીમદેવ સોલંકી બીજો આબુનાં સલખ પરમારની પુત્રી ઈચ્છાકુમારી સાથે લગ્ન કરવા માંગતો હતો. ઈચ્છાકુમારીએ પોતાનાં ભાઈ જૈત્રસિંહની મદદથી પૃથ્વીરાજ સાથે લગ્ન કરી લીધાં. આથી સોલંકીઓ સાથેના સંબંધમાં તિરાડ ઊભી થઈ. પરિણામે સોલંકીઓ સાથે લડાઈ થઈ અને કાયમી વેર ઊભુ થયું. સોલંકી સેના હારી, આમ સમયનો વિચાર કરી જયદેવ પરમારે બધોજ પ્રદેશ પૃથ્વીરાજને હવાલે કર્યો તથા ગુજરાતમાં વેપાર કરવાનાં પરવાના આપ્યાં. કનોજનાં ગઢવાલ પણ શક્તિશાળી હતાં. ગંગા જમનાનાં પ્રદેશમાં તેમનું રાજ્ય હતું. ઈ.સ. 1170 માં જયચંદ રાઠોડ ગાદીએ આવ્યો, તે પૃથ્વીરાજની ઈર્ષા કરતો. તેની પુત્રી સંયુક્તા પૃથ્વીરાજ સાથે લગ્ન કરવા માંગતી હતી. જયચંદે અશ્વમેઘ યજ્ઞની સાથે સયુંક્તાનો સ્વયંવર ગોઠવી દીધો. પૃથ્વીરાજને નીચા દેખાડવા દ્વારપાળની જગ્યાએ પૂતળુ બેસાડયું. પૃથ્વીરાજ પોતાના 1100 ચુનંદા સૈનિકો અને 106 મહત્વનાં સામંતો સાથે ગુપ્ત વેશે કનોજની આજુબાજુ છુપાયા. સ્વયંવરનાં દિવસે સંયુક્તાએ પૃથ્વીરાજ ચૌહાણનાં પુતળાને હારમાળા પહેરાવી અને ગુપ્તવેશે છુપાયેલા પૃથ્વીરાજે સંયુક્તાને ઘોડા પર સવાર કરી શહેર બહાર ભાગી છુટયાં. આથી જયચંદ રાઠોડ સાથે લડાઈ થઈ. સાંમતોએ દિલ્હી જવા માટે આગ્રહ રાખ્યો, પણ સૈનિકો અને સામંતોને મૂકી જવા ના પાડી. તરાઈનાં પહેલા યુધ્ધમાં પરાજય થયાં પછી શાહબુદ્દીન ઘોરી શાંતિથી બેઠો નહીં, તે યુદ્ધ માટેની તૈયારી કરવા લાગ્યો. તેણે 1,20,000ની તાલિમબદ્ધ સેના બનાવી ભારત પર ચડાઈ કરી. આ વિશાળ સેના સાથે જમ્મુનાં રાજા વિજયરાજ પોતાની સેના સાથે લાહોરથી જોડાયાં. જયચંદ રાઠોડ પણ ઘોરી સાથે સામેલ થયો. સંયુક્તા હરણથી પૃથ્વીરાજની શક્તિમાં

ઘટાડો થયો હતો. ગુપ્તચરો માહિતી ઘોરી સુધી પહોંચાડતા હતાં. ઘોરીની ફરીથી ચડાઈનાં સમાચાર મળતાં જ મેવાડનાં રાજા રામસિંહ આવી પહોંચ્યાં. ભીમદેવ સોલંકીએ મદદ માટે કહ્યું, પણ પૃથ્વીરાજે ના પાડી દીધી. ગોવિંદરાય તુંવર લશ્કર સાથે આવી પહોચ્યો. અજમેરનું લશ્કર મદદે આવ્યું, પણ પૃથ્વીરાજ પોતાની સેના સાથે બીજા પ્રદેશમાં ગયાં હતાં. પૃથ્વી રાજે ખૂબ જ વિરતા બતાવી. રાય પઢીયારે પૃથ્વીરાજને બચાવવા ઘોર યુધ્ધ કર્યું. તેના મરાયા પછી પૃથ્વીરાજ પકડાયા અને તેમને ગીઝની લઈ જવામાં આવ્યાં. પોતાના વફાદાર મંત્રી ચંદબહાદુર સાથે એક બીજાને કટાર મારી મૃત્યુને શરણ થયાં. ભારતનાં છેલ્લા રાજપૂત સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ હતાં.

ચૌહાણ વંશની શાખા અને ગૌત્ર

વંશ : અગ્નિવંશ, શાખા : મધ્યાંદિની, પર્વ : વત્સ, ભર્ગવ, અત્રિ, વિશ્વામિત્ર. વેદ: યજુર્વેદ, ઉપવેદ : ધનુર્વેદ, પ્રથમ રાજધાની : ઉજ્જૈન, કુળદેવી : આશાપુરા, કુળદેવ : શ્રીકૃષ્ણ, ઈષ્ટદેવી : ચામુંડા, મહાદેવ : અચલેશ્વર, ભૈરવ : કાળ, પક્ષી : મયૂર, વીરપુરુષ : હમીર હઠીલા, નિશાન : ભૃગુ, રણવીર : સુરતાનજી.

મહાન ક્ષત્રિય યોધ્ધા છત્રપતિ શિવાજી મહારાજ

નર્મદા નદીની દક્ષિણે પશ્ચિમઘાટની આસપાસ આવેલો પ્રદેશ મહારાષ્ટ્ર તરીકે ઓળખાય છે. ઉત્તરે સાતપુડા પર્વત, દક્ષિણે ગોવા, પુર્વમાં વર્ધાદ્રી અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે. મહારાષ્ટ્રમાં શાલિવાહન, ચાણક્ય, રાષ્ટ્રકુટ અને યાદવ વંશોનાં ક્ષત્રિયોએ રાજ્ય કર્યું હતું. દક્ષિણનાં નિઝામશાહી તથા આદિલશાહી રાજ્યનાં સુલતાનોએ મરાઠા સરદારોને સેનાપતિ, કારભારી અને મુત્સદ્દીનાં અગત્યનાં હોદ્દાઓ પર નીમ્યાં હતાં. આવી મોટી પદવી ભોગવતા મરાઠા સરદારોમાં ઉદેપુરનાં રાજવંશી બાબાજી પાટિલ મુખ્ય હતાં. બાબાજીને માલોજી અને વિઠોજી નામે બે પુત્રો હતાં. તેઓ નિઝામશાહીનાં લશ્કરમાં નાયક તરીકે નિમાયા. તેમની લાયકાતથી તે સરદાર થયાં. તેમણે પુના પ્રાંતની જાગીરી, શિવનેરી અને ચાંકણનાં કિલ્લાઓ તેમજ પાંચ હજાર લશ્કરની સુબેદારી મેળવી. ઈ.સ. 1620 માં શાહજી અને સશકજી નામે બે પુત્રો મુકીને મરણ પામ્યાં. પિતાનાં મરણથી જાગીરની સઘળી જવાબદારી 26 વર્ષનાં શાહજી માથે આવી પડી. કાર્યભાર તેમણે બાહોશીથી સંભાળ્યો. એક વખત વફાદારીથી કામ કરતાં શાહજી મુશ્કેલીમાં આવી પડ્યાં. શાહજી ગર્ભવતી જીજાબાઈને અસ્વસ્થ હોવા છતાં શિવનેરીનાં સુરક્ષિત કિલ્લામાં મૂકીને નાસી છુટ્યાં. શિવનેરીમાં ઈ.સ. 1627નાં એપ્રિલ માસની ત્રીજી તારીખે મહાપ્રતાપી શિવાજીનો જન્મ થયો. ઈ.સ. 1637માં મુગલોએ દક્ષિણ પર સવારી કરી અહમદ નગરની નિઝામશાહીનો નાશ કર્યો. શાહજીએ બિજાપુરનાં સુલતાનની નોકરી સ્વીકારી, ઈ.સ. 1664માં તે મરણ પામ્યા. શિવાજીનું શિક્ષણ પુનામાં દાદાજી કોંડદેવ નામનાં વિદ્વાન બ્રાહ્મણને સોંપવામાં આવ્યું. દાદાજીએ ક્ષત્રિય ધર્મની સંપૂર્ણ તાલીમ આપી. જીજાબાઈ એ પૂર્વજોનાં શૌર્ય, વૈભવ અને ગૌરવની વાતો કરી ગુણોનું સિંચન કર્યું. શિવાજી 19 વર્ષનાં થયાં ત્યારે તેમણે હિન્દુ વૈશ્વિક ધર્મનાં રક્ષણ તથા પુનરુધ્ધાર માટે તીવ્ર ઉત્કંઠા બતાવી. મવાલી લોકોની ટોળીઓ બનાવી આજુબાજુનાં પ્રદેશોમા લુંટફાટ મચાવી, ધીરે ધીરે તોરણાનો કિલ્લો સર કર્યો. મોરો પંતની મદદથી રાયગઢ કિલ્લો બનાવ્યો. ઈ.સ. 1655માં શિવાજીએ બિજાપુર રાજ્યનાં પ્રતાપગઢ અને રોહિતનાં કિલ્લા સર કર્યા. બિજાપુરનાં સુલતાને અફઝલખાનને મોટુ લશ્કર આપી શિવાજીને ખતમ કરવા મોકલ્યો. શિવાજીએ યુક્તિથી સમાધાન કરવાની વાત મંત્રી સાથે મોકલી આપી. હથિયાર વગર મળવાનું ગોઠવાયું. અફઝલખાન ઊંચો અને કદાવર હતો, તે શિવાજીને બગલમાં દબાવી મારી નાખે તેવી શક્તિ ધરાવતો હતો. પ્રતાપગઢની બાજુનાં ડુંગર પર ભવ્ય મંડપમાં એક બીજાને ભેટ્યાં. અફઝલખાને શિવાજીને દબાવીને મારી નાખવાનો જેવો પ્રયત્ન કર્યો કે શિવાજીએ હાથે પહેરલા વાઘ નખ અફઝલખાનનાં પેટમાં ભોંકી દીધાં અને આંતરડા બહાર કાઢી નાખ્યાં. સંકેત મુજબ મરાઠા સૈનિકો અફઝલખાનનાં લશ્કર પર એકાએક તુટી પડ્યાં. અફઝલખાનનાં મરણ પછી શિવાજી દક્ષિણમાં પ્રબળ થઈ ગયાં. ઔરંગઝેબે શિવાજીની વધતી સત્તા સામે શાઈસ્તખાનને મોટા લશ્કર સાથે શિવાજીનાં મહેલમાં મોકલ્યો. શિવાજી કેટલાક સરદારો સાથે વેશ બદલી એક રાત્રે પુનામાં દાખલ થયાં અને અણધાર્યો હુમલો કર્યો.

શાઈસ્તખાન ભાગ્યો, પણ શિવાજીની તલવારનાં ઝાટકાથી તેની આંગળીઓ કપાઈ ગઈ. મોગલ લશ્કરમાં ફકડાટ થયો અને લશ્કર નાશી ગયું. આથી ઔરગંઝેબે ક્રોધિત થઈ અંબરનાં રાજા જયસિંહને મોટું લશ્કર આપી મોકલ્યો. શિવાજીએ સમય પારખી સંધી કરી. શિવાજીને મોગલ દરબારમાં આગ્રા બોલાવ્યાં. ઔરંગઝેબે શિવાજીનું અપમાન કર્યું અને તેમના પુત્ર સંભાજી સાથે કેદમાં નાખ્યાં. ફળ વેચવાનાં ટોપલામાં સંતાઈને પિતા પુત્ર ઈ.સ.1664માં સહીસલામત દક્ષિણમાં પહોંચી ગયાં. આ સમાચાર મળતા જોધપુરનાં જશવંતસિંહને મોટા લશ્કર સાથે શિવાજીને પકડી લાવવા મોકલ્યા. મોરોપંત, પ્રતાપરાવ ગુજરે અને મહોબતખાને દક્ષિણમાંથી ભગાડી મૂકયાં. શિવાજીએ ત્રીસ વર્ષ સુધી અનેક વિટંબણાઓ વેઠી ઈ.સ. 1674નાં જૂન માસમાં સ્વતંત્ર મરાઠા રાજ્યની સ્થાપના કરી. રાજ્યાભિષેક ધામધૂમથી શાસ્ત્રીય અને ધાર્મિક રીતિથી રાયગઢમાં ઉજવ્યો. હિંદુસ્તાનનાં ઈતિહાસમાં શિવાજીનું સ્થાન અનુપમ છે. શિવાજીનાં રાજ્યમાં હિન્દ્ર સંસ્કૃતિ અને ધર્મનાં પુનરુધ્ધારનું કાર્ય મહત્વનું હતું. સ્વદેશાભિમાન, ત્યાગ, સાહસ, ન્યાય અને નિતિથી શિવાજીએ મુગલ સલ્તનતનો અને દક્ષિણનાં મુસલમાની રાજ્યોને સખત ફટકો લગાવ્યો. તેઓ સ્વામી રામદાસની અજ્ઞાથી રાજ કરતા હતાં. પોતે ધર્મ પરાયણ હોઈ સ્વરાજની સ્થાપના કરી. આમ છતાં પરધર્મને ખોટું લાગે તેવું એક પણ કામ શિવાજીએ કર્યું નથી. જશવંતસિંહ અને જયસિંહએ શિવાજીને હિન્દુ ધર્મની સંસ્કૃતિનાં પુનરુદ્ધાર માટે મદદ આપી હોત તો ભારતમાં હિન્દુસત્તા કાયમ રહી હોત. ઉલટું શિવાજીને કપટજાળમાં ફસાવવા સાધનભૂત થયાં. ઈ.સ. 1680નાં એપ્રિલ માસની 5મી તારીખે બાવન વર્ષની ઉમંરે એમનો સ્વર્ગવાસ થયો. શિવાજી ભવાની માતાનાં પરમ ઉપાસક હતાં.

રાજપૂત વંશ, અટક, પેટા અટકો, ગોત્ર અને કુળ દેવીઓ

વંશ	અટક અને પેટા અટકો	ગોત્ર અને ઋષિઓ	કુળ દેવીઓ અને ઇષ્ટદેવીઓ
સુર્યવંશી	સોલંકી, વાઘેલા, મહીડા, રાજ, ઘરિયા, રાવલજી, સુરતીયા, ગોથાણા, ચીરપુરા.	ભારદ્વાજ	ક્ષેમકલ્યાણી, ગંગા, બહુચરાજી, હિંગળાજ, વારાહી, વાઘેશ્વરી.
અગ્નિ વંશી	ચૌહાણ, હડીયોલ, મહારાઉલજી, નક્મ, અટોદરીયા,મોતિયા, ઠાકોર, બિહોલા, દેવડા.	વશિષ્ઠ, વત્સ	કાલિકાજી, આશાપુરા, ચામુંડા .
સુર્યવંશી	રાઠોડ, માંગરોલા, રાણાવત, ચંપાવત, ઉદાવત, જોધાવત, વિહોલા, કૌટેચા.	ગૌતમ, વશિષ્ઠ	નાગણેશ્વરી, ચામુંડા.
અગ્નિવંશી	પરમાર, બોડાણા, બારડ, રહેવર, મોરી, ડોડિયા.	પરાશર	હરસિદ્ધિ, અંબાજી, દુર્ગા, વાઘેશ્વરી.
ઋષિવંશી	ઝાલા, મકવાણા, રાણા.	માર્કન્ડેય	શક્તિ.
યદુવંશી	યાદવ, જાદવ.	જયદ્રથ	મહાલક્ષ્મીજી.
ઋષિવંશી	ચાવડા, રાઓલ.	વશિષ્ઠ, કશ્યપ	ચંડિકાજી.
સુર્યવંશી	ગોહિલ, ધૂમ.	ગૌતમ, બ્રહસ્પતિ	અંબાજી,મહાકાળી, સરસ્વતી, ખોડિયાર.
ચંદ્રવંશી	જાડેજા, ચુડાસમા, રાણા, રાયજાદા, સરવૈયા.	અત્રિ, ગૌતમ	ચામુંડા, અંબાજી, આશાપુરા, હિંગળાજ.
ચંદ્રવંશી	ડાભી.	વાલ્મિકી, કશ્યપ	બ્રહ્માણી, તુળજા ભવાની.
ચંદ્રવંશી	જેઠવા.	મકરધ્વજ, ગૌતમ	વિજયાવાહિની.

પરમાર અને સોઢા રાજપૂતોની શાખા અને ગોત્ર :

પરશુરામે જ્યારે ક્ષત્રિયોનો નાશ કર્યો ત્યારે રાક્ષસો ઋષિમુનીઓને ત્રાસ આપી યજ્ઞ વગેરેમાં વિક્ષેપ કરવા લાગ્યાં. આ રાક્ષસોનાં ત્રાસથી કંટાળીને ઋષિઓનો સમૂહ મહર્ષિ વશિષ્ટજી પાસે ગયો અને પોતાના દુઃખની જાણ કરી. મહર્ષિ વશિષ્ટજી રાક્ષસોનાં આવા કૃત્યથી ખુબ ક્રોધિત થયાં. ક્ષત્રિયો સિવાય આ રાક્ષસોનો નાશ થશે નહિ તેવા નિર્ણયથી શ્રી વશિષ્ટજીએ આબુ પર્વત ઉપર એક મોટા યજ્ઞનું આયોજન કર્યું અને પોતાના તપોબળથી ત્રણ દેવોને પ્રાર્થના કરી. ત્રણેય દેવો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પધાર્યા ત્યારે વશિષ્ટજીએ ક્ષત્રિય ઉત્પન્ન કરવા જાણવ્યું. આથી દર્ભનાં ત્રણ પુતળા બનાવી તેમના ઉપર અમૃત છાંટી દરેક દેવને પુતળામાં પ્રાણ પુરવા વિનંતી કરી. દરેક દેવે અસુરોનો નાશ કરવા માટે એક એક ક્ષત્રિય વીર પુરુષ પેદા કર્યો. બ્રહ્માનાં પુતળામાંથી સોલંકી, વિષ્ણુનાં પુતળામાંથી ચૌહાણ અને મહેશનાં પુતળામાંથી પરમાર પેદા થયાં. આવી રીતે ક્ષત્રિયનાં ત્રણ વંશ અસ્તિત્વમાં આવ્યાં.

કુળક્ષેત્ર : આબુ, ગૌત્ર : ભારદ્વાજ, વેદ : યજુર્વેદ, ઋષિ : ધાર્મિ, બેસણું : ઉજ્જૈન, કુળદેવી : સચ્ચિયાર, કુળદેવ : પિથોરાપીર, મહિનો : વૈશાખ, નગારુઃ રણજીત, તલવાર : રણતર, ઢાલ : હરિપંખ, ઝંડો : ત્રિબંધી, વૃક્ષ : આંબો, વારઃ ગુરુવાર, તિથી : પાંચમ, પાઘડી : પચરંગી, ઘોડો : કુવલિયો.

જેઠવા રાજપૂતોની શાખા અને ગોત્ર :

શ્રી હનુમાનજી જ્યારે સીતાજીની શોધમાં સમુદ્ર ઓળંગી રહાાં હતાં ત્યારે તેમના પરસેવાનાં બિંદુ સમુદ્રમાં માછલીનાં પેટે જતાં તેની કુખેથી એક મહાન પરાક્રમી પુત્ર ઉત્પન્ન થયો, જેનું નામ મકરદ્વજ છે. આ મકરદ્વજનાં વંશજો સુર્યવંશી રાજા જેઠવાઓ કહેવાય છે. વંશ : સૂર્ય, શાખા : ગોધની, કુળ : હનુમાનજી, ગોત્ર : ઋષિ, છત્ર : ધુમક, માતા : વિજયાવાહીની, ઘોડો : પીળો.

ચાવડા રાજપૂતોની શાખા અને ગોત્ર :

ચાવડા રાજપૂતો ચાંપાવંશી કહેવાય છે. શાસ્ત્ર મુજબ પૃથ્વીને જયારે રક્ષણની જરૂર પડી ત્યારે શ્રી શંકર ભગવાને પોતાના ધનુષ્યથી ક્ષત્રિય પેદા કર્યા. આમ તેઓ ઋષિ વંશી ચાવડાઓ કહેવાય છે. ક્ષત્રિયોએ પૃથ્વી માતાનું રક્ષણ કર્યું. મહીકાંઠા, ઉત્તર ગુજરાત, વડોદરા, મહેસાણા, રેવાકાંઠા, રામપુર અને રાજસ્થાનમાં તેમજ સૌરાષ્ટ્ર કચ્છ વગેરેમાં જુદી જુદી જગ્યાએ તેઓની સત્તા હતી. ચાવડા રાજપૂતોની કુલ 27 ઉપશાખાઓ છે.

વેદ : યજુર્વેદ, શાખા : મધ્યાંદિની, ગોત્ર : વશિષ્ટ, દેવતા : શીવ, ઈષ્ટદેવી : ચંડિકા, નદી : સરસ્વતી, વૃક્ષ : પીપળો અને સુત્ર : કાત્યાયન.

ગોહિલ રાજપૂતોની શાખા અને ગોત્ર :

ચંદ્રવંશમાં રાજા યયાતિ હતાં, તેમણે શુક્રની કન્યા દેવયાની સાથે લગ્ન કર્યા. દેવયાનીની કુખે યદુ જન્મયા, જે યાદવ કહેવાય છે. રાજા યયાતિથી 20મી પેઢીએ વિદર્ભ થયાં. વિદર્ભનાં ત્રણ પુત્રો હતાં. કુશ, કૃત્થ અને રોમપાદ. આ ત્રણેય પુત્રોએ પોતાના રાજ્યનું નામ તેમના પિતાનાં નામ પરથી વિદર્ભ રાખ્યું જે નિઝામ કહેવાય છે. આ વંશમાં શાલી વાહન બહુ જ પ્રસિદ્ધ રાજા હતાં. શાલિ વાહનથી 22મી પેઢીએ સેજકજી નામે રાજા થયાં, તેઓ મારવાડથી વિ. સં. 1306માં ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આવ્યાં, પછી પાલિતાણા અને લાઠી સ્ટેટમાં પોતાની સત્તા સ્થાપી રાજ કર્યું હતું. ગોત્ર : ગૌતમ, વંશ : ચંદ્રવંશી, શાખા : મધ્યાંદિની, સુત્ર : કાત્યાયન, વેદ : યજુર્વેદ, દેવતા : શીવ, માતા : મહાકાલી, ઋષિ : બ્રહસ્પતિ અને ભારદ્વાજ, દેવી : વિધ્યવાસીની, વાહન : હાથી, વૃક્ષ : લીંબડો, નગારૂં : ઈન્દ્રધુન, પિતા : શાલિ વાહન, નિકાસ : ગુજરાત.

રાઠોડ રાજપૂતોની શાખા અને ગોત્ર :

રઘુવંશી શ્રી રામચંદ્રનાં મોટા પુત્ર લવનાં બે પુત્રો હતાં. રાયકુમાર અને શિવકુમારનાં વંશજો રાઠોડ કહેવાય છે.

ગોત્ર : ગૌતમ, કુળ : સુર્યવંશ, ગુરુ : વશિષ્ટ, દેવી : નાગણેશ્વરી, નિશાન : પંચરંગી, વેદ : યજુર્વેદ, પર્વ : મોનક, વંશ : રઘુવંશ, ક્ષેત્ર : અયોધ્યા, નદી : સરયુ, બ્રાહ્મણ : સોડ, શાખા : મધ્યાંદિની, તલવાર : રણથંભી, નગારુ : રણજીત, ઢોલ : ભંવર, ગાય : કપિલા, માળા : રત્નની, ઝાઝમઃ પંચરંગી, બિરૂદઃ રણવંકા રાઠોડ, સંપ્રદાય : રામાનુજ, ઈસ્ટ દેવ : રામસીતા, ગાદી : લાહોર, પક્ષી : સમડી અને તિલક : રામાનુજ.



ચૌહાણ રાજપૂતોની શાખા અને ગોત્ર :

વંશ : અગ્નિવંશી, શાખા : કૌથમી, મહાદેવ : અચલેશ્વર, કુળદેવતા : કૃષ્ણ, કુળદેવી : આશાપુરા, ઈષ્ટદેવી : ચામુંડા, ક્ષેત્ર : અર્બુદા, ગુરુ : વશિષ્ઠ, આયુધ્ધઃ ખડગ, ગણેશ : વર્કતૃંડ, વેદ : યજુર્વેદ, પર્વ : વત્સ, ભૈરવ : કાલ, નિશાન : ભૃગુ, પક્ષી : મયુર, ધ્વજ રક્ષક : ગરુડ અને નદી : ચંદ્રભાગા.

ઝાલા રાજપૂતોની શાખા અને ગોત્ર

રાજા હરપાળ દેવજી વંશનાં રાજપૂતો ઝાલા કહેવાય છે. સોઢાજી ગાદી : પાટડી, માંગુજી ગાદી : શીયાણી, શેખરોજી ગાદી : સંચાણા, ગોત્ર : માર્કન્ડેય, વંશ : સુર્ય, શાખા : મધ્યાંદિની, મુળ : મકવાણા, પર્વ : ધમલ, જન્મદાત્રી : શક્તિ, ઈષ્ટદેવ : ચત્રભુજ મહાદેવ, ગણપતિ : એક દંતા, હનુમાન : એક ડંડી, ભૈરવ : કેવડીયા, કુળગોર : મશીલીયા રાવળ, દશોહી : ટાપલીયા ચારણ.

વાઘેલા રાજપૂતોની શાખા અને ગોત્ર

વાઘેલા આર્ય ક્ષત્રિય ચૌલુક્ય રાજપૂત સોલંકી વંશની શાખા છે. વાઘેલા વંશનાં મુળપુરુષ પાલીમાં વાઘણનાં દૂધ દ્વારા પોષણ પામેલ હોવાથી 'વાઘેલા' કહેવાય છે. તે પ્રસંગથી વેરીનાથજીની જગ્યા ગુરુદ્વાર તેમજ જગ્યાનાં મહંત કુળગુરુ કહેવાય છે. મહા ગુજરાતથી છુટા પડેલા વાઘેલાઓની ત્રણ શાખા તે સમયનાં રાજ્યનાં ઉપનામથી ઓળખાય છે. સોલંકી અને વાઘેલાઓની રાજધાની અણહીલપુર પાટણમાં હતી. ગુજરાતમાં વાઘેલાઓનાં કુલ 580 ગામો હતાં.

વશં : સૂર્ય, કુળ : સોલંકી, ગોત્ર : ભારદ્વાજ, ક્ષેત્ર : કાશી, શાખા : મધ્યાંદિની, ત્રિપર્વ : અશ્ય, ધમ, નીમ. કુળદેવી : ક્ષેમજ, ઈષ્ટદેવી : હિંગળાજ, વારાહી, બહુચરાજી. વેદ : સામવેદ, દેવ : મહેશ્વર, નદી : સરસ્વતી, શસ્ત્ર : ભાલો.

જાડેજા વંશની શાખા અને ગોત્ર :

મુળ પુરુષ : આદિનારાયણ, દાદા : બ્રહ્માજી, પિતા : અત્રી, માતા : અનુસુયા, ગોત્ર : અત્રી, વંશ : ચંદ્ર, ક્ષેત્ર ભૂમિઃ મથુરા, ગુરુ : દુર્વાસા, શાખા : મધ્યાંદિની, વેદ : સામવેદ, પ્રથમકુળ : વૃષ્ણી, દ્વિતિય કુળ : યદુવંશ, નેજો : કેસરી, નિશાન : સુરખ, નગારું : અજીત, ઘોડો : શ્યામવર્ણ, ગણપતિ : મહોદર, મહાદેવ : સિદ્ધેશ્વર, કુળદેવી : અંબાજી, ઈષ્ટદેવ : આશાપુરા, અધિષ્ટા દેવી : હિંગળાજ, શંખ : અજય, શસ્ત્ર : શાંગ, નદી : કાલિન્દી, પર્વ : સોમ અને દુર્વાસા, કલગી : મોરપીંછ, વાજીંત્ર : વાંસળી, ગઢ : સમયૌ, પ્રથમગાદી : લાખીયા વીરા, જાડેજા સંવત : અષાઢી બીજ નૂતન વર્ષ, હનુમાન : કપીલ, ભૈરવ : કાલ, ગોર : રાજગોર, દશોહી : તુમેલ, વહીવંચા : ડીંગરા બારોટ.

પ્રજા ઝંખે છે મહારાજા ભગવતસિંહજી જેવાં શાસકો !

મનનું પંખી ભૂતકાળની દિશામાં દોડે ત્યારે વર્તમાન પરિસ્થિતિથી વિશુદ્ધ ચિત્તને અતિતની યાદમાંથી દિલાસો મેળવવાનું મન થાય છે. ભેખધારી નેતાઓએ જીવન સમર્પણ કરી દેશને આઝાદ કરાવ્યો, પરંતુ આઝાદી પછી દેશની આગેવાનીને લૂણો લાગ્યો છે. જે નેતાઓ પ્રજાનાં સેવક હતાં, તે હવે પ્રજાને પોતાની સેવક માનવા લાગ્યાં છે ! જેમના માટે સત્તા સેવાનું માધ્યમ હતી, એમને માટે સેવા એ સત્તાનું સાધન બની ગઈ છે ! દેશનાં ઉચ્ચ હોદ્દાઓ પર બેઠેલા સત્તાધીશોનો ભ્રષ્ટાચાર હૃદયને વલોવી નાખે છે. પ્રજાની સંપત્તિને ખોબે ખોબે લૂંટનારા પ્રધાનોની કલંકિત ગાથા દેશ માટે લાંછનરૂપ બની રહી છે. નેતાની નમ્રતાએ હવે દેશવટો લીધો છે અને એ નેતાઓ ક્ષણિક સત્તાનાં નશામાં ડૂબી ગયાં છે. પહેલા વિચારસરણીનું યુધ્ધ હતું, હવે માત્ર સત્તા પ્રાપ્તિનો જંગ ખેલાય છે. એક સમયે રાજકીય મંચ પર લડતા બે વિરોધી નેતાઓ વચ્ચે વિચારધારાની લડાઈ ચાલતી, પરંતુ એમના દિલમાં એકબીજા માટેની દોસ્તી અને દિલાવરી હતાં. આજે સત્તા પ્રાપ્તિની લડાઈ ચાલે છે, એમાં વિરોધીનો વિરોધ જ કરવાનો નહીં, બલ્કે એનો કાંટો કાઢી નાખવાનો દાવ અજમાવાય છે. દેશ સમૃદ્ધિનાં માર્ગે ભલે આગળ વધતો હોય, પણ એનું રાજકારણ વધુ પીછેહઠનાં માર્ગે પતન પામી રહ્યું છે. દુ:ખ દર્દનાં આ દિવસોમાં દિલને કોઈ ભૂતકાળની યાદ સતાવે તેમ ગોંડલનાં મહારાજા ભગવતસિંહજીનું સ્મરણ જાગે છે. ગોંડલનાં રાજવી જેવા નેતાઓ આપણી પાસે હોત, તો દિલને કેટલી ટાઢક મળી હોત ! આજે ચોતરફ પ્રજાનો પૈસો વેડફાઈ રહ્યો છે. મોટી મોટી યોજનાઓનો લાભ ભ્રષ્ટાચારને કારણે પ્રજાને સાંપડતો નથી. સત્તા સ્થાને બેસનારાઓ પ્રજાનાં દુ:ખ દર્દનું નિવારણ કરવાને બદલે ભવ્ય આયોજનોમાં ડૂબી ગયાં છે. આ સમયે ગોંડલનાં મહારાજા ભગવતસિંહજીની સાદાઈ અને કરકસરનું સ્મરણ થાય છે. એ જમાનામાં એક પૈસાની પેન્સિલ મળતી. એ પેન્સિલ મહારાજા એમના કર્મચારીઓને આપતા અને સાથોસાથ કહેતા કે આ પેન્સિલ નિશ્ચિત સમય સુધી ચાલવી જોઈએ. કર્મચારીઓ રાજવીની કરકસરની ભાવનાને બખુબી જાણતા, કારણકે ખુદ આ રાજવી પણ એ નિયમનું પાલન કરતા હતાં, આથી તેઓ એક પૈસાની પેન્સિલ નિશ્ચિત સમય સુધી ચલાવતા હતાં. આજે કોઈ સેવક પ્રધાનપદ મેળવે કે તરત જ પહેલું કામ પોતાને મળેલા રાજનાં બંગલાની મરામત કરવાનું કરે છે. રૂઆબ છાંટે એવા ફર્નિચર અને રંગરોગાન કરાવે છે, જ્યારે મહારાજા ભગવતસિંહજીએ પોતાનો બંગલો જેવો હતો એવો જ રાખ્યો, તેના પર કોઈ ખર્ચ કર્યો નહી. દિવાલો પર માત્ર સામાન્ય કલર સિવાય બીજો કોઈ ખર્ચ થતો નહી. એમની મહેમાનગતિ ઘણી કરકસરભરી રહેતી. એ જમાનામાં સામાન્ય ધનિક પણ પોતાના ઝભ્ભા પર સોના રૂપાનાં બટન લગાવતો હતો. ગોંડલનાં આ રાજવી સોના રૂપાને બદલે પોતાના લાંબા ઝભ્ભા પર કાપડમાંથી બનાવેલા બટન ટંકાવતા હતાં. સમર્થ રાજવી હોવા છતાં એમના વસ્ત્રોમાં સાદાઈ પ્રગટતી હતી. એક વર્ષમાં કેટલાં વસ્ત્રોની જરૂર પડશે, એનો પહેલેથી જ અંદાજ મેળવી લેતા અને એ બજેટ મુજબ જ પોતાના વસ્ત્રો સીવડાવતા હતાં.એમનું 'એક વર્ષનું બજેટ' હતું બે પાઘડી, ચાર ચોયણી અને ચાર ખમીસ ! ખમીસ કોઈ કારણસર ફાટી જતું, તો એને કાઢી નાખવાને બદલે એના પર થીગડું મારીને વર્ષભર ચાલવતા હતાં. કોઈ રાજવી થીગડાવાળું વસ્ત્ર પહેરે તે કેવું ? તે ય કાઠિયાવાડનાં અત્યંત પ્રગતિશીલ અને સમૃદ્ધ ગણાતાં ગોંડલ રાજ્યનાં મહારાજા ! સમૃદ્ધિ વિષે મહારાજા ભગવતસિંહજીનો ખ્યાલ જુદો હતો. સમૃદ્ધ રૈયતને એ પોતાની સાચી સમૃદ્ધિ માનતા હતાં. એ કહેતા કે હીરા માણેકની માળાઓ કે અત્યંત મૂલ્યાવાન વસ્ત્રો એ રાજાની શોભા નથી. રાજાની ખરી શોભા એની પ્રજાનાં સુખમાં સમાયેલી છે. કોઈ અલંકાર ધારણ કરતા નહીં અને વર્ષો સુધી એમણે એકજ પ્રકારનો પોશાક પહેર્યો. લોકહિતનાં કાર્યોની સમૃદ્ધિમાં વૃદ્ધિ કરીને પોતાને સમૃદ્ધ માનતાં હતાં. એ જમાનામાં નાનકડાં રાજનાં રાજવી પણ કોઈ મહાનગરમાં કે દરિયાકિનારા પર પોતાનો મહેલ બંધાવતા, કોઈ સિમલા જતા, કોઈ ગ્રીષ્મઋતુમાં ગિરિમથક પર જાય ત્યારે પોતાનો આખો કાફલો લઈને જતાં. એક અર્થમાં કહીએ તો રાજનું આખુંય તંત્ર કોઈ હવાખાવાનાં ગિરિમથક પર કે દરિયાકિનારાનાં મહેલમાં ચાલતું હતું. ખર્ચાની તો ક્યાં કોઈને ચિંતા હોય ! ગોંડલનાં રાજવી ભગવતસિંહજીને આવી ભવ્ય મુસાફરી પસંદ નહોતી. પોતાના પ્રવાસનું ખર્ચ ઓછામાં ઓછું થાય એનો ખ્યાલ રાખતા. પરિણામે એ દેશ કે વિદેશ યાત્રામાં હોય, પણ એમની સાથે રસોઈયાની ફોજ કે પટાવાળાનું ટોળું રહેતું નહી. બીજા રાજવીઓ કારભારીઓ અને વહીવટદારોનો કાફલો લઈને ઘૂમતા ત્યારે ભગવતસિંહજી દેશમાં તો ઠીક, પરંતુ વિદેશમાં પણ પોતાના અંગત સચિવ, તબીબ કે કોઈ પણ નોકર ચાકરને સાથે રાખતાં નહીં. ખુદ રાજવી જ હવાફેર માટે ઉનાળાનાં દિવસોમાં ગોંડલનાં ધોમધખતા તાપમાં રહેવાનું પસંદ કરતા હતાં, તે જોઈને એના કુટુંબીજનો પણ કોઈ સહેલગાહનાં ખુશનુમા વાતાવરણમાં જવાને બદલે ગોંડલમાં જ રહેતાં. આવા પારસમણિ જેવા રાજવી જે રાજને સ્પર્શે તેને સામે ચાલીને સમૃદ્ધિ મળે. ગુજરાતનાં મહાન કવિ શ્રી ન્હાનાલાલ સને 1931માં ગોંડલ ગયાં હતાં, ત્યારે એમણે એક સમારંભમાં કહ્યું, 'વિશ્વયુદ્ધ પછી રાજાઓ અને એમના નોકરોને સાલિયાણામાં વધારો મળ્યો છે, ત્યારે ગોંડલનાં નરેશ 50 વર્ષ પહેલાં નક્કી કરેલી રકમ જ લે છે. આજે અન્ય પ્રદેશની પ્રજા રાજ્યને લખલૂંટ ખર્ચ કરતાં અટકાવી સિવિલ લિસ્ટ રાખવા માંગણી કરે છે ત્યારે ગોંડલ નરેશ 50 વર્ષ પહેલાં એ ધોરણ નક્કી કર્યું છે. આજે જગતમાં કરકસર કરવાની વિચારણા ચાલે છે ત્યારે ગોંડલ નરેશને 27 વર્ષથી હું એક પોશાકમાં જોઉ છું.' આવી હતી મહારાજાની સાદાઈ. એ જોઈને બિલખાનાં દરબાર રાવતવાળા બોલી ઊઠ્યા હતાં, 'અમે નાના રાજાઓ ખોટી મોટાઈમાં ડૂબી ગયાં છીએ. અમારા જેવા નાના રાજાઓને ત્યાં પણ 20 થી 30 મોટરોનો કાફલો હોય છે, જ્યારે મહારાજ પાસે માત્ર એક મોટર છે . રાજની તિજોરીમાંથી કોઈ રાજકુમારને પૈસાની જરૂર પડે તો જાતે પૈસા લઈ શકતાં નહીં. પહેલા એમને વહીવટદાર પાસે જવું પડે અને પછી વહીવટદાર એ રાજકુમારની જરૂરી રકમ એમને આપતા, સાથો સાથ રાજકુમાર ઉપાડની રકમ પણ ચોપડામાં નોંધી રાખતાં. આવા મહારાજ પાસે મોટર હોય તે સ્વાભિવક ગણાય, પરંતુ ગોંડલમાં ક્યાંરેય મહારાજ પોતાની મોટરમાં નીકળતા નહી. એમનો આશય એવો હતો કે આવી રીતે બંધ મોટરમાં જઈએ તો પ્રજાની પરિસ્થિતિનો સાચો તાગ મળે નહી. આથી તેઓ ખુલ્લી બગીમાં ગોંડલનાં રસ્તાઓ પરથી નીકળવાનું પસંદ કરતાં, કારણ કે બગી ધીમે ધીમે ચાલતી હોવાથી એ ચોપાસની પરિસ્થિતિનું સંપૂર્ણ નિરીક્ષણ કરી શકતા હતાં. એમને રસ્તાની હાલતનો ખ્યાલ આવતો, પ્રજાની સ્થિતિનો અંદાજ મળતો અને ગામ વચ્ચેથી મહારાજા નીકળે એટલે લોકો આસાનીથી પોતાના દુ:ખ દર્દ કહી શકતા. ગરીબમાં ગરીબ વ્યક્તિને ત્યાં એ નિ:સંકોચ જતાં એટલું જ નહીં પણ એમને ત્યાં રોટલો, શાક કે છાશ જે કંઈ મળે તેનું ભાવથી ભોજન કરતાં. આમ અઢળક લક્ષ્મી, દ્રઢ સત્તા અને અનુકુળ પરિસ્થિતિ હોવા છતાં એમણે જળ કમળવત્ નિર્લેપ જીવન ગાળ્યું. મહારાજ ભગવતસિંહજીને ક્યારેય પરદેશી વસ્તુઓ માટે મોહ જાગ્યો નહીં, પોતે વિદેશ જાય તો પણ પોતાને માટે કે બંગલાની શોભા માટે કશું લાવતા નહીં. કેવો હશે આ પ્રજાવત્સલ મહારાજાનો દરબાર ! એમની ઓફિસ ગોંડલનાં દરબાર ગઢની ઓસરીમાં બેસતી હતી. સાવ સામાન્ય ટેબલ ખુરશી ગોઠવી દઈને સાદા પોશાકમાં સજ્જ એવા મહારાજ ભગવતસિંહજી મોડી રાત સુધી પ્રજાનાં કામોમાં ડૂબેલા રહેતા. એ સમયે પ્રજાને મળવાનો કોઈ દિવસ કે સમય નક્કી નહોતો. કોઈ પણ પીડિત પોતાની સમસ્યા લઈને મહારાજાને મળવા આવી શકતો. મહારાજા એના પ્રશ્નની નોંધ કરતાં અને પછી તાત્કાલિક નિવારણ કરતાં.

મહારાજાએ કોઈને મળવાનો સમય આપ્યો હોય, ત્યારે એમાં સહેજે વિલંબ ન થાય તેનું ધ્યાન રાખતા. દરેક કાર્યમાં નિયમિતતાનો આગ્રહ રાખતાં. કાર્ય પૂર્ણ થાય કે તરત જ એ વ્યક્તિને કોઈ બીજી વાતો કરીને રોકી રાખતાં નહીં. તેઓ પોતે સતત ઉદ્યમવંત રહેતાં. આથી તેઓ લોકકલ્યાણ, સાહિત્યસેવા અને રાજ્યની સુખાકારીનાં ઘણા કાર્યો કરી શક્યાં. તેઓ કહેતા કે એક મિનિટ ગુમાવવી તે ગુના સમાન ગણાય. આજે દેશમાં રાજાશાહી નથી, પણ લોકશાહીમાં આવા રાજવી હોય તેવી ઝંખના દિલમાં રહે છે.

ગૌ રક્ષક વીર વચ્છરાજ

ઝાલાવાડી ઉતરે મહેસાણા જિલ્લાની પશ્ચિમ દિશાએ કચ્છ વાગડની પૂર્વમાં આવેલો પ્રદેશ વઢિયાર કહેવાય છે. આ પ્રદેશમાં બહુચરાજી પાસે કાલરી નામનું ગામ છે. કાલરી ગામનો ઈતિહાસ ભવ્ય અને ભાતીગળ છે. આ ગામની ધરતી માથે અનેક શુરવીરો પાક્યા છે.

વિ. સં. 1117નાં ચૈત્ર મહિનાની અજવાળી સાતમે કાલરી ગામનાં હાથીજી સોલંકીને ઘેર રાઠોડ પુત્રી કેસરબાની કુખે એક પુત્ર રત્ન થયો. એ પુત્રનું નામ વચ્છરાજ પાડ્યું. વચ્છરાજ દિવસે ન વધે એટલો રાતે વધે અને જોત જોતામાં બાળપણ વિતાવી દીધું. માતા પિતા અને મોસાળીયાનાં હેત પામતો વચ્છરાજ કિશોર અવસ્થામાં આવ્યો. મોસાળમાં મામાને પુત્ર ન હતો, આથી મોસાળની જાગીરનો વારસ પણ વચ્છરાજ બન્યો. મામા સાંમતસિંહ પોતાના પુત્રથી વિશેષ વહાલ વરસાવતા. વચ્છરાજ હવે તો કિશોરમાંથી જુવાની તરફ ડગ માંડવા લાગ્યો. યૌવન પ્રાગટયનાં આછા પાતળા સંકેત મુછ રૂપે મુખ ઉપર ફૂંટવા લાગ્યાં. બાવડામાં બળ ભરાતા હાથીની સુંઢો જેવા હાથ પડકારા નાખવા લાગ્યાં, પગમાં જાણે પાંખો ફૂટવા લાગી, આંખો આકાશ ઉપર ચોટવા લાગી. અઢારથી પચ્ચીસ વર્ષનો ગાળો એટલે આકાશમાંથી તારા તોડી લાવવાનાં ઓરતા જગાડે એવી ઊંમર થતા વચ્છરાજને જુવાની આટો લઈ ગઈ હતી.

મામા સામંતસિંહે કુંવર ગામે ભાણેજનો સંબંધ નક્કી કરી નાખ્યો. કન્યા પક્ષવાળા ખુબ સુખી હતાં. જાન જોડીને વચ્છરાજ સોલંકી કુંવર ગામ પરણવા ગયાં. સુરીલી શરણાઈઓથી અને મંગલ વાદ્યોથી લગ્ન મંડપ ગાજી ઉઠયો. ઢોલ ત્રાંસાનાં ધમધમાટથી 'કુંવર' ગામ આખું હિલોળે ચડ્યું. મંડપમાં વરઘોડીયા બાજોઠ પર બિરાજયા છે. લગ્નવિધિ ચાલુ થઈ ગઈ છે. બે ફેરા હજી તો માંડ ફર્યા હતાં, ત્યાં ગામનાં ઝાંપે બૂંગિયો ઢોલ ગાજી ઉઠયો. બૂંગિયો ઢોલ વાગે એટલે સમજી જવાનું કે કોઈ આફતનાં એંધાણ છે. ઢિમાંગ, ઢિંમાગ, ઢિમાંગ બૂંગિયો ઢીબાતા વચ્છરાજનાં લોહીમાં પડેલી રાજપૂતીએ એને ચમકાવ્યો. મંગલ વાદ્યો બંધ થયાં. આખું ગામ આકુળ વ્યાકુળ થઈ ગયું. લગ્નવિધિ બંધ થઈ ગઈ. છેડાછેડી છોડી વચ્છરાજ સોલંકીએ પોતાની વફાદાર ઘોડી દેવમણી માથે રાંગવાળી, કોઈકે આવીને સમાચાર આપ્યા ગામનું ગૌ ધણ કચ્છ વાગડનાં સંધીઓ વાળીને હાલતા થઈ ગયાં છે. ગાયો હાલતી નથી, ઘર તરફ આવવા પ્રયત્નો કરે છે. સંધીઓ ગાયો માથે લાકડીઓનો મે વરસાવી રહ્યાં છે. વચ્છરાજનું ક્ષત્રિત્વ ઉછળ્યું. પીઠી ભર્યો અને પરણવાનો શણગાર સજેલા રાજપૂત યુવાનનું અંગે અંગ કાંપી ઉઠ્યું. હું સોલંકી રાજપૂત બચ્ચો જીવતો હોઉ અને સંધી લોકો ગામનું ગૌ ધણ વાળે તો મારી માનું દૂધ લાજે. જીવતર ખારૂ ઝેર થઈ જાય. હું જીવતો છતા મરેલો ગણાઉ. ગાયો પાછી ન લાવું તો મારા કુળને માથે કાળી ટીલી ચોટી જાય અને પરણવાનાં લ્હાવાથી ગાયું પાછી લાવવાનો લ્હાવો ક્યાં ઓછો છે ? જીવતો રહીશ તો આવીને પાછો પરણીશ, આવેલ અમૂલો અવસર તો ખોવાય જ નહી. ઘોડીને લગામનો ઈશારો થતાં જાણે પગે પાંખો ફૂંટી, આકાશમાંથી તારો ખરે એમ ઘોડી સંધીઓનાં ટોળા તરફ પુરપાટ વેગે ઉપડી. ગામમાં દેકીરો બોલ્યો. ઘડીકમાંતો ચારે તરફ રીડીયા રમણ બોલવા લાગી. બંદૂકની ગોળી જેમ'વચ્છરાજ' ની ઘોડી જોતજોતામાં સંધીઓનાં ટોળાને આંબી ગઈ. પીઠી ભર્યો વર પરણવાનું પડતું મૂકી સંધીઓ સાથે ધિંગાણુ કરવા લાગ્યો છે. સંધીઓ એક બાજુ ખસી ગયાં. 'વચ્છરાજ' ની ઘોડી ગૌ ધણ વીંધીને સોંસરવી આગળ નીકળી ગઈ. ભાંભરડા નાખતી ગાયો પાછી ભાગી નીકળી. 'વચ્છરાજ' ને મારવાનું સંધીઓને ન રૂચ્યું. આગળ વાછરડાને મળવા તલસતી ગાયોનું ધણ અને પાછળ 'વચ્છરાજ' સોલંકીની દેવમણી ઘોડી. વિજયનાં ફુંફાડા મારતા પાછા વળ્યાં. સંધીઓને આજનો આટો અફળ લાગ્યો. એક મૂંઝડી ગાય પાછળ રહી ગઈ. ગૌ ધણ જતું રહ્યું. મૂંઝડીને સંધીઓએ રોકી લીધી અને વાગડ પ્રદેશ તરફ હાંકી ગયાં. કુંવરનાં ગામ લોકો અને જાનૈયાઓ 'વચ્છરાજ'ને અધવચ્ચે સામા મળ્યાં. ગૌ ધણ એકલે હાથે પાછું વાળીને પોરસાતો વચ્છરાજ સોલંકી પાછો 'કુંવર' ગામનાં ઝાંપે પહોંચ્યો. ગામ આખું હરખનાં હિલોળે ચડી ગયું. સામૈયાની તૈયારી થવા લાગી. ગાયો સૌ સૌ ને ઘેર પહોંચી, એક બાળ વિધવા ચારણબાઈ દેવલબાની મૂંઝડી ગાય ક્યાંય દેખાતી નથી. ચારણબાઈ ગામમાં ઘેર ઘેર ફરી વળી, પણ ક્યાંય કોઈ મૂંઝડીનાં વાવડ ન મળ્યાં. દેવલબા ગામનાં ઝાંપે આવ્યાં. વચ્છરાજ સોલંકીનાં દૂરથી જ દુઃખણાં લીધાં. વચ્છરાજ મારા વીરા ? ગામ આખાનું ગૌ ધણ વાળી લાવ્યો અને ભાઈ મારી એક મૂંઝડીને જ મુક્તો આવ્યો. મારા રોયા સંધીડાને મારી મૂંઝડી જ ગમી ગઈ ? એ રાક્ષસો મારી મૂંઝડીની જયાફત ઉઠાવસે ? આટલું બોલતાં બોલતાં દેવલબાઈની આંખોમાં શ્રાવણ ભાદરવો છલકાયો અને દેવલબાનાં આ વેણ સાંભળતા જ વચ્છરાજે પોતાની ઘોડીની લગામ ખેંચી એજ માર્ગે પાછી વહેંતી મુકી. કોઈ કાંઈ સમજે તે પહેલા તો વચ્છરાજની દેવમણિ સંધીઓનાં ટોળા પાછળ ઉપડી ગઈ. કચ્છનાં નાના રણમાં સંધીઓ પહોચ્યાં હતાં, ત્યાં વચ્છરાજની ઘોડીનાં ડાબલા ગાજયાં. દેવલબાની મૂંઝડી સંધીઓની લાકડીઓનાં માર ખાતી ભાંગલ પગલે આગળ હાલી જાય છે. પાછળ આકાશમાંથી ઉડતો આવતો હોય એવો ઘોડેસવાર હાકોટા પડકારા કરતો આવી પહોચ્યો, સીધો ટોળામાં જ ત્રાટક્યો. પહેલાં જ ઝાટકે એક સંધીનું માથું ધડથી નીચે ગબડી પડ્યું. બીજા ઘાએ એક સંધીનો હાથ ખભામાંથી છુટો પડી ગયો. સંધીઓનાં ટોળા વચ્ચે વચ્છરાજ ઘેરાઈ ગયો. સંધીઓએ એક સામટો હલ્લો કર્યો. પીઠી ભર્યો એક રાજપૂત યુવાન સંધીઓનાં હાથે વધેરાઈ ગયો. વચ્છરાજનું માથું ધડથી જુદુ થઈ ગયું. માતૃત્વની ખુમારી રાજપૂત જુસ્સાને લઈ વચ્છરાજનું ધડ ધિંગાણે ચડ્યું. સંધીઓ ભાગ્યાં. વચ્છરાજનું શુરાતન લોહીનાં ફુંવારા બનીને ઉછળી રહ્યું છે. કુવંર ગામનાં લોકો ઘટના સ્થળે પહોંચ્યા. ચારણબાઈ દેવલ પણ ટોળામાં સામેલ છે. વચ્છરાજનું માથું કપાઈને પડ્યું છે. ભયંકર દ્રશ્યો જોઈ સહુ કંપી ઉઠ્યાં. ચારણબાઈનું અંગે અંગ ધ્રુજી રહ્યું છે. વચ્છરાજની અર્ધ પરણેતર બાઈ પણ દેવલબાની સાથે જ આવી છે. માથું અને ધડ ભેગા કર્યા. દેવલબાએ વચ્છરાજને સંબોધીને કહ્યું મારા વીરા તે તારો રાજપૂતી ધર્મ નિભાવ્યો. હવે હું મારો ચારણ ધર્મ નિભાવું, બોલ સજીવન કરી પરણેતર પુરૂ કરાવું. વચ્છરાજનું માથું બોલ્યું, માતાજી ખમૈયા કરો તમે મારું જીવતર ઉજાળ્યું છે. મારે જીવવાનાં અભરખા નથી, મને ગંગાજળની એક અંજલી આપી દો. એજ સ્થળે દેવલબાઈએ ગાયની ખરી જેટલી જમીન ખોતરી ત્યાં તો પાતાળમાંથી ગંગાજી પૃથ્વી ઉપર પધાર્યા. દેવલબાઈએ વચ્છરાજને ગંગાજળ પાયું. ગંગાજળની અંજલી પીને વચ્છરાજનો આત્મા અગમપંથે ઉપડી ગયો. જે સ્થળે પાતાળ ગંગા પ્રગટ્યા હતાં એ સ્થળે હાલમાં કુવો છે. વિ. સં. 1140નાં પોષ માસની સુદ આઠમનાં દિવસે આ વીર વચ્છરાજનું માથું ખોળામાં લઈ એની પરણેતર બાઈ ચિતા ખડકાવીને પરણેતર પુરૂ કરવા ઉપડી ગઈ. કચ્છનાં રણને અડીને આવેલા આ સ્થળે હાલમાં વચ્છરાજ સોલંકીનું મદિર, ધર્મશાળા અને ગૌ શાળા આવેલા છે. આટલાં વર્ષો પછી પણ લોકો સતીસૂરાને હજી યાદ કરે છે. હડકાયા કુતરા કરડે ત્યારે આ વાછડા સોલંકીનાં ચોખા જુવારની માનતા રાખવામાં આવે છે. હજી લોકોની શ્રધ્ધા અને વિશ્વાસ જળવાઈ રહ્યાં છે. ઝાલાવાડનાં ઝીંઝુવાડાથી પચ્ચીસેક કિલીમોટરને અંતરે આવેલું આ સ્થળ ગૌરક્ષક વચ્છરાજ સોલંકીની યાદ અપાવે છે.

ચોર્યાસી ડેરી

અંબાજી રોડ, સુરત @ **Tel.**: 2424241, 2425317

સ્થાપના : 21 ડિસેમ્બર 1939 @ **રજી. નં. :** 7988

સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા...

ચોર્યાસી ડેરી પરિવાર તેના ઉત્સાહિત સભાસદો, માનવંતા ગ્રાહકો, વેપારી ગ્રાહકો, એજન્ટો, વેપારી મિત્રો તથા શુભેચ્છકોએ 74 વર્ષથી સંસ્થામાં મુકેલ વિશ્વાસ અને આપેલ સહકાર બદલ સંસ્થાનાં સંચાલક મંડળ સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા પાઠવે છે.

Good Milk for Good Health

74 વર્ષોથી ગુણવત્તા અને વિશ્વાસનું એક માત્ર પ્રતિક 'ચોર્યાસી ડેરી'

કિરીટભાઈ આર. દેસાઈ [વાઈસ ચેરમેન] Cell : 98251 45980

નટુભાઈ બી. પટેલ [ચેરમેન] Cell : 97272 11177 @ **ભરતભાઈ પટેલ** [GM]



સમાજને યોગ્ય માર્ગદર્શન આપતી આચાર સંહિતાની જરૂરીયાત...

ક્ષત્રિય સમાજનો ઈતિહાસ ઉજ્જવળ રહ્યો છે. ત્યાગ, બલિદાન અને તપસ્યાનાં લીધે પૂર્વજોએ ગૌરવશાળી પરંપરા રચતા ક્ષત્રિય સમાજ હંમેશા પ્રજામાં આદરણીય રહ્યો છે. આ ભવ્ય અને ગૌરવશાળી પરંપરાનાં વારસદારો રાજપૂતો છે. સમય પરિવર્તનશીલ છે. ચડતી પડતી, તડકો છાયો, સુખ દુ:ખ એ કુદરતી ક્રમ છે. આજે સમાજ કયાં છે તેનો વિચાર કરીને વાસ્તવિકતાનો સ્વીકાર કરીએ. વિસરાય ગયેલી પરંપરા, ફરજ અને ધર્મને સતેજ કરવા સામૂહિક ચિંતન કરી તેનો અમલ કરવાં પ્રયત્નો કરવા જરૂરી છે. મહાભારત કાળ પછી સમાજની પ્રતિભા સર્વ ક્ષેત્રે ઝાંખી પડી રહી છે. તેનો અર્થ એવો નથી કે સમાજે કંઈ સિધ્ધિ પ્રાપ્ત કરી નથી. વ્યક્તિગત ક્ષેત્રે ઘણી મહાન હસ્તીઓ છે અને મહાન કહી શકાય તેવી સિધ્ધિઓ પણ મેળવી છે. સમષ્ટિની દૃષ્ટિએ સમાજે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ સંગઠનો બનાવી અવિરત કાર્યો કર્યા છે. સમાજને તેની ઉપયોગીતા પણ છે. આ બધુ હોવા છતાં પ્રવર્તમાન સમયમાં જે પ્રગતિ અન્ય સમાજમાં જોવા મળે છે, તેવી પ્રગતિ રાજપૂત સમાજ કરી શક્યો નથી. પછાત ગણાતા વર્ગોએ સંગઠીત બનીને આર્થિક અને રાજકીય રીતે મોટી તાકાત ઊભી કરી છે.જેનો પ્રભાવ સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે જોવા મળે છે. સમાજમાં અનેક તેજસ્વી મહાનુભાવો છે. એવું અન્ય ક્ષેત્રે પણ છે, પરંતુ લોકશાહીમાં સામુહિક શક્તિનો પ્રભાવ વિશેષ અને મહત્ત્વનો હોય છે. તે માટે શું કરવું જોઈએ ? શું ખૂંટે છે ? તેની પૂરતી કેવી રીતે કરવી ? રાજકીય રીતે સમાજ ક્યાં છે ? સામાજિક પરિસ્થિતિ શું છે ? વગેરે બાબતો અંગે ક્યાસ કાઢવાની અને કવાયત કરવાની જરૂર છે. વિજ્ઞાન દ્વારા જ્ઞાનની સીમાઓ વિસ્તરી રહી છે. પરિવર્તનશીલ જગત સાથે કદમ મીલાવવા જૂની માન્યતાઓ, કુરૂઢીઓ, અંધશ્રધ્ધાઓ, ભેદભાવ, ઈર્ષા, દ્વેષ અને અહંકાર છોડવા પડશે. આર્થિક કમજોરી છતાં મોભો સાચવવા ગજા ઉપરના કરાતા ખર્ચ તેમજ આડંબર દૂર થાય તે વિચારવું પડશે. રાજકીય ક્ષેત્રે અહમનો ટકરાવ, ભેદભાવ, સમાજ હિતને બદલે વ્યક્તિગત મહત્વ અને રાજકીય ક્ષેત્રે એક સુત્રતાનો અભાવ રહે છે. કન્યા કેળવણી અંગે દરેક પ્રસંગોએ સૌ કોઈ હિમાયત કરે છે, પરંતુ તે ક્ષેત્રમાં કેટલી પ્રગતિ થઈ ? અન્ય સમાજોએ કેટલી પ્રગતિ સાધી વગેરેની મુલવણી કરી પ્રયત્નો શરૂ કરવા જોઈએ. ટૂંકમાં આપણી કામ કરતી નાની મોટી સામાજિક સંસ્થાઓએ સાથે બેસીને બદલાતા પરિપ્રેક્ષમાં નવી કાર્યરેખા બનાવી તેના અમલ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવા નિષ્ઠાપૂર્વક પરિશ્રમ કરવાની જરૂર છે. ભૂતકાળમાં આવા પ્રયાસો થયા છે. સમાજને યોગ્ય રાહ પર લાવવા પ્રયત્નો અવિરતપણે ચાલુ જ રહેવા જોઈએ. સમાજનાં અગ્રણીઓ કંઈક આયોજન કરે અને તેનો અમલ થાય તે સમયની માંગ છે. સમયની માંગને પુરી કરવા જુદી જુદી સંસ્થાનાં વડાઓ સાથે બેસી સમાજને યોગ્ય રાહ બતાવે. આચાર સંહિતા બનાવી તેનો સમાજ પાસે અમલ કરાવી સમાજ સેવાનું પુણ્ય કાર્ય કરે. આયોજન ઘણી વખત થયાં, હવે તેનો અમલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ કાર્યમાં મહિલા અને યુવાશક્તિનું યોગદાન જરૂરી છે. સમાજનાં રાજકીય અગ્રણીઓ પરસ્પર મતભેદ, પક્ષપાત વગેરે ભૂલીને સમાજ ચિંતન કરે અને સહયોગ સાધી અરસ પરસ સમાજ ભાવના પ્રદીપ્ત કરે તેવી અપેક્ષા છે.



રાજપૂત સમાજનાં વિકાસ માટે શું કરવું જોઇએ ?

કોઈપણ સમાજનાં વિકાસ માટે તે સમાજનાં વ્યક્તિઓ વચ્ચે આત્મીયતા એ પ્રથમ સોપાન છે. આત્મીયતાનો ઉદ્‌ભવ ત્યારે જ શક્ય બને, જ્યારે સમાજનું ખૂબ નજીકથી મિલન થતું રહે. માણસ અન્યને ખૂબ નજીકથી મળે ત્યારે જ એક બીજાનાં સુખ દુ:ખનો અનુભવ કરી શકે છે. સમાજનાં મોટા મેળાવડા થતા હોય છે, તેમાં માત્ર મિલનની ઔપચારિકતા જ હોય છે. સ્ટેજ પર બેઠેલા આગેવાનો પોતાના વિચારો રજૂ કરે છે અને સામે બેઠેલા સાંભળતા હોય છે. આવા કાર્યક્રમો સમાજની આત્મીયતા સાધવામાં બહુ ઉપયોગી થતાં નથી. ક્યારેક કોઈનાં મનમાં દ્વેશ પેદા કરે છે. માણસનો અહમ ઘવાય છે. જયારે સમાજનાં અમુક વ્યક્તિ સ્ટેજ ઉપર આગળ બેઠેલા હોય છે ત્યારે છેવાડે બેઠેલા વ્યક્તિમાં જાણે અજાણે ઈર્ષા ભાવ પેદા થાય છે. ખરી આત્મીયતા ત્યારે થાય છે જ્યારે એક પંગતમાં સાથે બેસવાનું થાય. પંગત એટલે એક જાજમ ઉપર બેસવું. જ્યાં કોઈ એક વ્યક્તિ કેન્દ્રમાં ન હોય, પણ બધા જ જાણે એક માળાના મણકા હોય તેવો ભાવ રાખીને દરેક વ્યક્તિ પોતાના વિચારો રજૂ કરી શકે. તેમ છતાં નાના મોટાનો ભેદ રહેવાનો, પણ સમાજનાં દરેક વ્યક્તિ એક પંગતમાં ભોજન માટે બેસે ત્યારે ખૂબ જ આત્મીયતાનું વાતાવરણ ઉદ્‌ભવે છે. પછી સમાજ માટે સમર્પણ ભાવ પેદા થાય છે. મનમાં મારો સમાજની ભાવના પેદા થવાથી સમાજ માટે કંઈક કરવાની ઈચ્છા ઉદ્‌ભવે છે. પછી વ્યક્તિ સમાજ નિર્માણનાં કાર્યમાં જોડાય છે. સમાજ નિર્માણનાં કાર્યમાં જોડાવું એટલે સમાજની દરેક પ્રવૃત્તિમાં તન,મન અને ધનથી મદદ કરવી. જે વ્યક્તિ પાસે ધન હશે તે સમાજની સંસ્થાઓનાં નિર્માણ માટે ધન અપાશે. જે વ્યક્તિ પાસે ધન નથી તે મનથી સમાજ માટે ઉત્તમ વિચારો રજૂ કરશે. સમાજનાં કોઈ કાર્યને ખોટી રીતે મુલવશે નહીં. જોયા જાણ્યા વગર સમાજ માટે કામ કરતી વ્યક્તિને વગોવશે નહીં. જે વ્યક્તિ તનથી સશક્ત છે તે સમાજનાં કોઈપણ કાર્ય માટે શારિરીક શ્રમ કરવાનો સમય ફાળવશે. આમ સમાજનાં વિકાસ માટે તન મન અને ધનથી મદદ કરનાર કાર્યકર્તા દ્વારા જ સામાજિક સંસ્થાઓ ચાલે છે. સામાજિક સંસ્થામાં કામ કરનાર કાર્યકર્તા બરફ જેવો ઠંડો, ખાંડ જેવો ગળ્યો તેમજ વિશ્વાસુ અને શ્રધ્ધા રાખનાર હોવો જોઈએ. આમ સામાજિક સંસ્થાઓ કાર્યકર્તાનાં એક પાયા ઉપર જ ચાલે છે. સામાજિક સંગઠનનાં આગેવાનોની ઉચ્ચ ભાવના સમાજ સંગઠનો ઉભા કરવાની પ્રેરણા આપે છે. આમ સમાજ વિકાસની સ્વૈચ્છીક જવાબદારી તે સ્વીકારે છે. અહમ કે મોટાં થવાની ઈચ્છા થકી જો સમાજીક હોદ્દા ઉપર ચીટકાઈ રહે તો આવા આગેવાનો સમાજનું અહિત કરે છે. અંતમાં સમાજનાં વિકાસ માટે નેતૃત્વ કરનાર આગેવાનોએ સમાજને જોડવાનો છે તો જ સમાજ વિકાસમાં રંગત આવશે. ભેગા થવું શરૂઆત છે, ભેગા બેસવું પ્રગતિ છે અને ભેગા કામ કરવું તે સફળતાં છે.

સમૃદ્ધ સમાજ માટે સ્ત્રી શિક્ષણનું મહત્વ

સંસારમાં દરેક બાળકનો ઉત્તમ ઉછેર થાય અને શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરે તેવી ઈચ્છા મા બાપને હોય છે. પોતાની તમામ તાકાત બાળકનાં સર્વાંગી વિકાસ પાછળ ન્યોછાવર કરે છે. દરેક વિપરીત પરિસ્થિતિનો સામનો કરી તેઓ બાળકને શ્રેષ્ઠ શિક્ષણ પૂરું પાડવા દિવસ રાત મહેનત કરે છે. તેમનો એક માત્ર ધ્યેય દીકરી કે દીકરાનું ભવિષ્ય ઉજળું બનાવવાનો હોય છે. ભવિષ્ય ઉજળું બનાવવાની સાથે એક સ્વાર્થ પણ સંકળાયેલો હોય છે. તે સ્વાર્થ સ્વ માટે નહીં, પણ કુટુંબ અને સમાજની શાખ વધે તેમજ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ પોતાનો દીકરો કે દીકરી સમગ્ર કુટુંબ, સમાજ અને દેશનો તારણહાર બને તેવી અભિલાષા માબાપને હોય છે. દીકરો કે દીકરી ડૉકટર, એન્જીનિયર, અધિકારી, ઉદ્યોગપતિ, વૈજ્ઞાનિક કે વકીલ બને તેવી ઈચ્છા અને સ્વપ્ન દરેક માબાપનું હોય છે. પોતાનો દીકરો કે દીકરી એક સારો સમાજ સેવક બને અને વિશિષ્ટ વ્યક્તિ બનવાની સાથે એક સારો દાતા પણ બને તેવું સ્વપ્ન ભાગ્યે જ કોઈ માતા પિતા જોતા હશે. કારણ એક ખોટો ખ્યાલ કે સમાજ સેવાથી શું લાભ ? પૈસાનો વ્યય, સમયની બરબાદી, અપજશનાં જુતા વગેરે. જીવનની શ્રેષ્ઠ સફળતા અને સાર્થક ઉન્નતિ એટલે ભણતર પછીનું ગણતર. આ ગણતર એટલે જે કાંઈ ઈશ્વર કૃપાથી અને પોતાની મહેનતથી પ્રાપ્ત કર્યું છે તેનો ઉપયોગ કુટુંબ અને સમાજ માટે કરવો તે જીવનની શ્રેષ્ઠ પળો છે. પામેલામાંથી વાપરવાની જે મજા છે તે ફકત ભેગું કરવામાં નથી. સમયની સાથે ચાલવા કરતા, સમયને પોતાની સાથે ચાલવા મજબૂર કરે તે વ્યક્તિ જ સફળ બની શકે. સમય નથી બદલાયો, પરંતુ માણસ બદલાયો છે. માણસનું મન બદલાયું છે, વિચારધારા બદલાઈ છે, રહેણી કરણી બદલાઈ છે, ધ્યેયો બદલાયા છે. સમય એ જ છે, જે બદલાયું છે તે સમજદારીની વ્યાખ્યાઓ બદલાઈ છે. દરેક બાબતોમાં સ્ત્રીની ભૂમિકા અગત્યનો ભાગ ભજવે છે. બાળકનાં જન્મ સાથે તેનામાં સંસ્કરોનું સિંચન કરવાની ફરજ માતાની છે. માતા ત્યારે જ બાળકમાં સારા સંસ્કારોનું સિંચન કરી શકે, જ્યારે પોતે સાક્ષર હોય. સાક્ષરતા હોવી અત્યંત આવશ્યક છે, પરંતુ સાથે પીઢતા અને સમજદારી પણ અતિ આવશ્યક છે. સમાજમાં સારા અને સમજુ નાગરિકો ત્યારે જ ઊભા થાય જ્યારે સમાજની માતાઓ શિક્ષિત હોય. સ્ત્રી શિક્ષણનું પ્રમાણ જે સમાજમાં ઉચ્ચ ટકાવારીએ હશે તેટલો તે સમાજ સમૃદ્ધ હશે. વ્યક્તિ બાલ્યાવસ્થામાં હોય ત્યારે માતા ઉચ્ચ મૂલ્યોનાં સિદ્ધાંતોનું સિંચન અને સમર્પણની ભાવનાનું પ્રત્યારોપણ કરે છે. બાળક જ્યારે સુસંસ્કરો દ્વારા પ્રાપ્ત ઉચ્ચ મૂલ્ય આધારિત સિંદ્ધાંતોને અમલમાં મુકે છે ત્યારે જ સફળ અને મહાન વ્યક્તિ બને છે. એટલે જ કહ્યું છે કે દરેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રી હોય છે.

સ્ત્રીત્વ : વિરાટ નારી શક્તિને આત્મગૌરવ આપતા ઉત્કર્ષનાં નિર્ણયોથી સમાજમાં ક્રાંતિ આવી રહી છે. મહિલા શક્તિનાં સામાજિક દરજ્જા વિશે થોડું જાણીએ, વિચારીએ અને મંથન કરી એનાં સ્ત્રીત્વને સ્વીકારીએ. સ્ત્રીઓનો સામાજિક દરજ્જો સમાજ જીવનનાં વિભિન્ન ક્ષેત્રો સાથે સંબંધિત છે. સ્ત્રીઓનાં હક્કો સમાજ દ્વારા સ્વીકૃત અને કાનૂન દ્વારા માન્ય છે. સમાજ જીવનમાં કુટુંબ, લગ્ન, મિલકત, શિક્ષણ, ધર્મ વગેરે ક્ષેત્રોમાં સ્ત્રીઓને પ્રાપ્ત થયેલ હક્કો નિર્દેશિત કર્યા છે. ઐતિહાસિક અને આધુનિક સમયમાં સમાજ વ્યવસ્થા પુરુષ પ્રધાન રહી છે. પશ્ચિમી પરિવર્તન અને સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ ભારતમાં પણ કેટલાક સામાજિક પરિવર્તનો થયાં અને કાનૂની જોગવાઈ કરવામાં આવી. સ્ત્રીઓનો દરજ્જો બહુચર્ચિત અને વિવાદાસ્પદ બાબત છે. પ્રત્યક્ષ વ્યવહારોમાં જે પરિવર્તન જોવા મળે છે તે ઉપરછલ્લું જ પુરવાર થયું છે. શિક્ષિત અને આર્થિક સ્વાવલંબન ધરાવતી સ્ત્રીઓનાં દરજ્જામાં પણ નહિવત્ સુધારણા થઈ છે.

સ્ત્રીઓનાં નિમ્ન દરજ્જા અંગેનાં કારણો :

1. સ્ત્રીઓ સતત કામ કરે છે છતાં તેને વર્કિંગ ફોર્સ ગણવામાં આવતી નથી. દુનિયાનાં કામનાં કુલ કલાકમાંથી 2/3 કલાક સ્ત્રીઓ કામ કરે છે, જેનું તેને કોઈ પ્રકારનું આર્થિક વળતર મળતું નથી.
2. સમાન આર્થિક વળતરનો કાયદો હોવા છતાં કોઈપણ દેશમાં આ કાયદાનું ચુસ્ત પાલન થતું નથી.
3. રાષ્ટ્રની કુલ સંપત્તિ અને સ્થાવર મિલકતમાં સ્ત્રીઓની માલિકી ફક્ત 5% જેટલી અલ્પ પ્રમાણમાં છે.
4. સ્ત્રીઓનું પોતાની આવક પર વર્ચસ્વ નથી. મોટા ભાગની વ્યવસાય કરતી સ્ત્રીઓનો આવક પર કોઈ અધિકાર નથી. તેની આવક પર પુરુષનું વર્ચસ્વ હોય છે. આમ તે કામ કરતી હોવા છતાં પુરુષ જેટલું આર્થિક સ્વાવલંબન કે સ્વતંત્રતા ધરાવતી નથી.
5. સ્ત્રીઓનાં શિક્ષણને એક સામાજિક સમસ્યા તરીકે જોવામાં આવે છે, સમસ્યા નિવારણનાં ઉપાય તરીકે નહીં.
6. પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓ પ્રત્યે કુટુંબમાં સૌથી વધુ અસમાનતા જોવા મળે છે. પુત્રી, પત્ની, માતા કે અન્ય વિવિધ ભૂમિકાઓ તે જેટલી નિષ્ઠાથી અદા કરે છે તેટલી તેની કદર થતી નથી.
7. સ્ત્રીનાં દરજ્જા માટે સ્ત્રી ખુદ જવાબદાર છે કારણ કે સદીઓથી સ્ત્રીએ પોતાના નિમ્ન સ્થાનને સ્વીકાર્યું છે. સ્ત્રીઓમાં પોતાના સામાજિક સ્થાન અંગે જાગૃતિનો અભાવ જોવા મળે છે.

સ્ત્રીઓનાં દરજ્જા પર ઐતિહાસિક દૃષ્ટિપાત :

સમૃદ્ધ અને આધુનિક દેશોમાં સ્ત્રીઓએ પોતાના સામાજિક દરજ્જા અંગે સતત લડત આપવી પડી છે.

1. ભારતનાં વૈદિક કાળમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો ઊંચો હતો.
2. અનુવૈદિક કાળમાં સ્ત્રીઓએ આ સ્થાન ગુમાવ્યું.
3. ભારતમાં 8મી સદીથી છેક 1947 સુધી સ્ત્રીઓ માટે અંધકાર યુગ આવ્યો. મુસ્લિમ આક્રમણકારોનાં કારણે સામાજિક દરજ્જા પર વિપરીત અસરો પડી.
4. બ્રિટિશકાળ દરમિયાન અને ગાંધીજી ભારતની ક્ષિતિજ પર આવતા એમણે સ્ત્રીનું સ્થાન પુરુષો સમકક્ષ મુક્યું.
5. સ્વતંત્રતા પ્રાપ્તિથી આજ સુધી ગાંધીજી અને નહેરૂની મહેનત છતાં સ્ત્રીઓ ગુલામીનો દરજ્જો ભોગવતી રહી છે.

સ્ત્રીઓનાં દરજ્જા પર વર્તમાન દૃષ્ટિપાત :

01. દહેજ દ્વારા સ્ત્રીનું ખરીદ વેચાણ થાય છે.
02. સ્ત્રીનો પોતાના શરીર પર આધિકાર નથી.
03. 20મી સદીમાં પણ ગર્ભપાત માટે પતિની સહી અનિવાર્ય છે.
04. સ્ત્રીનો એક વસ્તુ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.
05. પુરુષોની સરખામણીમાં વ્યવસાય કરતી સ્ત્રીઓ બેવડી ભૂમિકા ભજવેછે.
06. સ્ત્રીએ શિક્ષણ પણ 'મેરેજ માર્કેટ'ને ધ્યાનમાં રાખીને લેવાનું હોય છે.
07. શિક્ષણ મેળવવાનો કોઈ વિશેષ ઉદ્દેશ નથી. લગ્નનાં બજારમાં પોતાની કિંમત વધારવા સુંદર દેખાવું વગેરે પ્રયુક્તિઓ અજમાવવી પડે છે.
08. સામાજિક મૂલ્યોમાં બેવડાં ધોરણો પ્રવર્તે છે, જેનો સ્ત્રી ભોગ બને છે.
09. કાયદાએ મતાધિકાર આપ્યો છે, સ્ત્રીએ કોને મત આપવો તે પતિ નક્કી કરે છે.
10. આર્થિક વ્યવહારો અંગે તે સ્વતંત્રતા ધરાવતી નથી.
11. ''સ્ત્રી પોતે જ સમજતી નથી કે પોતે ગુલામ છે.'' સ્ત્રીઓમાં જાગૃતિ આવે અને શિક્ષિત બને તો જ આ દશામાંથી મુક્ત થાય.

પરંપરાગત સંસ્કૃતિ પણ આનાં માટે જવાબદાર છે. ભારતીય સંસ્કૃતિમાં પતિવ્રતા, પતિની દાસી, સતી વગેરે સ્ત્રીનાં વખાણવા લાયક ગુણો માનવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મમાં સ્ત્રીનાં બે વિરોધભાસી સ્વરૂપ છે. દેવી અને ગુલામ સ્ત્રી. ભારત દેશમાં મહિષાસુર મર્દિની કાલિકા, ચંડમુંડનાશક દુર્ગા કે મહિરાવણનો નાશ કરનાર દેવીઓ સ્ત્રીશક્તિ તરીકે પુજાય છે. આપણા દેશમાં સંખ્યાબંધ શક્તિ પીઠો છે, જ્યાં દેવીની પૂજા થાય છે. બીજી બાજુ સ્ત્રીને એક માનવ તરીકે પણ જોવામાં આવતી નથી. આપણી સંસ્કૃતિ અને ધર્મમાં આવા બેવડા ધોરણો નૈતિકતાનાં સંદર્ભમાં જોવા મળે છે. 8 માર્ચને 'વિશ્વ મહિલાદિન' તરીકે ઉજવીને મહિલા જાગૃતિનું અભિયાન ચલાવ્યું, છતા સ્ત્રીઓનાં દરજ્જામાં કોઈ પરિવર્તન થયાં નથી. જે નીચેની બાબતો પરથી સાબિત કરી શકાય.

1. 'કન્યાદાન' વખતે પિતા સ્ત્રીને અંકુશમાં રાખવાનો હક્ક ટ્રાન્સફર કરે છે.
2. પ્રસૂતિપીડા સ્ત્રી સહન કરે છે, પણ બાળકનો વાલી હંમેશા પિતા ગણાય છે.
3. સ્ત્રીઓનાં દરજ્જામાં જે પરિવર્તન જોવા મળે છે તે 'સભ્યતા' નું છે. 'સંસ્કૃતિ'નું નહિં.
4. સ્ત્રી વધું કમાતી હોવા છતાં તેના પર બેવડી જવાબદારીઓ હોય છે.
5. સ્ત્રીને હંમેશા પુરુષો કરતાં નિમ્ન ગણવામાં આવે છે.

આમ ઉપરનાં તારણોથી સ્પષ્ટ કહી શકાય કે જે પરિવર્તનો જોવા મળે છે તે વાસ્તવિક નથી, પરંતુ આભાસી છે. જો સ્ત્રી પુરુષનાં સામાજિક ધોરણો સમાન થાય તો જ સ્ત્રીઓનો દરજ્જો સુધરી શકે અને તે સ્ત્રી શિક્ષણ વિના શક્ય નથી.

સ્ત્રીઓનાં દરજ્જામાં પરિવર્તન લાવવાનાં પ્રયાસો :

સ્ત્રીનાં દરજ્જામાં પરિવર્તન લાવવા ત્રણ પ્રકારની વિચારસરણી પ્રવર્તે છે.
1. સંપૂર્ણ નારીવાદી : જે પુરુષ વિરોધી છે.
2. નારી ઉત્થાન માટેનાં પ્રયાસો.
3. નારીનો દરજ્જો નીચો પાડનાર દરેક વસ્તુનો વિરોધ.

આ પરિવર્તનોમાં નારી સંગઠનો મહત્ત્વનો ભાગ ભજવે છે.

નારી સંગઠનો :

સ્ત્રી પુરુષનાં સમાન અસ્તિત્વની સ્થાપના કરવા વૂમન લિબરેશન મુવમેન્ટ એટલે કે સ્ત્રી સ્વાતંત્ર્ય ચળવળની શરૂઆત થઈ. ત્યારબાદ ભારતીય મહિલા સંગઠનની સ્થાપના થઈ. હાલનાં સમયમાં સ્ત્રી જાગૃતિ અભિયાન અંતર્ગત દરેક દેશ, જિલ્લા અને જ્ઞાતિનાં મહિલા સંગઠનો સક્રિય છે. આ શુભકાર્યમાં રાજપૂત સમાજ પણ પાછળ નથી. 'ગુજરાત રાજપૂત મહિલા સંઘ' દ્વારા દરેક જિલ્લા કક્ષાએ પણ મહિલા જાગૃતિ અભિયાન ચાલી રહ્યુ છે. જેનો મુળ ઉદ્દેશ મહિલાઓમાં એકતા, આત્મવિશ્વાસ, કેળવણી, સંસ્કારિતા તથા ઉચ્ચ શિક્ષણનું આરોપણ છે. હાલમાં ગુજરાત સરકાર દ્વારા સ્વસ્થ દીકરી, સ્વસ્થ માતા, સ્વસ્થ સમાજનાં ધ્યેય સાથે મહિલાઓને જ્ઞાન, આરોગ્ય અને પોષણ આપવાનું અભિયાન શરૂ થયેલ છે.

ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો સુધારવા માટે તબક્કાવાર પ્રયત્નો થયાં :

1. પહેલો તબક્કો 19મી સદીથી થયો. રાજા રામમોહન રાયે ભારતમાંથી સતીપ્રથા, વિધવા પુનર્લગ્ન, બાળલગ્ન વગેરે અનિષ્ટો ડામવા પ્રયાસો કર્યા.
2. 19મી સદીનાં મધ્યભાગથી અલ્પ પ્રમાણમાં સ્ત્રીઓ શિક્ષણ લેતી થઈ અને પોતાનાં દરજ્જા પ્રત્યે સભાનતા આવી.
3. સ્વતંત્રતા બાદ સ્ત્રીઓની તરફેણમાં લગ્ન, મિલકત વગેરે કાયદાઓ અમલમાં આવ્યાં. સ્ત્રી રાજકીય નેતૃત્વ ધારણ કરી શકી. આઝાદી પછી નહેરુએ સ્ત્રી શક્તિની નવી પરંપરા આગળ ચલાવી, જેનાં પરિણામ સ્વરૂપે સ્ત્રીઓ વડાપ્રધાન, રાજ્યપાલ, પાયલોટ, મુખ્યમંત્રી અને અવકાશ યાત્રી બની શકી છે.

સ્ત્રીઓનાં દરજ્જાને ઊંચે લઈ જતાં સહાયક પરિબળો :

શિક્ષણ : નારી ઉત્કર્ષ માટે કન્યા કેળવણીની ભૂમિકા કેન્દ્રસ્થાને છે. 1854માં 25000 કન્યાઓ શાળાએ જતી હતી, ત્યારબાદ સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું, પરંતુ સંપુર્ણ નારી ઉત્થાનની વાતો ત્યારે જ કરી શકાય જ્યારે આ ચિનગારી ગ્રામ્ય ક્ષેત્રમાં પહોંચે.

પાયાનાં શિક્ષણની અગત્યતા :

1. દેશને અને સમાજને વધારે સુરક્ષિત તથા ન્યાયયુક્ત બનાવવા નારી સમુહને શિક્ષિત બનાવવો પડશે.
2. અધિકૃત અભ્યાસે સ્પષ્ટ કર્યું છે કે સ્ત્રીઓની સાક્ષરતાને કારણે કુટુંબ તથા બહારનાં નિર્ણયો લેવામાં સ્ત્રીઓનું યોગદાન માનથી જોવાય છે.
3. સ્ત્રીભૃણ હત્યા થતી અટકાવવા શિક્ષણ જરૂરી છે.
4. સ્ત્રી કેળવણી અને ભણતરથી બાળમરણનો દર ઓછો થાય છે.
5. સ્ત્રી પાસે પાયાનું ભણતર હશે તો તે આરોગ્યની જાળવણી તથા રોગચાળો અટકાવવામાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે.
6. પાયાનું ભણતર હશે તો ગ્લોબલાઈઝેશનનાં જમાનામાં ઉત્પાદન અને ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.
7. પાયાનાં ભણતરથી કાયદેસરનાં હક્કો વિશેની સમજણ અને મેળવવાની ક્ષમતા અંગે સભાન બનશે. પાયાનું શિક્ષણ માત્ર કાર્ય કુશળતાનો વિકાસ કરવાની વ્યવસ્થા નથી,એ તેની વિવિધતા અને સમૃદ્ધિ સાથેની ઓળખ છે.

બંધારણીય જોગવાઈ : 1829માં સતીપ્રથા નાબૂદી કાયદો, 1856માં વિધવા પુનઃલગ્ન કાયદો અને 1937માં રાઈટ ટુ પ્રોપર્ટી એક્ટ તથા 1955માં પત્નીને છુટાછેડા લેવાનો અધિકાર મળ્યો. ભારતનાં બંધારણ બાદ સ્ત્રીઓને સમાન અધિકાર પ્રાપ્ત થયાં, પરંતુ સામાજિક વાસ્તવિકતા જુદી છે. કાયદાઓ હોવા છતાં સ્ત્રીને સળગાવી દેવામાં આવે કે મારકુટ થાય છે. દહેજ માટે શોષણ થાય છે. મિલકતોમાં સ્ત્રીઓ હક્ક લેતી નથી અને પૈતૃક સંપત્તિમાં હક્ક માગતી નથી. પુરુષ પ્રધાન સમાજ આજે સ્ત્રીઓને શિક્ષિત કરવા જાગૃત બન્યો છે, ત્યારે સ્ત્રીઓએ તકનો લાભ લઈ આર્થિક રીતે નિર્ભર બનવા શિક્ષિત બનવું પડશે. રાજપૂત સમાજનાં દરેક ઘરમાં સ્વતંત્રતાની જેવી જેહાદ જાગી હતી તેવી શિક્ષણ જાગૃતિની જેહાદ જગાવવી પડશે. જ્યાં જાગૃતિ છે ત્યાં જ પ્રકાશ અને વિકાસ છે. રાજપૂતાણીઓ પાસે સંસ્કાર અને સંસ્કૃતિ છે. એમાં શિક્ષણ ભળશે પછી સમાજને ઉન્નતિનાં શિખર પર બિરાજતા કોઈ રોકી શકશે નહી.

નારી ઉત્કર્ષ વિશે જાગૃત બન્યા પછી થોડાં માનસિક સંકલ્પો કરીએ...

1. સ્ત્રી તરીકેનાં અસ્તિત્વનું માન રાખવું અને જાળવવું.
2. સમાનતા અને ન્યાય માટે સદા જાગૃત રહેવું.
3. સ્ત્રી તરીકેની સંપૂર્ણ ફરજો બજાવવી અને હક્કો મેળવવા તૈયાર રહેવું.
4. સદા પરુષ વર્ગનાં પૂરક બની, સમાન છેડે ઊભા રહેવું.
5. સ્વતંત્રતાને સ્વચ્છંદતામાં ન પરિણમવા દેવી.
6. આત્મનિર્ભર અને આર્થિક નિર્ભર બનવું.
7. જીવનમાં વિશ્વાસને ડગવા ન દેવો.
8. શિક્ષિત સ્ત્રીઓએ બીજી નિરક્ષર સ્ત્રીઓને મદદ કરી જાગૃતિ ફેલાવવી.

એક શિક્ષિત માતા સો શિક્ષક બરાબર છે. શિક્ષિત બની કુટુંબ, સમાજ અને દેશને સમૃદ્ધ તથા ઉન્નત બનાવવામાં સહભાગી બનીએ.

ખુબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાણી થી...

લક્ષ્મીબાઈ સ્વતંત્રાની જળહળતી દીપશિખા શૌર્યની પ્રતિમા માત્ર ભારતની જ નહીં, પરંતુ વિશ્વની વીરાંગનાઓમાંની એક છે. એ અબળા નહી સબળા હતી, કોમળ નહી વિરાંગના હતી, રમણી નહી રણચંડી હતી. નામ ભલે લક્ષ્મી હતું, પણ આ દેશના સંતાનો એને લક્ષ્મીદેવી નહી શૌર્યદેવી માને છે. ઈ.સ. 1857નો સ્વતંત્રતા સંગ્રામ ન લડાયો હોત તો ઝાંસીની રાણી જોવા ન મળી હોત. સત્તાવનનાં સ્વતંત્રતા સંગ્રામની એ રણદેવી હતી. આ સંગ્રામમાં યુધ્ધની મોરચાબંદી, સેનાનું નેતૃત્વ, વીરતા, પ્રચંડતા અને રણવિદ્યામાં લક્ષ્મીનો જોટો જડે એમ નથી. એણે કાયરોને વીર બનાવ્યાં, પથ્થરોમાં પ્રાણ પુર્યા. એની સેનામાં વીરો હતાં અને વિરાંગનાઓ પણ હતી. 18 જૂન 1857 નાં રોજ લક્ષ્મીએ પ્રભાતે સ્નાન કર્યું અને દત્તક પુત્ર દામોદરને પીઠ પાછળ બાંધી એ મહાકાળી બની ગઈ. બન્ને હાથમાં તલવાર અને અશ્વ પર સવાર હતી. મારો કે મરોનાં દ્રઢ સંકલ્પ સાથે પ્રચંડ ઝંઝાવાતની જેમ અંગ્રેજ સેના પર તુટી પડી. ભૂમિસેના પાછળ તોપસેના હતી. ભયાનક સંગ્રામ શરૂ થયો. તોપસેનાની જુહીએ અંગ્રેજ સેનાને નિશાન બનાવ્યું. અંગ્રેજ તોપોનાં આગ ઓકતા ગોળા બરફની જેમ ઠંડા પડવા લાગ્યાં. આ જ વખતે ગ્વાલિયરની મરાઠી સેનાએ રાણીને દગો દીધો. ગ્વાલિયરની સેના અંગ્રેજો સાથે મળી ગઈ. લક્ષ્મી સ્તબ્ધ બની, પણ ધૈર્ય અને સાહસ ન છોડયા. ઘાસની જેમ એ અંગ્રેજ સૈનિકોને કાપવા લાગી. તોપદળનો અધિકાર ગુમાવતા જુહી તલવાર ખેંચી ચંડીની જેમ લડવા લાગી અને વીરગતિ પામી. મહારાણી લક્ષ્મીએ તુરંત પેંતરો બદલ્યો. એ તોપખાનાનો કબ્જો મેળવવા ઘસી અને કર્નલ સ્મિથે રાણીને બંને બાજુથી ઘેરી લીધી. દાંતોની વચ્ચે ઘોડાની લગામ લઈ વિરાંગના લક્ષ્મી અંગ્રેજોને કાપવા લાગી, જાણે મહિષાસુર મર્દીની જોઈ લો. અંગે અંગમાંથી રકતની ધારાઓ છુટી, એણે ઘોડાને એડી મારી પણ ઘોડો રણમેદાનનો અભ્યાસી ન હોવાથી લક્ષ્મી ઘોડા પરથી પડી ગઈ. ત્યારેજ એક અંગ્રેજે તલાવરથી ભરપુર પ્રહાર કર્યો. રાણીનું અડધું મસ્તક છેદાઈ ગયું. રકતનો ફુવારો છૂટ્યો. છતાં પોતાની તલવારનાં પ્રહારથી અંગ્રેજનાં એણે બે ટુકડા કરી નાંખ્યા. ગુલ મોહમ્મદે પોતાની પિસ્તોલમાંથી અંગ્રેજ પર ગોળી છોડી. રાણીનાં અંગરક્ષક ગુલ મોહમ્મદે અનેક અંગ્રેજોને કાપી નાંખ્યા અને અંગ્રેજ સેના પાછી હટી ગઈ.

રાષ્ટ્રનાં વિકાસ અને સલામતી માટે ગેરેંટેડ એક્શન પ્લાન

ડો. જયેન્દ્રસિંહ જાડેજા

PID નંબરની ફાળવણી :

1. સમગ્ર ભારતની દરેક વ્યક્તિને અજોડ PID નંબર એટલે કે પર્સનલ આઈડેન્ટી નંબરની ફાળવણી કરવામાં આવે, જે સમગ્ર વિશ્વમાં માત્ર એક જ વ્યક્તિને આપેલ હોય. ઈન્ટરનેટ દ્વારા જે તે વ્યક્તિની તમામ માહિતી મળવી જોઈએ.
2. દરેક વાહનની તમામ વિગતો ઈન્ટરનેટ દ્વારા પોલીસ કોન્સ્ટેબલ કે સરકારી કર્મચારીને ઉપલબ્ધ કરવામાં આવે.
3. ટ્રાફિક પોલીસ ખાતામાંથી ભ્રષ્ટાચાર દૂર કરવા માટે ''ટ્રાફિક રૂલ્સ'' મોનીટર કરવાની ફરજમાંથી પોલીસને સંપૂર્ણ દૂર કરી તેની જગ્યાએ સ્પીડ કેમેરા, CCTV તથા ટ્રાફીક વોચ કેમેરાનો ઉપયોગ કરી, નિયમોનો ભંગ કરનાર તમામવાહનોની નંબર પ્લેટ પરથી તેના માલીકોનાં ઘરે દંડની રકમનાં બીલ મોકલવામાં આવે.
4. હાઈવે પરનાં પોલીસ ચેકપોસ્ટ ટોલ ટેક્સની સાથે જ ગોઠવવામાં આવે. ટોલ ટેક્ષનાં ગેટ ઉપરનાં CCTV તથા ટ્રાફિક વોચ કેમેરાઓનો ઉપયોગ કરી તેનું સતત પૃથક્કરણ કરવામાં આવે.
5. હોટેલ/ગેસ્ટ હાઉસોનાં બુકિંગ તેમજ મકાન ભાડે તથા વેચાણ આપતી વખતે PID નંબરને આધારે વ્યક્તિની ઓળખ કરવાનો નિયમ ફરજીયાત કરવામાં આવે.
6. એલર્ટ, હાઈ એલર્ટ, રેડ એલર્ટની ચોક્કસ વ્યાખ્યા નક્કી કરવામાં આવે. વિવિધ એલર્ટ જાહેર થાય ત્યારે પોલીસ, બીજી સિક્યુરીટી એજન્સીઓ, તમામ સરકારી કર્મચારીઓ, સ્કૂલ કોલેજો, હોસ્પિટલો, પ્રાઈવેટ સંસ્થાઓ, કંપનીઓ, થીયેટરો તથા આમ પ્રજાએ શું કરવાનું છે તેનો એગ્ઝેટ પ્રોટોકલ નક્કી કરી, અમલ થાય તે જોવાની ફરજ સરકારની છે. પોલીસ તથા સીક્યુરીટી એજન્સીઓ અમલવારી ન કરે તો કડક શિક્ષાત્મક પગલાઓ ભરવા જોઈએ.
7. પોલીસ તથા અન્ય સીક્યુરીટી એજન્સીની દૂર સંચાર પ્રણાલીને આધુનિક બનાવવાની જરૂર છે. કોઈપણ મેસેજ માત્ર 1 મિનિટમાં હજારો કર્મચારીઓ સુધી સરળતાથી પહોચવો જોઈએ.

NC અને PID નંબરની ફાળવણી :

ભારતનાં દરેક વ્યક્તિને એક નેશનલ સીટીઝન નંબર અથવા પર્સનલ આઈડેન્ટી નંબર ફાળવવામાં આવે, જે બીજા અન્ય કોઈપણ વ્યક્તિનો ન હોય. PID કાર્ડમાં એક ચીપ રાખવી, જેમાં વ્યક્તિની તમામ વિગતો સામેલ હોય. વ્યક્તિનું પુરું નામ, જન્મ તારીખ, મૂળ વતન, તાલુકો, જિલ્લો, હાલનું સરનામું, ફોન નંબર, મોબાઈલ નંબર, ઈમેલ, ફોટો, આંગળાનાં નિશાન, બીજા બાયોમેટ્રીક ઓળખ ચિન્હો, નજીકનાં સગાઓનાં નામો, પોલિસ ફરીયાદ વિશે વ્યક્તિનો ખુલાસો, લગ્ન કે છુટાછેડા, પરિવારનાં સભ્યો, શૈક્ષણિક લાયકાત, મિલ્કત તથા આવક વગેરે તમામ વિગતો કોમ્પ્યુટરમાં ફીટ કરીને વેબસાઈટમાં કે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ હોય તે જરૂરી છે. ખાનગી રિમાર્કની કોલમ વેબસાઈટ હાઈડન હોઈ શકે. કોઈ કહે કે 100 કરોડની વસ્તીની વિગતો મેળવવી શક્ય નથી, ખરેખર આ તદ્દન ખોટી વાત છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તથા અર્ધસરકારી એવા સમગ્ર દેશમાં લગભગ 1 કરોડ સરકારી કર્મચારીઓ છે. 100 કરોડની વસતિ અને 1 કરોડ કર્મચારીઓ, બીજી રીતે જોઈએ તો 1 કર્મચારી દીઠ માત્ર 100 વ્યક્તિઓની જવાબદારી. વર્ગ 4 ને બાદ કરી તથા અધિકારીઓને મોનીટરીંગમાં લેવાથી 1 કર્મચારી દીઠ 150 વ્યક્તિઓનાં સર્વેનું કામકાજ ભાગમાં આવે. આ કાર્ય એકજ અઠવાડિયામાં પૂરું કરી શકાય છે. દેશની તમામ વસતિનાં સર્વેની કામગીરી એ રાષ્ટ્રનું સૌથી મહત્વનું કાર્ય છે. આતંકવાદ અને અન્ય ગુનાઓ મીટાવવા આ રાષ્ટ્રીય સુરક્ષાનું કાર્ય છે. 1 કરોડ કર્મચારીઓ માત્ર 1 અઠવાડિયા સુધી દરરોજ ઓફિસ સમય બાદ ત્રણેક કલાકનો સમય આપે તો તમામ કાર્ય પુરું થઈ શકે. એ જ કર્મચારીને 150 વ્યક્તિઓની માહિતી સતત અપડેટ કરવાની જવાબદારી આપી શકાય. કર્મચારી જ્યાં રહેતો હોય તે વિસ્તારની જ ફાળવણી કરવી, જેથી સરળતાથી મોનીટર કરે. વસતિગણતરી અને મતદારયાદી બનાવવાનાં કાર્યોમાં સર્વેની મોટી કામગીરી કરવામાં આવે છે, પરંતુ સાતત્ય તથા ઉપયોગ કલીયર કટ નથી હોતો. વ્યક્તિને PID કાર્ડ એનાયત થયાં બાદ પાન કાર્ડ, મતદાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ તમામ જુદા જુદા કાર્ડની જરૂરિયાત રહેતી નથી. ડ્રાઈવીંગ માટે PID કાર્ડની ચીપમાં ડ્રાઈવિંગ જાણે છે તથા ડ્રાઈવિંગ લાયસન્સ નંબર લખી નાખો એટલે કામ પુરુ થયું. 18 વર્ષની ઉંમરનાં વ્યક્તિ આપો આપ મતદાર બની જાય. વેબસાઈટનાં લિસ્ટને આધારે મતદાર યાદી તૈયાર થઈ જાય. આ માહિતી જે તે જવાબદાર કર્મચારીએ સતત અપડેટ કરેલી હોય છે. આવક અને વ્યવસાયને આધારે પાન નંબરની નોંધણી પણ કાર્ડની ચીપમાં કરી શકાય. ખેડૂતની ક્રેડીટ લિમીટ પણ PID કાર્ડમાં લખી શકાય. હિન્દુસ્તાનનાં કોઈપણ વ્યક્તિ વિશે માહિતી જોઈતી હોય તો તેનો PID નંબર મેળવવો અને કોમ્પ્યુટરનું એક જ બટન દબાવતા ઈન્ટરનેટથી તમામ માહિતી ઉપલબ્ધ થઈ શકે. જરૂર પડ્યે ઈન્ટરનેટથી માહિતી મેળવવા લઘુત્તમ ચાર્જ પણ રાખી શકાય, જેથી વેબસાઈટ સહિતનાં કાર્યો માટે લઘુત્તમ આવક પણ મેળવી શકાય. કેટલાક લોકોને પોતાના ઘરનાં સરનામાની માહિતી છુપાવવી હોય તો એ માહિતી માત્ર સરાકારી પોલીસ ખાતા પૂરતી જ ઉપલબ્ધ થાય તેવી જોગવાઈ કરી શકાય. પબ્લીક વેબસાઈટમાં વધુ ચોક્કસતા લાવવી હોય તો 18 વર્ષથી ઉપરની તમામ વ્યક્તિ માટે નેશનલ સીટીઝન નંબર તથા 0 થી 18 વર્ષ સુધીનાં વ્યક્તિ માટે PID નંબરની ફાળવણી કરી શકાય. ઓળખ નંબરની ફાળવણી બાળકોને પણ કરવી જોઈએ, જેથી બાળકોની સલામતીનો મોટો પ્રશ્ન હલ થઈ શકે. 150 વ્યક્તિઓનો સર્વે કરનાર જે તે ગ્રુપનાં લીડર તરીકે રહેલ સરકારી કર્મચારીને જ આ તમામ માહિતી અપડેટ કરવાની જવાબદારી સોંપી શકાય. માહિતી કઈ રીતે આવશે, ક્યાંથી આવશે, કોણ અપડેટ તથા મેઈનટેન કરશે તે તમામ પ્રશ્નનો ઉકેલ લાવી શકાશે. દર વખતે મતદાર યાદી અપડેટ કરાવવા પાછળ થતો અબજો રૂપિયાનો ખર્ચ પણ બચાવી શકાશે. હાલમાં જન્મ મરણની નોંધણી તંત્ર દ્વારા વ્યવસ્થા હોવા છતાં દર 10 વર્ષે વસતિ ગણતરી કરવાની શા માટે જરૂર પડે છે, સ્પષ્ટ છે કે સરકારનાં વિવિધ વિભાગો વચ્ચે સંકલનનો સદંતર અભાવ છે. માહિતીની વ્યવસ્થિત આપલે થઈ શકતી નથી, આવા તમામ પ્રશ્નોનો અંત આવશે.

PID નંબરથી થનાર ફાયદાઓ.. રાષ્ટ્રીય સલામતીમાં ધરખમ વધારો :

સમગ્ર રાષ્ટ્રનાં દરેક વ્યક્તિનો ફોટો, આંગળાની ઓળખ સહિતની તમામ માહિતી ઈન્ટરનેટ પર ઉપલબ્ધ હોવાથી કોઈપણ અજાણી વ્યક્તિની ઓળખ થઈ શકશે. તેથી કોઈપણ શંકાસ્પદ વ્યક્તિને પકડી શકાશે. દર વર્ષે લાખો વિદેશી લોકોની ઘુસણ ખોરી સરળતાથી અટકાવી શકાશે. ત્રાસવાદી કે ભાંગફોડીયા પ્રવૃત્તિ માટે કોઈ વ્યક્તિ બહારગામથી આવીને હોટેલ કે ગેસ્ટ હાઉસમાં રોકાશે તો હોટલવાળા તેનો સીટીઝન નંબર માંગીને માહિતી કન્ફર્મ કરશે અને શંકાસ્પદ વ્યક્તિ તુરંત પકડાઈ જશે. એક સરકારી કર્મચારી માત્ર 150 વ્યક્તિઆનાં જુથને મોનીટર કરશે, જે લગભગ 50 કુટુંબનું જૂથ થાય છે. ભાડેથી કે મહેમાન તરીકે કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ આવશે તો સરકારી કર્મચારીનાં ધ્યાનમાં આવી જશે. સીટીઝન નંબરને આધારે શંકાસ્પદ વ્યક્તિ પકડાઈ જશે. આમ દેશમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને રોકી શકાશે.

સમાજમાં થતાં ગુનાઓનું પ્રમાણ ઘટશે :

મોટાભાગનાં ગુનાઓ એટલા માટે બને છે કે ગુનો કરનાર વ્યક્તિની ઓળખ સામેની વ્યક્તિને હોતી નથી, તેથી લોકો સાવચેત રહી શકતા નથી. છેતરપીંડી, ચોરી અને લૂંટફાટ કરનાર ગુનેગારો સામાન્ય પ્રજામાં ભળી જાય છે અને મોકો મળતાં ગુનો આચરે છે. NC નંબરની ફાળવણી પછી દરેક વ્યક્તિનો પોલીસ રેકોર્ડ વેબસાઈટ પર ઉપલબ્ધ થશે. દરેક પાસે PID નંબર ફરિજીયાત હશે તેથી ગુનેગાર પોતાનો ભૂતકાળ છુપાવી શકશે નહી. તેને સુધરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેશે નહી, સૌ પ્રથમ તો ગુનો કરવો ભારે મુશ્કેલ બનશે. ગુનો કરશે તો પણ તુરંત પકડાઈ જશે.

VIP સલામતી તથા નાગરિક સલામતીમાં વધારો :

ઘર નોકર, ઘર ચોકીદાર, સોસાયટીનાં ચોકીદાર, અંગત સિક્યુરીટી સ્ટાફ, બીજા અન્ય અંગત સ્ટાફની ભરતી વગેરેમાં ચોક્કસતા આવશે. દરેક નાગરિકની સલામતી સાથે VIP સિક્યુરીટીમાં ઘણો સુધારો લાવી શકાશે. અંગત સ્ટાફનું કાઉન્ટર ચેકીંગ સરળ બનશે, કારણ કે મૂળવતન તથા હાલનું સરનામું ઉપલબ્ધ હોવાથી વ્યક્તિની રોજ બરોજની પ્રવૃત્તિઓ છુપાવી શકાશે નહી.



રાષ્ટ્રનાં સંવેદનશીલ સ્થાનોની સલામતી મજબૂત બનાવી શકાશે :

લશ્કર અને પોલીસની ભરતી વખતે આપણી પાસે જે તે વ્યક્તિની અંગત માહિતી ન હોવાથી ગંભીર ખતરો ઊભો થાય છે. સૌથી સંવદેનશીલ લશ્કરમાં રાષ્ટ્રદ્રોહી લોકો પસંદગી પામ્યા હોય અને દેશનાં સૌથી સંવેદનશીલ દસ્તાવેજો ચોરીને દુશ્મન દેશને આપી દીધા હોય એવા ઘણાં કિસ્સા પ્રકાશમાં આવે છે. ભરતી કરતી વખતે આપણી પાસે જે તે વ્યક્તિની સાચી ઓળખ તથા બીજી વિગતો ઉપલબ્ધ હોતી નથી. નેશનલ સીટીઝન નંબરની ફાળવણીથી આ તમામ પ્રશ્નોનો નિકાલ આવી જશે. દેશનાં લશ્કરી મથકો, હવાઈ અડ્ડા, અણુપ્લાન્ટ, મહત્વની સંસ્થાઓ વગેરેની સલામતી માટે આ પાયાની વિગતો અતિ ઉપયોગી સાબિત થશે.

વ્યક્તિની આર્થિક પરિસ્થતિ અને મિલકતોની સચોટ માહિતી :

વ્યક્તિઓનું આર્થિક અને મિલકતોનાં આધારે પ્રથમવાર વિશ્વસનીય વર્ગીકરણ શક્ય બનશે. આ સર્વે માત્ર જવાબદાર સરકારી કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે. જેતે સરકારી કર્મચારીને હકીકત માટે જવાબદાર બનાવવામાં આવશે. કોઈ વ્યક્તિને સરકારી સહાયની જરૂર છે કે કેમ તેનો ચોક્કસ ખ્યાલ આવશે. ''જાત નહિ પરંતુ વ્યક્તિ આધારિત અનામત'' ની દિશામાં ચોક્કસ અમલવારી કરી શકાશે. આમ સરકાર કે પ્રાઈવેટ સંસ્થાઓ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરવાની હોય તો કોણ લાભાર્થી બનવા લાયક છે તેની સચોટ માહિતી ઉપલબ્ધ થશે. વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અને ગરીબ કુટુંબોનાં બાળકોને શિક્ષણની તકો આપવી. દરેક યોજનાઓની અમલવારીમાં સરકારી સહાય કઈ વ્યક્તિઓ માટે જરૂરી છે, તેની સચોટ માહિતી મેળવી જરૂરીયાતવાળી વ્યક્તિ તરફ આ સહાય વાળી શકાશે.

ટ્રાફિક અને પોલીસ સ્ટાફમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ થશે :

ટ્રાફિકનાં નિયમોનું મોનીટરીંગ કરવાની સત્તા ટ્રાફિક પોલીસ સ્ટાફ પાસેથી લઈ લેવી જોઈએ. તેને બદલે વિદેશમાં હોય તેવા સ્પિડ કેમેરા અને ટ્રાફિક વોચ કેમેરા ગોઠવવા જોઈએ. સમગ્ર દિવસ દરમિયાન કેમેરામાં થયેલ ગતિવિધીથી જે વાહનોએ ટ્રાફિક નિયમોનો ભંગ કર્યો હોય તે તમામ વાહનોનાં માલિકોને દંડની રકમનું બિલ તેના ઘર પર મોકલી દેવું જોઈએ. આ નિયમોથી સરકારની આવકમાં ધરખમ વધારો થશે તથા 100% ટ્રાફિક શિસ્ત પણ આવશે. ક્રેન દ્વારા વાહનો ઉપાડી જવાની જુની પધ્ધતી આઉટડેટેડ છે. જે વાહનો ખોટી રીતે પાર્ક કર્યા હોય તેના ફોટા કેમેરામાંથી મેળવીને તે જ દિવસે દંડનીય રકમનું બીલ મોકલી દેવાશે તો તમામ રસ્તાઓ ચોખ્ખા ચણક થઈ જશે. ટ્રાફિક પોલીસ સ્ટાફને ગુનેગારોની વધુ તપાસમાં કામે લગાડી શકાય. આપણા દેશનાં કાયદાઓને આધુનિક બનાવવા ખૂબ જ જરૂરી છે.

જામની નગર સૃષ્ટિ : જોમવંતુ જામનગર

આ રાજાશાહી શહેરનાં સ્થાપક હતાં મહાન રાજવી જામ રાવલ [1535AD]. જામ રાવલનાં પિતા જામ લાખાજી કચ્છ પર રાજ કરતાં હતાં. જામ લાખાજીને બે પિતરાઈ તામાજી દેદા અને હમીરજી જાડેજા બંનેએ ભેગા મળી જામ લાખાજીનો વધ કર્યો. જામ લાખાજીનાં પુત્ર જામ રાવલે પિતાનાં ખુનનો બદલો લઈ હમીરજી જાડેજાનો વધ કર્યો. હમીરજી જાડેજાનાં બે પુત્રો મોગલ બાદશાહ હુમાયુનાં સૈન્ય સાથે કચ્છ આવ્યાં. જામ રાવલે યુદ્ધની તૈયારી કરી, પરંતુ માતાજીએ સ્વપ્નમાં આવી કહ્યું તું કચ્છ છોડી દરિયાપાર કાઠિયાવાડ સર કર. જામ રાવલે સૈન્ય લઈ કુચ કરી રસ્તામાં ધ્રોલ પર હરધમલ ચાવડાનો વધ ક્ર્યો. ધ્રોલ પર કબજો કરી એમના ભાઈ હરધ્રોળજીને ગાદી આપી. પાછળથી લડાઈમાં એમનો વધ થતા એમનાં મોટા પુત્ર જસાજીને ધ્રોલ આપ્યું. આગળનાં પ્રદેશો જીતતા ગયા તેમ પહેલાં બેટ અને પછી ખંભાળીયા રાજધાની બદલી.

શ્રાવણ સુદ સાતમને બુધવાર [ઓગસ્ટ 1540AD] નાં શુભદિને નાગમતી રંગમતી નદીનાં કિનારે 'નવાનગર'ની સ્થાપના કરી. ત્યારબાદ જામ રાજાઓનાં નગરને 'જામનગર' નામ મળ્યું. જામ રાવલ પછી જામ વિભાજી, જામ રણજિતસિંહજી, જામ દિગ્વિજયસિંહજી તથા જામ શત્રુશલ્યસિંહજી રાજ્યસત્તા પર બિરાજમાન રહ્યાં. ઈ.સ. 1920-30નાં જામ રણજીતસિંહનાં સમયમાં શહેરનો આયોજનબદ્ધ રીતે વિકાસ કરવામાં આવ્યો. પાવર હાઉસ, પ્રતાપ વિલાસ પેલેસ, ઈરવિન હોસ્પિટલ, સોલેરિયમ, શાક માર્કેટ, આશાપુરા મંદિર, સુમેરુ કલબ, બેડી બંદર, રેલ્વે સ્ટેશન, સેન્ટ્રલ બેંક, પારસી અગિયારી, લાલ બંગલો, ફિલ્ડર હાઉસ, લાખોટા તળાવ, ભૂજીઓ કોઠો વગેરે બનાવવામાં આવ્યાં.જામ સતાજીએ ભૂચરમોરીનાં યુદ્ધ પછી નાગેશ્વર મંદિર બંધાવ્યું. ઈ.સ. 1933-48નાં સમયમાં જામ દિગ્વીજયસિંહજીએ દિગ્વિજય વુલન મીલ, એરોડ્રામ, ધનવંતરિ મંદિર, દિગ્વિજય પ્લોટ, વાલસુરા, રણજિત સ્વિંમિગ પુલ વગેરે બનાવ્યાં. જામ દિગ્વિજયસિંહજી સ્વતંત્રતા પછી સૌરાષ્ટ્રનાં પ્રથમ રાજ પ્રમુખ હતાં. રજવાડાઓનાં વિલીની કરણમાં વલ્લભભાઈ પટેલને સહાય કરેલ. ઈ.સ. 1949 પછી સૌરાષ્ટ્રનાં નવાનગર, ધ્રોલ, ધ્રાફા અને જાલીયા દેવાણીને ભેગુ કરી હાલાર નામ આપ્યું. જૂન 1956માં સીમાડો વધારીને ઓખા મંડળને ભેળવી જામનગર જિલ્લો નામ આપવામાં આવ્યું. આમ''દ્વારિકાધીશનું મંદિર'' જામનગર જિલ્લામાં ભળ્યું, જે શ્રી કૃષ્ણ ભગવાનનાં પ્રપૌત્ર વ્રજનાથે બંધાવેલ છે. જે ''ત્રિલોકસુંદર'' તરીકે પણ ઓળખાય છે. સ્વતંત્રતા પછી મેડિકલ કોલેજ, DKV કોલેજ, હાપા GIDC, ઓઈલ મિલો, ટીબી હોસ્પિટલ વગેરે બન્યાં.

સૌરાષ્ટ્રનાં પશ્ચિમ કાંઠે આવેલ જામનગર જિલ્લાને રાજ્યનો 255 કિમીનો દરિયા કિનારો હોય બંદરીય ઉદ્યોગો અને સંરક્ષણની બાબતમાં મોખરાનું સ્થન છે. આ ઉપરાંત મરીન નેશનલ પાર્ક અને પેટ્રોલિયમ ઉદ્યોગને કારણે વિશ્વભરમાં મહત્ત્વનું કેન્દ્ર બન્યો છે. સંરક્ષણની ત્રણેય પાંખ દેશનાં સીમાડાની ખડેપગે નીગરાની કરે છે. જિલ્લાનાં લઘુ અને હસ્તકલા ઉદ્યોગોએ માત્ર દેશ જ નહી, પરંતુ સમગ્ર વિશ્વમાં નામનાં મેળવી છે. જેમાં બાંધણી અને બ્રાસપાટ ઉદ્યોગનો સમાવેશ થાય છે. ઐતિહાસિક અને સાંસ્કૃતિક બાબતોમાં પણ જામનગરની આગવી પરંપરા રહી છે. અહીની ધરતીએ ઝડું ભટ્ટ જેવા વૈધરાજો પકવ્યા છે અને આયુર્વેદ યુનિવર્સિટીનાં માધ્યમથી ભારતની પ્રાચીન ચિકિત્સા પદ્ધતિને સમગ્ર વિશ્વમાં પ્રચલિત કરી છે. તો ક્રિકેટની દુનિયામાં જામ રણજિતસિંહજી, જામ દુલિપસિંહજીથી લઈને અજય જાડેજા, રવીન્દ્ર જાડેજા, સલીમ દુરાની અને વિનુ માંકડ જેવા આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોએ ભારતને વિશ્વમાં મોભાનું સ્થાન બક્ષ્યું છે. બાંધણી ઉપરાંત સૌભાગ્ય દ્રવ્યો જેવા કે કંકુ, કાજળ, સુરમો અને અત્તરે પણ જામનગરની સુવાસ વિશ્વભરમાં પ્રસરાવી છે. સૌરાષ્ટ્રનું પેરીસ, છોટી કાશી અને બ્રાસ સીટી તરીકે ઓળખાતું આ શહેર હવે રિલાયન્સ અને એસ્સાર જેવી ઓઈલ મીલનાં કારણે ઓઈલ સીટી તરીકે ઓળખાવા લાગ્યું છે. બાલા હનુમાન તથા જલારામ મંદિરનો સમાવેશ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં કરવામાં આવ્યો છે. હાલમાં પ્રતિધ્વનિએ ગુજરાતનાં 25 જિલ્લાનાં લોકોને અભિપ્રાય પૂછ્યો કે શિક્ષણ, વેપાર, પ્રશાસન, કાર્યક્ષમતા તથા મનોરંજનમાં શ્રેષ્ઠ જિલ્લો કયો છે ? જામનગરને સૌથી વધુ રેન્કિગ મળતાં ''શ્રેષ્ઠ જિલ્લા''નું બિરૂદ મળ્યું છે. આવનાર દિવસોમાં પ્રોગ્રેસિવ સિટી તરીકે જામનગર સૌથી આગળ રહેશે.



અનામતનીતિથી લોકશાહીનું પતન...

પછાત જ્ઞાતિનાં વિકાસ માટે સરકારે અનામત નીતિ દાખલ કરી તે ઘણી ઉત્તમ યોજના છે, પરંતુ તેમાં કેટલાક ભયસ્થાનો છે, તે ભવિષ્યમાં દેશ માટે કેટલાં ખતરનાક સાબિત થઈ શકશે તેનો વિચાર કર્યો છે ખરો ? જે ખરેખર પછાત છે તેને પ્રજા પછાત ગણતી નથી, પરંતુ આપણી સરકાર ચોક્કસ જ્ઞાતિને પછાતનું લેબલ લગાડી પછાત રાખવા માંગે છે. આ નીતિ અંગે દરેક રાજકીય પક્ષો અને આગેવાનો પોતાની મત બેન્ક ઊભી કરવા માટે અને પોતાના અંગત સ્વાર્થ માટે દેશને ખતરામાં મુકે છે. સરકાર અમુક જ્ઞાતિઓને લાલચ આપીને જુદા જુદા ફતવા બહાર પાડે છે, જે આપણા દેશની મોટામાં મોટી કમનસીબી છે. અમુક જ્ઞાતિ પછાત છે તેવું સરકાર પ્રમાણપત્ર આપીને પ્રજાને યાદ અપાવે છે કે કોણ પછાત અને સુવર્ણ છે ? આપણા દેશમાં રાજકીય અને આર્થિક અધિકારો ભોગવતો વર્ગ પોતાના સ્થાપિત હિતોને જાળવી રાખવા માટે અનામત પ્રથા તથા કોમવાદનો ઉપયોગ કરે છે. અનામત પ્રથા વર્ગ વિગ્રહને જન્મ આપે છે. આપણી લોક શાહીનાં પતનનું મુખ્ય કારણ આનમતનીતિ બનશે. દેશમાં ભવિષ્યની ક્રાંતિ માટેનાં બીજ આ અનામત નીતિમાં રોપાઈ ગયા છે, કારણ કે આ પ્રથાને લીધે આપણા દેશમાં વહીવટીતંત્ર નિષ્ફળ જશે. દેશમાં વહીવટીતંત્રમાં અણઆવડતવાળા માણસો પાસેથી કામ લેવાથી કામગીરીમાં શિથિલતા આવી જશે. આપણો દેશ મોરલ વગરનો બની જશે. એક બાજુ સરકાર ટીવી, રેડિયો, વર્તમાનપત્રો વગેરે માધ્યમો દ્વારા એવો પ્રચાર કરે છે કે દેશમાં જ્ઞાતિવાદ ન હોવો જોઈએ. આંતરજ્ઞાતિય લગ્નને ઉત્તેજન આપે છે, પરંતુ સરકાર અમુક જ્ઞાતિને જ લાભ આપવા તેવી જાહેરાત કરી જ્ઞાતિવાદ ઘટાડવાનાં બદલે વધારે છે. આમ સરકારી જાહેરાતોમાં વિરોધાભાસ જોવા મળે છે. આથી લોકશાહીમાંથી વિશ્વાસ ખૂટતો જાય છે. અમેરીકા, જાપાન અને બ્રિટનની પ્રગતિ જોઈએ તો એની સરખામણીમાં આપણે તુચ્છ લાગીએ. જો તેઓ આપણી જેમ અનામતનીતિ દાખલ કરી બેસે તો તેઓ પણ પતનનાં માર્ગે આવી ઊભા રહે. ભારતનાં બંધારણમાં સૌ નાગરિકને સમાન ગણી સમાન હક્ક આપવાની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે. અનામત નીતિ દાખલ કરીને બંધારણમાં જે સમાનતાની જોગવાઈ કરવામાં આવેલી છે તેનો સ્પષ્ટ ભંગ થાય છે. સમાનતા એટલે વિશેષાધિકારોની ગેરહાજરી. અનામત નીતિમાં આનો અમલ થતો નથી. અનામત નીતિ ક્યારે અટકશે તેનો અંત નથી. અનામતનાં કારણે એક વ્યક્તિને નોકરી મળી ગઈ હોય, પછી તેને રોસ્ટરનાં લાભથી બઢતી આપી દેવી તે પણ સિદ્ધાંત વિરુદ્ધની પ્રક્રિયા છે. આથી અન્ય વ્યક્તિઓને અન્યાય થતો હોય છે. એક વખત અનામતનો લાભ જેને મળી ગયો તે પછી પછાત ગણાશે નહી, વ્યક્તિમાં લાયકાત હશે તો જરૂર આગળ આવશે. જે વ્યક્તિ રોસ્ટરથી બઢતી મેળવે છે તે યોગ્ય કામ કરી શકતી નથી અને સાચા નિર્ણય લેવામાં સફળ થતી નથી. આથી વહીવટમાં ઘોર નિષ્ફળતા મળે છે. જે વ્યક્તિને સરકારે નોકરી આપી દીધી હોય, સરકારની સગવડતાથી સેટ થઈ ગયેલ હોય, તેના બાળકોને અનામત નીતિનો લાભ ન મળવો જોઈએ. ટૂંકમાં આ લાભ વારસાગત ન હોવો જોઈએ. તેવા બાળકોનો વિકાસ સંબંધિત વ્યક્તિની જવાબદારી બને છે, નહીં કે સરકારની. બ્રિટિશરો ભાગલા પાડી રાજ કરોની નીતિ અખત્યાર કરતા હતાં. 1905ની બંગભંગની ચળવળ આનું જ્વલંત ઉદાહરણ છે. આપણા નેતાઓ પણ અંગ્રેજો પાસેથી ભાગલા પાડો અને રાજ કરોની કુટનીતિ શીખી અમલમાં મૂકે છે. કેટલા ખરાબ પરિણામો આવશે તે તો સમય જ કહેશે. નેતાઓ સ્વાર્થી છે, તેઓ ભવિષ્યનો વિચાર કરવા માટે અસમર્થ છે. અનામતનીતિ અમુક વર્ષ માટે દાખલ કરી હતી, તેટલા સમયમાં પછાત જ્ઞાતિનો વિકાસ થઈ જવો જોઈએ. હવે આ નીતિ અમલમાં રાખવી જોઈએ નહી. જો આ નીતિ અમલમાં રહેશે તો તેના ઘોર પ્રત્યાઘાત પડશે. અનામત નીતિ અમુક સમયગાળા માટે રાખવી તેવો મત આપણા ઘણા મહાનુભાવો ધરાવતા હતાં. જવાહરલાલ નહેરૂએ રાજ્યનાં દરેક મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો કે ''જે લોકો ખાસ સગવડો નહીં મળવાથી પછાત છે તેમને આગળ આવવાની તક આપવી તે બરાબર છે. જ્ઞાતિનાં ધોરણે અનામત રાખવાની વાત બરાબર નથી. એમાં ભૂલ જ નહીં, સર્વનાશ છે. વિધિની વિચિત્રતા તો જુઓ, જેને એક કામચલાઉ સવલત ગણીને દાખલ કરવામાં આવી હતી તે અનામત નીતિ આજે ફૂલીફાલીને મોટા દૈત્ય જેવી થઈ રહી છે. જે રીતે ઈશ્વરને સર્વવ્યાપી માનવામાં આવે છે, તે જ રીતે અનામત નીતિ પણ સર્વવ્યાપી થઈ ગઈ છે. શિક્ષણ, બેન્ક લોન, ગેસ એજન્સી, પેટ્રોલ પંપ, સસ્તા અનાજની દુકાન કે કોઈપણ ખાતામાં નોકરી આપવાની બાબત હોય, દરેક જગ્યાએ અનામતનીતિએ પગપેસારો કર્યો છે. આમ અનામત નીતિ લાગુ પાડી દેશનાં વિકાસ પર બ્રેક લગાવી દીધી છે. દેશનાં વિકાસ માટે શિક્ષણનું મહત્ત્વ કેટલું છે તે ખરેખર આપણે સમજી શક્યા નથી. રાષ્ટ્રનાં યુવાનોએ મેળવેલું શિક્ષણ એ દરેક રાજ્યનો પાયો છે. ઉત્તમ શિક્ષણ યુવાનોની રાષ્ટ્રીય ભાવનામાં સતત વધારો કરે છે. નાગરિકોમાં રાષ્ટ્ર પ્રત્યેની ભાવના પ્રબળ બનશે, તો નાગરિકો વચ્ચે બંધુત્વ ભાવનો પણ વિકાસ થશે. શિક્ષકો નિષ્ઠાવાન હશે તો જ બાળકોને ઉત્તમ શિક્ષણ આપી શકશે. આવા શિક્ષકો કોઈપણ જાતની અનામતનીતિ કે ડોનેશન વગર પસંદગી કરવામાં આવે તો જ મળી શકે. આમ શિક્ષણ એ દેશનાં વિકાસ માટે મહત્ત્વનું અંગ છે. અનામત નીતિ પ્રગતિમાં અવરોધ ઊભો કરે છે. અધોગતિ તરફ ધકેલી રહેલી આ નીતિને પ્રજા જાગૃત બની એકીસાથે તિલાંજલી આપે તથા જડમૂળથી નાશ કરે તે જરૂરી છે. પછાત જ્ઞાતિનું લેબલ ધરાવતા લોકોજ અનામત નિતીનો વિરોધ કરશે તો આ કાર્ય સરળ બની જશે. મનોવૈજ્ઞાનિક રીતે પછાતનું લેબલ સાથે રાખવાથી આખો સમાજ પછાત રહે છે. માનસિક અને સામાજિક રીતે આખા સમાજે આ લેબલને હટાવવું પડશે, તોજ આખો સમાજ સમૃદ્ધ બનશે. પોતાને પછાત કહેવડાવવું તેજ મોટી અપંગતા છે. આજ અપંગતા વિકાસને રોકે છે. હવે આપણે 'પછાત' નું નહિં 'સુવર્ણ' નું લેબલ લગાવવું પડશે. અમે અમારી લાયકાતનાં આધારે બધુજ મેળવીશું તે ભાવના પ્રબળ કરવી પડશે.

વૈશ્વિક રુદ્રાક્ષ

રુદ્રાક્ષ=રુદ્ર+અક્ષ=શિવજીનાં આંસુ.

શિવપુરાણ, લિંગપુરાણ, પદ્મ પુરાણ વગેરે ગ્રંથોમાં રુદ્રાક્ષની મહિમાનું વર્ણન વિસ્તૃત રૂપે અપાયું છે. હજારો વર્ષ પછી શિવ ભગવાને દેવતાઈ તપ પૂરું કરી પોતાનું નેત્ર ઉઘાડ્યું ત્યારે નેત્રનાં સુંદર પાંપણોમાંથી જળનાં જે બિંદુ પૃથ્વી પર પડ્યાં તેમાંથી રુદ્રાક્ષનાં વૃક્ષો ઉત્પન્ન થયાં હોવાનું મનાય છે. ભારતમાં હિમાલય, કોંકણ, મૈસુર, અયોધ્યા, કાશી અને સહ્યાદ્રી વિસ્તારમાં રુદ્રાક્ષનાં વૃક્ષો જોવા મળે છે. સિંગાપુરથી પણ રુદ્રાક્ષ આવે છે. રુદ્રાક્ષનાં ઝાડ પરથી પાકેલું ફળ નીચે ખરી જાય પછી એમાથી જે બીજ બહાર આવે તે રુદ્રાક્ષ છે. રુદ્રાક્ષમાં ચાર પ્રકારનાં રંગ જોવા મળે છે. લાલ, પીળો, કાળો અને સફેદ.

શ્રેષ્ઠ રુદ્રાક્ષનાં ઓળખ ચિહ્નો :

1 જે રુદ્રાક્ષ આપોઆપ છિદ્રવાળા હોય તે ઉત્તમ છે.
2 ગોળ, ચીકણા, મજબુત અને મોટા કાંટાવાળા રુદ્રાક્ષો પવિત્ર હોય છે.
3 આંબળા જેવા રુદ્રાક્ષ સર્વશ્રેષ્ઠ ગણાય છે.
4 રુદ્રાક્ષનાં મણકા નાના તેટલું મુલ્ય વધુ.
5 અસલી રુદ્રાક્ષ પાણીમાં ડૂબી જશે અને નકલી તરવા લાગશે.

રુદ્રાક્ષ ધારણ કેવી રીતે કરવો :

1 રુદ્રાક્ષ ધારણ કરતાં પહેલા આઠ દિવસ સુધી શુદ્ધ ઘીમાં ડુબાડી રાખવો, ઘીમાં રાખવાથી એ ખુબ જ પુષ્ટ અને મજબૂત બને છે.
2 રુદ્રાક્ષ ધારણ કરનારે સાત્ત્વિક આહાર લેવો.
3 રુદ્રાક્ષનો ઉપયોગ કરતાં પહેલા પવિત્ર ગંગાજળથી એને સ્નાન કરાવવું અને ૐનમ: શિવાયનાં મંત્રથી પૂજા કરવી.

1 એકમુખી રુદ્રાક્ષ : આ સર્વોત્તમ રુદ્રાક્ષ છે. જવલ્લે જ પ્રાપ્ત થતો આ રુદ્રાક્ષ અતિ મૂલ્યવાન છે. પૂજન કરવાથી ભોગ અને મોક્ષરૂપી ફળ પ્રાપ્ત થાય છે. સાધુ સંન્યાસીઓ એકમુખી રુદ્રાક્ષ ગળામાં ખાસ પહેરે છે.

2 દ્વિમુખી રુદ્રાક્ષ : અર્ધનારીશ્વરનું રૂપ છે. દરેક પ્રકારનાં સુખ, શાંતિ, વિદ્યા પ્રાપ્તિ, ચિત્તની એકાગ્રતા અને આધ્યાત્મિક ઉન્નતિ થાય છે.

3 ત્રિમુખી રુદ્રાક્ષ : બ્રહ્મા વિષ્ણુ મહેશનું સ્વરૂપ મનાય છે. સત્વ રજસ તમસ એમ ત્રિગુણાત્મક શક્તિઓનું સ્વરૂપ છે. અગ્નિ સ્વરૂપ છે. ધન વિદ્યાની અભિવૃદ્ધિ થાય છે. શરીરમાં રહેતો તાવ દુર થાય છે.

4 ચતુર્મુખી રુદ્રાક્ષ : સાક્ષાત બ્રહ્માનું સ્વરૂપ છે. દર્શન માત્રથી જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થ સિધ્ધ થાય છે. દુધમાં ઉકાળીને વીસ દિવસ સુધી પીવાથી માથાનો દુખાવો નામશેષ થાય છે. મંદબુદ્ધિ હોય, બોલવામાં વાચાળતા ન હોય તેનાં માટે ચારમુખી રુદ્રાક્ષ ઉત્તમ છે.

5 પંચમુખી રુદ્રાક્ષ : ભગવાન શંકરનું સ્વરૂપ મનાય છે. તેને ધારણ કરવાથી શિવ પ્રસન્ન થાય છે. કોઈ વ્યક્તિને દુ:ખ આવતું નથી. આપણે ત્યાં મોટા ભાગે પંચમુખી રુદ્રાક્ષનો જ ઉપયોગ થાય છે. મોટા જથ્થામાં ઉત્પન્ન થતાં હોવાથી ઓછી કિંમતે મળે છે.

6 ષષ્ટમુખી રુદ્રાક્ષ : શિવપુત્ર કાર્તિકેય સ્વામીનું સ્વરૂપ છે. વિદ્યા પ્રાપ્તિ માટે ઉત્તમ છે. જમણે હાથે બાંધવાથી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વ્યાપારમાં સફળતા મળે છે. લક્ષ્મી પ્રાપ્તિમાં લાભદાયી છે. સ્ત્રીઓને ઘણો ઉપયોગી છે.

7 સપ્તમુખી રુદ્રાક્ષ : આ રુદ્રાક્ષનાં અધિદેવતા અનંત છે. ધારણ કરવાથી દરિદ્રતાનો નાશ થઈ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. લક્ષ્મીજી પ્રસન્ન થાય છે. આરોગ્ય અને બુદ્ધિમતામાં વધારો થાય છે.

8 અષ્ટમુખી રુદ્રાક્ષ : અધિદેવતા અષ્ટદાતા છે. પહેરવાથી ધન વૃધ્ધિ, આયુષ્ય વૃધ્ધિ અને ભાગ્ય વૃધ્ધિ થાય છે.

9 નવમુખી રુદ્રાક્ષ : નવદુર્ગાનો વાસ છે. ડાબે હાથે ધારણ કરવાથી નવેનવ દુર્ગાઓ પ્રસન્ન રહે છે. પારિવારિક સુખ સાંપડે છે. સંતાન સુખની પ્રાપ્તિ થાય છે. મનોકામનાઓ પરિપૂર્ણ થાય છે. આરોગ્યવૃદ્ધિ માટે ઉત્તમ છે.

10 દશમુખી રુદ્રાક્ષ : આ રુદ્રાક્ષ વિશ્વરૂપમ છે. આ રુદ્રાક્ષ મળવો દુર્લભ છે. તાંત્રિક ક્ષેત્રે ખૂબ જ મહત્વ છે. ધારણ કરનારનું અકાળે મૃત્યું થતું નથી. અકસ્માતમાં અદ્‌ભૂત બચાવ થાય છે. માર્ગમાં આવતાં વિઘ્નો ટળી જાય છે.



11 અગિયારમુખી રુદ્રાક્ષ : આ રુદ્રાક્ષ ભગવાન શિવજીનાં અગિયાર રુદ્ર છે. રુદ્રાક્ષ ધારણ કરનાને સુખ સંપત્તિ, જયવિજય અને અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે છે. ભાગ્યવૃદ્ધિ, ધનવૃદ્ધિ અને ભગવાન શિવની કૃપા મળે છે. સ્ત્રીઓ માટે આ રુદ્રાક્ષ બહુ મહત્વનો છે. સ્ત્રીઓનાં સૌભાગ્યની રક્ષા થાય છે. જાવત્યોપનિષદ અનુસાર આ રુદ્રાક્ષ ને અભિમંત્રીત કરી કોઈ પણ સ્ત્રી ધારણ કરે તો સંતાન પ્રાપ્તિ થાય છે.

12 બારમુખી રુદ્રાક્ષ : ભગવાન વિષ્ણુનું સ્વરૂપ છે. કાનમાં પહેરી રાખવાથી બાર સૂર્યની ઉપાસના સાહજિક રીતે થઈ જાય છે. રોગનો નાશ કરે છે. આરોગ્ય વૃદ્ધિ અને ધન વૃદ્ધિનો લાભ મળે છે. હિંસક પ્રાણી, અગ્નિ અને ચોરથી રક્ષણ મળે છે.

13 તેરમુખી રુદ્રાક્ષ : આ વિશ્વદેવનું સ્વરૂપ છે. સર્વ મનોકામના પૂર્ણ થાય છે. યશ તથા ધન પ્રાપ્તિ થાય છે. સ્ત્રી તથા પુરુષ એકબીજાને વશ કરી શકે છે.

14 ચૌદમુખી રુદ્રાક્ષ : આ રુદ્રાક્ષ સ્વયં ભગવાન શિવજીનાં નેત્રથી પ્રગટ થાય છે. તિજોરીમાં રાખવા તથા ઘરમાં પૂજા કરવા માટે ઉપયોગી છે. આ રુદ્રાક્ષ ગળામાં અને મસ્તકે પણ ધારણ કરાય છે.

15 ગૌરી શંકર રુદ્રાક્ષ : આ જોડિયો રુદ્રાક્ષ છે. શિવ પાર્વતી સ્વરૂપે છે. ઘરમાં રાખવાથી મનોવાંછનાઓ પૂર્ણ થાય છે. આ બધાયં રુદ્રાક્ષો મનોવાંછાના પરિપૂર્ણ કરનારા છે. એક, બે પાંચ, નવ અને તેર મુખવાળા રુદ્રાક્ષ સૌથી વધુ ફળદાયી છે.

શરીરનાં વિવિધ અંગો પર રુદ્રાક્ષ નીચે પ્રમાણે ધારણ થાય છે.

@ 525 રુદ્રાક્ષનો મુકુટ શિવ પર ધારણ કરાય છે.
@120 રુદ્રાક્ષની ત્રણ શેર જનોઈ તરીકે પહેરાય છે.
@ 13 રુદ્રાક્ષ શિખાબંધન પર ધારણ થાય છે.
@ 6+6 રુદ્રાક્ષ કુંડળ તરીકે કાનમાં ધારણ થાય છે.
@ 11+11 બને હાથમાં કંકણ રૂપે પહેરાય છે.
@ 57 કમરબંધ તરીકે પહેરાય છે.
@ 1 શિખા પર ધારણ થાય છે.
@ 07,50,54,108 કંઠમાં ધારણ કરાય છે.
@ 05 કટીબંધ પર ધારણ કરાય છે.

ચંદનની માળા 100 ગુણવાળી, સ્ફટીકની માળા 10000 ગુણવાળી, મોતીની માળા લાખગુણી, ચાંદીની માળા દશલાખ ગુણી, સોનાની માળા એક કરોડગુણી જ્યારે રુદ્રાક્ષની માળા અનંતગણા ગુણવાળી છે. રુદ્રાક્ષ પુરુષ તથા સ્ત્રી પણ ધારણ કરી શકે છે. આયુર્વેદની દૃષ્ટિએ રુદ્રાક્ષ મહામૂલો છે. બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે. એકયુપ્રેશરની ગરજ સારે છે. કલ્યાણકારી રુદ્રાક્ષ ધારણ કરવાથી આધિ વ્યાધિ અને ઉપાધિમાંથી નિવારણ મેળવી પ્રગતિનાં પંથે આગળ વધી શકાય છે.

વિના ભસ્મ ત્રિપુણ્ડેણ, વિના રુદ્રાક્ષ માલયા ।
પૂજિતોડપિ મહાદેવ : ન સ્યાત્ ત્યસ ફલપ્રદઃ ॥



➤ Smart India for Quality Life

હમ હૈં નયે અંદાઝ ક્યૂં હો પુરાના...

આજના યંગ સ્ટર્સનાં મનમાં શું છે ? તેમને સ્પર્શતા જુદાં જુદાં વિષયો વિશે તેઓ શું વિચારે છે ? કંઈ બાબતોની તેમને મન વિશેષ ખેવના છે ? અમે 21 વર્ષની ઉંમરનાં યુવક યુવતીઓનાં દિલો દિમાગમાં ડોકિયું કરવાનો પ્રયાસ કર્યો. આ રહ્યો ઉર્જાથી ઉછળતી તેજતરાર પેઢીનાં માનસનો એક્સ રે...

અરેન્જ મેરેજ : મારે મન લવ કે અરેન્જ બંન્ને મેરેજ સરખા છે. પ્રેમ લગ્નમાં બંન્ને એકબીજાને જાણતા હોય છે. અરેન્જ મેરેજમાં પણ બંન્નેને એકબીજાને જાણવાનો પુરતો મોકો આપવામાં આવે તો વધુ સારુ. નાની બાબતે બંન્નેએ સમજદારી પુર્વક કોમ્પ્રોમાઈઝ કરવો જોઈએ. લગ્ન પહેલાં બંન્નેમાં મોટો મતભેદ સર્જાય તો સમજદારી એમાં જ છે, કે જુદાં થઈ જવું. એકબીજાને મળવાથી મતભેદ હોય તો ખ્યાલ આવે છે. મોટા મતભેદોને નજર અંદાજ કરીને લગ્ન કરવાનો કોઈ અર્થ નથી. લગ્ન બાદ મોટી સમસ્યા દેખાય તો અલગ થવું જ હિતાવહ રહેશે. લગ્નજીવન માટે મહત્ત્વનો છે સુમેળભર્યો વર્તાવ.

ગૌરવ પરીખ / એન્જિનિયરીંગ સ્ટુડન્સ, મુંબઈ.

હિન્દુત્વ : હિન્દુત્વ લોકોને સાચી રીતે જીવતા શીખવે છે. હિન્દુત્વને સાચા સ્પિરિટમાં અપનાવનાર કદી પાછળ પડતો નથી, હંમેશા તેની જીત થાય છે. હિન્દુત્વ એટલે માનવતા, રાજકીય પક્ષો હિન્દુત્વનાં નામે રોટલા શેકે છે. હું ભગવાન કરતાં પણ માનવતામાં વધુ માનનારો છું, હિન્દુત્વનું મુળ માનવતા છે. શીખ, ઈસાઈ, મુસ્લિમ સૌમાં હિન્દુત્વ હોઈ શકે. વર્તમાન યુગમાં હિન્દુ, મુસ્લિમ, શીખનાં નામે રાજકારણીઓ મત બેન્કો ઊભી કરે છે. ભારત દેશ હિન્દુત્વનાં પાયા પર ઊભો છે. હિન્દુત્વનાં નામે જે ભાગલા પાડવામાં આવી રહ્યાં છે, તેનાથી દેશને આજનો યુવાન જ બચાવી શકશે. અમુક યુવાનોમાં માનસિકતા જડાઈ ગઈ છે, કે હિન્દુત્વ એટલે હિન્દુ. આ માનસિકતા દરેક યુવાને કાઢી નાખવી જોઈએ, હિન્દુત્વ એટલે ભારત દેશ.

પ્રતિક પટેલ / મેનેજમેન્ટ સ્ટુડન્ટ, રાજકોટ.

ઈન્ટરનેટ : કોમ્યુનિકેશન કોઈ પણ સંબંધનાં પાયામાં છે. શું કોમ્યુનિકેશન વિના સંબંધ વિકસી કે ટકી શકે ? ના, આ એકમાત્ર કારણસર હું ઈન્ટરનેટ કે કમ્પ્યુટર વિના રહી જ ન શકું. દિવસમાં જયારે તક મળે એટલી વખત ઈમેઈલ જોઈ લઉં છું. ઈન્ટરનેટ વિચારો આદાનપ્રદાન કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે.

તમન્ના સૈયદ / ફિઝિયોથેરાપિસ્ટ, સુરત.

લવ મેરેજ : લવ અને અરેન્જ મેરેજમાંથી લવ મેરેજ ઉત્તમ છે. આખી જિંદગી જેની સાથે ગાળવી હોય તેનો સ્વભાવ, પસંદ, નાપસંદ બંધુ જ પહેલેથી ખબર હોય તો વધુ સારું. માત્ર બે મુલાકાતમાં આખીં જિંદગી કાઢવાનો નિર્ણય મને વ્યાજબી લાગતો નથી. માત્ર આકર્ષણ નહીં, પણ રિયલ પ્રેમ હોવો જોઈએ. પ્રેમ નિસ્વાર્થ હોવો જોઈએ. ઘણાં આકર્ષણને પ્રેમ સમજી લવ મેરેજ કરે છે. સંસારમાં ભંગાણ પડે એટલે દોષનો ટોપલો લવ મેરેજ પર નાખી દે છે. વર્તમાન યુગમાં એકબીજાને જાણીને પરણવું જોઈએ.

મીરલ પટેલ / સાયન્સ સ્ટુડન્ટ, અમદાવાદ.

અવિવાહિત મા : લગ્ન કર્યા વગર કોઈ સ્ત્રી અકસ્માતે મા બને કે કોઈ ચોક્કસ નિર્ણય કરીને બાળકને જન્મ આપે તો ખોટું શું છે? લોકોએ મોં મચકોડવાની કોઈ જરૂર નથી. આવી માતાઓ દુનિયાની શંકાભરી નજરનો સામનો કરીને મજબૂત રીતે પોતાનું જીવન જીવે છે. પોતાના સંતાનને પણ સ્ટ્રોંગ બનાવે છે. એમને ખબર હોય છે કે દુનિયા આવા સંતાનો સાથે કેવો વ્યવહાર કરશે. સ્ત્રીઓ માનસિક રીતે બહુ મજબૂત હોય છે. તે બાળકને માતા અને પિતા બંન્નેની હૂંફ આપી શકે છે. માર્ગમાં આવતા દરેક પ્રશ્નોનો સામનો કરે છે. ખરેખર આવી મમ્મીઓ ગ્રેટ છે.

પ્રજ્ઞા સંઘવી / જર્નાલિઝમ સ્ટુડન્ટ, મુંબઈ.

ફાસ્ટ બાઈક્સ : યુવાની અને ફાસ્ટ બાઈક વચ્ચે નજીકનો સંબંધ છે. હું છેલ્લાં ત્રણ વર્ષથી બાઈક ચલાવું છું, પરંતુ હાઈવે પર. સિટીમાં 'ધૂમ' બાઈક ચલાવવી હિતાવહ નથી. ફાસ્ટ બાઈક ચલાવવાની મજા હું હાઈવે પર ખાસ કરીને હેલ્મેટ પહેરીને માણી લઉં છું. 'ધૂમ' ફિલ્મ આવ્યા પછી ફાસ્ટ બાઈકનો ક્રેઝ ઘણો વધ્યો છે. એક ટાયર પર બાઈક ચલાવવું, સ્લિપ કરવું, ફૂલ સ્પીડમાં બાઈક ચલાવવું આ બધાંથી ક્યારેક જાનનું જોખમ રહે છે. ફાસ્ટ બાઈકની મજા ઘરનાઓ માટે સજા બની જતા વાર નથી લાગતી.

સાકીર શેખ / બાયોટેક્નોલોજી સ્ટુડન્ટ, દિલ્હી.



મહત્વકાંક્ષા : જીવનમાં મહત્વકાંક્ષાનું ખૂબ મહત્વ છે. મારા માટે મહત્વકાંક્ષા એક જુસ્સો છે. જીવનમાં કશુંક હાંસલ કરવા માટે મહત્વકાંક્ષા જરૂરી છે. મારી મહત્વકાંક્ષા MBA થવાની છે. ભણીગણીને હું મારા માતા પિતાનાં જીવનને સમૃદ્ધ કરવા માગું છું. મહત્વકાંક્ષા દરેક વખતે સરળતાથી પૂરી થતી નથી. માર્ગમાં તકલીફો આવે, છતાં ડગ્યા વગર પોતાના ધ્યેયને વળગી રહેવું જોઈએ.

ઉત્સવ પટેલ / મેનેજમેન્ટ સ્ટુડન્ટ, મુંબઈ.

પૈસા : જિંદગીનાં દરેક તબક્કે પૈસા ખૂબ મહત્વનાં છે. કોલેજમાં આનંદ પ્રમોદ માટે પૈસા જરૂરી છે. કોલેજ લાઈફમાં ખર્ચ કરતી વખતે પૈસાનું મહત્વ નહોતું. પૈસા બધું જ નથી ને છતાં ઘણું બધું છે. કોલેજ પછી હું જવેલરીનાં ધંધામાં જોડાયો, પૈસાનું મહત્વ હવે સમજાઈ રહ્યું છે. ક્યાં ને કઈ રીતે પૈસા ભેગા થાય છે તે હવે સમજાય છે. કોલેજમાં સંબંધો જાળવવા પૈસા હોવા જરૂરી છે. પૈસા વિના કોલેજમાં કોઈ ભાવ પૂછતુ નથી.

મનન કાપડિયા / બિઝનેસમેન, સુરત .

મ્યુઝિક : મ્યુઝિક મારું પેશન છે. મારું નામ પણ 'તર્જ' ઉપરથી 'તરજ' છે. એ. આર. રહેમાન ભારતીય ફિલ્મ મ્યુઝિકમાં ક્રાંતિ લાવ્યાં છે. એ.આર. રહેમાને ફિલ્મસંગીતની પરંપરાઓને બદલી નાંખી. ફિલ્મસંગીતમાં પહેલા ગાયનનું મહત્વ હતું, સંગીતનાં વાદ્યોનું નહીં. ડિજિટલ ટેક્નોલોજી ફિલ્મ સંગીતમાં લાવવાનું શ્રેય પણ રહેમાનને જાય. એમણે ફિલ્મ સંગીતની ટેક્નોલોજી બદલી નાખી છે.

તરજ શાહ / એન્જિનિયરીંગ સ્ટુડન્ટ, સુરત.

ગેજેટ્સ : ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ આજે આપણી જીવન પદ્ધતિને બદલી નાખી છે. કમ્પ્યૂટર, આઈપોડ, સેટેલાઈટ, રેડિયો, મોબાઈલ ફોન જેવા સાધનોથી દુનિયા સીમિત દાયરામાં આવી ગઈ છે. વેબકોમ અને ઈન્ટરનેટ કોલ જેવાં માધ્યમથી વિદેશમાં રહેતા તમારા કોઈ સંબંધીને તમે પળવારમાં મળી શકો છો. ફેસ ટુ ફેસ વાત કરી શકો છો. હજારો કિલોમીટરનું અંતર દૂર થઈ જાય છે. આઈપોડ અને સેટેલાઈટ રેડિયોથી તમે કોઈ પણ મ્યુઝિક પળવારમાં સાંભળી શકો છો. આ બધાં ઉપકરણો માનવ જીવનની સુખાકારી વધારી દે છે. જેની પાસે આ સાધનોનું જ્ઞાન નથી તે આજ્ઞાની છે.

ભાર્ગવ પટેલ / પોર્ટ મેનેજમેન્ટ સ્ટુડન્ટ, અમદાવાદ.

ફ્રેન્ડ શિપ : સામેવાળી વ્યક્તિ તમારા મનની વાત સમજી શકે, તમે ઉદાસ હો ત્યારે તમારી ઉદાસીનતાને હાસ્યમાં ફેરવી શકે, જેની પાસે વિના સંકોચે લાઈફનાં સારાં નરસાં પાસાંની વાત કરી શકાય તે જ સાચો મિત્ર. યુવક અને યુવતી પણ સારા ફ્રેન્ડ હોઈ શકે. યુવક યુવતીની પ્રવૃત્તિ અને રસના વિષય અલગ હોઈ શકે છે. ખુલ્લાં મને એકબીજાની પર્સનલ વાત ચર્ચી શકતા હોય તો ચોક્કસ ફ્રેન્ડશિપ થઈ શકે. મને પ્રેમ કરતાં વધુ વિશ્વાસ મિત્રતા પર છે. હજુય યુવક યુવતીની મિત્રતાને નકારાત્મક દૃષ્ટિથી જોવાય છે. પોઝિટિવ દૃષ્ટિ રાખો તો પોઝિટિવ વિચાર આવે.

રુચિ રાવલ / ફાર્મસી સ્ટુડન્ટ, રાજકોટ.

હોસ્ટેલ લાઈફ : હોસ્ટેલમાં 100 ટકા સ્વતંત્રતા હોય છે. મરજી પ્રમાણે કંઈ પણ કરી શકાય. હોસ્ટેલમાં સ્વતંત્રતા અને સ્વચ્છંદતા બંને છે. બન્નેનો ભેદ ભુલાઈ રહ્યો છે. એક વખત હોસ્ટેલ લાઈફ માણવી જ જોઈએ, જે હું અત્યારે જીવી રહી છું. લોકો સાથે કઈ રીતે વર્તવું તે અહીં બરાબર સમજાય છે. ઈમોશનલી ને ફાઈનાન્શિયલી સહાયની જરૂર પડે ત્યારે ઘરમાં બધું હાજર હોય છે. ગોઠવણ કંઈ રીતે કરવી તે અહીં શીખી શકાય છે. ન ગમતા માણસો અને ન ગમતી બાબતો વચ્ચે પણ રહેવું પડે છે. આંખમાંથી આંસુનો દરિયો છલકાવાની તૈયારીમાં હોય ત્યારે ન ગમતી વ્યક્તિનો ખભો ઊભરો ઠાલવવા કામ આવે છે. હોસ્ટેલમાં મિત્રો જ કુટુંબ છે. ખુશી અને દુઃખ બંને એમની સાથે વેચવા પડે છે. હોસ્ટેલનાં મિત્ર જીંદગીભરનાં મિત્ર બની જાય છે.

વિશ્રાંતિ ગાંધી / મેનેજમેન્ટ સ્ટુડન્ટ, સુરત.

સુપર પાવર ભારત : છેલ્લાં દોઢેક દાયકામાં દેશનો ચહેરો બદલાઈ ગયો છે. દુનિયાની આપણને જોવાની દૃષ્ટિ બદલાઈ ગઈ છે. આજે આપણી પાસે દુનિયાનું બીજા નંબરનું મોટું લશ્કર છે. સાયન્સ અને ટેક્નોલોજીમાં ભારત કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યુ છે. ન્યુક્લિયર ડીલ અને ભારતને યુનોમાં કાયમી સભ્યપદ આપવાની વાત ભારતને સુપર પાવર બનવા માટેનાં પૂરતાં કારણો છે. ટાટા, રિલાયન્સ અને બિરલા જેવાં ગ્રુપે ભારતીય ઔધોગિક જગતને વિશ્વના ફલક પર મૂકી દીધું છે. ભારતીય બ્રેઈન વિશ્વનાં દરેક ખૂણે વ્યાપેલું છે. ભારતીય ઈકોનોમી વિશ્વની શ્રેષ્ઠ ઈકોનોમીમાં સ્થાન પામી છે.

આકાશ પટેલ / મેનેજમેન્ટ સ્ટુડન્ટ, અમદાવાદ.



કરિયર : માત્ર પૈસા કમાવા એટલે કરિયર ? ના, જે ફીલ્ડનો શોખ હોય, જે કામથી મનને શાંતિ થતી હોય, કોઈ દિવસ કંટાળો ન આવતો હોય અને સાથે બે પૈસા મળતાં હોય ત્યારે એમ કહી શકાય કે કરિયર બની ગઈ. કરિયર તાત્કાલિક ધોરણે બનતી નથી. કરિયર બનાવવાનો પાયો યુવાનીમાં જ ચણવાનો હોય છે. માત્ર અભ્યાસથી જ કરિયર બને તેવી માનસિકતા ભૂલ ભરેલી છે. ક્રિકેટ, કમ્પ્યુટર કે કોઈ પણ ફીલ્ડમાં કરિયર બનાવી શકાય છે. સુખ, સગવડ, પૈસા કમાવા અને કરિયર વચ્ચે સ્પષ્ટ ભેદરેખા છે. આ ભેદરેખા યુવાનીમાં સમજાય તેવી નથી. યુવાન એ સમજી શકે તો સમજવું કે કરિયર બનાવવાની શરૂઆત થઈ ગઈ છે.

મૌલિક દવે / કોલેજિયન, રાજકોટ.

ફેવરિટ હીરો : મારા ફેવરિટ હીરો બે છે. બોલિવૂડમાં અભિષેક બચ્ચન અને રિયલ લાઈફમાં મારા પપ્પા વિરાજભાઈ. અભિષેક ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યો ત્યારે તેની ફિલ્મો ફલોપ જતી હતી, પરંતુ તે હિંમત ન હાર્યો. તેનામાં રહેલા આત્મવિશ્વાસથી તેને સફળતા મળી અને મળશે. આજના યુગમાં માતા પિતાને સાચવવામાં સંતાનોને કષ્ટ પડતું હોય છે, ત્યારે મારા પિતાએ દાદા દાદીની ખૂબ જ સેવા કરી છે. તેઓ વકીલ છે, બીજી સોશિયલ પ્રવૃત્તિઓ કરે છે, તેમણે કોઈ દિવસ એવું નથી કહ્યું કે ઘર માટે સમય નથી. તેઓ અમને પૂરતો સમય ફાળવે છે.

જાનવી દોશી / કમ્પ્યુટર એન્જિનિયર, વડોદરા.

લક : જીવનમાં જે કંઈ પામીએ એમાં 90 ટકા મહેનતનું પરિણામ હોય છે. 10 ટકા રોલ નસીબનોય ખરો. ભગવદ્ ગીતામાં કર્મ કરતા રહેવાનો બોધ આપવામાં આવ્યો છે. ફળની આશા રાખવી નહી. સખત પુરુષાર્થ કર્યા પછી ઈચ્છિત ફળ ન મળે ત્યારે મનનાં થાય કે મારું લક જોર નથી કરતું. બેચલર ઓફ પ્રોડક્શન એન્જિનિયરીંગમાં પ્રવેશ માટે અમદાવાદની એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજમાં ત્રણ જ બેઠક બચી હતી. મને મેરિટ પર પ્રવેશ મળ્યો ત્યારે મેં મનોમન પ્રારબ્ધનોય આભાર માન્યો. નસીબ તો જ ચમકશે જો મહેનત કરી હશે. આ વાત દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે. સફળ વ્યક્તિ એક વખત લક્ષ્ય હાંસલ કર્યા પછી પ્રયત્ન કરવાનું છોડી નથી દેતાં, પણ નવાં ધ્યેય નક્કી કરી આગળ વધે છે. લક આપો આપ પાછળ આવશે.

ધ્રુવ શાહ / એન્જિનિયરીંગ સ્ટુડન્ટ, ભુજ.

